૨૭૯૪

ખૂલાસો.

માહરાજા સતસીંહ ને સત્યાદેવી ૧૮૬૩ માં જ્યારે હું મુંબઈ સમાચાર પત્ર ને છાપાખાનાનો મૅનેજર હતો ને તે પ્રેસ કાળબાદેવી ઉપર આતમારામ સાગુનની ચોપડીની દુકાનવાળાં મકાનને બીજે માળે હતું, ત્યાં મ્હારા ધાડા સંબંધમાં આવતા ભરૂચના કવી પ્રાણલાલે કહી સંભળાવ્યા ઉપરથી મેં રચી હતી. **રોહીના ને લાલબીહારી** ૧૮૬૫ માં જ્યારે મુંબઇ સમાચાર પત્ર ને છાપાખાનુ હું, મી૰ પી. મેરજી ને એક ગ્રહસ્થ મળી, અમો ત્રણનાં સરખા ભાગમાં ચાલતું હતું તે વખ્તે સુરતના વેપારી મોતીરામ, જેણે આગળ બહુ સારા દીવસો જોયલા ને લખ્ખોથી વેહવાર ચલાવેલા, તે સંગાત મને કવી નર્મદાશંકરને ત્યાં દોસ્તી પડ્યાથી દરમાસે ત્યાં પ્રેસમાં મળવા આવતો ત્યારે તે પોતાના વખ્તની કાંઈ અનેક રસીલી ગપ સપ ને વાર્તા ચલાવતો તે દરમ્યાન સાંભળ્યા ઉપરથી મેં રચી હતી. **જામ લાખાનો રાવલ** મ્હારા મીત્ર ભગવાનલાલના સૌરાષ્ટ્ર ઈતિહાસના સાધને ૧૮૬૮ માં મેં રચી હતી. **પ્રતાપસીંહ ને મગધ રાજકન્યા, વલભીપુરનો વીરસીંહ ને સીલાની સુંદરબા** એ બન્ને કથા ૧૮૬૯ માં મ્હારા મીત્ર હોરમજજી માલેગામવાળાએ સંભળાવ્યા ઉપરથી મેં રચી હતી. **હેમસીંહ ને હેમાદેવી** ૧૮૭૧ માં મેં રચી હતી. **બુજોર્ગ દસ્તુર આસમાન ધવલ** ૧૮૭૧ માં મ્હારા મીત્ર હકીમ સાહેબ પેસ્તનજી મંચેરજી ગાંધીને મોહડેથી સાંભળી મેં રચી હતી. **કાસીની ચાંદા ને સોરઠનો રણસીંહની કથા** ૧૮૭૨ માં મેં રચી હતી. **નાવારસ સંતોષી સીંડરેલા** ઈંગ્રેજી ઉપરથી ૧૮૭૫ માં મેં રચી હતી. આ માત્ર મ્હારા વીલક્ષણ કથા ગ્રંથનો સાદો ખૂલાસો છે.

મુંબઈ,
તા૰ ૧૫ મી સપ્ટેમ્બર ૧૮૮૬.

ગ્રંથ કર્તા.

સાકળિયું.

વિલક્ષણ કથા ગ્રંથ.

માહરાજા સતસીંહ ને સત્યોદેવી.

હીમાલા પ્રવતની પૂર્વે સીમાના દેશમાંહે સતસીંહ નામે પ્રતાપી મહારાજાની આણ ફરતી હતી, તે માહ ધર્માભીમાની ને સદગુણી રાજ્યાધીપતી હતો. તે ઉમરમાં ભરજવાન ને કીર્તિમાં માહયશસ્વી હતો. તે વી[illegible] ઉતેજક ને અત્યંત ન્યાયી હતો. તેને આ ખાકી સૃષ્ટીમાં જોઈતાં સર્વ [illegible] રાજ્યપાટને સંભાળનાર ને સત્ય માર્ગ [illegible] ચૈતને

એકુલ સ્થીતી ને ઉત્તમ સ્વભાવ બન્નેનો મેલો બની જાયછે ત્યારે મન વીચીત્ર દાનધર્મ ભાવ ઉપજેછે; ત્યમ માહરાજાની ગતી થઈ. તેણે [illegible]તાની સઘલી ઉમર પુન્ય કર્મ ને રૈયતને સુખી કરવા માહે ગુજારવાને પ[illegible] નીશ્ચય બાંધ્યો. ગઈ ગુજરીની વાત ને યુદ્ધ યશના ગ્રંથો રચાવામાં, સ[illegible] સારા કાયદા ઘડવા ને રાજમાહે શ્રેષ્ઠ બંદોબસ્ત રાખવામાં, તેની પ્રીતી [illegible] ધાયાની હદ રહી નહી. નીર્દય ને ઘાતકી જેટલી પણ જુની સજાની ચા[illegible] તે સઘળીજ રદ કરી બનતી રીતે દયાળૂ રાજા કરવાનો ચાલ પાડયો. તે[illegible] પોતાની સઘલી પ્રજાની ફરયાદ પોતે જાતે સાંભલી રૂડી રીતીએ ન્યાય [illegible]ક્ષવાનું મુખ્ય કામ આરંભ્યું. તેણે કોઈ પણ આશાવંતની આશા તર્ત [illegible]રીપૂર્ણ કરવા માટે પોતાના રાજ્ય કારોબારીઓમાંના ઘણાજ શ્યાણાઓ ખાસ નેમ્યા. લોભી પીષે તેને અભાવ બેઠો પણ જેઓ યોગ્ય લાભ માટે ઉદ્યોગે મંડે તે માટે તે મોટું મત રાખતો થયો. પ્રેમથી મુક્ત ને પ્રજાકલ્યાણમાં આનંદમય, એવી તેની ચાલની દેશદેશ ચર્ચા પંઠરાઈ. તેમાં તેણે પોતાની રાજધાણીની સઘલી બજારોમાં સાંજના પોતાના ખજાણાનાં પ્રધાનને તેના મદદનીસો સાથ મોકલી જેનો પણ માલ વેચાયો નથી તે વેચનારની માંગી કીંમતે ખરીદી લાવી ખજાનાના ભંડારમાં મેલવાનો કરેલો હોકમ જ્યાં ત્યાં અચંબો ઉપજાવા લાગ્યો. આ હોકમ પ્રથમ નીકળ્યો તે વેળા માત્ર ઉપર ઉપરથી બજાવ્યામાં આવ્યો, પણ વખ્ત જતાં એ દાતાર સ્વભાવ અમલમાં આવીને દર સંધ્યાકાલે તેના કારોબારીઓ નહી વેચાયલી વસ્તુઓ રાજ્ય ખજાનાથી ખરીદી ભં[illegible]

હરાજાની આ આસા [illegible]

રાખ્ય ફનકતી કોમલ સ્ત્રી છે. ઉમર સતર ઉપર વર્ષ ગુજરી છે. તેની નાશીકામાં નફણી, શાક્ષાત દેવતે આબવાળાં મુક્તામાંહે, અન્મોલી લાલ મેલ થઇ, તેના પરવાલાને રંગના હોત ઉપર રોહીની ઝલકાટ પાડી રહીછે. તેની નાગળુચોટી માંહે મોતીના ભૂષણો ઓલવાઈ માથું લક્ષ્મીના મુખ જેવું સોભી રહ્યુંછે. તે જેવી વદનમાં અમૂલ્ય શૃંગારે, વંશમાં શ્રેષ્ટ પ્રમાણીક, ત્યમ મનમાં માહ કેળવાયલી ને ગ્નાને પ્રફુલિત છે. માહરાજા સતસીંહનું શુરાતન ને પૂન્યપ્રતાપ, સત્યાદેવીનું હૃદય ભેડીને, તેના ચીતમાં તે ઉપર સ્નેહ બ્હાળ્યો હતો. સત્યાદેવીએ કુલપ્રતિષ્ટાની લાજની ભરી પોતાની કોઇ દુતી તે ઉપર મોકલી કીંવા બીજી કોઈ કળાથી પોતાના મનના વીચારને તે માહરાજાના મન હજુર રજુ કરાવ્યા નહી હતા. તે સદા તેની વાત જાણવામાં તત્પર રહી, પોતાના કુળ યોગ્ય પોતાનો જોડયો સતસીંહ, તે માંહે ચીત રાખીને કોઈ તેવી નવીન યુક્તી જાણ્યામાં પોતાના મનની ગતી દરષાવવાના વીચાર કર્યા કરતી હતી; તેટલાં સતસીંહના હોકમે, વસ્તુની ખરીદી દર સંધ્યાકાલે થતી જાણી, તેણીને એક કળા સુજી. તેણીએ તર્ત પોતાના ખાંગી ભંદાર માંહેનું કનક તોલાવી, મણમણની બે કનક પુતલીઓ ઘડાવી. એકને 'સવર' ને બીજીને 'અવર' એવાં નામ કપાલે કોરાવી તેની રાજધાણીમાં વેચવા મોકલી. વેચનાર માત્ર તેણી ગુપ્ત જાણવાવાલી રાખી ત્યાં બજારમાં મર્દ પોશાગે જઈ બેઠી. કનકપુતલીઓ ને ખુબશુરત વેચનાર, એ બન્ને ખેંચાણ કરનારી મોહીની સંગાત મળ્યાથી, ત્યાંકને ભીડ ...ચાની બાકી રહી નહી. જનજન મોહ તે બેકીમતી કનક પુતલીઓ ને ...ી ગાર્યા ચાલે. તે માંહે મખ્ય ... ...ખી નાખી

શાખ હનકતી કોમલ સ્ત્રી છે. ઉમર સતર ઉપર વર્ષ ગુજરી છે. તેની નાશીકામાં નકણી, શાક્ષાત દેવતે આપવાળાં મુક્તામાંહે, અન્મોલી લાલ ભેલ થઇ, તેના પરવાલાને રંગના હોત ઉપર રોહીની ઝલકાટ પાડી રહીછે. તેની નાગણચોટી માંહે મોતીના ભૂષણો ઓલવાઈ માથું લક્ષ્મીના મુખ જેવું સોભી રહ્યુંછે. તે જેવી વદનમાં અમૂલ્ય શૃંગારે, વંશમાં શ્રેષ્ટ પ્રમાણીક, ત્યમ મનમાં માહ કેળવાયલી ને જ્ઞાને પ્રફુલિત છે. માહરાજા સતસીંહનું [illegible]રાતન ને પૂન્યપ્રતાપ, સત્યાદેવીનું હૃદય ભેદીને, તેના ચીતમાં તે ઉપર સ્નેહ બ્હાળ્યો હતો. સત્યાદેવીએ કુલપ્રતિષ્ટાની લાજની ભરી પોતાની કોઇ દુતી તે ઉપર મોકલી કીંવા બીજી કોઈ કળાથી પોતાના મનના વીચારને તે માહરાજાના મન હજુર રજુ કરાવ્યા નહીં હતા. તે સદા તેની વાત જાણવામાં તત્પર રહી, પોતાના કુળ યોગ્ય પોતાનો જોડયો સતસીંહ, તે માંહે ચીત રાખીને કોઈ તેવી નવીન યુક્તી જાણ્યામાં પોતાના મનની ગતી દરષાવવાના વીચાર કર્યા કરતી હતી; તેટલાં સતસીંહના હોકમે, વસ્તુની ખરીદી દર સંધ્યાકાલે થતી જાણી, તેણીને એક કળા સુજી. તેણીએ તર્ત પોતાના ખાંગી ભંડાર માંહેનું કનક તોલાવી, મણમણની બે કનક પુતલીઓ ઘડાવી. એકને 'સવર' ને બીજીને 'અવર' એવાં નામ કપાલે કોરાવી તેની રાજધાણીમાં વેચવા મોકલી. વેચનાર માત્ર તેણી ગુપ્ત જાણવાવાલી રાખી ત્યાં બજારમાં મર્દ પોશાગે જઈ બેઠી. કનકપુતલીઓ ને ખુબશુરત વેચનાર, એ બન્ને ખેંચાણ કરનારી મોહીની સંગાત મળ્યાથી, ત્યાંકને ભીડ [illegible]થાની બાકી રહી નહી. જનજન મોહ તે બેકીમતી કનક પુતલીઓ ને [illegible] ચાલે. તે માંહે મખ્ય [illegible] નાખી

માંહે રહ્યો નહીં. "મ્હારી આગ્ના લોપ્યામાં, ઓ દુષ્ટ અન્યાયી, તને દેહાંત દંડ શીક્ષા થવી જોઇયે. ગમે એવી વસ્ત, પછે દુરગંદીએ કાં ના હોય, તે પણ વેચનારને મ્હારા શેહેરની બજારોમાંથી નીરાશ ફરવા દેવાને હોકમ નહી, તે હોકમ ઉપર, તેં કનિષ્ટ થઈ પાણી ફેરવ્યુંછે. પુતલી 'સવર' શું ને 'અવર' શું? જે પણ હોય તે, તેના માંગેલા મૂલે ખરીદી લાવવાનો મ્હારો ખુલ્લો હોકમ, તે ઉપર ત્હારા ડહાપણનો શેરો ટાણવાવાળો તું કોણ નર છે! અગ્નાની ને વળી તે સાથ અધર્મી દરબારી, આજ તેં મ્હારા સતની શીકલ, કાલી મેસ લગાડી, કરૂપ કરીછે. જ્યાં દાન ને ધર્મનું પાકું મૂળ્ય પેઠુંછે, ત્યાં ડહાપણ ને જુગ્તીનું કામ કયમ ચાલી શકસે? જલદી જા ને જેવી હોય તેવી તે બન્ને પુતલી, જે મૂલ માંગે તે તર્ત દઈ કરી, મ્હારા ખજાનાના ભંદારમાં લાવીં મેલ. જલદી દોડ કે બાપડો કંટાળી, મ્હારાં રાજ્યને હાય દાય કરતો ને શ્રાપ વરસાવતો, ચૌટો છેડી ના જાય." આ વખત માહરાજા સતસીંહનો દબદબો, રોશે ભરાવલા ઈંદ્ર સમાન મારીને, તેનો ત્રાસ સલગેલી મસ આગ જેવો થઇ પડયો. ખજાનચી તો જાંખા પડેલા ગુનાહગાર જેવો ચૌટામાં ગયો. ત્યાં પુતલીવાળો ખુબસુરત ધણી ઊંગરેતા જેવો પડ્યો છે, તેને ટકોરો મારી જગાડી, તેના મૂલનો રૂકો લખી આપી, બન્ને પુતલી ઉપાડી લઇ ચાલ્યો. તેણે તે પુતલીઓ બારોબાર ખજાનાના ભંદારમાં લઇ જઇ મેલાવી દીધી. તેનું મોહ શોકે ઘેરાયલું, એવું એબ્યલ થયું હતું કે, તેણે તે સ્થીતીમાં માહરાજા પાસ હાજર થયા વના પોતાના મેહેલનો માર્ગ પકડયો હતો. માહરાજા પોતાના વડા ખજાનચીની આ અયોગ્ય વર્તણુકથી ખીન થયલો, સેજ વારમાં ત્યાં બીરાજેલા માહ ચાતુરોનાં ભીનભીન પ્રકારનાં ભાષણ ને કવીતમાં રીઝ્યો. તેનો રોસ વળ્યો અને જ્યારે પુતલીનો માલક મૂળનો રૂકો લઈ, તેની જનાબ હાજર થયો ત્યારે તો તે પેલી પુતલીઓની બીનાએ ભુલી ગયો હતો. પુતલીઓની કીંમત ને તેના માલકની ખુબસુરતી જોઈ માહરાજા બોલ્યો. "ભાયગશાલી માનવી, તેં પોતે તે પુતલીઓ ઘડી હતી?" "ના માહરાજ," ધણી બોલ્યો. માહરાજા તેનો કોમળ સ્વર સાંભળી માહ તાજુબી પામ્યો. તેણે મન ખ્યાલ આવ્યો "કનક પુતલીઓ, કોમલ સ્વરૂપ ને સ્વરવાળો તેનો માલક, ને વલી મૂળ દરેક પુતલીનું સવાલાખ મોહોર! એ કાંઈ ભેદ પ્રકરણ છે!" માહરાજા બોલ્યો "ત્યારે તે, તેં ત્હારી પાસના કનકની, કોઈ પાસ ઘડાવીછે?" "ના માહરાજ," વેચનારો બોલ્યો. "ત્યારે એ પુતલી કયમ ને કોણની છે?" માહરાજાએ સવાલ કર્યો. "એ કનક પુતલી તો રાજ્યકુવરી સત્યાદેવીએ, પોતાના ખાંગી ભંડાર માંહેના કનકની, ઘડાવી હાં મ્હારે

સ્વાધીન વેચવા મોકલી હતી તે છે" સતસીંહ આ સાંભળતાં ચુપ થયો. તે સમજ્યો કે તે રાજકુવરીને મ્હારી આત્તાની જાણ થવે, તેણે પારખુ જોવા, આ કૌતુક કર્યું છે. વળી આ વેચનાર, જ્યાં છે ત્યાં તેણી કોઇ રૂપાળી દાસી, મર્દ પોશાક પેહેરી મ્હારી રાજધાણીમાં વેચવા મીસે પ્રવેશ કરી શકીછે. હશે." પછે માહરાજાએ મૂલ જ્યમ માંગે ત્યમ, નવ ઉજલાં રત્ન, નવ લાલ માણક ને નવ તારા જેવાં અમૂલ્ય મોતી દઈ ચુકાવ્યાનું કહ્યું.

પુતલી વેચનારો બોલ્યો, "આ રાત્ર જેવા સમય ને વળી પારકા શેહેરમાં આ મોટું મુલ્ય દામ મ્હારી પાસ ક્યમ સચવાય? માટે વાહણું વાયાને સમય હું આવી આપ પાસથી લઇ જઇશ. હાલ તો તે હાં રેહેવા દ્યો." આ સર્વ પ્રપંચ્ માત્ર સત્યાદેવીનો રચેલો અમલ થતો આવ્યો છે. પ્રથમથીજ સત્યાદેવીએ બે પુતલી એકજ સ્વરૂપ ઘાટ ઘટમની બનાવી, જુદાં જુદાં નામ "સવર ને અવર" આપ્યામાં પણ તેણે પોતાના મનની નેમ નોખી રાખી હતી. તે માહરાજા સતસીંહ ઉપર મોહીત હતી. વળી તે મોહીની સમાન પોતે, કાંઈ શુર સદગુણ સમાન માહરાજાને જાતે પોતાનો પતી થવા, કહેણ મોકલે એ તો ઠીક નહીજ. પણ સતસીંહને વરી કરી રાજ્યની માહરાણી પદ પામવું અને ચ્હુનો મેહેલ ઈંદ્ર સમાન છૈયાંથી શોભીન કરવો એ તેનો દ્રઢ ઠરાવ હતો. આ પોતાના આશ્ચર્ય ઠરાવ માટે, પોતાનું પાણી જળવાય અને માહરાજા પણ રાજી ખુશીથી તેના મતના થાય એવો કોઈ જુગ્તી દાવ મંડાવવો જોઇએ. સત્યાદેવીએ તે દાવ આ પુતલીઓથી નીચે મુજબ માંડયો:—

"બન્ને સાથ વેચાતી લેનારો કોઈ મલનાર નથીજ અને મહરાજાના ન્યમ પ્રમાણે, સંધ્યાકાલે તેનો વડો ખજાનચી, તે ખરીદ કરી લક્ષ્મી ભંડાર માંહે મેલશે. લક્ષ્મી, તે પુતલીઓમાંની એક "અવર" જ્યાં મેલાશે ત્યાં, રેહવા ના પાડશે, તે માહરાજાની આત્તા લઈ ત્યાંથી વીદાય થશે. તે પાછળ માહઅધિકાર, પાછળ પ્રાલબ્ધ, પાછળ ધર્મ ને પાછળ સત, રજા માંગી, માહરાજાનું મંદીર ને મેહેલ તજી જશે, પણ સઘળાંને તેમની મરજી પ્રમાણે માર્ગ લેવાનું કહી સતને શ્રીચીંત જવા દેનાર નહી. સત વાદવીવાદ કરી અંતે માહરાજા પાસ કાયમ રેહેશે. તે જોઈ ધર્મ, પ્રાલબ્ધને દોષ દેતો, લજાયમાન થયલો ફરી મહારાજાના અખત્યારમાં આવી રેહશે. તે પાછળ પ્રાલબ્ધ, તે પાછળ માહઅધિકાર, ને પાછળ લક્ષ્મી વારાફરતી પશ્ચાતાપ વાણી ને ક્ષમાથી રાજ્યમાં પ્રવેશ કરવા માંગશે. સઘળાંને માહરાજા મરજી પ્રમાણે, જ્યમ ગયા ત્યમ, આવી રેહેવાનું કેહશે પણ લક્ષ્મીનો તીરસ્કાર કરી તેને હાંકી કાઢશે. આ સઘળી રીકજીક પુરી થતાં વખ્ત

વાહણું વાયું જાણવું, ને મ્હારી સખી પણ ખુબસુરત મરદાની દેખાવની બનેલી બન્ને પુતલીનું મૂલ ચુકવી લેવા હાજર થશે. પણ લક્ષ્મીને હાંકી કાઢેલી તેથી, સારા રાજ્યમાં ફુટી બદામ પણ મલે કે દામ ચુકે? આ સમય તે સતથી બંધાયલો માહરાજા કરગરી પોતાનો વચન પાલવા પુતલીના માલકનો બ્યમ કહે તેમ પુરતો બદલો આપવાનું વરદાન દેશે, એટલે હું તેની માલક થઇજા. પછે હું પોતે રાજકુવરી. તે માહરાજાને કોઇનો વેચેલો ગુલામ કે ભાડેનો નોકર કરી, ક્યમ કનિષ્ટ ખપીશ? તત્કાલ માહરાજાને મ્હારો સ્વામી કરીશ. તે વરદાન આપી ચુકેલાને મ્હારી સાથ રાજ્ય રૂઢી પ્રમાણે લગ્ન કરવા સીવાય ઇલાજ ક્યાં રહ્યો છે કે કશી આનાકાની કરશે? મ્હારી પાસની લક્ષ્મીથી મ્હારા સંબંધી સર્વ ક્રીયા, ને રચના રચાઈ રાજધાણીની રૈયત, માહ ઓત્સવ સમ, પોતાના માહરાજાના વીવાહનો આનંદ ભોગવશે. સર્વ ન્હાના મોટા રાજ્ય દરબારી પ્રધાનોથી, તે હલકામાં હલકો ભીક્ષુત, પોતાની યોગ્યતાનું નજરાણું ને દાન પામી રીઝશે. હું મ્હારા ભાગ્યથી માહરાણીને અવતારે જ્યાં ત્યાં પુંજાઇશ. સતસીંહ, મ્હારી દેવીસમાન કાન્તી ને ચંદ્ર સમાન સખી જોઇ, ત્યમ મ્હારા સદગુણ ને પતીવ્રતના માહ કઠીણ બંધણો દેખી, અંતે પોતાના પ્રાણસમાન મને ચાહશે." સત્યાદેવીની આ તર્ક ખરી પડી.

મધરાત્ર ઉપર એકનો અમલ થયોછે. માહરાજા પોતાના કનક પલંગ બીછેલ રેશમી સેજ ઉપર, અર્ધ જાગૃત ને અર્ધ ઉંઘતી હાલતે, સ્વપ્ન સમાન ખ્યાલમાં છે; તેટલાં તેની ઓરડીનું દ્વાર ઠોકાયું. તેણે તર્ત જાગૃત થઇ 'કોણ છે?' પુછ્યું. "માહારાજ, લક્ષ્મી!" સતસીંહ આ અદભૂતતા સાંભળી છક થતોજ દ્વાર ખોલી ઉભો, તો સાવ "લક્ષ્મીઓ" ઝલાઝલ થતાં ત્યાં, કોટી શૃંગારમાં નખસીખ ગર્ક, નીચી દ્રષ્ટીએ પ્રગટ્યાંછે. તેને જોતાંજ "ક્યમ રે મધરાત્રે તને હ્યાં આવવું પડ્યું!" માહરાજા બોલ્યા. તેના પ્રત્યુત્તરમાં લક્ષ્મી બોલ્યાં "જ્યાં અવર દાખલ થાય ત્યાં લક્ષ્મીથી રહેવાય ક્યમ? માટે હું વીદાય થાવુંછું." માહરાજા બોલ્યા "ત્હારે જોઇયે તો તું ચાલી જા. શું હું ત્હારે ખાતર મ્હારૂં સત્ય ઝાંખૂ પાડીશ એમ સમજેછે? મ્હારો બાંધેલો કાયદો કદી તોડનાર નહી." મહારાજાને સાંભળતાંજ, લક્ષ્મી ત્યાંથી પલ વચ્ચે અલોપ થયાં કે માહરાજા પ્રથમ પ્રમાણે પલગે સુતા. અર્ધ ઘડીક માનમાન વહીછે તેટલાં વલી દ્વાર ઠોકાયાનો અવાજ સંભલાયો તેથી "કોણ છે?" કહેતા, માહારાજા ઉઠી દ્વાર ખોલેછે તો, ત્યાં "માહઅધીકાર" બ્રહ્મા સ્વરૂપ સમાન ઠાઠમાઠે માહ ટેકમાં ઉભાછે. તેને જોતાંજ "ક્યમ આવડી રાત્રે આપે હ્યાં તસદી લી-

ધી!" માહરાજા બોલ્યા, તેના પ્રત્યુત્તરમાં **માહઅધીકાર** બોલ્યા, "જ્યાં લક્ષ્મી ના ત્યાં મ્હારેથી રેહવાય નહી." માહરાજા બોલ્યા પણ તોછડાઇથી, "તને ના પરવડે તો ચાલ્યો જા. લક્ષ્મી ના રહેશે ત્યાં, તો શું હું ત્હારે ખાતર તે લોંડીની ખુશામત કરીશ? તને જોઇએ તો તું પણ ચાલ્યો જા." માહરાજા બોલ્યા ને માહઅધીકાર ત્યાંથી અલોપ થયા! વળી અર્ધ ઘડી વહી નહી કે દ્વાર ઠોકાયાથી માહરાજા "કોણ રે?" એ કહેતાંજ દ્વાર ખોલી જોયછે તો, **પ્રાલબ્ધ**, સાવ વીજળુ સ્વરૂપ ત્યાં પ્રકાશ પાડી રહ્યો છે; તેને દેખતાંજ માહરાજાએ આદરસત્કારથી પુછ્યું "કોણ છો આપ?" "માહરાજાનું પ્રાલબ્ધ." પ્રાલબ્ધે ઉત્તર દીધો, તે સાંભલી સતસીંહે પુછ્યું "કયેમ આપને આ વેળા તસદી લેવી પડી?" પ્રાલબ્ધે કહ્યું "માહરાજાને માલમ છે કે જ્યાં **લક્ષ્મી** નથી ને **માહઅધીકારે** નથી, ત્યાં માહરાજ્ય પ્રાલબ્ધથી રહેવાય નહી, માટે હું રજા માગવા આવ્યોછું, હું તો એમજ ત્યાંથી ગયો હોત પણ આપના મનમાં મ્હારે માટે માઠું આવે કે 'ગયો તો મને કહીને ના ગયો? ચોર મીસાલે છુપો કયમ ગયો?' માટે, ખાસ આજ્ઞા માંગવા માટે મ્હારે આપ પાસ આવવાની જરૂર પડી." તે સાંભલી માહરાજા બોલ્યા "અહો પ્રાલબ્ધ! આપ જાવછો તો મ્હારી મના નથી, પણ હું નાફરમાન લક્ષ્મી ને નાફરમાન માહઅધીકારને, ખાસ ખુશામત કરી, મ્હારે ત્યાં રાખવાને દરૂસ્ત જોતો નથી. આપને પણ નાખુશી ઉપજી છે તો સુખે ચાલ્યા જાવ." છેલા શબ્દનો ટકોરો વાગ્યો કે પ્રાલબ્ધ અલોપ! માહરાજા આ અજાયબીમાં ગર્ક ગયાછે અને પુતલીઓના પગલાંથી કેવાં અદભૂત નીપજેછે, તેના તરેહવાર તુરંગમાં ગેટાં ખાયછે તેટલાં:—"માહરાજા સતસીંહ દ્વાર ખોલો!" એ સાધ પડીને માહારાજાના મનમાં ફાલ પડી કે આ કોઈ સર્વથી શ્રેષ્ટ સદગૂણ સ્વરૂપ મ્હારી રજા માંગવા આવ્યાછે. તેથી તેઓ તત્કાલ કુદકો મારી દ્વાર પાસ જઈ પ્હોંચ્યા, અને તે ખોલતાંજ ત્યાં એક અલૌકીક માહ સ્વરૂપ, સર્વ આદરમાનમાં ઢંકાયગો, **ધર્માવતારને** જોતાંજ, બોમ પાડી ઉઠ્યા "માહધર્માવતાર, આપને આ પીસાચ ને ડાકણોના કલેસ સમાન સમય, ત્યાં લગી તસદી લેવી પડી?" "હા માહરાજા સતસીંહ, હું આપ પાસ આજ કંઈ મુદત થઇ વસી ગયલો તે, અહીંથી વીદાય થાઉંછું તેથી છેલી ભેટ લેવા આવ્યોછું. મને રજા છે?" માહરાજા બોલ્યા "આપને રજા તો હું આળતો નથી, પછે આપ મેળે જોયે તો જાવ." ધર્મ બોલ્યા "માહરાજા, જ્યાં ના લક્ષ્મી, ના માહઅધીકાર, ના પ્રાલબ્ધ, ત્યાં પછે મ્હારાથી કયમ ટકાય? માટે હું રજા લઉં છું." માહરાજા બોલ્યા "આપ મેળે વીદાય થતા હો તો મરજી." એ સાંભળતાંજ ધર્મ અ-

લોપ થયો! પણ ધર્મ અલોપ થાય શું, કે તત્કાળ તે પાછલ પલ પણ ભાગે વહીછે, ત્યમ દ્વાર પણ માહારાજાને બંધ કરવાને અવકાસ મળ્યો નથી; તેટલાંજ "સતસીંહ મને પણ રજા આપજો." આ સ્વર, સાવ મધુરી ભૈરવી રાગણીજ, વળી માહ સ્વરૂપ સ્વચ્છ વીજલી સમાન ઝલઝલાયમાન પ્રકાશ, તે અથાગ સુંદરતા જોતાં, મહરાજાની આંખ્યો દીપાઈજ. પંદર વીસ પલ લગી તો તે સામે નજર બ્હાજે નહિજ. અંત્યે મહારાજા કરડી નજરે લગાર દ્દઢ થઈ જોતાંજ. 'સત્ય' ને જોઈ ચીરડાયા. "માહ સત્ય, આ શો ગજબ?" "માહરાજ, મ્હારાથી પલ રોખાશે નહી. જ્યાં ના લક્ષ્મી, ના માહઅંગીકાર, ના પ્રાલબ્ધ, ના ધર્મ, ત્યાં હું માહસત્યથી ક્યમ વસાય? લક્ષ્મી વના મ્હારો ટેક ને રોબ કોણ ભજી દેખાડે? જ્યાં માહઅંગીકાર નથી ત્યાં મ્હારી પ્રીક્ષા ક્યમ થશે? જ્યાં પ્રાલબ્ધ નથી ત્યાં હું માન તે શું મેલવીશ? જ્યાં ધર્મ નથી ત્યાં તે હું નષ્ટ અવતાર, જેવોંહિ માહઆંખ! માટે મ્હારો દોષ નથી, હાંથી જવા માહે, પણ આપનો તે વાંક છે! મને રજા આપો." સત બોલીને અલોપ થવાની તૈયારી કરેછે તેનો અટકાવ કરીને માહરાજા બોલ્યા કે "તમને હું જ્યાં લગી, મ્હારા વદનમાં પ્રાણ કાયમ ને સાબુત છે, ત્યાં લગી કદી જવા દેનાર નહી. તમારે ખાતર તો મેં લક્ષ્મી, માહઅધીકાર, પ્રાલબ્ધ ને ધર્મ જેવા મોટા સદગૂણ સ્વરૂપોને રજા લઈ જતાં લેશ અટકાવ કર્યો નથી, તો તમો મ્હારી પાસથી વીદાય થાવો તે ક્યમ બનશે? મેં તમારે ખાતર સઘળું જતું મેલ્યું ને માત્ર તમને જીવે ઝાલી રાખીછે; તો શું તમે મ્હારો અનાદર કરશો? તમે શું મને તજી જશો? તમને હું જવા દીધા આગલ મ્હારો જીવ જવા દેશ." સત શોકાતુર ચેહેરે આગ્રહી બાપણું કરે છે "માહરાજા, અરે આપ લગારે ખ્યાલ તો કરો. લક્ષ્મી ને ધર્મ ના હોય ત્યાં મ્હારાથી નહીજ રેહેવાય! જ્યાં માહ અંગીકાર નથી ને પ્રાલબ્ધ નથી, ત્યાં મ્હારો કસો મહીમા ને કીર્ત નથી ને નથીજ. માટે મ્હારો જે વના ડાગ ના લાગે, ને ઝલકાટ ના ખીલે, તે વના મને પાસે રાખવામાં શો ફાયદો છે વારૂ? મને જવા દ્યો." માહરાજ બોલ્યા "પ્રથમ મ્હારો પ્રાણ કબજ કરો ને તે પાછલ તમો જાવ! જે તમો સર્વ સાધણો માગોછો અને જેના વરે તમો તમારૂં જીવતર જાણોછો, તે સઘળાને તો મેં તમને અમર રાખવા ને તમારો પ્રતાપ વધારવા માટે, ખોહી દીધાછે! તમારા માટે જે માહ વેદનામાંહે હું ફસ્યો તે મૂળ પાયોજ લચે, તો પછે હું આ જીવતરને ચાહતોજ નથી. તમને તો મ્હારૂં સર્વસ્વ જતાં રેસ પણ દુર થવા દઈશ નહી." સત્ય એ તકરાર સાંભળતાં, ત્યમ પોતાને ત્યાંથી જવાનો

કસો લાગ મલતો નથી માટે, નાચારીએ રાજ્યભંડાર માંહે જઇ પુરાઈ; પણ લક્ષ્મી, માહ અધીકાર, પ્રાલબ્ધ ને ધર્મ રાજ્ય ખજાનાના ભંડારના મોટા દરવાજે સતની રાહ જોતાં ઉભાં હતાં; કે 'સત આવે તો પાંચો સંગાતે તે રાજ્યમાંથી નીકલી જાય.' તેઓએ જ્યારે સતને આવવાની રાહમાં લગોલગ વાહણું વાયાનો પ્રકાશ નીર્ખ્યો, ત્યારે સત ન આવી મળ્યાથી નીરાસ થયાં. ધર્મે સત હોય ત્યાંજ પડાવ નાખવો જોઇયે, તેથી તે નીચું મોહ કરી માહરાજાના દ્વાર તર્ફ ફરયો. તેને ત્યાં જઇ પ્રગટ થઇ દ્વાર ઠોકતાં ને માહરાજાએ 'કોણ' પુછતાં ઉત્તર દીધો કે "એ તો હું આપનો દાસ ધર્મ છું." માહરાજા બોલ્યા "કેમ કરી શા પંચાત?" ધર્મ બોલ્યો "ના માહરાજ, કસી પંચાત નથી. હું પાછો ભંદાર માંહે જઇ વસુંછું તે માટે રજા લેવા આવ્યોછું." "કેમ?" સતસીંહ ઉચ્ચારયો. "માહરાજ, સત જ્યાં આપ પાસ ત્યારે મ્હારેથી એ વના એક કદમ દુર ભરાય નહીજ!" માહરાજા બોલ્યો "ત્હારે જોઇએ તે કદમ ભર; મેં તને જ્યાંથી જ્યમ જવા કહ્યું નથી, ત્યમ તું જ્યાં દાખલ થાય તે પણ હું જાણતો નથી. જ્યમ તને ઠીક બુદ્ધી સમજાય ત્યમ ત્હારે માર્ગે ચાલ્યો જા." આ સાંભળતાં ધર્મને ખરૂ પાણી ઉતર્યું; તે ન્હાનું મોહ કરીને, જ્યાં સત શોકાતુર ખ્યાલમાં બેઠીછે, ત્યાં જઈ તે પાસ બેઠો. ધર્મને ગયલો જોઈ પ્રાલબ્ધને ચટાપટી થઈ કે, 'ક્યાંનું ક્યાં માહ અધીકારની સુજે, આ કમસમજ કદમ ભરાયું!' તે પણ લજવાતો માહરાજાની ઓરડીનું દ્વાર ઠોકી ઉભો. માહરાજાએ જ્યારે દ્વાર ખોલ્યું ત્યારે લાજ ખાધ, તમામ શરીરે ફીનફીન થયલ અવતારે, પ્રાલબ્ધે કહ્યું "માહરાજા પાસ ક્ષમા ચાહુંછું. મને મ્હારે અસલ દરજ્જે "રાજ્યમાં વસવાની રજા આજો." માહરાજા બોલ્યા "મેં તને જ્યાંથી જવાની રજા ક્યાં આપીછે, કે ફરી દાખલ થવાની રજા લેવા આવ્યોછે? ત્હારે જોઇએ તેવી ઠીક દીસતી બુદ્ધીએ, જ્યાં પણ તને ભાવે ત્યાં, જઇ વસવાને મ્હારી કાંઈ ના નથી." આ ઉદાર સ્વભાવના વચનોથી પ્રાલબ્ધને માહ નીચું જોવું પડયું. તે જ્યમ અલોપ થયો હતો, ત્યમં ફરી પ્રગટ થઈ, પોતાની અસલ જગ્યો જઇ ઠર્યો. પ્રાલબ્ધને પાસથી ગયલો જોઈ માહઅધીકારે લક્ષ્મી ઉપર નાખુશ નજરથી જોયું. તેણે પોતાને હીની હાલતમાં મેલનાર, મુખ્ય સાધન લક્ષ્મીને માણીને, તે તર્ફ નજરે ફેરી નહી, ને જેવો આવ્યો હતો તેવો માહરાજાનું દ્વાર ઠોકતાં અને ત્યાં માહરાજાના દરષન થતાં, બન્ને કર જોડી, નીચે મોહ મુગો ઉભો. તેને જોતાં માહરાજા એક શબ્દ બોલ્યા નહી એમ તે સર્વ રીતે નીચો પડેલો પોતાને મકાન જઈ પશ્ચાતાપમાં બેઠો. આ સઘળી બાજી ઉલટાયલી જોઈ લક્ષ્મીને

ત્યાંથી, માહરાજા પાસ જઈ, ભંડારમાં અસલ જગ્યો કાયમ થવાની રજા માંગવાને બહુ ભારી થઇ પડ્યું, પણ કરે શું? અંતે નીચું મોંહ કરી, સુંદર દીવાનખાનાને દરવાજે જ્યાં માહરાજા ઉભાછે ત્યાંકને ગઈ. તે માહ પશ્ચાતાપ ખેંચતી ને અર્જ કરતી, ભંડાર માંહે ઘુસવાની આગ્ના માંગવા લાગી. તેને જોતાંજ માહારાજાને રોમ રોમ રોષ જ્વાલા ઉઠીજ. તેઓ મોટે સાધે બખાસ્યા "ક્યમ રે, તું હ્યાં ફરીને?" લક્ષ્મી લાજ તાણી બોલી "હા માહારાજ." માહરાજા બોલ્યા "ના તું મને જોઇતી નથી. તારું મોહ ફરી મને દેખાડીશ નહી. ત્હારૂં કાલું કર. સર્વ દાતાર ધર્માતુઓને મુંજવતી મોહીની, હું તને એક ધુલની રજે સમજતો નથી. ત્હારૂં હ્યાં મ્હારી પાસ કાંઈ કામ નથી; નઠ, હઠ નીકર અબઘડી તને પાતાલમાં શેશનાગના ડાચામાં પુરીશ." લક્ષ્મી આ વચન સાંભલી સતસીંહથી અપરમપાર ત્રાસ પામી. તે ડરી ગઈ. વળી જ્હાગ્રુ વાધું તેથી તેનેથી વધું દીનતા દાખવવાને કાંઈ હાથમાં દાવ રહ્યો નહી, તેથી ઘણીજ હલકી પડેલી, ત્યાંથી ગુમ થઈ ગઈ. સૂર્ય નારાયણના કીર્ણ ઝલઝલાયમાન પ્રકાશથી રાજધાણીને વધાવો કરી રહ્યાં. માહરાજા પણ બ્રહ્મસ્વરૂપ સમાન આનંદમય છે. મોટા પ્રધાનો પણ ત્યાં જનાબ આવી લાગાછે. કવીઓ પણ દુવાના શ્લોક ગાતા મજો કરેછે. ગવૈયા ભૈરવના પ્રભાત્ત ગાયનમાં પરમેશ્વરનો મહીમા વખાણેછે. રાજ્ય બ્રાહ્મણો પ્રીય વેદ શાસ્ત્રના ઉત્તમ વચને માહરાજાને આશીરવાદ દીયેછે. આ સઘલી શોભા માંહે માહરાજા સતસીંહ ચીકાર ચૈન મારેછે, તે સમય, પુતલી વેચનારો પેલો મૂળનો રૂકો લઇ હાજર થયો. તેને જોતાં માહરાજાએ રત્નો ને માણેક ને મોતીમાં પુતલીઓની કીંમત ચુકાવી દેવા ખજાનચીને હોકમ કર્યો. ખજાનચીએ ખજાનાખાનું ખોલ્યું, પણ ત્યાં ભંડારામાં જોયછે તો એક ફુટી બદામે નથી! તે જ્યાં પણ તપાસ કરેછે ત્યાં ના એક રજ કનક, કે ના એક ઓખરૂં મોતી, કે ના એક કણી રત્ન, કે ના એક પણ માણેક! ફકત પેલી માત્ર 'અવર' પુતલી ત્યાં સર્વ શૃંગારમાં ઝલકી રહીછે, બીજી પુતલીઓ ત્યાં મલે નહી. આ વાત માહરાજાએ જાણી તર્ત પોતાની રાજધાણીના સઘલા સૌકારો ત્યમ શરાફોને બોલાવી મંગાવ્યા અને તેઓમાંના એકને તર્ત પુતલીનું દામ ચુકાવી આપવાને આગ્ના કરી, તે હોકમને માન આપી દામ લેવા ઘરે ગયો તો ત્યાં તેણે પોતાની ખજાણાની મસ પેટીઓ ખાલી જોઇ! ઘરમાં જ્યાં પણ માહરાજાનો હોકમ બજાવવાનું મૂલ સંગ્રહ કરવા દાગીના માંગ્યા, તો સઘલાંઓની ફોક પડી. સારા ઘરમાં સોધી કોડી પણ મલે નહી! એરીત જેને પણ ને જ્યાં પણ માહરાજાએ પુતલીનું

મુળ ચુકવવાનું ફરમાન મોકલ્યું, તે સઘલાં જન ને ઠેકાણેથી ના ફરી. અરે સારી રાજધાણીમાં શોધી તો ના એક ત્રાંબાની પૈ, કે ના એક બોટો પણ શૃંગાર. બસ સઘલી રાજધાણી વેરાગી બાવાઓની કોઈ નવીન જમત, ઓચીંતી પાતાલમાંથી ફાટી નીકલી આવી હોય, એવો તે નગરનો દેખાવ બની ગયો! લક્ષ્મીનો તીરસ્કાર, માહરાજા સતસીંહને, ત્રાસે ધ્રુજાવી મારવા લાગ્યો. પુતલી વેચનારો મુલ માંગતાં માંગતાં રડી પડ્યો "અરે મ્હારા માલીકને શો જવાબ દઈશ? અરે બન્ને પુતલીઓ પણ હતે તો ત્યાંથી ઉપાડી લેઈ નીકલી ગયો હતે!" માહરાજા બોલ્યો "ખુબસુરત, તું રડીશ નહી. મ્હારા સતનો કોળ છે! જા, ત્હારા ધણી પાસ જા, ને તેને મ્હારૂં આ વચન કેહ, કે હું ત્હારો દેવાદાર છું, જોઇયે મને ત્હારા અખત્યારમાં લે. મને લઇ જઇ જોઇયે તેને વેચ ને તું સંતોખ. જોઇયે મને કોઇનો નોકર કરી ત્હારૂં મુળ્ય ચુકાવી લે. આ મ્હારા સતનો કોળ છે! જા ત્હારી રાજકુવરી સત્યાને મ્હારે વરદાન કેહ. આ પલથી હું તેણીને વેચાયલો ગુલામ છું." સત્યાદેવી, માહરાજા સતસીંહનો સંદેસો સાંભલી, પોતાની સેવાસો સખી ને દસ હજાર સ્વારીઓના લશકર સાથ તેની રાજધાનીમાં દાખલ થઈ. ત્યાં શેહેરમાં માહરાજાના તમામ પ્રધાનો ને રૈયતે તેને મોટા માન આદરમાનથી વધાવી લીધી. રાજમોહોલને દરવાજે માહરાજાએ સત્યાદેવીને માહ આવકાર દઈ રાજ્ય દરબારખાને પ્રવેશ કરાવ્યો. ત્યાં તત્કાલ તે સતના માહ ભજક સતસીંહે પોતાનું તમામ રાજ્ય, પેલી બે પુતલીઓની કીંમતના દેવામાં, સત્યાદેવીને નામે કરી આપ્યું. ફરી પણ, પોતાનો જે રીતે તે ચાહે તે રીતે, નીકાલ લાવવાને અખત્યાર દીધો. સત્યાદેવી તે માહરાજાને, જે દેવાં માટે તે ના પાડે તો તેને કોઈ પુછનાર નથી, છતાં માત્ર સત ખાતર પોતાની તમામ સતા સાથ દાસપણ ધારણ કરી, તુચ્છ જેવો ઉભેલો જોઈ રાકી નહી. તર્ત તેની ચક્ષૂમાંહેથી, મોતીના દાનાને લાજ આવે એવા, ઝકઝક થતા આંશુ ટપક્યા. તર્ત તે માહઆર્ય રાજકુવરીએ માહરાજા સતસીંહને કર ગ્રહી પોતાપાસે તખ્ત ઉપર બેસાડ્યો. આગળથી નક્કી રાખ્યા પ્રમાણે લગ્નવીધી ક્રીયા મંડાઈ. પોતાની સાથ લાવેલી લક્ષ્મીથી તેણે સઘલી રાજધાણીને શૃંગારી દીધી. સઘલી રૈયતને તે ઓત્સવના જમનમાં બોલાવી આનંદ પમાડી. પોતાના દેવાના બદલામાં નોકર બનાવ્યાની જગ્યે, માહરાજાને પોતાનો સ્વામી કર્યો. શ્લોકમંત્ર ને પર પેહેડામણી વગેરે સઘલો લગ્નમહીમા સમપૂર્ણ થતાં મધરાત્ર ઉપર ત્રણ ઘટીકા કાલ ખુટયો. સતસીંહે, જ્યારે પોતાની પ્રીયાને બરાબર ન્યાલી ત્યારે, તેના મનની મગ્નતાની હદ રહી નહી. તે આ વખ્ત

કોઈ ઓર ખુશ ચેનમાં ગર્ક હતો; તેટલાં 'લક્ષ્મી' ફરી ત્યાં પ્રગટ્યાં. માહરાજા સતસીંહે તેને જોતાં છક થઈ પુછ્યું "કયમરે તું મને કંટાળો આપવાથી હટતી નથીજ?" "સત, ધર્મ વગેરે ઇશ્વિરી પ્રકાશ જ્યાં કાયમ છે ત્યાં મને જવાને રજા દ્યો." માહરાજાને તો કાંઈ એવું થાય કે લક્ષ્મીને કદી પણ પોતાના રાજ્યમાં ફરી પ્રવેશ કરવાને સાવ મનાઇજ કરવાનું મન થાય, પણ તે વના તે કેવી સ્થીતીને પોંહોંચ્યો હતો તે સાંભરવાથી, તર્ત તેણે કહ્યું "જા ફરી તું હાલ સમાન અસ્તાન ખપીશ નહી," એ સાંભળતાં લક્ષ્મી માહ આનંદ પામેલી ખજાણા ભંડારમાં દાખલ થઇ કે તમામ રાજધાણી ઊપર લક્ષ્મી મેઘ વરસ્યો હોય એવી ત્યાં આબાદાની ઉછલી અને માહરાજા પણ સઘલાં સુખ સમ્પૂર્ણ પ્રાપ્ત થયાથી, પોતાની પ્રાણપ્રીય સત્યાદેવીનો આનંદ, હર્ષના વાદલાથી પી, જન્મ યશ પામ્યો. સત્યાદેવીએ પોતાના પ્રાણપતી સતસીંહને સત જાલવવા ખાતર સઘલાંનો ભોગ દીધો તે માટે ખાસ માનનો આ દુહો જોડી અર્પણ કર્યો:—

"સતિયા સત મત છોડિયે; સત છોડે પટ જાય
"સતકી બાંધી લક્ષ્મી; ફિર મીલેગી આય."

છપ્પા.

ન શોભે સતવિન રાજ, ન શોભે સતવિન નારી;
ન શોભે સતવિન લાજ, ન શોભે સતવિન યારી;
ન શોભે સતવિન કૂળ, ન શોભે સતવિન શૂરા;
ન શોભે સતવિન દાન, ન શોભે સતવિન પૂરા;
ન શોભે શરકાર સતવિન, ન શોભે અવતાર સતવન;
રૂસ્તમ કહે સતવિન વ્યર્થ જશે શોભીતો સંસાર પણ.

રોહીના ને લાલબીહારી.

શાહનશાહ અવરંગજેબની સલતનતના જમાનામાં અસલના ગોઢ બંગાલ દેશમાં એક માહાન જાગીરદાર બંગાલી કુમારતાગોર વસ્તો હતો. તેના સારા વંશની સંપત્તી ભોગવનાર એક પુત્રી નામે રોહીના હતી. તેની ઉમર પંદર વર્ષ ઉપર થવા આવી તોય તે કુમારી હતી. તે ઉપર લાલબીહારી નામનો તે કાળનો માહ પંકાયલો વીદ્વાન આશક થઈ પડ્યો હતો. તેણે પ્રતીષ્ટાના શ્રેષ્ઠ ન્યમે રોહીના સંગાતે લગ્ન કરવાસારૂ તેના કોટચાધીપતી પીતાપાસ માંગણી કરી હતી. તે માંગણી નામંઝુર થઈ. વૃદ્ધ કુમારતાગોરે રાજકુવરી સમાન યોગ્યતા ધરાવનારી પોતાની વારસ એકપુરી પુત્રીને કોઇ રાજા સંગાતે સગાઇમાં દેવાની આશા બાંધી હતી. રોહીનાએ ઘણાં ઘણાં પેચદાર ભાષણમાંહે પોતાના પીતાને તત્વવેત્તા લ.લબીહારી સંગાત લગ્નગાંઠ બાંધી દેવાનું કહ્યાથી સૃષ્ટી ઉપરના તેના એક માત્ર ચાહેલ પતીનો સમાગમ ચાહ્યો: ઘણી પણ પટાવત ને સમજાવત સાથ પીતાને ગળે વળગી વળગી ઘણાજ અર્જના શબ્દોમાં સત્યતા સંભળાવી આશા રાખી કે ચાહેલા લાલબીહારીની તરફેનમાં વૃદ્ધ પીતાની પ્રસન્નતા મળશેજ. મગર હોનેહારી ન્યારી હતી, તેથી વૃદ્ધ જાગીરદારે પોતાની પુત્રીના મનને કશો ઇન્સાફ દીધો નહી. રોહીનાએ તો લાલબીહારીને વચન આપ્યા સાથ ઘણીક મુલાકાત લઈ પ્રેમની બળિયારી પુંજેલી; અને જો કે તેઓ બે એકેલાં મળતાં છતાં નીતીમાન રહેલાં તોય મનમાંહે તો સર્વ સાર સંધાઈ સ્નેહના ઉત્તમ ઉમંગમાં ખીલી ગયલાં હતાં. તે બેહદ આગળ વધેલું કદમ સેહેજ પણ પાછું હટાવવાને હાથમાં બાજી હતી નહી. વળી બાજી હોય તોય મનની લેહ તેને માન્ય કયમ કરે? લાલે ફરી પણ અનેક પ્રકારે વૃદ્ધ કુમારને પોતાના પક્ષનો કરવાના દાવ સાંધ્યા, અને જેટલી પણ આધીનતા ને યોગ્યતા, તે સર્વ સંયોગે રોહીનાના મુરબ્બીનો આગ્નાકીંત શેવક થવાને આતુર્તા જણાવી. તે શ્રમ સર્વ મીથ્યા ગયો. કુમાર તાગોરથી ઘણાજ તીરસ્કારના વચનોનો મેઘ વરસ્યા પછે લાલબીહારીએ સ્વદેશ છોડયું. સ્વદેશ તજ્યા આગળ તેણે પો-

તાની સત્ય સ્વરૂપ રોહીનાનાં દર્શણ લીધાં. જેટલી પણ માનવી પ્રૌઢતા તે સઘળાંને અનુસરી ચાલવા ને પીતાના સ્વભાવની થવાસારૂ રોહીનાને બોધ દીધો. જ્યાં ઉપાય નથી ત્યાં શ્રમ ખેંચી વ્યર્થ પંચાતમાં લોકની બત્રીસીમાંહે આવવું અને કુળને કલંક લગાડવો એ ઉત્તમ માનવીપણ નથી. એ પ્રમાણેના ભીનભીન પ્રમાણીક પાઠ સંભળાવી તે બંગાલી વીદ્વાન ત્યાંથી સદાયનો જુદો થઈ પ્રદેશ નીકળી ચાલ્યો.

લાલબીહારીની વ્રેહાગ્નીમાં ખાખ થયલી રોહીના પોતાના પીતાના કહ્યાસર બે વર્ષ રહી. અને જ્યારે તે અરસામાં પોતાની આશાને એક પણ હરાંઈ લાગી જોઈ નહી; જો કે પીતાને રાત્રદીવસ અહજામ બસ વીનવી પોતાના પ્રીય લાલબીહારી ઉપર મેહેરબાન થવાને તથા પોતાના ભવ ઉપર આનંદની ચાદર નાખવાને અવધી કસ્યા જેટલું સમજાવ્યું; ત્યારે તે કેવલ સુકી ખખ ડાંખરી જેવી થયલી અબલાનું મન વીખરાયું, તેની દૃષ્ટીમાં સૃષ્ટી કેવળ કાલી બીહામણી દીસીને તેને સઘલી માયા ને શૃંગાર ઉપર લાલ વગર અભાવ છુટયો. તેણે મનમાં અયોગ્ય ખ્યાલ બાંધ્યો. તે એક તુફાની રાત્રે પોતાના રાજવંશી પીતાનો આકાશ સાથ લાગેલો મેહેલ મુકી બાહેર નીસરી. આ તુફાની રાત્ર કાંઈ જેવી તેવી હતી નહી. તે પોતાના ત્રાસી સુમારમાં, કોઈ શનવેરાનનો માહ વીખ ફુંકતો નાગ પોતાના મ્હાધસારા ને શ્રજનાના ફુંફારાથી મરડાતો હોય અને ત્યાંની સઘળી વનસ્પતી ઘસી રૂેલ જેવા વદને ડાબી ચાંપી નાખી નાશ પાંડરતો હોય તે સમાન પસાર થતી હતી. તે સમય રોહીના બંગાલણ શોકાતુર જાણે કનચન પુતલી પ્રકાશતી ઉડતી આમ તેમ લપેરાખાતી સમ જોઇ લેવી. તે જોબનવંતી બંગાલણના વદન ઉપર માત્ર એક ગુલાબી સાલુરી હતી. જે ઉડી ઉડી ઉડેલાં તુફાનને તેના અંગના અંગારામાં પેવસ થઈ જવા માટે ઉશકેરણી કરતી હોય એવો તે અલૌકીક અલંકાર ચમકતો હતો. ત્યાં આ વેળા કોઈ ન્યાળનાર હોય તો જોઇ લેતે કે તે બે રંગ—સ્ત્રી ને તુફાન—બન્નેના સમાગમે કોઈ અદભુત્ત પાતાલ ફાટી જઈ ઉપસી આવ્યું હોય એવો ત્યાં મ્હાપ્રકાશ ઝલકયો હતો. રોહીના, રંગ ગુલાબી ઉડી ગયલા ફીકા ઉજળા ગાલની રોનકે કાલી રાત્રની વીજલીજ ચમકતી હતી! તેની નાગણ વેણી ગુંડાઇ થયલો ગોલાકાર દરો, માંહે આવેલા પેચથી નાગનાગણ જોડું ગુંડાયણું જણાતું. તે પાટલી પાન જેવાં અંગની રૂ નાની અજબ આકૃતી જાણે કોમલ કમલ! તેવી તે સુંદર મોહીની રોહીના બંગાલણ સાવ કયલાસની જોગણ અબછરા દીપી રહી હીનાની જીબ, કોયલ મધુર રાગણીજ! સરખા સીધા કર ઝાડની નવી ફુટેલી મનહરન ડાળી, જે વીસ્મય પમાડતી

હાલી પોતામાંની ખાલિસ નીકલેલી જાંબુરા રંગની આંગલીઓથી જાણે ચીત્ર- વીધા સ્વરૂપજ! એ વર્ણન સજીત બંગાલણ રોહીના પવિત્ર ગંગાતટ મસ ઉડેલા તોફાનથી બેભાન થઈ પડી છે. તેણે ઉત્તમ સુખ ને આનંદને લાત મારી છે. તે પોતાનો જન્મ મેહેલ તજી આવી છે. તેણે પીતાની અમુલ્ય નવાજેશને છેલી સલામ કરીછે. તેણે સર્વ સ્નેહ માત્ર મતલબી ચુપકી- ડીથી ધીક્કારી નાખ્યા છે. તે આજની તુફાની બેહોલી ખુદરતમાં એકેલી શીતલ નદતટે ગગરી પડી છે. હવે પછે સમય ક્યમ ગુજરશે ને જીવન ક્યમ પોશન મેળવશે તેના સાનથી બેખબરી છે. તુફાન પળેપળ વધ્યું ને ફુંક્યુંજ જાયછે. મુર્છાગત તૃણ રોહીના તે સમયની ભયાનક જાણતી નથી તોય તેને કાંઈ ગતી આવીછે. તે ગતીમાં તેનું મૂખ ખુલી આ શબ્દો નીકળ્યા! "થઈ ચુકું ને ઠરી ચુકું." ફરી મુખગતી બંધ થઈછે પણ તે અબલાના વાક્ય ઉપર ત્યાં સવાલના શબ્દો પ્રગટ્યા! "એ તેં ક્યમ જાણ્યું અપ્સરા?" પણ તેનો વળતો જવાબ મળ્યો નહી ત્યારે ફરી વળી આગળ મીસાલે ત્યાં સવાલના શબ્દો પ્રગટ્યા! "ઓ સ્વચ્છ બ્રહ્મપુત્ર નદમાંહેની પાતાળ અપ- છરા, તને માનવી પ્રાલબ્ધની ચેતવણીની પૂર્ણ ખબર હોય ત્યમ તેં મ્હારા પ્રાલબ્ધની કસોટીનો કસ કહી દેવામાં મારા ભવની બંધ રહેલી આશાને અ- ગ્નો દીધી છે. તેં હું માનવીનું મન પખાંલઈ પ્રેમની નીશફળતા કહીછે. અને મ્હારાં મનની ગતી જાણી જણાવી દીધી છે. તે તીર મ્હારાં દીલગીર મન પંખીને આરપાર ભેદી મને કેવળ મૃત્યુમાં વીટાળેછે. ઈશ્વરેચ્છા!" રો- હીના લગાર બેભાન સ્થીતીથી જાગૃત્ત થઈ હતી, તે આ શબ્દોથી ગુચવ- ણમાં પડી. તે પોતાને કોઈ નવીન સ્વરૂપ ઉપજેળ સુંદરી માણી લીધામાં લીન છે. બોલનાર કોઈ કાયરજન છે કીંવા કયલાસવાસી છે, એ તેની આ હાલની સ્થીતીમાં ઠીક ઓળખ બેસે એમ નથી. તેથી તે સંભળાવનાર સામે જે સ્થીતીમાં પડી છે તે સમાન રંગ ઢંગે પડી રહી છે. આ સ્થીર સ્થીતીમાં જોતાં સવાલ કરનારો ઓર પણ તેને પાતાળ અપ્સરામાં ગ- ણીને તેની સહાયતા માંગવાને આર્જવ કરેછે. આ દયાયુક્ત સ્થીતીમાં આ- વેલો, ભૂત કે પીશાચ નથી પણ નીરાશ થયલો આસકં બીહારીલાલ જોગી સ્વરૂપમાં ત્યાં નદમાં સ્નાન કરવા પડયો હતો; તે તુફાન લાગ્યાના ભયથી તર્ત ...ર નીસરી પડી કીનારે ઈશ્વર ભજનમાં લાગ્યો, તે હતો. એટલામાં તુ- ...ફ વધ્યું. તુફાનની વધ તેણે ભજનમાં લાગેલા ધ્યાને કસી જાણી ...ત્યાં સુંદર રોહીના ભટકતી ભટકતી આવી મસ ઉડેલા તૂફાન ...બેભાન થઈ પડી છે તે પણ તેને કસી ખબર નહી. તે તો ...રણનો પુર તાપ સમજ્યો કે તે જોરે તેના પ્રાલબ્ધની જપટી

ઉડાડનાર કોઈ આકાસ કે પાતાળ અપ્સરછરા સ્વરૂપ ત્યાં પ્રગટયું છે; તે પ્રગટ પ્રકાશે તુફાન ઉલટયું છે; તેમાંથી તેના ભવનું ભયાનક ભવીષ્ય ખુલ્યુંછે! લાલબીહારીનું મન એક તર્કથી ગઇ ગુજરીનું ચરીત્ર ઉકળાવતું વળી બીજી તર્કથી ભવીષ્યનું ચરીત્ર વાંચીને કંપેછે! પાંચ પલક આ ભવગ્રંથ સમાપ્ત કરવાને બસ થઈ. જોગી સ્વરૂપ લાલે પોતાના ભવમાં કાંઇ દમ જોયો નહી કે તેનાં મને આ તુફાનને તેના તનનો ભોગ આપવાને તર્ત ઠરાવ કર્યો કે એક 'ઇશ્વર' એ નામની ચીસ સંગાતે ઉછાળો કર્યો અને પછે "રોહીના તને હું સ્વર્ગમાં મળીશ." એ વાક્ય કેહતાંજ તે પવીત્ર બ્રહ્મપુત્રાનદમાં હોમાયો. એક તોપનો ગોળો ફાટા સમાન ત્યાં ઢપકારો થયો અને પ્રેમ નીશામાં મૂર્છા પામેલી નાજુખ છોકરા સમ રોહીના "લાલ, લાલ" એ સ્વર ખેંચી ઉઠી ઉભીથઇ! ત્યાં ચાહેલા પીયાનો મેળો થયો નહી પણ તેના મૃત્યુનો વીખી અંધકાર ઓઢેલો ભૂત ત્યાં મસ ઉડેલા તુફાનસમ તેની તારા જેવી ચક્ષુમાં બ્યામનો ફેલાઇ રહ્યો. તે અંધકાર આકારને જોતાં રોહીનાએ આશા ઉપર પાણી ફેરવ્યું. તેને તર્ત સર્વ સંબંધ સમજાયો. તેને પોતાના છેલા 'થઇ ચુકું ને ઠરી ચુકું' એ શબ્દોનું સ્મરણ થયું. તેણે જાણ્યું કે ત્યાં તેને સવાલ મેળનારો કોઈ નહી પણ લાલબીહારી પોતે હતો. તે જોગી બનેલો એટલે જયાં પણ ધર્મ તીર્થ ત્યાં આવી લાગવાનો સંયોગ, ત્યમ તે પવીત્ર નદમાં સ્નાન કરવા આવ્યો તે આ તુફાની રાત્રના ત્રાસમાં ભુલ્યો. તેણે મને કોઈ જળ અપ્સરછરા જાણી લીધી. મ્હારા શબ્દો, તેને પોતાના પ્રાલબ્ધનો ભેદ સમજાયો અને અંત્યે પોતાના અવતારની ચાહેલી વસ્ત મળનાર નથી એથી વધુ સમય તેને જીવતર જ્હાલ રહ્યું નહી. તેણે 'ઇશ્વર' નામ ઝપે સૃષ્ટીની છેલી છાંઇ તજી દીધી અને મને સ્વર્ગમાં મળવાનું આમંત્રણ કરી દેહ પાડી. "અહો પ્રાણનાથ આપ વના મને આ સુંદર વદનની શી કીંમત મળનાર છે? વધ તૂફાન ને લે મ્હારા પવિત્ર વદનની ઉજાણી" કહેતાંજ 'લાલ હું સ્વર્ગ આવુંછું ત્હારા બોલાવ્યા પ્રમાણે' એ સ્વર અને તે ચંદન સ્વરૂપ રોહીના તુફાની સપાટા સમ ઉછળી નદમાં ગરેછે તેટલાંજ, ત્યાં દેવતે પ્રકાશ ઝળક્યો અને એક અલોકીક વીજલીના કરે રોહીનાને ડોબાવી લેતાં તે પ્રકાશમાંથી શબ્દો નીકળ્યા 'પવીત્ર કુમારીકા હું ત્હારૂં પ્રાલબ્ધ છું. તને ભ્યમ ઇચ્છા છે તે લાલબીહારી, હું આ નદમાંહેથી કાઢી હાં પાસ હાજર કરૂંછું. આપઘાતનું કનિષ્ટ કર્મ કરીશ નહી.' પ્રકાશ અલોપ થયો. એક જબરૂં મેઘ ઝાપટું ગર્જ્યું. હાં પ્રેમના મસ તુફાન પછે ચક્ષુનું આંસુ ઝાપટું પડયું. ખુદરતનું તુફાન નરમ ત્યમ પ્રેમ તુફાન ટળી જઈ પ્રેમાનંદ ઉપજ્યો! કાળી રાત્ર તુફાન ટળી જઈ ઉજયાળું પ્રકાશ્યું. શોક

ટળી જઈ રોહીના ને લાલ મળી બન્નેમાં આનંદ વ્યાપ્યો, ક્યમકે પેલો પ્રકાશ, ઘડીકમાં ફરી ત્યાં પ્રકાશતાં લાલબીહારીને કાંઇપણ નદજળ કે પ્રાણ અનલ કસુંએ લાગ્યું નથી ત્યમ અસલ ચંગો ત્યાં કને તુર્ત હાજર કરતોજ તુર્ત સદાનો અલોપ થયો.

રોહીનાને લાલ જોતાં અચંબાથી ગાંડોજ થઇ ગયો. તે બોલ્યો "પવીત્ર બંગાલણ તું હ્યાં ક્યાંથી?" રોહીના બોલી "મને કહો પ્રથમ આપ હ્યાં ક્યાંથી?" લાલ બોલ્યો "મને કાંઈ ખબર પડતી નથી પણ મ્હારાં પ્રાલબ્ધને બ્રહ્મપુત્રાની જળ અપ્સરાએ ખુલું કર્યાથી મેં ભવીષ્યના સુખની આશાથી હાથ ઉઠાવી નદમાં પડી પ્રાણ ત્યાગ કર્યો હતો; એ મને યાદ છે. બાકી કાંઇ નહી." રોહીનાએ પછે લાલબીહારીને પોતાની સર્વ બીનાથી વાકેફ કરી દીધો. પોતાના પિતાની આજ્ઞા માનવાથી તે આજ્ઞા અલોપ કર્યા લગીનો પેહેલો ભાગ કહ્યા પછે બીજો ભાગ, તે ભટકતી ભટકતી કંઈક દીવસે માહ રાન વીકાલ વટાવી હ્યાં આવી. મધરાત્રના તુફાનની દેહસતે મૂર્છાગત થઈ, તેના પેલા માહ ઉપયોગી શબ્દો 'થઈ ચુકું ને કરી ચુકું' એ પછેના બે સ્વાલ ને એક માનવીની છલાંગ, તે પેહેલાં તેનું નામ ને બોલાવવું સ્વર્ગમાં, એ સર્વે કહી તે પોતાના વ્હાલા પતીને ગલે બ્હાઝી પડી ને આંખોથી નવધાર આસું વર્ષાવી રહી.

લાલબીહારીએ પોતાની પ્રેમડાની કથા ઘણી ગંભીરતાથી ધ્યાણ દઈ સાંભળી. તે મોટા બંગાળી વીદ્વાનોમાં માહ ધીર વીર પદ્વી પામ્યો હતો. બ્રતખંડની વીદ્યામાં જબરો કુશલ, ભાષણમાં વસંત, તકરારમાં સત્તા, નીતીમાં બ્રહ્મા, નમ્ર સ્વભાવમાં મૂકતા ભૂષણ, તેવા મોટા બંગાળીએ નીતી પ્રમાણ અનુસરી ચાલતાં પ્રેમની બીલકુલ દરકાર કરી હતી નહી. જ્યારે તેના પ્રેમને બેજાનજ ભેટેલી રહી ત્યારે તેણે જ્યાંલગી ફલતો સમય આવે નહી ત્યાં લગી જોગેશ્વર બની જઈ નીતીના ધોરણે ધર્મતીર્થ સ્થાનોની યાત્રા કરી જ્ઞાનમાં ઓર વધારો કરવો, આ તેની દ્રઢતા કંઈક વર્ષો લગી એક સમાન જળધોરણે સ્થીર પસાર થઈ હતીજ. પણ હોનેહારી પ્રબલ થયાના સંયોગે આ અચાનક મેલો બન્યો; તેથી તે ખુશ કે દીલગીર થયો તે હાલ તો કાંઇ ચોકસ કેહવાય તેમ નથી. સ્વપ્ન આકાર સજીવન થયા સમાન આ મેલાપનો કોઈ પણ તુચ્છ લાભ લેવાને તે દાતાર દીલના લાલબીહારીએ ખ્યાલ પણ કર્યો નહી. તેણે તર્ત રોહીનાને હીમાલાના એક પવીત્ર દેવાલયમાં જોગણ કરી ત્યાંની વડી પુંજારીણની મદદગાર ઠેડવી રાખી. રોહીના આ તેની તરેહવાર ચાલથી પોતાના પીતાનો મેહેલ તજી નીકલી આવ્યાના માહ પશ્ચાતાપમાં ગરક પડી. તેનો ને લાલનો મેલો બે ત્રણ દી-

વશને આંત્રે થાય તે પણ પેલી વડ દેવાલય પુજારણ હજુર! ત્યાં જે પણ વાત બોલાય તે માત્ર શીક્ષારૂપી ને સુદ્ધ નીતીશાસ્ત્રજ. વળી કોઈ કોઇ સમય રોહીનાને અતી વેદનામાં જોઈ લાલ બ્રહ્મજ્ઞાન, સંક્ષેપમાં સમજાવતો, અને આ ખાસ મત કેહતો હતો "જ્યાં લગી જે પ્રાણમાં બ્રહ્મજ્ઞાન ને નીતીના સ્વચ્છ પ્રકાશ સમાયા નથી ત્યાં લગી તેની દેહ સર્વ અનીતીમાન વીષને આ-ધીન છે." તે વારંવાર વ્હાલી રોહીનાને ઘણા પવિત્ર દીલાશાથી કહી સંભળા-વતો "જ્યારે ભ્રતખંડના પ્રખ્યાત વૃદ્ધ કુમાર તાગોરે પોતાના લોહમાંના લાલે પળાયલી ત્યમ ચીત્રાયલી રોહીનાના લગ્નથી મને ખ્યાલ કસ્યો નહી અને તીરસ્કારથી હાંકી કાઢયો, તે દીવસથી મેં સમ લીધા છે કે અનીતી કે અ-યોગ્ય માર્ગે હું કોઇ કાલ રોહીનાના નામનો નાશ કરીશ નહી. એ વીચારે મેં મ્હારૂં સ્વદેશ મેલી દઈ જોગી અવતાર ધારણ કસ્યો. મેં આપણા હીંદુ ધર્મનાં માનીતાં ને યાત્રાલું પવિત્ર દેવ દેવાલયની તીર્થ જાત્રા જાગી કરી. મહા પવિત્ર શ્રી કાશી તે મથુરાના જોષી ને જોગીમાં મ્હારો કાળ ગુમાવ-વાને આનંદ માણી લીધો. હું પવિત્ર નગરે નગર ફરી ત્યાંના સઘળા જો-ગીઓમાં મ્હારી જ્ઞાન શક્તીની વીસ્મયતા ઉપજાવીને, સર્વે યાત્રાળુ પવિત્ર મ-નના માનવીઓથી 'જોગેશ્વર માહરાજ' પદ પામ્યો! મેં એ પવિત્રતામાં પ્રવેસ કરી દઈ પ્રેમ ભરેલું વદન મેઘવના થયલાં ઘાસ સમાન સુકું ખખ કરી નાખ્યું. મેં 'જોગેશ્વર માહરાજ નામ' મોટા પ્રકારમાં ભજી રાખ્યું. આજ જો-ગીઓના પ્રમૂખપણાથી મને સર્વ જોગી પોતાનો પીતા માનેછે. મેં જ્યાં પણ ધર્મ વાદવીવાદમાં યાહુમ હોમાવ્યું ત્યાં શ્રેષ્ટાઈ ને જીત મેળવી કરી શ્રેષ્ઠ ની-તિમાન જીંદગી રાખી. એક મહાન ચમત્કાર સમાન આ ખાલિલી જીંદગી ત્યારેજ તેની સઘળી ઉમદાઈનો આબમાં ઝળકશે, કે જ્યારે સ્વચ્છ મનવાળી રોહીનાને હું પોતે લઈ જઈ તેના પીતાના ચરણ પાસ મેલીશ અને ખરા આશકનો ઇલકાબ ધારણ કરીશ. મને એક તલ દાગવાળી પણ જીંદગી ઉપર ત્રાસ છુટેછે તો પછે મેહોર જેટલા પણ દાગમાં મ્હારી પવિત્ર રોહી-નાને જોવું તો તે જીવા આગળ હજી હું પોતાને અંધ થયામાં લક્ષ ઘણો ભાગ્યશાળી જાણીશ."

જ્યારે રોહીના પોતાના પીતાનો મેહેલ મુકીને નીકળી ત્યારે તો વૃદ્ધ કુમાર તાગોરને તેની કસી જાણ પડી નહી. મગર રૂતુમાં ફેરફાર થતાં તેના મનને કાંઈ ચેન પડે નહી. ઘડીકમાં તેને કોઈ વાયુદુત તેની સઘળી આશા સાથ બાંધી લઈ જતો હોય એવો વાદલાં જેવો ઝાંખો દીખાવ દીસ્તો! ઘડીકમાં કોઇ આકાશી ગાનધર્વ તેના મેહેલની માહ રોનક રોહીનાને ઉઠાવી લઇ ગયો તેવો રંગ પ્રકાશતો! ઘડીકમાં કોઈ કાલો મસ રાક્ષસ સો હાથ ને

આઠ પગનો તેની સઘલી પુંજી ગાંસડા ઉઠાવી લઈ જતો ને ડાલા ઘુરકી પાસથી પસાર થતો જણાતો! ઘડીકમાં તેના મોહ ઉપરથી તેનું નાખ્ખ કોઈ વૃદ્ધ બાજ પક્ષીની ચાંચ લાગી નીકળી જતું લાગતું! ઘડીકમાં તેના ઉજળા બાલથી ભરાયલા કાન ઉપર લખ્ખો લખ્ખ ઝેરી લાલ કીડીઓનાં પડના પડ બંધાઈ તે ખવાઇ જતા હોય એવી અમ્રી ઉઠતી! ઘડીકમાં તેની વૃદ્ધ પણ ચંચલ ચક્ષુ ઉપર ને માંહે, અમ્રી આંઝણીઓ ફુટી સૈમાન લાગણી થતી! ઘડીકમાં તેનાં કાલજામાં લોખન ગળે એવું લખલખું ભરાઇ જઈ તે મૃત્યૂ પામવા યોગ્ય લાગણીમાં લઠરીજતો પોતાને જોતો! ઘડીકમાં તેની જીભ ઉપર હીમાલા બર્ફની સીતલતા વ્યાપી જઈ તેનો હલક બંધ થઈજ તેને ધ્રુજાવતો! ઘડીકમાં તેની પીઠ ઉપર કોઇ બાહુરૂપી ભૂત ચઢી બેઠો હોય એવો તે ડબાઇ જતો પોતાને માનતો! આ સઘળામાં જે ચીત્ર વારંવાર તેને કાયર ને પગથી માથા લગી બેભાન કરવા જેવી સ્થીતીમાં મેળતું, તે તો તેની રોહીનાને ઉઠાવી લઈ જનાર દીસ્યા કરતું હતું. અંત્ય એ મન કાયર કરનાર ને ધક બેધક રાખનાર લાગણીથી ઉસકેરાઈ તર્ત વૃદ્ધ કુમારે પોતાની કન્યાની ઓરડીનું દ્વાર ખણુણુણ ખખરાવ્યું. ઘણી વેળ લગાર જાદા ને જાદા તે દ્વાર ઉપર હાથ મારયા જતાં છેલીવાર તે ઉપર તેના નોકરો લાગ્યા ને દ્વાર ઠોકતાં ઠોકતાં ભાગ્યું ત્યાંલગી તે રૂદીના ઢપકારા જારી રહ્યા. જ્યારે દ્વાર ભાંગીને માહે વૃદ્ધ પીતાએ પ્રવેશ કર્યો ત્યારે તેના મનમાં તેના મૃત્યૂ સંગાતે મસાનમાં જળનારી માહ ધસક, તે માહે મેળાતાં તેનાં પેહલાં કદમેજ પેઠી. તેણે દરેક તખ્ત ને પેટી નીચે ને ઉપર જેયું. પંઠરાયલા ગલીચા ને ચારસા ઉચકાવી ઉચકાવી ખુણે ખુણે ને રજે રજ ખોલી વળ્યો. સઘળા સુંદર શૃંગાર ઉખેડી નાખ્યા. સઘળા ભંડાર ને ભાયરાં ખોલી નાખ્યાં. સઘળી બારી ને બારણા ઉગાડી નાખ્યાં કે રોહીના ક્યાંથી પણ જાહેર પડેછ? પણ તેની આ આશા તેના પ્રાલબ્ધથી ઉતરી તે તેને ફરી આ ક્ષણભંગૂર જગતમાં તો મલનાર કે ફલનાર નથીજ. અરે તે ત્રણ ત્રણ દીવસ ને રાત્ર પોતાના મેહેલના તમામ ઓરડા ને દીવાનખાના જેયાજ કરે. વળી તે બાગના ભાગમાં ઉતરે ને વૃક્ષે વૃક્ષ ને પૂષ્પે પૂષ્પ ખોળ્યા કરે પણ રોહીના, તેના સર્વ કખીલા ને કુટુંબની એકપુત્રી વારસ રોહીના, ત્યાં હોય તો મળે કે? તે તો પ્રેમનાં ઉલટેલાં મતલખી ગુમાનનાં કાવત્રામાં ક્યારની કેટલા દીવસ થયા નીકળી ગયલી, તે ગાભરા બાવરા થયલા મૃત્યૂની અણીએ પોંહોંચેલા પિતાની લાજ ને દાજ જાલવનારી લાગણીમાં ક્યાંથી હોય? હાઃ હાઃ બેખબરી ને અવીચારી અબલા, તું ગમે એવી સમ્પૂર્ણ સક્તી હોય તોય તને ઇશ્વિાણુ છે કે પ્રેમથી ચુનાય; તો પછે ત્હારો તે ક્યાં દહતામાં ઠાગ ને

લાજ માનમાં પ્રમાણ? કુમાર તાગોર, ગાંડો ગીડ કે આંધળો પલીદ હજી ઠીક ઠર સ્થીતીમાં હોય, તેવો વીખરાયલો, રોમે રોમે ભવ હારી હેરાન થઇ ગયલો વૃદ્ધતાની અવલતામાં ચીકાર થઈ અર્ધ સંભળાતું ના સંભળાતું બોલતો બકતો લવતો ડાલતોઃ—

"રોહીના, મ્હારી રોહીના, મ્હારી એક પુરી આશા રોહીના, મ્હારી ચંદ્રવદન પુત્રી રોહીના, ત્હારા વૃદ્ધ પિતાને મેલી તું ક્યાં ગઈ? અરે તેં કુમાર તાગોરનાં પુરાનાં વંશની શાખા બાળી શું? અરે તેં કનચન આંતને અંધકારના ભંડારમાં ગાળી શું? મ્હારી સઘળી સંપત્તી અગર ભૂમી ફાટી જઈ જ્યાં છે ત્યાંની ત્યાં ગરક ગઇ હતે, અને હું કોડીવનાનો મસાનમાં જઈ પડયો હતે, તો તે હાલત ત્હારા આ અયોગ્ય જ્યોગ સાથ સરખાવતાં તો માહ એષ્ઠ જેવી કે અંજીકુંડ ને હરાંઇ! અરે રોહીના, તેં મ્હારી ઉપર નાશ પાંઠસ્યો પણ ના જાણ્યું કે આ ભવ તેનાં સર્વ તારૂણ્ય, ઉત્તમતા ને પ્રેમમાં પણ ચંદ્ર ઉજ્યાલા છાંયા સમાન છે. આ ભવ કેવળ મસ્તાની ને પાનખર છે. તે વૃદ્ધ ઉમરે પુગેલા માનવીની અઘડી અજમાયશનો કનચન ટાલો પોતામાં પચાવી સમાવાને સમજતો નથીજ! પણ દ્રઢ ધીરજથી હઠી ગયલો ત્યમ શ્યાણપણની સંધી બાજુએથી દુર રેહનાર! તે તૃણતાની જે પોતામાં સરસ પ્રકાશમાન લજા ધરાવેછે તે સદા પ્રેમના વાયુ કટોરામાં હોમાવે છે; તે સદા પ્રેમના આરસાને વદન ને કુલ નામ સોંપી વધાવેછે. તે પ્રેમમાન ઉપર આંખ વીંચી નવાજવામાં એક રેસ પણ આગલી પાછલીની ચીંતા કરતો નથી! તું મ્હારી રોહીના, માહ તૃણને હું માહવૃદ્ધના મનની ક્યમ ખબર પડે? હું, વૃદ્ધ ઉપર પચાસ પાકી ઋતુ ફરી વળી સુમારાનો ષઠ થયલો તે, ને તું, કે જેણે કોઈ પણ પેચની અરધીએ ઋતુ વીટી જોઇ નથી તે ક્યમ એકમત થાય? જે જીબને ના મીથાસ કે ખતાસની પૂરતી પર્ખ, તેવી તું બીચારી કાચી અબલા પોતાના પીતાના મહા પ્રેમ ને ઉમદા જીબનાં સ્વચ્છ વચનો ક્યમ રેસ પણ શમજી શકે? હાય, હાય." વૃદ્ધતા, એ બોલવા જેટલી થતી પલકમાંહે એટલી તો વધારે તે કોટચાધીપતી બંગાલીના તનમાં ફેલાઈ ગઈ, કે તેની વધુ બોલવાને જીબ ધ્રુજી અટકી ગઇ. તે એક ધુંજરી ઠઠણીનું મસ વાદલું હોય એવો છાંયો થઇ જઇ ત્યાંથી પંખીના પર તુલ્ય ગતીએ પ્હોંચી પોતાના દીવાનખાને જઇ મૃત્યુના બીછાણે પડયો, ને શ્વર્ગવાસ પામ્યો.

રોહીના, લાલબીહારીના વીચીત્ર પ્રેમના તુરંગે, સપડાયેલાં ને પીંજરે પડેલાં પક્ષી સમાન સ્થીતીમાં હીમતની ઝાંખી રીજવણીમાં પર્સપર મળી જોગી સ્વરૂપે પવિત્ર સ્થલે તીર્થ યાત્રા ને જપ તપ કરતાં ને સ્વચ્છ પ્રેમને

દેવતે નીતીની સરસાઈમાં શ્રેષ્ઠ આત્મરક્ષક પંકાવતાં જ્યાં ત્યાં સાથના સાથ પંથ કાપેછે. રોહીના તો હરીહરાંઈમાં ઓચીંતી માત્ર એક બીમાંથી ઉપજી નીસરતી નવીન મનોહર વેળ સમાન ઉછરતી ને વધતી જતી પવિત્ર પ્રેમની છાવણીમાં ખ્યાલી મોહીનીજ ખેલેછે. લાલબીહારી અઠાગ નીરાશીમાં ઘડાઈ ચુકેલો જો કે રોહીનાની સ્થીતીથી મુજાયછે છતાં બ્રહ્મજ્ઞાન આનંદાભ્યાસે ચોખી નીતીના સ્વરૂપમાં છળાછળ અવતાર શોભાવે છે. નીતીની શરાફી માહ ચોખી ચલાવતાં ત્યમ ભરતખંડના સઘલાં હીંદુધર્મનાં દેવદેવાલય રોહીનાને દેખાડતાં ને બ્રહ્મધ્યાન સીખવતાં લાલબીહારીની સઘળી જુવાની પુરી થઇછે. રોહીનાને પણ એક રોમ તૃણતા રહી નથી. બન્ને ખરા ને ઇશ્વરે પસંદ રાખેલા જોગ્યાવતાર કરમાયા છે. લાલબીહારીની હાલત સુકાં નાળ્યરીનાં ઝાડ જેવી થઈછે, ત્યમ રોહીનાની કાંતી કરમાયલી કેળ જેવી જોઈ લેવી !

રોહીનાને પોતાના વૃદ્ધ પીતાનો મેહેલ મેલી દઈ જગતમાંહે કદમ મેળ્યાને આજ અધાર વર્ષ પુરેપુરાં થયાંછે. તે માહ ઉદાસીમાં સાગરે ડુબી રહેલી મીન સમ ગરક છે. તે મોતી હીરાના સોળે શૃંગારમાં પગથી માથા લગી ગરક રેહનારીનું વદન, ફક્ત જોગીના ગુંઠણ લગીના ભગવા લુગડાંમાં ઢંકાયલું બીન ઓળખ–જ્યમ પતંગૂં હરાંઈમાં ઉડ ફર કરે ત્યમ–રંગપૂર છે. તે હાડેહાડ તવાઈ લેવાઈ બરૂના સાતકા જેવા થઈ છે. તે કદાચ કદાચ જ્યમ લુલું ઓખલું પતંગ કોઈ નવા પુષ્પના તેજશ્વી મુખ ઉપર બેસી ચુમ્બન ઉલટ લે, ત્યમ તવાઈ ગયલી રોહીના ઓચીંતા મનના નવા ઉભરાના રંગ તેજે હસતો જીવ કરી મધુરી આશાની વેણા વગાડેછે, પણ તે સાંભળનાર તો લાગણીને તાબે રાખનાર ને નીતીનો મોટા પૂજક લાલબીહારીજ; ત્યાં પછે અયોગ્યતાનું કદમ ક્યમ હદ બાહેર જાય? લાલબીહારીને સ્વદેશ મેળ્યાને આજ વીસ વર્ષ થયાં હતાં! તે આજ તેને યાદ આવીને તેની કાળા પથર જેવી કાળો ને કઠણ મારી ગયલી શીકલ ઉપર શોક ઘેરો પડ્યો. તેણે એક કલાક ઉપર એકસરખી હાલતે ન્યાળ્યા પછે એક વીચાર નક્કી કસ્યો. રોહીનાને લઈ તે તેના ને પોતાના સ્વદેશ નજદીક આવી લાગો હતો, સે કસો પણ વીલંબ કસ્યા વના ગોઢબંગાલા દેશ ચાળ્યો. શો ખ્યાલ આવ્યો તે ઇશ્વરને માલમ, પણ આ તો નક્કી કે કંઈ પણ કરી રોહીના તેના વૃદ્ધ પીતાને સ્વાધીન કરવીજ. રોહીનાને ઉલટી અસર થતી ચાલી; સબબ તે દઢ જાણતી કે તેના વ્યોગનો તે વૃદ્ધ પીતા ભોગ થયો હશે. જોગી સ્વરૂપ તે બન્ને, પ્રેમે નીતીમાન સ્નેહ સંબંધે થોડાંક રાન ને જંગલ ને ખેતરાં ને નાળાં ને ડુંગરા વટાવી સ્વદેશ ભુમીની સીમામાં દાખલ થયાં પણ તેઓ ત્યાં જોવા જાયછે તો

સઘળું ચુપ સુમસાન ને ઉજાડ વેરાન! સુરજ નીકળી ચુકોછે, તે કુમાર તાગોરની જાગીર ને મેહેલ ઉપર વધારે તેજથી પ્રકાશે છે. જ્યાં એકવાર તેના બોહળા જુવાન ને જૈફ કબીલાના આદમીની જાવઆવથી પવન થંભ રહેતો હતો ત્યાં બેજાન! ત્યાં સંઘે મહાન બેજાન નજરે પડેછે! મોટો દરવાજો ઉઘાડીને એક સુંદરી જે પચાસ દીવાળો જોઇ ચુકેલી તે ત્યાં વિચારમાં વળખાયછે. વેરાન સમાન અબળા પોતાને પોતાની આસપાસની જમીનમાં જોયછે. તે ઢાકાની સાદી મલમલમાં ઢંકાયલી છે. શોકથી તેના સાવલા રંગના મોહ ઉપર વધારે સાવલાપણું આવતાં તે, ત્યાં સુર્યપ્રકાશના નવા ને કુમળા તેજથી ખુલ્લું થયલું, હાઃ હાઃ સાથીથી બોર્વાયલાં રાજહંસ સમાન છે. તેના વૃદ્ધ મુખમાં વધુ ને વધુ ઝાંખ દાખલ થતી જાયછે. તે ડાબે પાસે દરવાજાના ચોકઠાને અંઠીગી એક હાથ માથા ઉપર વલાવી વલાંવી બોલેછે "રોહીના, તું ગઈ ને આ જગાનું સુખ ગયું. દુઃખે સુખ ઉપર જીત મેળવી ને સુખ્યા રાજા કુમાર તાગોરને પાંચમો સુર્ય દેખાડ્યો નહી. ઢોર ને પંખી ને જાનવરો ભુખ અને માવજત વગર મણ્ પામ્યાં. જ્યાં બાદશાહી મેહેલ ને બેઠક ત્યાં સ્મશાન!" આગળ બોલવા જતાં તે ચોંકી. આ શબ્દો બીજા ચાર કાનમાં દાખલ થયા. બોલનાર સામે બે મહા શોકાતુર જોગી, એક પછી એક મોતી જેવાં આંશુ નાખતા ત્યમ એકીતગર જોતા ઉભા! તે બે અદભુત જોગીઓને જોતાં કમલ ધ્રુજી ધ્રુજીને બોલી:—"ઓચંબો, કે આ ભુમીએ જે પલથી વેરાન થવાનું નશીબ મેળવ્યું છે તે પલથી હાં દાનધર્મ પુન્ય બીલકુલ ઉભું રહ્યું નથી. આજ તે મોટો જાગીરદાર રાજા કુમાર તાગોર જીવતો હતે તો તે કોટ્યાધીપતી તમને મન માંગ્યું દાન દઇ રાજી કરતે." આ શોકાતુર લેહેર સાંભળતાં રોહીના પોતાની બાંધેલી તર્કમાં પોતાને ખરી પડેલી જોતાં કમળ સમ કંપી રહી. રોહીનાએ ગદગદીત આંખ્યોથી સામી ઉભી બોલનારી સ્ત્રીને પુછ્યું—"શું તે મહાન ધર્મિ રાજા કુમાર તાગોર પ્રવાસ ગયો? કીંવા સંસારી અકાલ તુફાની ઝપાટાએ આ પૃથ્વી ઉપરથી નીરાશ વળાવીને ઉડાવી દીધો? કે કોઇ દુન્યાદારીની લડાઈમાં ના ધારેલો આબાદ જખ્મ લાગી જઇ તે આ મરત ભુમીથી અલોપ થયો ને સ્વર્ગે વાસ પામ્યો?" આ બોલતાં તે જોગી સ્વરૂપ ધારણ રોહીના ધ્રુજી. તેની આંખ્યો ભુમીને વળગી જઈ લ
જને ધ્રુંજરી છુટે એવી લજ્જા પામી! કમલ બોલી:—"જોગીરાજ
મારા રાજા કુમાર તાગોરને ચંદ્રવદન રોહીના નામની પુત્રી હતી.
પીતાના એક અભાવક જવાન સંગ પ્રેમમાં તનમન હારી બંધાઈ
તે દેવી સમાન પુત્રીએ પીતાના શબ્દો ઉપર ધ્યાણ ના આ
માયા મેલી વનવાસ લીધો. તે ચંદ્રવદન કાંતીની કુવરીના

કુમાર તાગોર, અરે તે ઘણોજ ભલો ને રાંક ને આંત આબરૂનો રાજા કુમાર, જેના વડીલોથી બંગાળા,–શુદ્ધ આર્ય વસેળ ગોઢબંગાલા–જે ભ્રતખંડની જેબ ને નાક, જે પવિત્ર ધર્મસ્થાનોનો પવિત્ર જાત્રાલુ દેવ દેવાલય સધામ, ત્યાંનો, ત્યમ રાજ્ય ને ધર્મ ને ખેરાતીમાં ભવ પાલનારો માહ્ નીતિમાન, સઉદ્યોગે ઉધરેળ, જે એકપુરી સ્વચ્છ હૃદયની પુત્રીના પ્રેમ ને લાડમાં ગુલતાન ને મસ્ત, જે દીનરેન દાન ધર્મની મજો મારનારો, સર્વ વાતથી ભરપુર ને સર્વ ભરપૂરમાં બેતંબા, એવો જે વૃદ્ધ મોટો જાગીરદાર બંગાલી રાજા કુમાર તાગોર તે પોતાની વ્હાલી પુત્રીના વ્યોગે રોમરોમ ખખરી ધ્રુજ્યો."

"કુન્યાદારીએ તેની વૃદ્ધ સ્થીતી, પુત્રીના વ્યોગે અયોગ્ય જખ્મમાં વીંધી. તેના મોહમાંની નીકલતી પીતાપ્યાર અગ્ની વરાર તેની લાગણીનો ગ્રંથ બન્યો હતો. જો કે તે વૃદ્ધતાની પાકી ઉમરમાંહે ઉછલતો હતો પણ યુવાન સમાન કદાચ ઈનિશાનગીરી દાખવે તે રૂઢીએ તેના છેલ્લા દીવશ તલગ પોતાનાં કામમાં રોકાતો અને ઉદ્યોગી રેહતો હતો તે, પુત્રી વ્યોગથી એકાએક નરમ પડીને ગગરી જતાં જાણે આ સંસારી પુત્વારીના પ્યાલોની ખુમારીમાં વળ્યોની! તેણે પોતાનો આખો જન્મ બોડેલી હીરાની ખાણમાં એવો ફેરફાર થયો કે તેમાં રાખેલું તેનું ઘણુંજ બેકીમતી હીરરત્ન કોયલો થઈ ગયું! આખી હીરાની ખાન જેમની તેમ રહી પણ પેલું મહા અમુલ્ય રત્ન માત્ર એક તે કોયલો થયલું જોતાંજ હાય હાય બકતો આશા માંહેથી બદલાઈ નીરાશીની ટકર ખાતો સદાનું આનંદ ખીછાનું તેણે બેશુમાર દીલગીરી ને રૂદન સાથે સેવ્યું. તેણે પોતાના બાગનાં ગાયન કરતાં પંખીઓને અપમાન નહી કીધું, પણ તે ગાયન, પુત્રી વ્યોગે પોતાના કાનને ઘણુંજ હેરાન કરતું જાણીને આખા પોતાના મેહલને બંધ કરાવી અંદર કાલા ગાર મીસાલના દેવાનખાનામાં પડી રહ્યો! પેલી મોતીની માલા મને આપી બોલ્યો કે "એ તું કોઇ દેવીને ચઢાવજે, કે રોહીના, જેવા એ દાના ખાલિસ છે તેવી સ્વચ્છ ને કલંકરહીત રહે! મને પેલી તુલસીની માલા આપ." માલા આપતાંજ તે એક 'ઇશ' ને બીજો 'રોહીના' એવા બે શબ્દો બોલતાંજ તે–માનવી મુરદું ડુબ્યા પછે સાગર સપાતી ઉપર બ્યમ ચટું તરી આવે ત્યમજ–અટો પડયો! મલનારાઓએ મલવાના બહુબહુ ફાંફાં ને માંથાફોડ કરી; પણ તેણે દરવાજો 'જ કરી દીધો ને હોકમજ એવો કે 'હું માનવીપણાની પ્રિક્ષામાં પશાર ગોછું તે માટે કોઈ માનવી મને હરકત નહીં કરે તેટલા વાસ્તે ખાસ મલવા આવવાની મનાઈ કરવી, તે હોકમ બજાવવા માટે પેલા બાહેર મને બેસાડેલી. ત્રણ દીવસ એમ ગુજર્યા, ચોથે દીવ્યો ને એક જીનો સાદ સંભળાયો. ત્યાં અંદર જતાં મેં

અંધારાગારમાં સાંભળ્યું કે 'હું પસાર થયો. આ દુન્યાદારી અને માનવીપણાથી પસાર થયો, તે મ્હારાઓને જાહેર કરજે. અગર પેલી મારી રોહીના જો કોઈ પણ સમાગમે મળે તો મારી સઘળો દોલત, જાગીર ને મેહેલો તેને તુર્ત સ્વાધીન લેવાનાં ખતપત્ર આપી મારી ભુલની માફી માંગજે. તે અખત્યારમાં લે તે દીવસે ગરીબોમાં દાન ધર્મ વેંહેંચજે. મારી ભુલ કે તે મારા વંશવારસની ભુલ, જે હોય તે ભેદ ભેદમાંજ સમાયલો ઘણું તલગ રહેશે.' આગળ તે બોલે તેટલામાં આત્મે પોતાની મુસાફરી વગવસીલા ને માયા છોડીને એવી અનદીઠ સરૂ કરી કે ના તે કે દેહ! તત્વોએ તત્વો મારફતે હીસાબ નકી કરી લેન દેન સરભર કરી દીવું અને આજ તે નામ કે નામમાંથી નીકળેલું નામ ફકત નામના અક્ષરમાં! બીજું મ્હારાં મોહમાં છે. હવે રોહીના જે મારી આંખ્યોમાંનો તેજની મીરાત મારા હ્રદયમાં સમાયલી તે મને મળતી નથી અને મારી પવીત્ર ફરજ મને કુલવાને ગર્વ આપતી નથી." આ શબ્દો સહન થઇ શક્યા નહી તેથી જોગી સ્વરૂપધારણ રોહીના તેને ગલે વલગી રડી, ને તેના પગ ઉપર પડી. "મારી વ્હાલી વૃદ્ધ દાઈ" આ શબ્દો ધીરે કમલના કાનમાં પસાર થયા, તે સ્વપ્નાને સાબેતી જાણી આંખ ચોલવા લાગી. પણ રોહીના, વાદલાંમાંથી ચંદ્ર નીકળવે જેમ મોજી શોકીનોને હર્ખ વળે ત્યમ વધુ દીપતું મોહ કરી કમલાની સામે તેણીનો સ્વપ્નો ને શંકા દફે થાય ત્યમ ઉભી. "અરે તું રોહીના" એમ બોલતી દોડી જઇ કમલે પલમાં મોતીની થાલી લાવી વધાવી તો તે રોહીના ને લાલબીહારી બન્ને ઉપર વધાઈ! તે વખતે બોલી "મારાં રાજા રાણી ઇશ્વર તમોને સલામત રાખો." પછે પેલાં જાગીરી ખત પત્ર ત્યાં લાવી તેમને સ્વાધીન કર્યાં. બીજી પ્રભાતે પ્રકાશમાન સૂર્યનારાયણે તે બંનેના કપાલ ઉપર દુન્યાદારીનો છાપ મારી બંગાળી ધારા પ્રમાણે સંસારી સુંદર જોડું સાંધ્યું.

જામ લાખાનો રાવલ.

ગ્રીષ્મ રૂતુના પુષ્પો ખીલી રહ્યાંછે. સુગંધીવાયુ આમરણના કૈલાસ સ્વરૂપ મેહેલ રહેલી દેવાંમાને આનંદ પમાડે છે. આ દેવાંગી સુંદરી એક અતી શુર ને સુંદર બાલક સાથ હાસ્ય ને ગીત કરી રહીછે. પંદર વર્ષનો રાજકુમાર રાવલ પોતાની મોહીની માતાને પોતાને સ્વારી કરવાના ઘોડાની માગણી લાડ ને પટામણીના શબ્દોથી કરેછે. તે પોતાની સ્વારીનો અશ્વ એવો અલૌકીક ને અસાધારણ માંગેછે, કે વાયુ તે અશ્વની પીંડે રહે ને ભુમી તેની નાલના ડાંકાઓથી ધ્રુજતી બને. જ્યારે તે ખંખારે ત્યારે શેશનાગના પેટમાં ફાળ પડે અને તુફાની થઇ ઉછળે ત્યારે આકાસનો સૂર્ય છુપાય!

પુત્રે સ્વારીનો વીચીત્ર ઘોડો માંગવાથી માતાની ચક્ષુથી તર્ત આશ્રુ ધારા ચાલી. તે બોલી:—"દીકરા તું રાજવંશી છે. નીરાસ વંશનો તું એક ચંદ્રકાન્ત વારસ છે. તે ઓલાદ વગરના શુરા રાજ્ય કુટુંબમાં તું પ્રકાશ્યો છે. પણ જે દીથી તીરસ્કારમાં પડેલું બેવારસ કુટુંબ માનસન્માન ને પૃથ્વી આશીસોથી ચીકાર થયું તે દીથી તને ત્હારા શુરા પીતાથી બ્યોગ થયોછે. મને બ્યોગ થયોછે. આપણે બન્ને સંગાતે ભાગ્યહીન ને આબરહીત હાં બંદવા હાલતે પડ્યાં છૈયે. ત્હારા પીતા જે મ્હારા સૌભાગ્ય શોભા ને શૃંગાર ભરેલા પ્રાણપતી તેની ગેરમહેરબાની થઈ, અને જ્યાં વંશના વારસને છાજતી સર્વ શ્રેષ્ટ રૂઢીથી ઉદ્ધાર થવો જોઇયે ત્યાં તે જગ્યો આપણને રાજ્યથી હાંકી કાઢીને બીલકુલ વીસાર્યાં છે." આ કહેતાં માતાનું હૃદય ભરાઈ આવ્યું, તેથી પોતાના પુત્રને છાતી સરસો દાબી માતા પ્રેમની બોકીઓ લઇ લઈ ફરી તે બોલી, "દીકરા તે દીવસથી મ્હારો ને તારો સર્વ ખર્ચ ને પોશાન મ્હારાં મહારથી થતો રહ્યોછે. તો પછી ત્હારે લાયક ત્હારા માગવા જેવો તુરી હું ક્યાંથી મેળવી લાવું? તું મ્હારા ગાજી દીકરાને ગાજી વના તે કેમ ચાલે પણ."

રાવલ બોલ્યો, "માતા તું જો મને જીવતો દેખવાની હો તો મને મ્હારા મન ઉપજેલા ઉમંગ સમાનનો એક અશ્વ સ્વારી માટે ક્યાંથી પણ લાવી આપ. હું એક અછા અશ્વ વગર મ્હારૂં જીવતર કેવલ કાલું સમજું છું. માતાજી કંઈ પણ કરી મને એક અશ્વ તો અપાવો."

મા ઘણુંએ ના પાડે ને દીકરો જીદે આવી હઠ કરતાં અંત્યે રાણી મોહીનાને પોતાના પુત્ર જન્મનું માહાદેવનું તપ સાંભર્યું. તે બોલી "બેટડા ત્હારો જન્મ એક કૌતુક સમાન થયોછે. જ્યારે બળ્યા જામ લાખાનો વંશ એક વારસ વના કેવળ ભયભીત થયો હતો ત્યારે મને મહેનું પડયું કે 'કુલ બુડાવન બાંદી' એથી મેં માહાદેવનું જપ કર્યું. ચાલીસ દીવસ ને રાત્ર તે જપ ફકત ફલાર કરીને જપવાથી માહાદેવ પ્રસન્ન થયા. મને સ્વપ્ન થયું. હું ફરી મહેલમાં જઈ રહી અને તે પછી તને મેં જન્મ આપ્યો. તે વખ્તે ત્હારા જન્મ સાથે ત્હારા પીતાની ચંદ્ર જેવી સ્વરૂપવાન ને વાયુ જેવી ચલન રાખનાર ઘોડીએ પણ એક ઘોડાને જન્મ આપ્યો હતો; તે મને લાગેછે કે હાં આ મહેલને લગતાં વેરાનમાં ક્યાં ભમતો હશે! તેની ચાલ પણ તેને જન્મ આપનાર ઘોડી જેવીજ વાયુંક ને વીજલી જેવી ઉડક છે." મોહીના મુગી રહી. સ્વર મચેલ સતાર સમાન એક વેલા તે સુંદરીએ સરોદ તાણ્યો ને રાગણી પુર્ણ મચીને બંધ પડયા પ્રમાણે તેની ગતી ભયી. માતાને સાંભલીને રાવલ શૂર ને ખુશી બન્ને વ્યાપેલાં શરીરે બોલી ઉઠ્યો. "ત્યારે મા હું તેની ખોલમાં મહેલને લગતાં તમામ વેરાન ફરી વલુંછું ને જો તે તુરી મલેછે તો સેજ ઝાલી ત્હારી કને લાવુંછું પછે તે ઉપર સ્વારી લઈ તે જો મ્હારા બલયોગ્ય જણાયછે તો હું મ્હારા પીતાની કચેરીના મહેલને લગતાં મેદાંનમાં તે ઉપર સ્વાર થયલો જઈને રાખ્ય કસરત કરી દેખાડતાં તે વૈરી પીતાને સલામ બજાવી ઉભો રહુંછું." આ બોલીને રાવલે તર્ત પોતાના બદનને શીકારી પોશાગે શીંગાર્યું, તે ઉપર ફકત એક શીરોઈ કમરે ને બરછી પેટભની ખોસી મેહેલના વેરાનમાં નીકલી પડ્યો. પ્રથમ પગલે તેણે 'મહાદેવ' બોલતામાં જય મેલવ્યો. સેજ થોડો દુર ગયો કે તેણે એક દેવલોકી તુરી ત્યાં વાયૂ પીડે રહે તે ચલનનો ભુમીને ધુંજાવતો ને વીજલીને લજાવતો ઉડ્યો જતો જોયો. જોતાં તે ખુરા ખુરા થયો. પછે તે પાછલ દોડી પાસ જતાં તે બલવંતા બાલક રાવલે તે અલૌકીક તુરીની પૂછ પુકડી એક એવો અસાધારણ કુડકરો માર્યો કે 'વાહરે રાવલ' એમ વાયુએ નાદ કર્યો, કચમકે તે તો તુરીની પીડે ચઢીજ બેઠો. તેની મા તેના એકાએક પાસથી જવાએ દીવાની જેવી થયલી મેહેલને જરૂખે આવી ઉભી છે. તે પતીના વ્યોગને પૂત્રના સમાગમે સહન કરી રહી હતી. પંદર વર્ષનો વેરાગ તેને આજ લગી રંગરાગ પ્રમાણે લાગ્યો તે માત્ર પ્રાણ સમાન પુત્ર પાસ હોવાથીજ, તે આજ પાસથી ગયો ને સર્વ જુની વીગત નવી થઈ તાજી વીપવી આવી હોય એવો તેનો ચંદ્ર સ્વરૂપ ચેહેરો ફીક્કો પડયો. તે બાવરી જેવી આ બાજુથી તે બાજુ 'રાવલ રાવલ' પૂકારતી થઈછે. તેટલાં તો

રાવલ કોઈ અદ્ભૂત રાક્ષસ જેવા બળવંત તૂરી ઉપર સ્વાર થયલો વાયૂ કવચ ધારણ વીચીત્રતા પ્રગટી રહી હોય તેવો તે સામે આવી "માતા, વ્હાલી માતા, હું તૂરી લાવ્યોજ" કહી તે ઉપરથી ઉતર્યો. તેણે તર્ત પોતાની કમરની રેશ્મી દોર છોડીને ઘોડાના ગલામાં નાખી તેને મહેલના મોટા દરવાજાના કલાં સાથ બાંધી ડોભાવ્યો, પછે પોતે મહેલમાં ગયો. માતાને ચરણ પડ્યો ને રજા માંગવા લાગ્યો "માતા, મ્હારી સર્વ સૃષ્ટી સંપત્તી એ મા, મને રજા આપ. હું મ્હારા પીતાને મ્હારૂં આબ દાખવું ને પશ્ચાતાપ કરાવું." માં બોલી "ત્હારા પીતાને તેના ચૈન ને વીલાશમાં રહેવા દે. ઉચ્ચ બીજને વૈર કે બડાઇ કે હેંકરાઇ હોય ના. તને અયોગ્ય ઉદ્યોગમાં હું જોવાને રાજી નથી દીકરા. ત્હારી વય બાલક, ત્હારા વીચાર બાલક, ત્હારી હોંસ બાલક, ને ત્હારૂં બલ બાલક કોઈ શૂરો કે મતલબી ભાયાત જીતી લઈ લાજ પમાડે તો મને વીખ લઇ મરવું પડે. તું હજી મ્હારી જતનને યોગ્ય મ્હારી પાસ ત્હારો બાકી કાલ ગુજાર. મ્હારી પાસ હજી પણ વીદ્યાભ્યાસ ને શ્રેષ્ટ આચરણ ગોખ. ત્હારો સમય શૂરવીરોમાંહે પંકાવાનો ક્યાં આવ્યો છે કે માતના લાડમાંહેથી છુટો થાયછે?" રાવલ બોલ્યો "શૂર પૂરૂષને પંદર વર્ષે સૃષ્ટીમાંહે નામના જીતવી જોઇયે. માતા, તું મ્હારી કાલજી મૂ કરીશ. હું એક, કંઈ કંઇ અનેક માંહે અજીત છું." માતાએ કંઈ લખ્ખો ઉપાય કર્યા કે દીકરો પોતાના પીતાની રાજધાણીમાં જવાનો વીચાર માંડી વાલે પણ બાલક રાવલ તે કાંઇ સમજે? તેણે તો બસ બાલ હઠજ પકડી. અંત્યે મા નાચાર થઇ ત્યારે તેણે નવધાર આંસુથી બેટાને શૂર શૃંગારથી શૃંગાર્યો. તેણે આ દીવસ મોડે કે વ્હેલે આવશેજ, માટે તેના ઘોડાનો સાઝ ને તેનો યુદ્ધાલંકાર મહીયરથી મંગાવી એકાંત ભોંયડામાં સાચવી રાખ્યો હતો તે તર્ત કાઢી આપ્યો. રાવલે તીખાનું તોપ, હાથમાં ભમર્યો ભાલો, પીડે પંચકનક ફૂલ ઢાલ, કમરે શોરથી શીરોઈ ને કચ્છી બરછી, બાજુએ મેવાડી ધનુષ્યબાંન તે સર્વ, તીખાંની કડીના કવચ્છ સજેલ અંગ ઉપર લટકાવ્યાં. આં વખ્ત માતાએ પોતાના બેટાને સર્વ શસ્ત્રાલંકારમાં ઢંકાયલો જોઈ લક્ષ જીવે વારીવારી જતાં ને આ ઉજલ ઝલક અપ્તારનો દેવ દીકરો જોતાં તેની આંખોમાં હર્ષનાં આંસુ આવ્યાં. તે બોલી "ઈંદ્ર સમાન સ્વરૂપવાન ને અર્જુન સમાન યૂદ્ધશ્રી બેટડા, શીરોઇનો ઘાવ સમાલજે. ત્હારા બાપાની કચેરીમાં કાલા દીલના ઘણા દૈત્યણાઓ રહેછે. તેઓ જેવા ચંદ્રકાન્ત ને દેવ સ્વરૂપ બાલકને જોતાંજ બેચેન થશે. આ વીશ્વ કેવલ વીલક્ષણ રચનાથી ચીકાર છે. એ માહે ભલા ને ઇશ્વરઅંસ ઇન્શાનનોજ મરો થાયછે. જેની જરૂર તે જલદી યમથી ઝડપાય છે. જ્ઞાંની બલક એવી બેકદર ને લાગણી

રહીત છે કે આપણી ભલાઇ માટેજ આપણા જીવની તરફી થાયછે. સમાલજે. શૂરને ભરૂસે કે સત્યને આધારે રહ્યામાં હોશ્યારી રાખ્યા વના ને દીર્ઘ દ્રષ્ટી ફેંક્યા વના કદાચ ફાવશે." રાવલે હસ્તાં મોહથી પ્રત્યુત્તર આપ્યો "મા ત્હારા સુખને તલ માત્ર મ્હારાં મનથી ખસવા દેશ નહી." એ કહ્યા પછે તે ઘણાજ ભાવે માને ભેટ્યો. ચરણે પડ્યો. ને ઘોડાને પણ પૂર્ણ સાજે તૈયાર કરેલો હતો તે ઉપર જ્યમ વીમાન ઉપર ઇંદ્ર સ્વાર થાય ત્યમ સ્વાર થયો કે માની નજરથી ત્યાં તે હતોજ નહી એવો જાણે વાયુજ પસાર થયો.

દેવશક્તીનો સ્વાર ને દેવશક્તીનો અશ્વ, બન્નેનો જ્યાં મેલો ત્યાં પછે બલ ને કીર્તીની વાહવાહ થવાનું પુછવું શું? ત્યમ નવજવાન સમ દીસતો રાવલ ગાનધર્વ સમાન દીસ્તા તુરીને ઠનકાવતો કુદાવતો જામ લાખાની દસ મેલ દુર રાજધાણીના રાજ્યમોહોલ સામે આવી પોંહોચ્યોછે અને તુરીને તુફાની વાયુસમ ઉડાવ ઉડાવ કરી ફેરવી રહ્યોછે. અતી સુંદરતા ને બલવંતી બાલ્યાવસ્થાથી કસબામાં હોહોકાર મચ્યોછે. જ્યાં ત્યાં તેની અદ્ભૂતતાનીજ ચર્ચા ચાલુ થઇછે. રાજમોહોલ દીવાનખાનેથી પ્રધાન તેને જોઇ દાંત વચે આંગ્લી ઘાસી ઉભો રહ્યોછે. તે રાવલને માહરાજ્ય કસરત કરતો ને ઘોડાને ભુમી ઉપર બલવંત ઉછાલા કરાવતો જોઇ બોલ્યો "કોણ રાજકુમાર ચંદ્ર વદન આપ?" પ્રધાનવટ તે પ્રજા દલદેસરી નહીતર શું? ત્યમ તે વળી આ નવું કૌતુક કાંઇ નવી યુદ્ધનું બી છે કે કયમ? તે ચીંતામાં પડ્યોછે કે "રાજકુમાર હશે તો રાજ લેવા ને વનીક કુમાર હશે તો પ્રધાનપદ લેવાને તલપસે" આ ફીકરમાં તે છે તેટલાં રાવલ બોલ્યો "રાજ્યાધીકારી તું મને ઓલખીરા નહી? હું જામ લાખાનો શૂરવીર કુમાર રાવલ તે! જે રાજ્યનો પ્રધાન પોતાના રાજકુમારથી બેભાન તેનો ધણી તે કેવોક મુંઢ હશે? પ્રધાન, મને બરાબર ઓલખી લે કે તું જેવા કાલા કાવત્રાંબાજોની ફુલવણીથી મ્હારા બાપ બલિયા લાખા જામે મ્હારી માતા રાણી મોહીનાને દુર કરી; તે જોખમ સમજજે. જે વૈર ને વીખબાજીથી કનિષ્ઠોએ મ્હારા કુલનો અંત આણ્યો સમજ્યાછે તે સઘલાનો હું કેવો હાલ કરૂં છું તે ઓ કાલા અછી પેર જોજે."

આ વખત, માહવીર જામ લાખા પ્રેમમોહોલમાં મોહીનીઓની મીર્ગનેનોનાં ચકરાવમાં આકાસે નક્ષેત્ર સમ સોભી રહ્યાછે. તેના વદન ઉપર કનકના ગ્રેહના ઝલકે છે. ગલે કનકનો મોટો હાર, વચ્ચે તેના બાપીકા સીકા સાથ ઢલકેછે. તેના કરમાં હીરાના છેડાવાલાં સોનાનાં કરાંઓ ખનકેછે. તેની કમરે મોતીનો કંદોરો પીતામબરમાં પોવાયલો પોતાના આભનો છાપ દીપેછે. પીતામબર પણ ઊંચા રેશમનું કીંમતી પોતાના તેજમાં

કમ નથી. તેમ પગમાં પણ કનકના વીચીત્ર વારા પેઠયાછે. પગની આંગલીઓમાં તરાંહ તરાંહની અંગુઠીઓ બીરાજે છે. તેની બાજુઓ ઉપર મોરની બાજુબનો છે. તે ઉપર અચ્છતી છટાથી બેઠેલી તેના રતનના લોચનથી તે બાજુઓને અછો શૃંગાર કરી રહેછે. બાજુથી હેઠા આવતા હાથના ગુંઠણે વલી નાજુખાઇની ઉતમ કારીગરીનાં કરાં માહે માહે રતન ને માણુક જડેલાં દીપેછે. હેઠા ઉતર્યાં તો આગલ જણાવેલા હીરાના મુખધારી કનક કરાંઓ ખન ખન થાયછે પણ આંગલીઓમાં અમુલ્ય રત્નોની વીંટીઓ તારા સમાન ઝલકાત દીપેછે તેમ મુખની સોભામાં પણ તેના રાજ ઠાઠ લાયક શૃંગારની કસી બાકી નથી. તેના ગોરકાં મોહ ઉપર, કાનમાં પુષ્પની કલી જેવડાં મોતીની ઝુલઠી બાલીઓ ભ્યાં ત્યાં ખનકેછે. કપાલ ઉપર આનલામાં પરભનો મોટો આન તેમાં પોવાયલી અનદીઠ મુકતા શેરેથી ઝુલે છે, તેમ માથે ચોટલી વચ્ચે સોનાનો સુરજ પોતામાં ઘણાંક રતન જડાઇ કરી પોવાયો છે. આ સ્વરૂપે તે એક તખત જેવાં આશન ઉપર બેઠોછે. પાસ પાસે તથી પ્રોયાઓ બેસીને તેના ઉમંગ પ્રમાણે તેના મનના ખેલને ખીલવેછે. કોઇ હસીનેજ છુપે નેન બની રહેલા જામને જોયછે. કોઇ તેની મગરૂરીનું હાસ્ય કરી તૃપ્ત થાયછે. કોઈ તેની વૃદ્ધતા તેની ચઢતી કલામાં ઢંકાઇછે તે જોઈ ખ્યાલમાં ગીરફતાર છે. કોઈ કનક કટોરો દેઈ ઉભીછે. કોઈ મધુ વરસાવતું ગાનતાન બેસ્તી ઉઠતી ને ચાલતી ગાયછે. કોઇ "માહરાજને મારે હાથ આજ કુસંબો પાઇશ" એમ બોલી અતી લાડમાં નખરાં કરેછે. કોઈ નેનમાં નેહની નેહેર ચાલતી દેખાડી મોહ પમાડતાંજ જોબનમાં ખીલે છે. કોઈ વારસહીન જામને વારસ આપવાની આસા મૃગે મોહ એવી તો ઈસારતે જણાવેછે કે તેના મોહ ઉપર સુરંગ ચઢેછે. અનેક એવા રંગ તુરંગમાં ગુલતાન થઈ લગોલગ અંગે પીતાંમબર સીવાય કાંઈ વસ્ત્ર નથી એ હાલતના જામને પ્રધાણ મલેછે. પ્રણામ કરતોજ તે કરજોડી ખરો રહે છે કે "માહરાજ આજ તો જરૂર ને ખાનગી મુલાકાત ચાહુંછું." રાજાએ તે શબ્દ ને ચેહેરો સમજી જઈ રાણીઓને પોત પોતાના મંદીર જવા ઈસારો કર્યો કે પલકમાં લાખ્યા જામ ને પ્રધાણ બંનો સીવા તે દીવાનખાનામાં કોઇ જન રહ્યું નહી. રાજા બોલ્યો "પ્રધાણ આ શું તમારૂં મુખ, ને તમારી દીવાનગીરી, કે તમારા શબ્દ મારી ઉપર કાંઇ ગભરાત લાવે એવા લાગેછે. શું છે તે કહો પ્રધાણજી." પ્રધાણે ફરી પ્રણામ કરી બોલવાની આગ્ના માંગી. જામે દીધી "સુખે બોલો" ત્યારે પ્રધાણે કહ્યું કે "ઓ બબ્બા માહરાજ આજ આપણી નગ્રીમાં એક રાજકુમાર દેખાવે બાલક પણ બલમાં વીર જેવો ચંદ્રબદન આવ્યો. મેં તે ખુબસુરત રૂપને અછો

ઠાઠમાઠ શૃંગાર જોઈ પુછયું કે "કોણ રાજવંશ?" તો જવાબમાં તેણે મારી મશકરી કરી, આપને અજ્ઞાન કહ્યા ને બેદરકારીથી બોલ્યો 'ઓ બેભાન પ્રધાણ તુંને ખબર નથી કે જામ લાખાનો રાણી મોહીનાથી થયલો રાજ્ય વારસ છું? જ્યારે પ્રધાણ મને ઓલખવામાં ખબરદાર નહીતો પછે રાજા તો કેવો એક મુંઢ હશે?' આ તીના બાન જેવા શબ્દો તેના મુખની નવી ધનુષ્ય સમાન જબાનથી મને ભેડીને મારા ઉપર મુર્છા લાવેછે કે આજ પંદર પંદર વર્ષ થયાં મારા માહરાજે તો મોહીનાનો ઓલો પણ જોયો નથી તો પછે ઓ ઇશ્વર આ શો ચમત્કાર! એ વીચાર વ્યાપક અગ્નીમાં મારૂં હૃદય કેવલ પવન સમ આમ તેમ આધાર વના ડોલવા લાગું તો પછે આપ માહરાજની મુલાકાત લેવા સીવાય, અને એ મહા બનાવની જાણ તર્ત દીધા સીવાય મારેથી એક ક્ષણ માત્ર ખોટી થવાયું નહી. માહરાજ આ રાજકુમાર જો આપનો સાબીત થાય તો મને દીસેછે કે આપનો વારસ કોઈ ઈન્દુ અવતાર આપણા દ્વાર ઉપર પ્રગટ થઇને આપણા રાજની કોઈ અલોકીક સ્થીતી આશકાર થવાની વેલા આવીછે!" જામ બોલ્યો "પ્રધાણ એ પુત્ર થયોછે અને તે મોહીનાને પેટે! એ કેવલ કળપના કાલા કલછમાં કલબલાત કરતી મારી કાયાના સાંધે સાંધા છોડેછે. મોહીનાનો મેં ત્યાગ કર્યો છે આજ વર્ષો થયાં; મેં તે મોહીનાનો ચેહરો પણ જોયો નથી. સ્વપ્ને પણ મેં તે પટરાણીને સંભારી નથી, તો પછે મ્હારો ને તેનો શો મેલ છે કે તે તે રાણીના કોઈ ભેદ ભર્મના બાલકને મ્હારો કરી માણવો? પ્રધાન તું રાજ્ય બંદોબસ્ત રાખ. હું અબઘડી કવચ્છ પેહી શસ્ત્ર સજી તે દાકણીના એકાંતવાસે ચાલ્યો. એક પલની આ વાતમાં ખોટી ના જોઇયે. મ્હારી શોરથી શીરોઇ મોહીનાની જીભને હદમાં રાખી તેણીના આ કૌતુકનો સર્વ ખુલાશો સમજશે. પછેની વાત પછે."

રાણી મોહીના હાલ એકાંતમાં પતી ને પુત્ર ખ્યાલમાં ગરક ગઈ છે. તેની ચક્ષુથી રત્નહંસુની આંખ્યો જેવડાં આંસુ ગરગર તપક્યાં જાયછે. તે પોતાના વીયોગને આજ માહબલિષ્ટ માણેછે. તેટલાં એક તુરી વાયુ સ્વરૂપ તે પાસ આવતો તે સાંભલેછે. તે જરૂખે જવાનો ખ્યાલ કરેછે, તેટલાં તો તેના એકાંતવાસનો દરવાજો ખુલ્યો. મોહીનાએ 'અરેરે' એ ચીસ પાડી. તે પાસ જામ લાખો હાથી સમ ડોલતો ને સીંહસમ ડાલા કકડાવતો ઉભો. તે બોલ્યો "ઓ સ્ત્રી તુર્ત બોલ; પલ વીલ ના જોઈયે, તું પુત્ર ક્યાંથી લાવી. શું વાયુની લેહેરે ત્હારા પેટમાં વાસ કર્યો? કીવાં કોઈ દેવતાએ દૈત્યાવતાર ધારણ કરીને જામના વંશની શાખા ભક્ષી? સત્ય કહે તુર્ત, મ્હારા હૃદય માંહે અગ્નિ સળગ્યાની અવધી થાય તે આગળ; નીકર તે પૂર્ણ સળગી ઉઠી

તો ત્હારી સઘલી હટ ને લાજ સર્વે સલગી તું ને હું ને મ્હારો વંશ ભષ્મ થયાંજ જાણ. હૃદય અગ્ની પૂર્ણ સલગી તે સર્વ સલગાવી દે તે આગલ તે, તું સત્ય ખુલાસાના પવિત્ર તેજે હોલવાનો યત્ન કર. એ શું આફત? ઓ મોહીના આજ પંદર પંદર વર્ષ થયાં મેં ત્હારો ત્યાગ કર્યોછે. તું કેવી છે કાલી કે ગોરી, તે હું જાણતો નથી. પંદર વર્ષ થયાં ત્હારો ચેહરો મેં સ્વપ્ને પણ દીઠો નથી. આ સમય ત્હારી કેવી સૂર્ત છે તે પણ હુ દેખતો નથી. નવીન વાર્તાએ તપેલો જુસ્સો આંખોમાં અગ્ની ઉઠાડે છે. તે અગ્ની વ્યાપક ધુંઓ ત્હારી મૂર્ત મને ક્યમ દેખવા દે? તું રાક્ષણી કે રોયણી તે હાલ મ્હારી ચક્ષૂ જોય તેવી મ્હારી સ્થીતીજ નથી. ડાકેણ સ્માન હાલતની ત્હારી ખાંગી ખાયકી, તું દરમ્યાનથી મ્હારા પ્રધાણે જોયલા જેવો જન્મેલો ચંદ્રવદન દીકરો ક્યાંથી આવ્યો? એ લાવી ક્યાંથી?" રાણી મોહીના પોતાના પતી લાખા જામની આ કનિષ્ટ શબ્દ વૃષ્ટી થયલી સાંભલી સ્તબ્ધજ રહી. આ ષઠ ભાષણ સાંભલવા જગ્યો હજી તત્ક્ષણ નાગદંષ ભલો. હજી શૈરથી શુરોધનો સપાટો ભલો. હજી યમનો ત્રાસી દોર ભલો. જામ લાખો માહ લડવૈયો, માહ શીરોઇમાર ને માહ પરામાન જાદેજા હતો. જેવો શીરોઇમાર તેવો માહ ચતુરસૂજાન હતો. ઇસારામાં પણ તે હજાર યુક્તી સુચના સમજી શકતો. તેને મોહીનાની હઠ ને ચુપકી પોતાની સઘલી લડેલી લડાઇઓ કરતાં પણ જાદા સખ્ત લાગી. તેણે સતીનું સત ને ચોખી આંતનૂ આબ પોતાનાં સઘલાં શસ્ત્ર કરતાંએ બહુ વીકરાલ જોયું. તેના હૃદયની અગ્ની સત્યના તેજે ઝંખવાઇ, તેની જીભનાં જખ્મ કરતાં મોહીનાની ખાલિશીની ચૂપકીડીથી તે વધારે જખ્મી થયો. તે આવ્યો પોતાનો સીક્કો બજાવા પણ તે જગ્યો તે વ્યોગમાં રીબતી રાણીના સીક્કાથી લજ્જા પામ્યો. તે પોતાની હથેલીમાં ઊંચકાય તેવી પરણેતર રાણીના પંઝામાં પોતે હજાર શીરોઇમારથી ના ઝડપાય તેવો ઝડપાયો. આવ્યો તો સાવ ઉષ્નકટીબંદનો ગોલો પણ બન્યો તો સાવ સીત્લકટીબંદનો પ્રવાહ. અર્ધ કલાક ઉપર તે શીરોઇની મુઠ ઉપૂર હાથ નાખી ઉભો પણ તે તર્ફ મોહીનાની નજર પણ ના ગઇ! તે તેની શીરોઇ ને તેના સઘલાં શસ્ત્ર સંગાતે, મોહીનાની સત્ય બેપવરાઇ પાસ જ્યમ અગ્ની પાસ ખલતણ! તે મનમાં તો 'હાય હાય હાય' કરતોજ રહ્યો. 'થવું જોઇયે શું ને થાય છે શું?' પણ આખર કરે કે લાખો જામ, જેણે લડાઇની બન્ને બાજુ સમજવાની, સમજી સમાલવાની ને જસ ખાટવાની સેંકડો તક મલેલી; તે કાંઇ એક તારા જેવી સ્વચ્છ ને પુષ્પ જેવી સુગંધી અબલાથી બાજી ચુકે! ના, કોકાલ ના બને. તેણે તર્ત બાજી ફેરવીજ તે જેવો ઝહનુની બન્યો હતો તેવોજ શ્યાણો બન્યો. તેણે જબરી ને જુલમ વાપડવાની જગ્યા, પ્રેમ ને

અર્જે ભાષણ વાપડયું. તે બોલ્યો "ના, ના. મ્હારી એકવારની પ્રાણ સમાણ પ્રીય રાણી, હું તને સત ને સંપ બન્નેના શમ દો છું. તુંને હું આપણા પેલા એકવારના પહેલા પ્રેમના શમ, કે જે પ્રેમે તું ને હું જાણે એકજ લીલા વાંસનો સ્હાટકો હોઇયે ત્યમ મળ્યાં હતાં; તેના શમ તને, મોહીના બોલ જે સત્ય હોય તે, કે તેં આ પુત્ર ફક્ત મ્હારી જાણમાં આવવા સારૂં શું સાંધણ રચ્યું છે? કે એ બહાને હું ત્હારી ચક્ષુ સામે આવું ને તને જોવું તો તું ત્હારાં અપ્સરા સ્વરૂપે ને તારા સમ નેનથી મને મોહ પમાડી નમાવે શું? ઓ મોહીના, તું શ્રી કોમલ, સ્વચ્છ વીચીત્ર ચમત્કારીક દેવી છે તો સત્ય બોલવું તને ના છાજે તો પછે કોણ બોલશે?"

પ્રાણપતીના મૂખની જીભથી હાલમાં યોગ્ય આવકાર થયાથી રાણી મોહીના જામ લાખા સામે ઉઠી ઉભી થઇ. આ સમય તેનું લાંબુ વદન જરી સાલુરે વીટાયલું બહુ સોભાયમાન મનહરન કરનારી કામદેવની રતી સમાન સમ્પૂર્ણ દીપતું હતું. તેનું ચીંતાથી પીલું ચાંદા જેવું થયલું મૂખ, એથી તે માહદેવની પાર્વતીજ બીરાજી રહી હતી. શોભીત નાસીકામાં મૂક્તા નહણી ને કોમલ કરણમાં મૂક્તા બાલી ઝલકી રહ્યાથી મોહીના ચીત્રવીદ્યા અપ્સરા સ્વતાં હોયની તેવા તે મૂર્ત દીસ્તી હતી. તે પગની પાટલી લગી વલ ખાતી નાગણ નાચ કરતી પોતાની લાંબી વેણીથી જાણે ઇંદ્રાણી દીપી નીકલી હતી. એ સ્વરૂપ સ્માન ચીત્ર બનેલી મોહીના પ્રેમથી હસ્તી ત્યમ પતીને ચરણે પડતી ભૈરવી રાગણીજ ગાતી હોય એવી મધુર વાણી બોલીઃ—

"પ્રાણ પ્રીય પતીજી પા ઘડી પણ એકવારની ત્હારી પ્રેમ વરસાવતી જીભ ત્હારી પતિવર્તને કનિષ્ટ સબ્દોથી વધાવ્યામાં ફાવે? હાઃ હાઃ જે દીથી બ્રહ્માના પૂત્રાએ આપણ બન્નેના યોગ્ય જોડાંને ધર્મ ક્રીડાથી બાંધી લઇ સત્ય ને પ્રેમના પરદામાં ઢાંક્યાં, તે દીથી મેં શમ ને પ્રેમથી તને આ વચન આપ્યું નથી? કે 'આ વદન તું સીવાય ચંદ્ર પણ ન્યાલવા સારૂ બેનસીબ રેહનારો છે' શું જયારે તેં લગ્નના છેલા મંગલ ફરી મને પરણી ઉઠતાં પવિત્ર ચુમ્બનથી મ્હારા ગાલના ગોલાબનો રસ ને સુગંધ લીધો છે ને નેનથી નીકલેલાં પ્રેમબાને મ્હારા નેનનો પ્રેમબાન ઝડપ્યો છે ત્યારથી મેં તને મ્હારી લજાલૂ મૂગી ઇસારે, પણ સબ્દ ચાતુરીના વર્ષતા વર્ષાત કરતાંએ જાદા સરસ રીતે જણાવ્યૂં નથી? કે 'મ્હારે તો આ જગતમાં સુખ, સંપત્તી ને સાથ તો મ્હારા સ્વામી આપ સીવાય કોઇ નથી. આપ વના બીજો કોઇ મ્હારો સીક્રો ને સ્વરૂપ ન્યાલનાર નથીજ.' શું જયારે પેલી મધ્ય રાત્રે મેં મ્હારા એકાગ્ર ચીતે ભજેલા માહદેવ પ્રસન્ન થયાથી પુત્ર પ્રસેવ થયાનૂ સ્વપ્ન કહ્યું ત્યારે તેં મને હૃદય લગાડી તનમન ધન અર્પણ કરતાં કોટી કનચન વચનોથી

વધાવી મને નમ્યા હતા તે શું ભુળ્યા? કે આજ આ મ્હારી હજારો દુઃખમાં ઉછરેલી મોહીના પતિવર્તાને હદ બાહેર જઈ વગોવવામાં મજો મારવા સારૂ જીભ જોરાવર ઝોંકાવેછે? ના ત્યમ નથી. ત્યમ હોયજ કયમ? આ કલંક તો આપના ચંદ્ર ચેહેરા ઉપર કોઈ વીખી રાહુ આવી બેઠો, તે છે. જે મને હીની કરવા ચાહેછે, પણ તે રાહુ શું જાણતો નથી કે તે એક પતિવર્તા પટરાણીના સત્ય સામે કયાં ટકાવ રાખી શકશે? તે તો સત્ય સામે કેવલ કાલો પડી છુપશે. અહો પતી પ્રીય, હાલના આ ઉસકેરાયલાજ આપના જીવને પૂછો, આજ પંદર વર્ષ આગલ જે માહદેવજપથી આવ્યા સ્વપ્ન પ્રમાણે આપે રાજધાણીમાં મોટો ઓત્સવ કર્યો. સર્વ તનમન સંતોષ્યા ને સર્વની મંછા પૂર્ણ કરી તે પછેની તો આપને સર્વ ખબર છે કે મને બીજે દી આપે કયમ દુર કરી દઇ આં જંગલના એકાંત વેરાનમાં પૂરીને મ્હારી અબલાની હાલતની રજે દાદ કે રખવાલી કરી નહીં. તે માહદેવ ને પાર્વતી પ્રસન્નતાથી ઓ પતી પ્રીય મૂસમ પવિત્ર આપની ગરીબ એકલ સ્વભાવ રાણીથી કરમની રેખા હતી ત્યમ આપનો વારસ જન્મ થયો તે વીરધીર રાવલ."

લાખો જામ તો સાવછ થયોજ આ સાંભલી. તે તર્ત રાણીને ગલે બ્હાઝી પડ્યો. તેણે ધીરે તોય ક્ષમા માંગી. તે તર્ત ત્યાંથી રાણીની રજા લઇ રાજધાણી આવ્યો. તેણે મનાદી ફેરવી પોતાની પ્રજાને આનંદ ઓત્સવ બક્ષ્યો. આમરણમાં જયાં ત્યાં ઓછવ થઇ રહ્યોછે. નગ્રમાં રાજકુમાર સાથની લાખાજામની ઠાઠમાઠથી સવારી નીકલીછે. લોક રાજા ને રાજપુત્ર બન્નેને હર્ષભેર આવકાર દીયેછે. રાવલ અતી રૂપાલો હતો, તેનો ચેહરો તેજસ્વી દીપી રહ્યો હતો. તેના બદનમાં જરીનો પોશાગ હતો. માથે રત્ન જડીત મુગટ બીરાજતો હતો; તે માહે અમુલ્ય રાજ્ય ચીનહ ધારણ કલગીર મુકતા ઝુંદથી ઝલઝલ થઈ રહી હતી. તેના અંગ ઉપર રત્ન માણકનો શૃંગાર સોભી રેહેતો, તે જેનાં જોયામાં આવતો હતો તે તેની કામ કાંતી ઉપર રીદા થતું હતું. તેની ઝલઝલાટ છાતી ઉપર ચંદનહાર આકાસે તારા મંદલ સમ બીરાજમાન હોઇને તેની બાજુ ઉપર અમુલ્ય બાજુબંદોના મોતી મણીના ઝલકાટે તે કોઈ એટ ખુદરતનો બાલેશ નમુનો દીપતો હતો. તેના જરી પોશાગમાં કમર દરમ્યાન રત્ન મુઠની કટાર ખોસેલી હોઇને તેનો કમરબંદ સુધ કનકનો અનમોલ હીરાજડીત કંદોરો હતો. પણ ફરક માત્ર આ કંદોરામાં તેની ત્રણ ચાર આંગલ પોહોલાઇ હતી. વળી તેના જરી સુરવાલ ઉપર મુકતાની ઝાલરો ઝલક મારતી ડોલતી હીલતી રહીને તેના પગમાંનાં મોતીનાં ઝાંઝરો ને જરીના જોડાથી અપ્સરા રૂપ પ્રગટ થઈજ તે કેવલ અલૌકીક માનવી દીસતો હતો. વળી તેની કમરની કનક મ્યાન ને

રત્નો જડીત મુકુટની શીરોઇથી તેનું બાધુર બાવલું તેના નીરમલ તેજથી તારા જેવાં નેનોથી રનસુરને ઘડીભેર તાજુબ કરે. આ ચીત્ર સમ ચીત ચોંટવી છબી ઉપર તેની પ્રજાનું હેત બેશુમાર વર્ષતું રહ્યું. વળી તે દીવસ નગ્ર ને કીલ્લામાં પર્વ સમ ગુજરી ને રાત્રે દીવાલી પ્રગટી. લાખા જામે પોતાના પ્રેમનો ઉત્તમ વૈભવ દેખાડવા તેને અર્ધ સીંહાસને બેઠક દીધો. રાજ મોહોલમાં મોહીનાને લાખા જામ રાજસ્વારી વાલી મોટી ધુમધામ મચાવી લાવ્યા. કચેરીમાં તે પતીવર્તાના વખાણ કરી રાવલને લગભગ રાજનો માલક કરવા જેવું મંડાન રચ્યું. પંદર પંદર વર્ષનો વ્યોગ તેણે વ્યાજ સુધાં વાળ્યો ને ઓર પણ વધારે ચાહ પ્રીતથી પોતાના બેટાને ચાહી પોતાની પટરાણીને આનંદ નવાજ્યો.

આ નવા ફેરફારથી પ્રધાનને ફીકર પડી. આજ તલગ તેનું પ્રધાનવટ બેતંબા રહીને પ્રજાને બહુ નીચવતું હતું. મોટી મોટી આમદાણી ગુપની ગુપ બેમાલુમ પોતાના સ્વાર્થમાં કામે લાગતી હતી, તે ઉપર આ ચંચલ રાજકુમારથી દેખરેખ થતાં તે ઝાંખો પડે તો પછે તેની શી અવસ્થા? વળી રાજકુમારે રાજકારોબારમાં ભાગ લેતા પહેલાંથીજ દેશના ઉપજ નીપજના હીસાબ ને સરવાયા જાણવા માંગ્યા, તથા આજલગીના ચાલતા કારોબારના ચોપડા જોવાને પોતાની ઇચ્છા જણાવી, એથી વડો પ્રધાન બીજા પોતાના પ્રધાન કારોબારી સાથ મસલહતમાં બેઠો. એકે ઉપાય એવો માલમ પડ્યો નહી કે તે આધારે તેના આજલગીના અંધેર કારોબાર ઉપર ચુનોચરા થતી બંધ પડે. અંતે એકજ ઇલાજ માત્ર બીજી રાણીઓને રાજાના કામથી વાકેફ કરીને અતી શાહરાવેલા હેવાલથી આકલી ને અદેખી કરવી, પછે તેઓને પોતાના વીશ્વાસમાં લઇ કુંવરનો ઘાત વાલવો કે ટુંકમાં તેના પગ ડહમાયા તો પછે લાંબી પંચાત નીકળે નહી.

આ મનસુબાથી પ્રધાન રાજી થયો. જાતે વાણીઓ એટલે લગાડી આપવાની યુકતીમાં ખાટચો કેમ જાય? વળી સ્ત્રીઓ સંગાતે કાસ્ચ, એટલે તો સીદ્ધી છેજ, પણ જ્યારે રાણી જેવા મરતબા ઉપર અબલાઓ છકી છકી છેક છકેલ થઇ રહીછે ત્યારે તો તે નેમમાં ચતુરાઇ વાપરનારા ડાવકા વાણીઆ મર્દને કાંઇ હરખત પડનાર નથી. તેણે સભા બરખાસ્ત કરી પોતાને ઘરે જઇ ભોજન લઇ પોતાને નચોંત કસ્યો, પછે બાયડીને હોક બોલાવી કહ્યુંકે 'આજ હું રાણીઓને મલવા માટે જવાનો છું તો વસરે પહેડવાનાં ઘરેણાંનો દબો લાવ; વળી મારાં સારાં આરનાં ધોતર ને અંગખા ને છત્ર આણી મુક્ય.' પછે કકુંત્રીને સારાં વસ્ત્ર ને ઘરેણાં સજી ઠીક મણુષ્ય સોભીને

ગયો. તેના મનમાં દાગ ને મોહ ઉપર લુચ્ચાઈની રેખા દીસતી હતી. ભગલભાવર્થી તે અતી ચીંતાતુર પોતાની નેમમાંજ ફાવી આવવાને ધારતો, તે મોહોલમાં દાખલ થયો. તેણે રાણીઓના ખાસ દીવાનખાનામાં દાસીઓને ચેતવી દાખલ થતાં પોતાને લાયક આસન લીધું ને વીચારમાં ગરક થયલો ચતુરાઈથી જોતો બેઠો. બીલાડા જેવા ડોલા કાઢીને પોતાના શીકારને આબાદ લાગમાં લેવાના કાવત્રાંથી આવેલા તે પોતાના મનમાં કપટની બાજી માંડી હીસાબથી દાવ ચલાવા લાગો. તે સદા રાણીઓને કાંઈક માન દેતો હતો, પણ આવેલા તેને સ્વાર્થ એટલે સ્ત્રી બુદ્ધી તાર પર ચઢાવવા ખાતર ઠીક આદરમાન દેવાનું ડોલ બતાવવા તત્તપર દેખાતો હતો; તેટલાં નવ રાણીઓ પોતાના સોલેશૃંગાર આવભાવ ઠાઠમાંઠમાં લટક મટક ચેટક સમ ખભાં ઊંચાંનીચાં કરતી હંસની સમ ડોલતી આવી. તે ગોરી અબલાઓએ આવતાં હસતાં વેણ ને વાજતાં પાયલથી પ્રધાનને આવકાર દીધો. પ્રધાન કંઇક ખ્યાલમાં ડુબો હોય એવો વેસ ધારણ બનેજ ચોકીજ રાણીઓને ઉઠી આદરમાન દઇ નમ્રતાથી ઉભો. રાણીઓએ હસી હસીને યોગ્ય આવકાર દઇ પ્રધાનને પધાર્યાનુ કારણ પૃછયું. પ્રધાન બોલ્યો, "હું આવ્યોછું તે સર્વ રાણીઓનાં ભલાં માટેજ આવ્યોછું, પણ વાત પ્રારંભ કરવાને મ્હારી હામ ચાલતી નથી." રાણીઓ બોલી, "ચતુર પ્રધાનજી, બેફીકર સુખે વાત કહો. અમારાં હીતની વાત કહેવામાં તો તમારે લેશ ચીંતા આણવી નહીં." એટલે પ્રધાને જુગ્તીથી રાવલની બીના જાહેર કરી કહી. તેણે લાખા જામના તે રાજકુમાર ઉપર અતીષય લાડ ને પ્રેમના મેઘ વરસ્યામાં રાણીઓના હકમાં કેટલી ખરાબી નીપજવાની વકી છે તે વર્ણન બન્યું તેટલૂં ત્રાસડાયક કહી ડરાવી, કે તે સુનેરી રંગીન ચીત્ર રગેન સોભાયમાન દીવાનખાનામાં લાખા જામની નવે રાણીઓ ફરી વલી કુંડાલે ઉભી થઈ રહીછે. જાણે તે ગોરા ગ્રેહો કાંઈ તુફાન કરવાની મસલહત કરતા હોય અને લાખા જામનો જગ્ત પ્રસીદ્ધ મેહેલ ધૂજાવી ભષ્મ કરવા માંગતા હોય એ ચીત્ર તે કુંડાલૂં છે. પ્રધાન ફંદો રમવાના ચેહરાથી ત્યાં જાણે કસામાંહે નથી ત્યમ ગરીબડો થઇ બગલા સમ ઉભો છે, તેણે રાણીઓની જાલ કરી તે માંહે પોતાના મન પ્રમાણેની ચાહી આશા રૂપી મીન પકડવા સારૂ ફતેહની નેમ ટાંકી છે, તે ·નિષ્ટ બુદ્ધી એક નીર્દય માછી સમાન પેઠીછે. તે જીવ મારી પોતાને ·ડવા ચાહેછે. પ્રધાન બોલેછે "અહો રાણીઓ, તમો સર્વે મને ··ામણા મોહથી ઉભેલી દીસોછો ત્યારે મ્હારા હ્રદયે કા- ·. આજ લગી મેં તમારા દ્રશનમાં દયા ને સેવા જો- · ઉત્પંત થઇ કે આ બારી તુફાનથી મ્હારી રાણીઓ

ઉગારૂં. માણજો સત્ય, હું તમારા ભલામાંહે મ્હારો જન્મ સફલ સમજું છું. તમારા લાભની વેઠ તો મને ઇશ્વર સ્મરણ સમાન વહાલી લાગેછે કેમ કે રાવલ આજ અર્ધ રાજ્યનો માલક થયોછે. તે ઉપર ઘડીઘડીએ શ્રી જામની પ્રીતી વધતીજ ચાલીછે, તે કોણને ખબર કે કાલ સારા રાજ્યની માલકી તેને સર ના ન્હોંટસે ? જ્યારે તે સર્વ રાજ્યનો સરકાર બનસે ત્યારે તમારી ગતી શી? શી બલા તમારે કપાલે લખીછે, કે તે સમય તમારી હાલત ઉપર દયા જગ્યો ડહામ પડશે? જે શૃંગાર આજ તમો કેવલ કાંતી સોભાવા સજોછો; તે માહેનો રજ પણ તમારા પોશાણ માટે મળે તો ભાગ્ય."

પ્રધાન ભાષણથી તે કોમલ સ્વરૂપોના શરીરમાં ઇર્ષા જાગી. "રાવલ એવો તે કોણ અમારા પ્રીય પતી લાખા જામના વહાલમાં ચીકાર બની જઈ સારા રાજ્યનો માલીક થઈ પડે? શું અમો જુવાન ને સંતાન જન્મ આલવા યોગ્ય નથી ને વૃદ્ધ બની છૈયે? શું અમો નવજોબના ને અપ્સરા સમાન સ્વરૂપવાન નથી ને ઓરાં છૈયે કે તે લુંડીનો ઇશ્વરને માલમ ક્યાંનો ઉપજાવેલો છોકરો રાજ્ય વારસ ખપવાલાયક મુદ્દાથી સાબુત થયો?" રાણીઓ બહુ ઉસકેરાઇ ગઇ હતી, તેઓએ પ્રધાનને તે હાલતમાં સલાહ પુછી. તેઓમાંની વડચણ બોલી "પ્રધાનજી આ આફતથી ટાલનારને અમો અમારાં શૃંગાર નજર કરવાને રાજી થઇશું. પ્રધાનજી આપ એકવાર એ રાવલની સતા સુન્ય થાય તે યુક્તી સુજાડો" પ્રધાને પોતાની મતલબે હાસ્ય કરતા મુખઆલાથી કહ્યું "શૃંગારે ના નજર કરવો પડે ને આબાદ યુક્તીએ મલે ને પાણી પણ રહે તો કેમ?" કપટ ને સ્વાર્થથી કોઇ ઝેરી વસ્તુ દે તે કરતાંએ જાદા ઝેરી જીબ્યા ચલાવી પ્રધાન આ બોલ્યો "તમો સર્વ સાથ માણક તલાવ ઉપર સ્નાન અર્થે જાવો. ત્યાં રાવલ હરદમ આવે છે, તે ત્યમ આવ્યો કે તમો વસ્ત્ર ને સ્નાનક્રીડા તેને દેખતાં પડતી મેલી નહાસવા માંડજો. જ્યમ કૃષ્ણને દેખી ગોપીઓ બેભાન બની જતી તે સમ સ્થીતીએ યાહુમ દોડજો. સીંહથી સસાં ડરે ત્યમ બીકણ બન્યાનો ઢોંગ રચવામાં કસો ખામી રાખશો નહી. તે વખ્ત ત્યાં હું જામ સંગાતે તમને સામો મલીશ. જામ તાજુબ થઇ આ તમારા વીચીત્ર હાલનું કારણ માંગે; તો તમો રડી કહેજો "રાવલે લાજ લુટવાની યુક્તી કરી હતી તે માટેથી અમો ઇશ્વર કૃપાથી બચી ન્હાસ્યે છૈયે." જામ ને હું ગમે એમ ધાંટાં પાડયે ને ધીરજ ત્યમ દીલાસો દઇયે તેપણ તે ઉપર કસૂં લક્ષ દેવું નહીં. ને આ કહી બેધડક નાહસવું 'વૃદ્ધ પતી બુદ્ધીભ્રષ્ટ થાય ત્યાં જવાન દીકરા મા બેનની લાજ લુટે તેમાંહે તે શી નવાઇ છે?'" આ યુક્તી રાણીઓને પસંદ પડી. બીજે દી માણકવારી પુનેમ તે સંયોગે માણક તલાવે સ્નાન કરવા રાણીઓ ડેડવેલ વખ્તે ચાલી નીસરી. તેઓએ પ્ર-

ધાને કહ્યા જેવો ઢોંગ ત્યાં રાવલ નજરે પડતાં કરવામાં અવધી કરી. ત્યાં પ્રધાને આગલથી રચ્યા પ્રમાણે જામ ને તે ત્યાં અચાનક આવી લાગ્યા હોય ત્યમ ને રાણીઓ ના વસ્ત્રના ઠીકાણા કે લાજના; ત્યમ જોતાં આગળી ગણત્રી કર્યા પ્રમાણે જામે રાણીઓને કારણ પુછ્યું તેમાંહે પ્રધાને જુગતીથી દીલાસા ને ધીરજ સમજાવી. પણ ડેડાવ પ્રમાણે રાણીઓએ લગારે ખીક કમી કરી નહી. ઔર જાદા નાહસવા માંડતાંજ આગલા નક્કી ડેડાવ પ્રમાણે સંધીઓ સંગાતે બોલી "જ્યાં વૃદ્ધ પતી બુદ્ધીભ્રષ્ટ થાય ત્યાં જવાન દીકરા મા બેનની લાજ લુટે તેમાંહે તે શી નવાઈ?" લાખા જામની સુદ્ધીજ ખસી ગઈ. તે પોતાની નવે રાણીઓ ઉપર રાવલથી કાંઇ ખોટો લાભ સવાયો છે; એ ખ્યાલ તો તેના વૃદ્ધ બાંધામાં નબલે જગ્યો સબલે ને માનવી જગ્યો રાક્ષસ જ્વાલા ઉઠી. રાવલનો ઘાટ ઘડાયો. જ્યાં જામ, પ્રધાન ને સઘલી રાણીઓ દુસમન થાય ત્યાં પછે પુછવૂં શું કે રાવલને શો ગજબ બેઠો! લાખા જામે બળ્યા રાવલને હજુર બોલાવી ફીટકાર નાખી કહ્યું "મ્હારો બલબળ્યો ક્રોધ ત્હારાં સઘલાં શસ્ત્ર લુટીને તને આ ભુમી ઉપર મડદું કરી પાડે તે આગલ મ્હારાં રાજ્યની સીમા તજી દેશનીકાલ થા. ત્હારા જેવા કુમાર કરતાં અમીથી કોયલો થયલા ઢગનો ડુંગર ભલો, કે તે સતીના સત લુટવાના ને આ માયાના પાપી પીંડથી ટળ્યોછે. મ્હારી નજરથી વેગલો જા, અને જ્યાં મ્હારા વદનને વાયુ સ્પર્ષ થઈ તે વહ્યો જાય ત્યાં તું કનિષ્ટ ડાકણ સમ અવતાર રહે તો તું કોઇ કાલા કપટરૂપ રાક્ષસનો પેદા થયલો પુત્ર મારૂં નામ ધારણ કરી મારી લાજ ને નામનાની નક્કી બરબાદી રચનાર છે." લાખા જામ આ શબ્દો એક પાસથી વીક્રાલ વીખ જેવો થઈ ગર્જના સમ ગગડાવતો હતો અને બીજી પાસથી ટલવલાટ કરતી પોતાની અતી પ્રીય નવ રાણીઓના રૂદન ને હાલહવાલી જોઇ જલી રેહતો. રાણીઓએ કપટનો સોંગ પુરો ભજ્યો હતો, તે એવો કે પ્રધાને પણ તેવી આશા રાખી નહી હતી. કેસ સેંથા છુટા ને પીખાઈ ચુંથાઈ ગયલા, ગાલ ઉપરથી લોહી નીકલી ટશી બુંદ બંધાયલાં, આભુષણ જ્યાં ત્યાં અર્ધ રહેલાં અને વસ્ત્ર કેવલ લાજ જાળવે એટલાંજ! મરયાદા કે લાજનો તો આ કપટબાજીએ ભોગ લઇ, કનચની જેવી ભરમાયલી ને ભમેલી રાણીઓએ પોતાની નેમમાં ફાવવા માટે અતી અપાંત કરીને જ દયા ઉપજાવવા જોગ સ્થીતીનો સોંગ ભજ્યો.

રાવલ, બાપાને રાજ્યહીન ભાષણ કરતા જોઇ તુર્ત જુસ્સાથી પ્રવત્ત સમ ત્યાંથી નીસર્યો. દરબાર મોહોલ, રાજ્ય ને જનને સલામ કરતોજ કે તરત તે પોતાનો અમુલ્ય ઘોડા ઉપર સ્વાર થઇ ઉડ્યો, વર્ષ ઘણાં નહી, તેથી તીરસ્કાર તેના બદનમાં ઉપજયો તે સમજી શક્યો નહી. એવી

હાલતે પોતાની પ્રીય મા પાસ આવ્યો ત્યારે તેના નેત્રથી રૂદનની ધારા વહી તે લાલ હીંગોલ સમ થયાં હતાં. મા બોલી "મારા પ્રાણ, તારા લોચનમાં રૂદન ધારા શી રીતે પ્રગટ થઇ? કોણ એવો નાલાયક છે કે તારા જેવા ગુલાબને દુખવે? કોણ એવો મુર્ખ છે કે રાણી મોહીનાની જીબનો જખ્મ ખમવા ટકે! આકાસ ઉપર સુર્યને ને ભુમી ઉપર મોહીનાના પુત્ર રાવલને કોઈ હુંકારો કેહનાર નથી. મારા વાહલા બેટડા તારાં એક રોમ ઉપરથી આ કાઠયાવાડ જેવા કોટી દેશ પરદેશ ફીદા કરૂં, તું મને કહે કે તને ઓછાં નેત્રથી નીરખનારના ડોલા કાઢી કુકડીને નખાવું. બોલ મારા વીરા બાલા તને કોણે આ કુમલી અવસ્થામાં અશુભસોધક નીંધવવા હામ ખીડી?" રાવલ, મા જે હેતથી આલીંગણ કરી કરી બોકી લેછે, તે ઉપર વધુ ને વધુ શોક કરેછે. તેના મનમાં માંના મનને શબ્દની કટાર મારી તેણીના અમુલ્ય સુખનો ધમ થવાને આનાકાની થયાં કરેછે. એ હાલતમાં થોડી વેળા ગુજરી. પછે તે ખ્યાલ કરી બોલ્યો "મા તું મને વચન આપે તો એક વાત કહું, મ્હારે તારી પાસથી એક બક્ષેસ જોઇયે છે!" મા બચારી ગાફલ, વળી મોહોબમાં આંધધડી આગલ શો બનાવ બન્યો તેથી અજાણી, તે તર્ત વચન દઈ બોલી કે "પ્રીય રાવલ તને જોઇયે તો આ મારો જીવ બક્ષેસ માંગ, તે પણ તને તો હું ના પાડીશજ નહી." તે છતાં ફરી રાવલે માનો વચન લીધો, ફરી પણ માના અતી પ્રેમના વચન સાંભળ્યા પચ્ચે ખાતરીનો વીશ્વાસ નક્કી કર્યો. પછે બોલ્યો, "મા મને બાપાએ દેશવટો દીધોછે, તે તેમની આજ્ઞા માફક મને ભોગવવા દેવાને તું કસો વીલાપ કરીશ નહી. મા જો હું જીવતો રહીશ તો મારા બાપાએ બલતાં લાકડાંના કોયલાના ઢગને મારા ડાને વધુ કીમતી ગણયોછે, તે શબ્દોનો પશ્ચાતાપ પમાડીશ."

મા આ શબ્દોમાં ઝંખવાણી. તેણી સ્તબ્ધ ને ફીકી થઈ, પણ બેટાએ વચનથી બાંધી તેથી તેની મરજીને આધીન તે એટલુંજ બોલી "બેટા તું સુખે જા, પણ તારા બાપાએ તે કાલ આવતો શબ્દ બોલવાને શો આધાર પકડયોછે! તે બનાવ શો છે તે તો તું મને કેહ?" રાવલ બોલ્યો "મા તે મને પણ લેશ ખબર નથી, તું નીરાંતે તેમને પુછી વાકેફ થજે, પણ હવે હું આ ઘોડા ઉપર સ્વાર થઈ, એડ મારી, દેશ તજી જાઉં તે આગલ જે તારી ખાયશ હોય તે મને જણાવ, કે તારો હીનભાગ્ય રાવલ આ બાહલી જગતમાં તે ત્હારી ઇચ્છા ગમે એવી કષ્ટીથી મેલવી તારી પાસ ધરી તારા પ્રેમ લાયક ઠરશે." રાવલના આ હેતુળા શબ્દોના કોમલ અવાજે માતાનું હૈયું ભરાઈ આવ્યું. તે આ વેલા વાદલી માફક લોચને વરશી રહી. પ્રેમે પુત્રને બાથમાં પકડી રહી. ગમે એમ કરે પણ ખાલી હવાએ અદરથી બાહેર મરે

નહીં. ગમે એમ કરે પણ બોલવાની ગતી આવે નહીં. તેણીના કોમલ શરીરના સાંધામાં પુત્રના વ્યોગની કલટલ થવા લાગી, તેણીના અંગેઅંગ પુત્ર પ્રેહાગ્ની વ્યાપી, તેણી સેજમાં પુત્ર પાસામાં ને મુર્છા પામી. જ્યારે તે હાલતથી સાંત થઇ ત્યારે પોતે એકલી પુત્ર વનાની વેરાગણ મુરતી થઈને લાખ્ખા જામની કનક સેજ ઉપર તેનેથી સારવાર થતી પડી હતી. એક પાસ પતી બેઠો હતો. બીજી પાસ રાજવૈદ્ય તેણીની નાજુખ ને નબલી નાડી જોઈ દીલગીર ચેહેરે દવાઇની તજવીજ કરતો હતો.

મોહીનાને લગાર આરામ થયો કે તેણીના પ્રથમ પ્રશ્નમાં આ શબ્દો મુખથી નીસરી પડ્યા "મ્હારો પ્રાણ તુલ્ય રાવલ ક્યાં?" જામ લાખ્ખા આ પ્રશ્નની આજ્ઞા ઉઠાવાની હાલતમાં હતો નહીં તોય "પ્રીયા તું નીરોગી થેશ ત્યારે ત્હારી ઇચ્છા પ્રમાણે રાજકુમારની સ્માધાની કરીશ," એ બોલ્યા વના ચાલ્યૂં નહીં. તેના પ્રત્યૂત્તરમાં પતિવર્તા મોહીનાથી માત્ર આ ઉચ્ચાર થયો "જ્યમ સ્વામીરાજની આજ્ઞા" પણ હ્રદે માંહે કાંઈ ઓર અગ્ની પ્રગટ થઈ હોય એવો રંગ મૂખપે છવાંઈ ગયેળ દીપી રહ્યો હતો.

રાવલ જેવો માતાના દીવાનખાનેથી ઉતરી અશ્વ ચઢ્યો કે જોઇ લેવો ગરૂદ ઉપર કૃષ્ણ ઉડયાસમ અલૌકીકતા! કોઈ અકાલ આવી પડેલા ગજબનો નીકાલ કરવાને સાવ કૃષ્ણ પોતે ગરૂદ પીઠે ઉડયા જતા હોય તેવો તેના યુદ્ધશ્રી અંગનો પ્રકાશ આમરણના અરણ્યમાંથી પસાર થતાં પડતો હતો. જ્યમ તુફાની સાગર ઘડીકમાં પોતાના મસ મોજા આકાસ સાથ લગાડીને પાટાળ્ય પેસાડે ત્યમ તે આબદાર અશ્વ પોતાના કીર્તમાન સ્વારનૂ મસ્તક આકાસમાં બેસી વલી ભુંઈ લગી હેઠલ ઉતારી નમાવ્યાનો નાત્તમ નાટક કર્યો જતો હતો. તે દરમ્યાન જેવો તે આકાસ ને ભુમી વચ્ચે આડો ઉડ ઉડ ગ્રજના સમ ખંખારા મેલતો વાયુ દેવને ભખી નાખતો હોય તેટલાં ત્યાં અદભૂત ગોલો તે સામે ધંધ ધંધ ધંધ ધંધ કરતો ધુંમી સૃષ્ટીકંપ કર્યા સમાન અવાજથી ફૂટો. ત્યાં લગાર ચોંકીને ન્યાલતાં રાવલ જોયછે તો તે માંહેથી એક આશ્ચર્ય પમાડતું પ્રકાષોત વીમાન નીકળતું દીઠ્યું. તે ઉપર ખુબ લક્ષ દઈ રહેતાં તે માહે એક મોટા નાગે વીટેલ શક્તી મૂરતી જણાઇ. તે મૂરતીને સાત ચક્ષૂ ને ત્રણ મૂખ, તે દરેકમાં સૂર્ય કરતાં જાદા તેજશ્વી ઝલઝલાયમાન પ્રકાશ, એવો કે દેવતાની ચક્ષુ તે જોતાં દીપાય! તે માહ શક્તી મૂરતીના મૂખ ને ચેષ્ટા જોતાં તે આ પૃથ્વી ઉપર કોઈ ઠરેલી બાજી ખેલવાની હોની હોય એ શક મકમ બેસ્તોજ. તે કોટી ત્રાસકાર મૂરતી ને રાવલ બન્ને સામસામા થયા, કે તે પ્રકાશ પ્રતાપે તેનો તુરી થમ રહ્યો. રાવલ રોમરોમ આ નવલ અચંબો જોઇ પ્રસેવે ગરકાવ થઇ ગયોછે. તેની બુદ્ધ

પણ તેને આ એણુ વખતે કસા કામની ના હોય એવો તે મુગો બહેર મારી ગયોછે, તેટલાં તે નવીન શક્તી મૂરતીના એક મુખથી વાચા પ્રગટી. "અહો સીંધના માહરાજા હું તમારો સહાયી છું." બીજા મુખે વળી વાણી નીકલી "અહો કચ્છના માહરાજા હું તમારો સહાયી છું." તો ત્રીજા મુખથી આ વચન નીસર્યા "અહો નવાનગરના જામ ને સોરથપતી હું તમારો સહાયી છું." રાવલ બોલ્યો "આકાસપતી કીંવા જે હો તે હો; હું ના સીંધ કે કચ્છ કે શોરથનો રાજ્યો કીંવા બોલાછો તેવો ના કોઈ. હું મ્હારા પીતાના કોપનો શીકાર ને સ્વદેશથી રખડતો થયલો એકલો માનવી છું, મને ના ભમાવ." વીમાનનો, રાવલના શબ્દોને સાંભળ્યા નહીં હોય એમ ત્યાંથી અલોપ થતાં ઈસારો દઈ ગયો. કે "સીંધનો માર્ગ ધર ને કચ્છના ત્હારા શત્રુઓને શીક્ષા દે. ત્હારા બાપાના વેરસી કુટુંબીઓના રાજ મોહોલ ને દેરા છુતીયશમાન કહેવા. ત્હારા શ્રેષ્ટ અવતારની બાંધધરીમાં શીવે ઇષ્ટદેવી આલીછે, તે તને સર્વ જન્મ સમાળી રાજેન્દરોમાં માહ છત્રપતી માહરાજ બોલાવશે. અંત્ય ત્હારી ભાલ રેખા તને નવાનગર વસાવનાર ને જામ બીતાબે નવું રાજ્ય સ્થાપનાર જસ ખટાવશે; તે યાવો ચંદ્રોકાળ ત્યમ સૌરાષ્ટ્રમાં અખંડ રેહશે. જા દોડ સીંધ ઊપર ને ભીડ કચ્છના રાજ્યાધીરોજો સાથ."

> સહાયી જ્યાં છે રામ, પલકમાં પ્રવત્ત ગલશે;
> સહાયી આત્મારામ, ખલક તેને વસ વલશે;
> સહાયી પરસુરાંમ, અકલ દાસણ થૈ પલશે;
> સહાયી જ્યાં છે નામ, મનચાહી બાજી ફલશે;
> સહાય જ્યાં સૃષ્ટીપતી, ત્યાં પુછવો શું મરદાની તેક;
> રૂસ્તમ કહે સહાયી સાહેબ, તેનો જાગે સૃષ્ટી આલેક.

અદભૂત્ત શક્તીસ્વરૂપની વાણીએ રાવલના મનનો સઘલો કાબુ પોતા અસતક લૈ લીધો હોય ત્યમ રાવલની સર્વ વલાણ વીમાનમાહેના શક્તી મૂઓના વચનને અનુસરતી થઈ ગઈ. તર્ત તેનો તૂરી કોઈ હવાઈ હાથે સીંધ ભુમી તરફ ખેંચાયો હોય એ પ્રકારે ત્યાં જરફે તે અજના કરતો ઉડયો. ગોંડલ ને આમરણની ભુમી ઉપરથી ભાયગે તેને દેશવટો લેવાને એક માસ પુરો થયો તેટલાં તો તે શ્રી સીંધદેશમાં જગો જગોએ પ્રસીદ્ધ થયો. હજી તેને ત્યાં પગ મેળ્યાને ભાયગે પખવાડયૂં ગુજરયૂં તેટલાં તો તેને બેદીલ સીંધીઓની મોટી ફોજે પોતાની સરદારી લઈ ત્યાંના જુલમી રાજાનો દોર ભાંગવાની અર્જ કરી. આ બેદીલીમાં તે કાલનો વખણાયલો માહથર રાહ વીકા શામેલ હતો. તે વૃદ્ધ ને વળી રાજવંશ, તેની અર્જ ને અતી પટામણી બોલીએ

રાવલ લશ્કરનો મૂખ્ય સેનાપતી થયો ! રાહ વીકા તેના હાથ હેઠલ સહાયી સેનાપતીની પદવીએ નેમાયો. તેણે સર્વ ફોજ ટોળા નકી કર્યા કે રાજાની અંગરક્ષક ફોજનો હોમલો થયો. રાજાને રાવલના બલ ને રાહ વીકાની શા-બીલગીરીની કસી ખબર નહી તેથી નભરવસ, તે આ યુદ્ધમાં એવી હાર ખાઈ રનસંગ્રામથી ખસ્યો કે ફરી તેને રાજ્યધાણી કે ગાદી જોઈજ નહી. રાવલે આ યુદ્ધમાં લગોલગ સાત વર્ષ તલગ ભાગ લીધો. તે ત્યાં સર્વથી મા-હરાજા જેવા માન સન્માનથીજ પોશાયો પણ તેનું મન કચ્છ દેશમાં રાજ્ય સ્થાપવા ઉપર લાગ્યું. કચ્છમાં તેના વડીલોના વંશની ગાદીઓની સ્થાપના થયલી. વળી તે દેશનું સર્વ રાજ્ય રાવલના વંશમાં હતું. પણ રાવલના બાપ જામ લાખાને કોઇએ આનંદથી ત્યાં રાજ્ય ચલાવા દીધું નહી, જેથી તે ત્યાંના કરતાં, બાધુરશાહે પાવાગંઢની ચઢાઇવાલી ફોજનો સેનાધીપતી કર્યો જે ઓહ્દો આછી જવાંમરદીથી બજાવ્યાની સેવામાં તે મુસલમીન શાહાનશાહે ગોંડલ ને આમરણના પરગણાના રાજ્યો તેને બક્ષ્યાં, ત્યાં જઇ પડ્યો રેહતો હતો. આ વાત રાવલની જાણમાં આવી તેથી પોતાના બાપાની સતા ને રાજ્ય નકી કરવાના પૂર્ણ ઈરાદે કચ્છ ઉપર ચઢવાના ખ્યાલમાં પડયો, તેથી સીંધની કોઇ પણ જમીન કે જાગીર તેને પસંદ આવી નહી. તે પોતાના મનમાં ભીન-ભીન ભવિષ્યો વર્તે ને વળી મન કચવાય કે નવી યુકતી આરંભે. એક સમય, તે પોતાની શીરોઈની મ્યાનનું એક અમૂલ્ય રત્ન નીકલી ગયુંછે તે ઉપર ચક્ષૂ લગાડી રહ્યોછે, તે ઢંગ જોઈ તેનો ખાંગી સેવક તે પાસ કર જોડી અર્જ કરેછે: "માહરાજ, આપ તો આ એક રત્ન માટે શોકાતુર છો; પણ એ જેવાં અનેક રત્ન ઉપજે તેવા દેશની ભુમીની સત્તા તજી દેવા માટે કેટલો શોક્ય યોગ્ય હશે ?" આ ભાષણ સાંભલતાં તે સૂતો ગાફલ સીંહ જાગ્યો. તેને પો-તાના પીતાનું સ્વદેશ સાંભર્યું. "વળી જો હું સ્વદેશ જીતી લઇ તેનો પર-વાનો ને રાજ્યાશન પાલખી મ્હારા સાવ તીરસ્કાર કરનાર પીતા ઉપર મ્હારા તરફની બક્ષીશમાં મોકલી આપું તો હાઃ હાઃ સત્તર આના કામ થાય ! હાય રે એવા નશીબો આ રાવલ તને શું અર્પણ થયો નથી ?"ના, થયોછે. ઉઠ ને યત્ન કર. પેલી શક્તીને ભુલ્યો ? શું તને તેના વચન સાંભરતા નથી ?"

એ વીચારે ત્યાં ચાલેળાં માહોમાહેનાં મોટાં યુદ્ધને વાહવા કહેવાડી. એક સમય રાવલ પોતે એકલ દુશમનથી હારી ગયલી ફોજને સહાયતા દેવા માટે માહુમ તુરી ફેંક્યો જાયછે તેટલાં તે જ્યાંથી લશ્કરમાં જોડાવાને વલાણુ હોય ત્યાંના એક મેહેલની તૂણી દેવાજાની ચીસ સાંભળી તે તેની મદદે ધાયો. પવન ફરીને તો ત્યાં જઈ લાગવાને કાંઈ વીલંબ થાય એ પ્રમાણે રાવલ આકાશી અનલ સમાન તે ધુંધ રહેલીને મદદે જઈ લાગ્યો; તો કોઇ વી-

રમ્યતાની હદ ના રહે એવી કોમળ કાન્તીવાળી ઉપર કોઈ કાળો સની પોતાને મઝા જમાડવા તલપી રહ્યોછે. તેના ડોળામાં લાલ રંગનો હીંગરો ઝલકેછે, અને રોમરોમ તે નખસીખ પવનમાં ફરરરર ફરરરર ઉડતી કાગળની ચકી સમાન ધ્રુજેછે. તેનો સ્વભાવ તેના કાળાં શરીર કરતાં વધુ કાળો ને ભયામણો અંજના કરતો હાથથી ગયોછે. તે કોઇ મસાને બળી કાળી આફ્રત જણી કરનારી માહ ગજબી પ્રેતમાંથી ભુત ઉપજી ઉઠયો હોયની એવો તેને દેખતાં સાધારણ માનવીનો તો કાળ આવેજ; પણ રાવલ માહ યૂદ્ધી ને નીડર હતો. ગમે એવા યુદ્ધાઓનાં ટોળાંની હરોલમાં ઘુસી રહી ધ્યાન વાળતો હતો. વળી તે જે દીથી પીતાના અભાવમાં આવેળ, તે દીથી સર્વે એષ્ટાલંકાર ને કાનચન્ય શીંગાર કાઢીને ખાસ શીરોઇમાર ને તીખાં કુવચ્છ પેહનાર થયલો. તેથી જ્યાં પણ રનસંગ્રામ કીંવા કાંઇ અદભૂત પ્રાક્રમ ત્યાં તો કેવળ મંગલ સ્વરૂપજ ખીલતો. તેણે તર્ત નાગ સમ લપટ ઝપટથી પેલા કાળા પલીતને તલવારનો એવો એક પટો ખેલી જખ્મી કર્યો કે તે તેની દયા ઉપર ફસડાયો. તેનો જમણો કર કપાણો એટલે તે યુદ્ધથી રદ થયો. તેને ત્યાંજ પડતો મેલીને તે અબરૂછ્યા કુંવરી પાસ જઈ યોગ્ય મર્યાદાથી બોલ્યો "દેવી લગાર સંતોષ પકડ, જો, ત્હારો દુસ્મન ત્યાં પડયોછે, ડર કસો ના જાણ, પણ જે તને ભાવે તેમ તેનો નીકાલ કર. તને તે બક્ષ્યોછે. હું પરપુરૂષને જાદા તું રાજકુંવરી સમાનના મેહેલમાં વધુ વેળા ખોતી રહી સમજાવવું ને દીલાસો આપવો, એ બળને કલંક ચઢયા સમ છે. હું યુદ્ધનું ભુષણ, પ્રેમનૂં ભાષણ કીંવા સુંદર સ્રીઓને કોમળ વાણીથી રીજવવાની તાલીમ પામ્યો નથી. માટે—" પણ તેટલાંજ તે ડરી ગયલી ગોરી અબલા બોલી "નીર્દોષી તું આ દોષીને ત્યાંથી કાઢ, તે મને બક્ષીશ થવા યોગ્ય જગ્યોએ શીરછેડ થવા યોગ્ય છે. તું તેને જીતનાર છે તો ચોકસ અબલાની લાજની દાજ ધરીને જ્યાં મ્હારા પતીના રાજ્યની આણ નથી ત્યાં લઇ જઈ છોડ. મને તો માત્ર ત્હારૂં એક નામ જાણવુંછે. ને બીજુ કાંઇ નહીં!" રાવલ બોલ્યો. "ભાગ્યશાળી સુંદરી યુદ્ધાનું નામ તને તે શી ખપ આવશે? અને આ રાક્ષસને તો તું કહેછે ત્યમ ત્યાંથી બાહેર કાઢુંછું. તે તને બાકી જન્મકાળ નજરે ના પડે એટલુંની! ત્યમ થશે." તેણે એ કહેતાંજ પેલા જખ્મી કાળાને જ્યમ બલવાન હનુમાને રાવણના રાક્ષસોને ફુકી માર્યા ત્યમ ઉપાડી નવી યુદ્ધમાં સામેલ થવાના સારા સુકનમાં પ્રથમ ભોગ દેવાનૂં નકી મન કર્યું, તેટલાં તે કાળાના મૂખમાંથી આ વાણી વહી :—"ઓ તૃષ્ણાવસ્તાના આનંદી યૂદ્ધા લગાર ખમ, મને જીવથી પછાડી મારવામાં તને લાભ તો નથીજ, પણ જે વાત તેં મનમાહે ધારીછે તે બનવી મુશકીલ." રાવલ બોલ્યો "કનિષ્ટ, તેં સી જાતને યુ-

જવી, તે માંહે પણ માહ પતિવર્ત ને શ્રેષ્ટ આસને બેસનારી રાજકુંવરીનું વદન ભક્ષ કર્‌યા સમાન માહપાતક ચાલ ચલાવ્યાનો અન્યાયી, તે સંગાતે મને એક શબ્દ પણ બોલવાને ભાવ પડેજ નહીં." કાલો બોલ્યો "મને લગાર સાંભલ, પછે તો હું ક્યાં બળ વાપડવાની સ્થીતીમાં છું કે તને નવી પંચાત દેશ?" રાવલ બોલ્યો "ત્હારૂં મોહ મને ના દીસે તે રૂઢીએ તું મને શું કહેવા માંગેછે તે કહે." કાલો બોલ્યો "ઓ ઈંદ્રસમાન સ્વરૂપવાન શૂરા મને તું કાલો જોયછે, તેથી આ અભાવ ને તુચ્છકાર દીયેછે પણ હું માહ જાદજા દાદાના વંશના સીંધ રાજ્યનો ખરોવારસ છું, ને તે ચીસ મેલી સહાયતા મેલવનારી સુંદરીનો પતી છું! મ્હારો આ રાક્ષસ સ્વરૂપ ચહેરો કેવલ બોગશીનવાલી મોટી યુદ્ધામાં મધ્યાન્‌ બપોર ને મધ્યાન રાત્ર વગર ઠાક ને આશાયશ, ઘોડ ધનુરદાવ ખેલમાં રોકાયાથી થયોછે. હું પરણ્યો તે સમય માહ સ્વરૂપવાન ને સીંહાસન શોભીત હતો. મોટી સરહદની યુદ્ધ જે ત્રણ વર્ષ ચાલી તે માંહેના બચેલા માત્ર સાત જનોમાંનો હું એક છું. મને જીવતો જોઈ મ્હારી માનુની મને કેવોક પ્રેમ નવાજશે ને કેવાંક મનથી ન્યાલશે તે ખ્યાલે રાજ્યધાણી કોટમાં દાખલ થયો તેવોજ આ રાનધુલેર હાલતેજ મ્હારી પટરાણી પાસ હાજર થયો. અને હજી અવલ મેલાપ આલીગણ કરૂં શું કે તેણીની દાકણી ચીસ ને ત્હારો શીવસ્વરૂપ સહાયી કોપ બન્ને પલ મેલામાં એકત્ર થઈને મને નાહક જખ્મી ને કલંકી ઠેડવ્યોછે. હાઃ હાઃ ત્રણ ત્રણ વર્ષ જે માહભારત યુદ્ધમાં ત્રણ ત્રણ લક્ષલશકર ડલ્લ વચ્ચે હું મ્હારાં માહિબલિષ્ટ સ્મર્થ ફાળ્યો અને દુશમનની રાજધાણી હરાજ ને મેહેલ વેરાન કર્‌યા, ત્યાં મને કોઈ બલ કે શક્તીએ જીત્યો નહીં અને હ્યાં મ્હારે ઘર, મ્હારેજ મેહેલ, મ્હારાજ દીવાનખાનામાં, ને મ્હારીજ પરણી રાણીની બેઠક પાસ મ્હારો કાલ પ્રગટ્યો એ તો અવધી થઈ! મને લેસ ખબર ના રહી કે મ્હારી બયામણી સુરતે મ્હારી પતિવર્તા પદ્મની ચોંકશે ને ચીસ પાડી સહાયતા માંગશે. ત્યાં તું સમાન કોઈ માહ શુરો ને સુંદર સ્વાર, વાયુ આકર્ષણે આવ્યા એચંબાએ મને નીર્બલ કરી મ્હારી માનુનીની છાતીમાં શીરનો ચમત્કાર ચીત્રી જશે!" કાલાનો આ વૃતાંત્ત સાંભલતાંજ રાવલ તર્ત પોતાને તુરીથી ઉતરી પડ્યો. તે તર્ત તેને ભેટી પડ્યો અને ક્ષમા માંગતી રૂઢીએ માહ આર્જવ કરતો બોલ્યો "ભાઈ આ એક સ્વપ્નૂ થયુંછે. તું મ્હારે મ્હેલ ચાલ; લગાર સાજો થશે. વળી સ્વરૂપ ઉગરશે ને બાજી શી બનીછે તે પણ ત્હારી પતિવર્ત પટરાણી પાસ ઘટતે આવકારે જતાં જાહેર થશે." આ ભાષણે કાલો બહુ રીઝ્યો અને પોતે જેવો શૂરો ને સત્ય તેવો રાવલને વળી શૂરો ને સત્ય જોઈ તેની આંખ્યોથી હર્ષ આંસુ વરશ્યાં. બન્ને માહ મીત્ર ભાવે ભેટ્યા પછે

રાવલે પોતાના એક વીશ્વાસુનો તુરી તેને દીધો. આ વખ્ત જે યુદ્ધમાં તે સહાય થવા જતો હતો ત્યાં તે બંધ પડવાનો વાવટો ઉડ્યો જોઇ તે પોતાના જખ્મી મીત્ર સાથે પોતાના ઉતારાના મેહેલે વળ્યો. રાવલે પોતાના મેહેલમાં શુરા દાદાના વારસના ઝેરી જખ્મની માવજત કરી તેથી તે સાજો થયો. તથાપી અસલ શુર કે વીરશ્રી ઝમકથી તે બાતલ થયો. હ્યાં વળી તે શીંધના રાજકર્તાના હકમાં માહેમાહેની લડાઈ વર્ષ સાત લગી ચાલી. રાવલની ધનુષ્ય એ યુદ્ધમાં પડનારા સર્વેથી ભારે ને જીતાળ; તેનાજ બાને ચાહી જીતની રચના રચી. તેણે જુરાવર ને વળી કંઈ કંઈ વેલા જીત મેલવી યશમાન પંકાયલા એવા હરીફોની ફોજનો નાશ કરયો. આ યુદ્ધે રાવલની બલ એકાઈ સીંધથી તે કચ્છની તસુએતસુ ભુમી ઉપર ફેલાઈ. જ્યારે સર્વે શત્રૂ ને જુલ્મી રાજ્યાધીકારીઓ ખપ્યાં ત્યારે માત્ર પેલા યૂદ્ધથી અલગા રહેલા દાદાના ચંદ્રસીંહ(કાલા)ને ત્યાંની ગાદી ઉપર વંશ હકે બેસાડયો અને દેશને ઠેડવ્યો. રાવલનો સીંધ દેશમાંથી ખ્યાલ ઉઠી ગયો. તેનું લક્ષ પોતાના સ્વદેશ ઉપર લાગ્યું. તેથી તે કચ્છભુમી, ન્હાની પણ શુરી ને જીવ જતાં લગી લડનારી જાદેજા ફોજ સાથે રેતાલ રાન વટાવી આવ્યો. ચંદ્રસીંહને તખ્તનશીન કરયો, તે વખ્ત પટરાણી સાથ ફરી રાવલને મેલો થયો હતો. તેને જોતાંજ તે શુંદરી તેને નમી પડી તેની આગલી સેવાનો ઉપકાર માણી બોલી "શૂરયશશ્રી જાદેજા ત્હારા ઉપકારનો બદલો મોટો છે તોય તું આ નારજીવ કનક ચપુ ભેટ રાખ." એ કહી તેણે એક સોનાની પેતી સાવ અમુલ્ય રત્નો ને મુક્તાથી ભરેલી તે હજુર ધરી. તે જોઈ રાવલ બોલ્યો "બા, મ્હારો ઉપકાર જેને ત્હારી ચક્ષૂથી ખસેડવામાં થયો તે તો આ અમૂલ્ય પ્રાણ માહશૂર ચંદ્રસીંહ આ દેશનો માહરાજા સ્વતાં છે." પછે તે સર્વ વર્ણન કહી સંભલાવી તેણે પટરાણીની રજા માંગી. પટરાણીએ જ્યારે અચંબાઇ વૃત્તાંત્ત સાંભળ્યો ત્યારે તે ઝંખવાણી અને માહરાજા સામે નીચી ડોકે ઉભી. પણ તર્ત માહરાજાએ તેને સર્વ શ્રાપથી મુક્ત કરી આનંદભર સંતોખી. આ વખ્ત રાવલ સીંધ દેશથી સદાનો અલગો થનાર તે જોઈ ચંદ્રસીંહે તેની સહાયતામાં અધલક્ષ સીંધી લશકર આપ્યૂ અને જ્યાં લગી તે પોતાના પીતા જામ લાખાનો કચ્છ દેશ જીતી ગાદીએ બેસે ત્યાંલગી તે લશકરનો સર્વે ખર્ચ માહરાજાએ પોતાની ટીજોરીથી આપતો રાખવાની અર્જ માંગી લીધી.

કચ્છની ભૂમીની સીમા માંહે પગ મેલતાંજ તેની અજીત જાદેજા ફોજે ત્યમ સીંધના શુરા લશકરે આ શ્રી રાગ ધ્રૂપદ વાજીનત્રોમાં ગાતાં શુરા દાદાને ઓથા ને ગાજનના વંશોમાં ત્રાસનું તુફાન ઉઠાવ્યૂ :—

ધૃપદ.

રાવલ જ્યાં જ્યાં કદમ ત્યાં ત્યાં સૂર્ય અસ્ત એસો શૂર. ॥ ટેક ॥
જેતે પ્રાણરખ શૂરા રનસંગ્રામ, પ્રતાપ સબહી રાવલ દરશાનં, પ્રકાશમાન સ્તૂતી-
માન પૂન્યમાન કીર્ત તે સુન જીતે દેશ કચ્છભૂઝ ॥ ૧ ॥ ગુણ ના વર્ણ્યો જાય,
ઈંદ્રહુસે ના હામ બીડાય, બીઆમ અફ્ફર સૃષ્ટી સારી રાવલ મુઠમાંહી સમાય
એસો નર શૂરવીર હે યુદ્ધ સકુંઝ ॥ ૨ ॥

આ ધૃપદ શૂરભેર વાજીનત્રોથી અધ લક્ષ ઉપર શૂરા ધાંટાથી ગવા-યામાં કેવો તુફાની હલક વાગે ! હાઃ હાઃ આકાસ પોતાની સઘલી રાક્ષસી સેના સાથ કચ્છ ઉપર ઉલટી ઉતર્યો હોય તેવો તે માહ જાદેજા ફોજનો દ-બદબો દાસ્યો. રાવલે પ્રારંભમાંહેજ કચ્છમાં કદમ મેલતાં ઓથા વંશના હ-મીર ઉપર વૈરની વીજલી ચમકાવી. પહેલેજ તડાકે ત્રીસ હજાર કચ્છી જા-દેજાના ઓચીંતા હોમલામાહે તેણે માહ ધશમાન યુદ્ધ મચાવી. પ્રથમનાજ યુદ્ધ પેજે ધનુર ફોજને બાહેર કાઢીને બાન વૃષ્ટી જ્યમ ઈંદ્ર હોટી વાદલ ભેર ચઢી મેઘ વૃષ્ટી કરે ને સઘળી જગતને, ના ગીરી ને નદી ને નાલાં સંગાતે નવો માહસાગર બનાવી દે, ત્યમ કચ્છનો દેશ લોહુ ને મૂરડાંથી છબાછબ કર્યોજ. પ્રથમનાજ હોમલામાં અર્ધ ઉપર કચ્છનો દેશ તેની સત્તામાં આવ્યો ને દાદાના વંશનો મોટો રાજ્ય મોહોલ તેને કબજે મળ્યો. એક વંશની ત્રણ શાખા તે માંહે રાવલ પણ આવેલો હતો પણ વંશ વૈરે તેના પીતાને ઘણોજ ગૈરઇન્શાફ દીધો. તેનું સમૂલૂ વૈર વાલવાસારૂ રાવલને મન આખી સાગર ઉલટયો હતો. રાવલને આ વખ્ત જે મનમાંહે આશા ઉછલી તે માત્ર, કચ્છ જીતી ત્યાંની રાજગાદી ઉપર પોતાના પીતાને બેસાડી પીતાથી થયલાં અપ-માનનો બદલો લેવો; તેથી તેને પોતાના વંશની એક શાખા ઓથાના માહ શૂરા હમીર સાથ માહ યુદ્ધ મચ્યૂં. આ વર્ષ લગોલગ હમીરના તાબાનો મૂ-લક જીતી તે તેને પકડી જીત સમ્પૂર્ણ કરવા ચાહે તેટલાંજ તે વળી તે શૂરા વૈરીના કોઈ યુદ્ધ દાવથી તેનો મૂલક મેલી હટી નવેસરેથી લડાઈ લઈ જ-વાને મંડતો; એમ હ્યાં વળી સાત વર્ષ આ કફોડી યુદ્ધમાં અટવાયો. અંતે હમીરને પોતાના બલિયા શત્રૂના મનની વાત સમજાયાથી તેણે શોરથના જા-ગીરદારોને મોટી લાલચો આપી તથા અનેક ભવિષ્ય આશાથી છક કરી દગ જામ લાખાને તેના મેહેલમાં મરાવ્યો. આ વાત રાવલને જાણ થતાં તે ઘણો ઉદાસ થયો. પોતાના પીતાથી દુર થયલો ફરી આ પૃથ્વી ઉપર તેને મળ્યો નહીં, એથી તેના મનમાં વૈરાગ્ય ઉપજ્યો. તે તર્ત પીતાના મૃત્યૂ સમાચાર જા-ણતાંજ મેલવેલાં રાજ્યનો બંદોબસ્ત કરી આમરણ તરફ જુજવી જાદેજા

ફોજ સંગાતે ગયો. ત્યાં તેણે પીતા મર્ણ ને માતાનું સતી થવાનું વૃતાંત સાંભલી હમીરને કાંઈ કરી નક્કીજ મારવો ને કચ્છનો સર્વે મુલક જીતી લેવો એ મનમાહે દ્રઢ કર્યું. વળી તેણે પોતાના જન્મ મેહેલમાં જઈ માતાનો શોક કરતાં અને જામ પદ ધારણ કરતાં આ વરદાન લીધું કે "જ્યાં લગી હમીરના તમામ કુટુંબનો નાશ કરૂં નહીં ત્યાં લગી આ ભૂમી ઉપર પલ પણ ઠરૂં નહીં." પણ આ વરદાન, વીધાત્રીની રેખા હતી નહીં કે પૂર્ણ થાય. હાઃ હમીરનો તે કાલ હતો; તે વળી થોડાક વર્ષ કચ્છનો જીતનારો ને રાજ્યપદ પામનારો હતો; ત્યમ તેણે થોડા દી પછે કચ્છમાં આવી સર્વ દેશને સલાહથી રાજ્ય કરવાને બ્હાણે એક વખ્ત હમીર ને તેના સારા વંશને પોતાની વર્ષગાંઠની મેજમાનીમાં નોતર્યા. હમીર કાંઈ ન્હાનો સહુનો પુછ્યો કે રાજકર્તા હતો નહીં; કે તેના હાથ ઉપર સેજ શીકાર થઈ પડે ? તેને તો જામ રાવલની સલાહ ને મોહબ્બત ઉપર શક આવ્યાથી અવલ વર્ષગાંઠની મેજમાનીના નોતરાંને ધ્યાણ દીધું નહીં. વળી પણ તેણે રાવલને કહાવ્યું "પીત્રાઈ, માહોમાહે લડી લડી આજ નવ વર્ષ થયાં જાદેજાના લોહુએ તું કચ્છને રંગ દેછે તે શું ઓછું થાયછે કે આ ફેરે તું અંત્યના રંગથી દેશને બાયલું કરેછે ?" આના જવાબમાં જામ રાવલે પોતાની ઈષ્ટદેવી આશાપુરી માતાના સોગન ખાઈ કહેવાડયું "શૂરા હમીરના બાલને ઈલજામ પોહોંચે તો મને મ્હારી ઈષ્ટદેવીના સમ, વળી મને શીવ જપે અવતાર દીધોછે તે શીવની આણ હોજો." બ્રહ્માંડ ફાટે તેવા આ સમ સાંભલતાં હમીરને વીશ્વાસ આવ્યો. વળી તેના માહ શૂર ને યશ તર્ફ જોતાં તે પોતાને ત્યાં જમવા બોલાવી તેનું લોહુ રેડવાનું નીચ કાર્ય્ય કરશે નહીંજ એ દ્રઢતા; એથી તે તેને ત્યાંની ત્રૈલોક આશક પડે તેવી હજારો શૂરવીર ને રાજ્ય ખટપટીઓની મીજમાનીમાં પોતાના શૂરા રાજપુત્રો સંગાતે ગયો.

જામ રાવલનો મેહેલ સાવ દીપકોના પ્રવત્ત સમ ઝલઝલાયમાન થયોછે. કોટી દીપકો શલગીને ત્યાં હજારો શૂરા જાદેજા પોતાના દરજ્જાના કવચ્છ ને યુદ્ધાલંકારોથી ચીકાર ફરતા ને ઉભા રેહતા મલતા ને મજા મારતા છે. તરેહવાર ચમત્કારીક આરકાંઓ કોસના કોસ શલગીને ત્યાં એક અખંદ અગ્નીસ્થાન પાતાલથી ઉપસી પ્રકાશમાન થયુંહોય એવો અદભૂદ આનંદ પંડરાયોછે. જામ રાવલ સાવ જર ગુંઠેલ શૃંગાર ને તે ઉપર અમૂલ્ય રત્નો જડીત મયાનવાલી શીરોહીથી ઓર આબ ને ઉજાસવાલો આદમી જણાયછે. જામ રાવલની બન્ને પક્ષ તેના બે અંગરક્ષક સાવ તીખાંનાં બખ્તર ને ઝેરી તલવારમાં ચીકાર ઉભાછે. ત્યા કંઈ કંઈ રાજા ને ઠાકોરો ને રાહા તલવારની ધાર ઉપર ચાલ્યા જેવા ત્રાસે દાખલ થાયછે. જ્યાં જોય ત્યાં કુદરત

શૂરઅલંકારી સજીત પુરૂષો ને રાજકુમારો ને સેનાપતીઓ દીસેછે. જ્યાં જોય ત્યાં સર્વ ચેહેરા ત્રાસ ને તલવારના એલંધા છે. આ અજાયબ શોરાની ને ઠાઠમાઠની મેજબાનીમાં જામ હમીર પોતાના વંશના એક જનો સંગાતે સામેલ થયો હતો. ત્રણ ઘડી ઠીક મીત્રાઇ ને સ્નેહના ભાવમાં ગુજરી. રાજ્ય-કુસાન, પીત્રાઇઓના સમાગમની કવેત ને ધ્રુપદો ગાઇ ગાઇ મીજલસને મોજ પમાડતો હતો. ત્યાં માહ વીઢાનો ને કવીઓ જામ રાવલના ધાકથી ધ્રૂજતા પાણ વીદ્યાના બલે ઠીક ઠસ્સાથી બીરાજતા હતા. જામ રાવલ ને જામ હમીર બન્ને મીત્રભાવે બોલતા હતા તેટલાં રાજ્યગવૈયાએ રાગ હીંદોલ ગાયોઃ—

રાજ રાજરે કચ્છપતી જામ રાવલ માહ શૂર જીત પંકાનો. ॥ ટેક ॥ કચ્છ ભૂઝ ભૂમી જીવદાન કરનહાર દીનરેન સૂટો બખાનો. ॥ ૧ ॥ જાકી ફોઝ રોઝ રોઝ જીતે યશ દેશ વેશ સહુનકાર કરે જો ના સુને સરદાર રાજ રાજેન્દ્ર બલવાન ॥ કહે કવી રૂપમલ્લ માહરાજ કોઉ નહી રહ્યો કોઉ નહી જન્મયો એસો હે નર શીવરાતી ઉપજનો. ॥ ૨ ॥

આ સાંભળતાં જામ હમીરને બરાબર તાણનો નાગ ચઢયોજ. તેને સર કુસંપ ને શરીરે આગ્નો બેઠીજ. તર્ત તે ઉઠ્યો કે 'આ મીજલસમાં મ્હારૂં અપમાન થયું' પણ તેનું ઉઠવું ને રાવલનું રોષ ચઢવું બન્ને તુર્ત દેખતાં દેખતાં લાગી વધી જતી આગ માફક કૌતુક બન્યુંજ. જામ રાવલે કહ્યું "પીત્રાઈ મ્હારી કીર્ત સાંભળી તને ઝેર ચઢ્યું શું? કે મ્હારા મેહેલમાં મ્હારા તમામ શૂરા સેનાપતી ને રાજદરબારીઓ વચ્ચે મ્હારો અભાવ ધરી મ્હારા શૂરનો અનાદર કરવાને હામ બીડેછે?" જામ હમીર શું બોલે? તે તો તે હીંદોલમાં હીંદોલજ બન્યો. સો ઘડા લોહુના તેનાં મુખ ઉપર રેડ્યા હોય એવો લાલનો જોસ ચઢ્યો. પલક વચ્ચે રેતીના સ્થીર રાનમાં તુફાન વ્યાપે ત્યમ ત્યાં મેજમાનીના મોજ શોખના મેહેલ દરમ્યાન શીરોઇ તુર્ત મયાન બાહેર નીકળ્યાનું તુફાન મચ્યું. બોલ બોલતાં સેંકડો શીરોઈની પટાબાજી ચાલી. એક ઝપાતામાંજ જામ હમીરનું શર વહડાયું! તેના સર્વ વંશના તુકડા થઈ ગયા. જામ રાવલનો શબ્દ નીકળ્યો. 'એકે ના જીવતો ફરે' તેથી જામ હમીરના સર્વ રસાલાની કચુંબર થઈ ગઇ! ફકત ન્હાના રાજકુમારોને મેહેલની એક મોહીનીએ વીચીત્ર પ્રાક્રમથી બચાવી વલાડ પરગણાના રાહપુર ગામમાં ભગાડયા! આ રીતે મીજમાનીમાં હમીરને મારી ત્યમ તેના બલવાન રસાલાને સદનતર કાપી નાખી જામ રાવલે પોતાના પીતા જામ લાખાનું વૈર લીધું.

બીજે દીવસથી શ્રી કચ્છમાં જામ રાવલની ફોજે ફરી વલી જામ હમીરના સર્વ કુટુંબનો નાશ કર્યો. ઓથાના વંશનાં સર્વ રાજ્યના ગીરાસ

ઓંટી કો કાલ જાદેજા જાતમાં ત્રાસ પડયો હતો નહીં તેવો વીક્રાલ ભય પા-ડયો. દેશ ઉજડ કર્‍યો. સર્વ કમનશીબ પ્રજાને ત્યાંથી હાંકી કાઢીજ. જ્યાં મનુષ્ય વસવાના ઘર ને મકાન ત્યાં ફાડી ખાનારાં પશુ ને શીકાર કરતાં પ-ક્ષીઓના ધામ કર્‍યા. વલી રાજ્ય મોહોલને વેરાન કરી નાખ્યા. કીલ્લા બાંય બરાબર ભુસી દીધા.

વૈર વસ્ય રાય તે, બળ્યવાન બાલે દેશ;
વૈર વસ્ય રાય તે, જોય ન પરદેશી, એશ;
વૈર વસ્ય રાય તે, શીરોઈમાર મુકે ન રેસ;
વૈર ફુકે આમો ત્યાં વેસ્ય મૂકે માહ નરેશ;
જ્યાં કામ પડ્યું વૈરમાં ત્યાં શીર કોટી ઉછલે;
રૂસ્તમ કહે વૈર જવાલામાંહી પૃથ્વી ખલખલે.

જામ હમીરના મોતમાં જામ રાવલની મતી ફરી જઈ તે અસત્યતા તેને તેના મનને જ્યાં ત્યાં તેની જાદેજા ફોજ સંગાતે જામ હમીરના પુત્રોનો ઘાન કાઢવામાં ઉશકેરી રહી. જામ રાવલની વૈર ધજા કચ્છ દરમ્યાન સ-મપૂર્ણ હાક બેસાડી ચુકી. કચ્છનો સર્વ દેશ જીતી તેની ગાદીએ તે મોટા ઠાઠમાઠ ને ભારી રોબથી બીરાજ્યો. પણ જ્યારે તેને જાણ થઈ કે જામ હ-મીરના પુત્રો બચી ગયાછે અને તેનાજ મેહેલની મોહોનીથી તે કામ થયુંછે; એ વાત સમજાઈ ત્યારે તેનું મન આકુલવ્યાકુલ થયું. "શું મ્હારા શત્રુ મ્હારા માહ બલ ને લશકર છતાં બચી જવાને ફાવ્યા? હદ થઇ!" તર્ત તે પોતા-ની મોટી બળવાન ફોજ લઇ યુદ્ધમાં ચઢયો. જામ હમીરના વડા પુત્રો અ-લીઆ ને ખેંગાર બન્નેને જામ રાવલના મોટી ફોજ સંગાતે ચઢી આવ્યા-ના સંદેસા મળ્યા કે બન્ને રાજપૂત્રો ચીંતાતુર થયા. પોતાના બે ભાઈ રાયબ ને સાયબ તેઓને આવી મળ્યા, ત્યમ જે કમનશીબો જામ રાવલની તલ-વારના ભયથી ભાગી આવ્યા એથી અલીઆ ને ખેંગારને જે આનંદ થયો હતો તે માહે રાવલના ચઢી આવ્યાથી તો તેઓને નવી ચીંતા પેદા થઇ. અલીયા ને ખેંગારે પોતાના બન્ને ભાગી આવેલા ભાઇ તથા લોકો સાથ મસલહત કરી. ત્યાં આ વાત નક્કી થઈ કે "સુલતાન મહમદ બેગડાની મદદ લેવી અને તે વડે જામ રાવલનો મુખરો ઉતારવો." વડા સીવાય ત્રણે ભાઇઓ ખેં-ગાર, રાયબ ને સાયબ બાદશાહને મલવા અમદાવાદ ગયા. એટલામાં રા-નમાં બાદશાહ શીકાર કરવા નીશરેળ, તે સંગાતે તે ત્રણે ભાઇઓને મી-લાપ થયો. અવલ એમ કુસલના સમાચાર પુછી ખેંગાર જામ રાવલની ક્યમ વાત છેડવી તે વીચારમાં છે; તેટલાં એક મસ જોરાવર વાઘ જોઇ

બાદશાહે ત્રણે જાદેજા રાજકુમારોને જોર ને હીંમત પર્ખવાના હેતુએ કહ્યું "તમારામાં કોઇ એવો છે કે આ રાનના રાક્ષસને મારે?" ખેંગારે તે વાતના સારા સુકન માણી લઇ હસતાં મોહથી બન્ને ભાઇ સંગાતે આગલ આવી ઉભા રહ્યા. ત્રણે સંગાતે બોલ્યા: "બાદશાહની મરજીનો જ્યમ હોકુમ હોય ત્યમ અમારામાંનો એક એને મારે." બાદશાહે સર્વથી મોટા ખેંગારને તે હુકમ કર્યો કે તર્ત ધનૂષ્ય પીથથી કરી કરમાં ઉછલીજ તેમાહે તીખાંનો ઝેરી તત્ક્ષણ સમ બાન ઓસાયો ને ખનન કરતો વલ બાઇ છુટો, તે વાઘના કપાલે ખખખ કરતો લાગો, કે લોહીની નીખ ફુટી. વાઘ વીકાલ થઇ કપાલમાંના તીર સાથ ઉછળ્યો! પણ બાન વળી અર્ધ લગી મસ્તકમાંહે પેઠેલો ત્યમ તે ઝેરી, એ સબબ ઉછળ્યો તેવો તે તમ્મર ખાઈ પડયો. તે ત્યમજ ચસી રહ્યો. આ બળ ને કળા બન્ને માહયશ રૂઢીના જોઈ બાદશાહ ને તેના સર્વ ગોસાળાએ શાબાશીનો પોકાર માર્યો. બાદશાહ, ખેંગારના બળ ઉપર પ્રીત થયા ને બોલ્યા "ખેંગાર જોઇયે તે ઇનામ માંગ. હું નવાજવાને સામર્થ છું." જાદેજા રાજકુમારોએ આ સુઅવસર પોતાના લાભમાં વલાવ્યો. લાભને એકબાજુ મેલી મોટા ખેંગાર બોલ્યા "મ્હારા બાપ જામ હમીરનું રાજ્ય અપાવો" બાદશાહે તે અરજ કબુલ રાખી. અધલક્ષ વીણી કાઢેલાં આછી કવાયદવાલાં લશકરને મદદમાં આપી ખેંગારને રાવના ખેતાબ સાથ કચ્છના જામ રાવલ સામે મોકલ્યો. રાવ ખેંગાર અમદાવાદથી પોતાના ભાઈ રાયબ ને સાયબ સાથ નીકળેલો રાહપુર આવ્યો અને ત્યાં પંચાત થતાં રાહાપુરનો કીલ્લો ને કસબો જીતી લઈ તે રાજ્યનો માલિક થયો. આ જીત મેળવી રાજની વ્યવસ્તા કરેછે તેટલાંજ ત્યાં જામ રાવલનું જાદેજા લશકર તેની સામા આવી ઘેરો દઇ પડયું. યુદ્ધ જે મચ્યું તે કૌરવ પાંડવનાં માહભારત યુદ્ધ માફક ૧૪ વર્ષ લગી મચ્યું. જામ રાવલની સઘલી યુદ્ધકલા ને બળ ને ફૌજ રાવ ખેંગારના નવાં બળ ને સત્ય દાવા સામે ખપમાં આવ્યાં. તેની હાર થઈ. રાવલ ફકત સાત જાદેજા સાથ લઓ મુરડાં વચ્ચે નીરાસ થઈ સ્વાનવટ નીદ્રામાં પડયોછે તેટલાં તેને સ્વપ્નૂં થયું "રાવલ, હું જે આશાપુરી માતા, ત્હારી ઇષ્ટદેવી, તેના (મ્હારા) તેં સમ ખાંઈ વીશ્વાસ દઈ પીત્રાઈ જામ હમીરને માર્યો માટે ત્હારા નશીબથી કચ્છનું રાજ્ય ને ગાદી ઉતરી. તું શોરથ જા ત્યાં હું તને સહાય થૈશ." જામ રાવલ આ સ્વપ્નૂં જોઈ ઉઠયો. તેણે કચ્છની ભુમીને છેલી સલામ કરી. પછે પોતાના માહ વીશ્વાસુ જાદેજા અંગરક્ષકો સાથ શોરથમાં ઉતર્યો. શોરથનું પ્રખ્યાત આઝીકાંઠાનું પરગણું જે દેદા જાતીના લોકોના તાબામાં હતું. તે દેદાઓ પાસ જામે પોતાના અંગરક્ષક લશકર સારૂ અનાજ માંગ્યો; તો તે બદલે તેઓ ધુલના પોઠીઆ ભરી

મોકલી આનંદ માણવા લાગ્યા, પણ રાવલે તે પોતાને સારા સુકન થયા સમજી માથું નમાવ્યું, તે કેહવા લાગ્યો, "આમાંથી હુંને મ્હારે આ જમીન ઉપર રાજ્ય સુઝેછે" જામ રાવલ લ્યાંથી નીકલી પોતાની જન્મભુમી આમરણમાં આવ્યો. ને ત્યાના મેહેલમાં ઉતર્યો, ત્યાં એને મોટી ચતુરાઇથી એક લડાયક ફોજ રચી. પછી તે ફોજ લઈ દહીંસરામાં જઈ છાવણી નાખી ત્યાં માત્ર તીરાયત પ્રદેશી રાજા પ્રમાણે પડી રહ્યો. કંઈક વખત પછે ફાવતે દાવે જેઠવા તાબાનું નાગણી જીતી લીધું ને પોતાના અમલનો શોરથમાં આરંભ કર્યો. આ વખતે જેઠવાઓનો માહરાજા રામદેજી પોતાની રાજ્યધાણી રાણપોરમાં રાજ્ય કરતો હતો, તે જામ રાવલની ન્હાની ફોજ સામે મોટા રોપે બબ્બાર્યો. તે બોલ્યો "આ રાવલ કોઇ રાહુ પેદા થયોછે કે તે આજ ત્રીસ ત્રીસ વર્ષ થયાં યુદ્ધમાં મચ્યોજ સીંધ ને કચ્છ ને હવે શોરથનો ઘાત કાઢવા આવ્યોછે. હું તો એના અવ્યવે અવ્યવ છુટા પાડીશ ને રાની કુત્તાનો ભક્ષ કરાવીશ." પછે તેણે બલવાન ફોજ રાવલ ઉપર મોકલી. માહરાજા રામદેજીનો સેનાધીપતી ઇદ્રિસીંહ માહ યુદ્ધ ત્યમ મણુષ્ય પર્ખુ હતો. તે ને જામ રાવલ યુદ્ધમાં એક થતાં તેણે રાવલના ધનુષ્યકસ પલટા જોઈ, પોતાનાં મોટાં લશકર છતાં, હાર નક્કી થનાર, એ વરતી લઈ તર્ત શલાહની ધજા ઉડારી. માહરાજાની ઇજ્જત જાલવ્યાનો બદલો, બરતરફી મલી. ત્યમ જેઠવાના રાજ્યની આબ્બરનો અંક હશે કે કયમ, તેથી સારા બુદ્ધીવાન પ્રધાણો ને સેનાપતીની તે દરબારમાં અછત થઈ હતી. અંત્યે ફરી યુદ્ધ મચી તેમાં જામરાવલે માહરાજા રામદેજી ને તેના જેઠવા લશકરનો પરાજ્ય કર્યો. રાવલે સોરઠીયા માહરાજને [illegible] માહે પકડીને કાપ્યો અને જેઠવાના રાજ્યની આબ્બર આણી. જામ રાવલે પોતાને શોરથમાં અમલ શીરસ્યાત કરાવનાર નાગણી જગ્યો "નવાનગર" વસાવ્યું. તે તેને પોતાની રાજધાણી કરીને ત્યાં નવાનગરના જામ એ પદ ધારણ કરી ગાદીએ બીરાજ્યો. તે રાજ્ય તે જામના બીતાબે આજલગી વંશપરંપરા ચાલતું આવ્યુંછે. એ પ્રમાણે જામ લાખાનો માહભાગ્યશાલી રાવલ, જામના રાજ્યનો પાયો નાખનાર યશમાંન જાદેજા કહેવાયો.

પ્રતાપસીંહ ને મગધ રાજકન્યા.

મોગલોની સ્વારી પહેલાં મેવાડના સૂર્યવંશી રાજકર્તાઓમાં પ્રતાપસીંહ માહઅભીમાની છત્રપતી થયો હતો. તેણે પોતાની જવાનીના દીવસો રનસંગ્રામમાં પંકાવ્યા હતા. જ્યાં મનુષ્ય વસ્તીમાં કાલા લુટારા પોતાનો હાક બેસાડી રાંક ને અબલ પ્રજાને પીડા કરતા હતા; ત્યાં તેની શીરોઇની જીતના પ્રથમત્તા મેળવીને તેવા દુષ્ટ ત્રાસીનાં ટોલિટોલાંનો ઘાન કાઢતી હતી. જ્યાં રાક્ષસો સમાન ઉઠાવેલાં શારનાંઓ વસી જઇ વસ્તીમાં વીપત્ત ત્યમ વેદના ઉપજાવતાં હતાં ત્યાં તેની જાતે સ્વારી થઇ તે પીડા નાબુદ થતી હતી. છેક ન્હાનપણથી તે ભરજવાનીનો સમયે, આ અદ્દભૂત પરાક્રમોએ પંકાયાથી દેશ પ્રદેશ તેના નામ માટે ઉજળ કીર્ત શીરપાવ તૈયાર કરાવ્યો હતો. જેવો પ્રતાપ યુદ્ધકળામાં કૂશળ હતો તેવો બલકે તે કરતાંએ જાદા કૂશળ પુરાની શુભ વીદ્યાભ્યાસમાં થયો હતો. તે આ પૃથ્વી ઉપર વેદને ઇશ્વરકૃત કાવ્ય જાણીને સમ્પૂર્ણ ભણ્યો હતો. વેદ સાથ તેણે જે મોટો અભ્યાસ કર્યો હતો તે પોતાને યુદ્ધના યશમાં પૂર્ણ કરવાના હેતુએ માહભારત ને રામાયન, શ્લોકે શ્લોક ભણી વળ્યો હતો. માહભારત ને રામાયનની અદ્દભૂત કથામાં દેવ દેવતા ને રાક્ષસોના પ્રવેશમાંહે તેનું મન લાગીને જ્યારે તેના પીતાના મરણ પછે તે તેની જગ્યોએ છત્રપતી રાજ્યપદ પામ્યો, ત્યારે તે મંત્ર જંત્ર તંત્રમાં પૂર વેહેમી થયલો. દેવ દૈત્યોને પૃથ્વી ઉપર બોલાવવાના સાંધણો રચાવામાંહે તન મન ને ધનથી ગુંતાયો હતો. આ તેની માનવીપણથી ખસેલી હાલતનો લાભ લેવાનું તેના ન્હાના ભાઈ રનસીંહનું દીલ થયું. પિતાના મરણ પછી સઘળો રાજકારોબાર પોતાના ન્હાના ભાઈની દેખરેખ બાહેધરીમાં રાખી તેની સહાયતામાં વડા વૃદ્ધ મંત્રીને સોંપી દીધો હતો. આ બન્ને અવલ રાજ્યકારોબારીઓમાં દીવસે દીવસ મૈત્રી બહાળી એવી તો સંગીન સ્નેહ ગાંઠ બંધાઈ ગઈ કે રન કહે તેને વડા મંત્રી ઇશ્વરે કહ્યું એમ માણીને તે અમલમાંહે મેલતો હતો. એવો કાબુ ચાલુ રહીને ત્રણ વર્ષ પ્રતાપની કારકીર્દીને થયાં કે રન સર્વ મેવાડી પ્રજામાં માહરાજાપદ ધારણ કરવી

સમાન ગણાઈ જાય તે વના કોઇ બીજો રાજનો ધણી ઓળખમાં રહ્યો નહી. જ્યારે રનસીંહે વૃદ્ધ મંત્રીની મોહીના નામની દીકરી સાથ લગ્ન કર્યું અને પ્રજાએ તે મહીમા મોટા ઓત્સવ પ્રમાણે પાળીને રાજધાણીને દીપાયમાન કરી; તે વેળાથી તો પ્રતાપસીંહ સુર્યવંશના ઇતિહાસમાંથી બાતલ થયો. પ્રતાપસીંહ તો ફક્ત પોતાના રાજ્ય મ્હેલમાં અશલ માહ આર્ય રૂષીનાં મંત્ર ત્યમ પાતાળ ને આકાશ ખુલી જવાના ભંત્ર ગોખવા ને તે પ્રમાણે કોઇ દેવ દેવતા કે દૈત્ય કે રાક્ષસ કે ગાનધર્વ આકાશ કે પાતાળથી ઉતરી યા ચઢી આવેછે કે ક્યમ ? તે કૌતુક જોવામાં વેળનો ખેલ કરતો છઃયો હતો. પ્રતાપસીંહને સારી પૃથ્વીના ભંડારા માત્ર, મંત્ર અભ્યાસ પુસ્તકો ને યુદ્ધ માત્ર, કૌરવ પાંડવ ને રામ રાવણના વર્ણન વાંચન હતાં. એક દીવસ સાયંકાળ આ પૃથ્વી ક્યમ ઉપજી તે વીષ્ણુ પૂરાનમાં વાંચેછે :—

"અસત્ય પણ સામર્થ રાજા વીનાના અધર્મ કર્મ એટલાં તો હદ બાહેર વધી ગયાં કે તેના ત્રાસથી રૂષીઓ બીજયા. તેની અપવિત્રતાનો દોર ધર્મ જાળવનારાઓથી સહન થયો નહી, તેથી પવિત્ર રૂષીઓએ તેનો શીરછેદ કરયો. રૂષીઓના આ કર્મથી જયાં ત્યાં પ્રજાસત્તાક સતા પંથરાઈ. સર્વ જનને મન આ લાગણી લાગી. 'અનાથ સ્થીતી કરતાં હજી જુલમી રાય હોયો ભલો.' પ્રજાસત્તાક સત્તાના દોરથી અઘોર્તાની અવઢીજ તો, તેથી પવિત્ર રૂષીઓએ વેદનાં મંત્ર ફૂંક્યાં. ઈશ્વરના નામની માલાના જપથી વાયુને ધુંજાવ્યો. સ્વજુરસાથી અગ્નીને જયાં ત્યાં પ્રગટ કરીને આત્માના વીખરાયલાઓને શાસન કરવા માટે ઈશ્વરી સતા સ્થાપવાનો ઠેડાવ નકી ભજયો. માત્ર પાંચ પલમાંહે સર્વ પવિત્ર રૂષીઓની ધૂંજાવતી રસ્નાઓએ એક અલૌકીક બ્રહ્માવતાર સ્વરૂપ ઝલકાવ્યું. તે પ્રકાશમાન દેવે તુર્ત મૃત્યૂવીટેલ રાજા વીનાની જાંગ ઉપર પોતાનો કર મસળ્યો કે તે માંહેથી કાલું ભૂત્યૂં પેદા થયું. કાલા ભૂતલે જન્મતાં પ્રશ્ન પૂછ્યો "મને શી આજ્ઞા છે?" બ્રહ્માવતાર સ્વરૂપે કહ્યું 'નીશીદીશ' કે તે પલથી તે ત્યાંજ ગરી બેઠો જયમ તે આજ લગી પણ ત્યાં બેઠો છે. આ કાલૂ ભૂતલ રાજા વીનાના અંગથી નીસર્યાથી તેનું મુરદું પવિત્ર થયુ. તેનાં સર્વ પાપ ને અધર્મ પેલા કાલાં અંગમાં રહ્યાં. પછે બ્રહ્માવતારે વીનાની જમની બાજુ ઘસી કે તેમાંહેથી એક દેવતે પ્રકાશમાન રાજકુમાર નીસર્યો. તેનું નામ પ્રીથૂ. તે તેના પીતાની જગ્યોએ રાજયાસન પામ્યો. તેની કારકીરદીમાં દુકાળ પડ્યો હતો. ભૂમી ધાન્યનો દાણોએ આપતી નહી, એથી મોટી આફત ચારે પાસે પસરીને પ્રજાના જાન માલની પાયામાલીનો પાર રહ્યો હતો ! નહી. પ્રીથૂ બોલ્યો 'હું ભૂમીનો શીરછેદ કરીશ અને તેને તેની ફલ ફલાદી વગેરે આપવાને ફરજ પાડીશ.' પ્રીથૂના આ શબ્દોના ત્રાસે ધરતી બીહની. તેણે ગૌવાંનો અવતાર ધારણ કર્યો : પણ પ્રીથૂ તે પાછળ લાગ્યો તે છેક બ્રહ્માના સ્વર્ગ લગી તેને ખોળી વળ્યો. અંતે પ્રીથૂના પાછળ લાગવાની અવઢીએ ધરતી કંટાળીને કેહવા લાગી 'શું તને સ્ત્રીહત્યાના પાપની ખબર નથી કે આ પ્રમાણે તું મ્હારો શીરછેદ કરવાની કોશેશમાં મચ્યોછે?' પ્રીથૂએ પ્રત્યૂત્તર દીધો 'જયારે એક કનિષ્ટનો નાશ કરયામાં અનેક શ્રેષ્ઠ સુખનો પ્રકાશ થાયછે ત્યારે તેનું મૃત્યૂ આણવું કેવળ ધર્મનું કારય ઠરેછે. ધરતી બોલી 'જો લ્હારી પ્રજાના કલ્યાણ ખાતર તું મ્હારો કાલ લાવશે તો ક્યાં લ્હારી પ્રજા જઈ ઠરશે?' પ્રીથૂએ કહ્યું 'હું લ્હારો કાળ આણીશ નહી પણ વસ કરી તાબે રાખીશ' અંતે ધરતીને શરણ થયા વના બીજો માર્ગ રહ્યો નહી, ત્યારે શરણ થઈ રાજા પ્રીથૂના કહ્યા પ્રમાણે સર્વ ફલ ફલાદી ને શાક ધાન્યનો સુકાળ કરી આપ્યો ! જે સમયથી ધરતીને પ્રીથૂએ નમાવી ત્યારથી તે પૃથ્વી નામ પામી."

પ્રીથૂના પરાક્રમે પ્રતાપના દીલમાં બ્રહ્મનું સ્વર્ગ જોવાનો અભીલાષ ઉપજ્યો. તેણે તુર્ત એક વેદના સાંધણ શ્લોકનું મંત્ર ફુક્યું ને અબઘડી આકાશથી કોઇ અદભૂત્ત વીમાન ઉતરી તેને ત્યાં લઈ જશેજ ! એ ખ્યાલમાં ધુમ થયો. તેટલાં એક અર્ધ નગન ઢંકન સૂર્યના તડકાં સમાન સ્વરૂપવાન તારૂણીએ દોડી આવી "માહરાજા સમય સમાલો. પલ પણ પ્રાણ સમાન અમૂલ્ય છે. આ પલે હ્યાંથી ઉઠો. આ લીયો શીરોઈ ને કવચ. આ લીયો મુઠો ઝવેર ને હ્યાંથી ઉતરો; નીકર હું તમને ઊંચકી મેરીએથી ઉડી પડીશ." પ્રતાપસીંહ અપછરા સમાન સુંદરી ને તેના આલેલા અલંકારને બ્રહ્મા તરફથી આવેલી ભેટ માણી તે તે તારૂણીના કહ્યા સર ત્યાંથી તે સાથ પવન ચલન મેહેલને પાછલે દાદરેથી ઉતરી પડયો. ત્યાં સુંદરીએ વીજળી ઝડફે એક મસ પાષાણ લાદી ઊંચકવા ઇશારો કર્યો. પ્રતાપે તે ઉઠાવી ને તે બોલી "માહરાજાજી માંહે કુદી પડો ને જેટલી ઝડફ આપમાં હોય તે સર્વ બલ વાપડી માહેનો માર્ગ કાપો કે એક વીશાલ રાનમાં આપના કદમ પડતાં ત્યાં એક વાયુસમાન ચાલનો તુરી દેખશો. આપ તે ઉપર સ્વાર થતાં યાહૂમ તેને મેલી દેજો. ડરશો ના, તે તુરી વાયુ ફુંક્યા સમ આપને આકાશ સાથ લગાડતો કાલા દગાના ફાંસાથી બચાવશે. ફુરસતે શીરોઈ મ્યાન સાથ બાંધેલો રૂક્કો વાંચજો કે આ હાલતનું આપ સત્ય સ્વરૂપ પામશો." આ શબ્દો તો પુરા થયા ના થયા કે બ્રહ્મના સ્વર્ગમાં જવાના મંત્રમાં ગર્ક થયલો પ્રતાપસીંહ પાતાલ પેઠો હોય એ ખાસ ખ્યાલે યુદ્ધઅલંકારો સજેલો તે સુંદરીના શબ્દોએ કહેલે માર્ગે દોડયો કે સેજજ પાષાણ લાદી તે બકારાં ઉપર પડી. હ્યાં પ્રતાપસીંહની મેવાડી કારકીરદી ઉપર પરદો નખાયો.

અર્ધ નગન ઢંકન સુંદરીના હોકમસર ચાલેલો પ્રતાપ મધ્યરાત્રે એક ભયાનક રાનમાં ઉતર્યો. ત્યાં એક તુરી જે પલેપલ ખંખાર મારતો આકાશના દેવતાઓના દીલ ડરાવતો હતો; તે જોતાંજ પોતાને મલેલી ચેતવણી પ્રમાણે તે ઉપર ચઢી બેઠો કે પવન ઉપર ગરૂડ ઉડયો જાય તેવા મહીમામાં પ્રતાપ પોતાને જોઈ વેદના શ્લોકની બજ્યારીની વાખ્વાંખ પોતાને મોહડે બોલેછે. તૂરી ઘડીકમાં આકાશના દોડતાં વાદલાંમાં ઘુસી જતો તો ઘડીમાં ભૂમી ઉપર છેક આડો પડી જતો તૂફાની વાયૂજ વેહતો હતો. પ્રભા પ્રકાશ તૂરી લગાર નરમ ચાલનો થયો અને પ્રતાપને મગજ ચઢેલી બ્રહ્માના સ્વર્ગની ધૂંઈ ઉતરી ત્યારે તે એક બાજુ હીમાલય, બીજી બાજુ જમના, ત્રીજી બાજુ કાલીકાનું દેવાલય ને ચોથી બાજુ શીવની માહબલી મૂર્તી હ્યાં આવી લાગ્યાથી તેની અજાયબીનો પાર નથી. તે બાર કલાક વગર થાક ખાવે પગે ને ઘોડ ચાળ્યામાં ને સ્વારી કર્યામાં સુસ્ત થયો તોપણ ત્યાંના મંદ સુગંધી

વાયુના લાગવાથી ફરી તાજો થઇ ગયો છતાં ભૂખ તો પલે પલ જાદા ને જાદા લાગીને તે મનથી અકલાયો. અવલ આર્ય લોહુ, વળી સુર્યવંસી, વળી એક શીરોઈ માર, વળી રાજ બીજ, વળી માહ ધર્મી ને માહ સત્ય, વળી એક નીરાકાર ત્રૈકર્તા બ્રહ્મ ભજનાર તેથી તેણે તુર્ત પોતાને અંગથી યુદ્ધાલંકાર ઉતારી પવિત્ર જમના નીરે સ્નાન કરી લીધું. તર્ત સૂર્ય નારાયણની સ્તુતી શ્લોકો ગાઇ પોતાના મંત્રો પઢી લીધાં. પછે પોતાના તૂરીનું અમૂલ્ય બોગીર ઉતાર્યું. લગામ વગેરે સઘળો સાજ કાઢી તૂરીને છુટો ચરવા મેલ્યો. બોગીર હીમાલયની હરીહરાંઈ ઉપર નાખી તે લગાર બેસવા ને થાક ઉતારવા જાયછે તે દરમ્યાનમાં તેમાંહેના ગજવામાં બોરાકનો એક ચપૂ તેને જણાયો. તે બોલ્યો તો 'અહો ઇશ્વર પ્રાણરક્ષક' એ આશ્ચર્યતા લક્ષણ થઇને માંહેથી તરેહવાર નીકલતી સુખડી ખાઈ લઇ તે નીરમલ જલે તૃપ્ત થઇ ત્યાં ભુંઇને અઢેલી પડયો. હ્યાં તેને પોતાની સ્થીતી ઘણી બાહુક લાગી તે ખ્યાલમાં ગુંટયો તો તેને પેલી સુંદરીના સર્વ શબ્દો સ્મરણ થઇને શીરોઈ ખાને બાંધેલો રૂકો છોડયો. તે વાંચ્યો:—

"દગલબાજ રનસીંહે આપની ગાદી છીણવી લેવાનો કપટ દાવો આપના વૃદ્ધ મંત્રી સંગાતે રચીને આપના મેહેલમાં પ્રવેશ કરીને આપનો શીરછેદ કરવાનો નક્કી વીચાર કરેગ તે મ્હારી જાણમાં આવવે મેં જે હામ બીડીને આપનો જાન ઉગારવા સારૂ અઘટીટ છુટ લીધીછે તેની ક્ષમા કરજો. મને આપે નેને નેન ન્યાલી લીધીછે માટે મ્હારાં નામ નીશાનની જરૂર જાણશો નહીજ. આપને આ પૃથ્વી ઉપર કોઇપણ અઘડીમાંહે સહાય આવવાની મ્હારી હોંશ માત્ર હું સ્ત્રીજાતી હોયાથી લાજપાત્ર. તોય જે કાલજે જેનો સદા વાસ તે આપનોજ ભાસ પડીને જ્યાં ત્યાં ચક્ષુને આકર્ષણ થાય તે નવાઇ નથી. મેં આપને આજ પહેલાં સાત વર્ષ ઉપર મગધ નગરમાંહે શેનાસહીત દાખલ થતાં રાજ્યમોહોલ જરૂખેથી જોયા હતા. જ્યારે આપનો મૂકામ મગધ મેહેલમાં રહ્યો હતો તે વેલા આપને એક રૂકો મલ્યાની યાદ પડસે. તે રૂકા પછે મેં આ બીજો રૂકો લખ્યોછે. મગધ જય કર્યાની સલાહમાં નગરના માહરાજાએ પોતાની રાજકન્યા આરમાં દીધી હતી જે અદ્યાપી મેવાડના મેહેલમાં રહીછે. જ્યમ મ્હારા જન્મે તે વેલા મગધ બચાવી દઇ તે મોટો દેશ જાલવ્યો ત્યમ આજ તે આપને બચાવી મેવાડ જાલવવાને ભાગ્ય પામીશ એ કાંઇ વ્યર્થ ગર્વ હું રાખતી નથી." આ રૂકાથી પ્રતાપસીંહને સર્વ ભેદ ને ખૂલાશો જણાયો. પોતાના સગા ભાઇ ને વીશ્વાસુ વૃદ્ધ મંત્રીથી દગો થયાની વાતે તેના રોષની હદ રહી નહી. બ્રહ્માના સ્વર્ગે જઈ ત્યાંના દેવદેવતાઓના દર્શન લેવાની જગ્યો ભયાનક હીમાલા

પાસ આકાશ સાથ લાગેલા હીમાલા ભાગ ને પાતાલ સાથ લાગેલી જમના નદીના દર્શનથી તેની ચક્ષુમાં દૈવતે પ્રકાશ પ્રકાશ્યો. તેની પાસ દેવ દૈત્યને બોલાવાના મંત્રીનું ન્હાનું પૂસ્તક સદા પ્રમાણે તેનાં સાદાં લુગડામાં રહી ગયેલું હતું તેમાંનો એક શ્લોક આ સમય તે બબડ્યો. ઇશ્વરેચ્છા કે તે શ્લોક ત્યાં ખુદરતી સ્વર્ગ સમાન પવિત્ર હીમાલય ને પવિત્ર જમના પાસ આબાદ ફળ્યો. ત્યાં એક ઝલકાઠ થઇને એક ગાનધર્વ જન્મ પામ્યો. તેણે તુર્ત પેદા થતાં પ્રતાપને નમસ્કાર કર્યો ને હોકમ પુછ્યો. તે શ્લોકના સત ને સાધનવડે પ્રતાપે ગાનધર્વને કોઇ અછા બચાવ ને જ્યાં માનવી પગલું પડયું હોય નહી તે ઠીકાણે લઇ જવાનું કહ્યું. ગાનધર્વ આ હોકમ સાંભલી કર જોડી તૈયાર થયો અને પ્રતાપે વાયૂ તુરીને બોલાવ્યો. તે આવ્યો કે તે ઉપર સાજ નાખી પોતે મુક્તાલંકાર સજતાંજ સ્વાર થંઇ ત્યાંથી ઉડયો. ગાનધર્વ વાયૂ લજવાય તેવી ચાલે ઉડતો કે વાયૂ તુરી, એ બરાબર કહેવાય નહી. એ ઝડફે તેઓ જે માર્ગે પાંડવો સ્વર્ગે ગયા હતા તે માર્ગે પડીને એક ગૂપ્ત ગૂફામાં પેઠા, કે ગાનધર્વ ખરો રહ્યો. પ્રતાપને આ ગુફા તેના રાજ્ય મેહેલ કરતાં જાદા પસંદ આવી. તે ગૂફા જોઇ બહુ રીઝ્યો. ગાનધર્વ બોલ્યો, માહરાજાજીને ખબર હશે કે આ ગુફામાં માહાન રૂષી વાલ્મીકજીએ મોટી તપશ્ચસ્યા કરીને ભીનભીન ચમત્કારોનું જ્ઞાન હાં મેલવ્યું હતું. આ ગૂફામાં અમી ને વૃન એકવાર શીવના કોપમાં આવ્યાથી બંદ પડયાં હતાં. આ ગૂફા પવિત્ર છે અને આપને આ ગુફા, મંત્ર પક્કા પઢવા ને અમલ કરવામાં સીધ છે. આ બલવંતા ગાનધર્વના શબ્દથી પ્રતાપસીંહ તે ગુફાને કૈલાસ સમાન માણવા લાગ્યો. જ્યારે પ્રતાપ એકાંત ધ્યાન ધરવાને રાજી હોય નહી ત્યારે ગાનધર્વને પાસ બોલાવી ઇશ્વરના અનેક અદભૂતોનું વર્ણન સંભલાવા કહેતો હતો; જે ગાનધર્વ ઘણીજ હોશ્યારીથી વર્ણવતો હતો અને પ્રતાપસીંહને ઇશ્વરી અંસથી છક કરતો હતો. પ્રતાપસીંહ એક વેલા ગાનધર્વ સાથ એક પાસથી અનેક ટાયલાં કરી રહ્યો છે ત્યમ બીજી પાસથી રાજનીતા પ્રમાણે શીરોઇ શફા કરેછે તેટલાં ત્યાં એક વીક્રાલ સીંહિ ધુસી આવી ગગડાટ કરી મેલ્યો. ગગડાટ થયાથી વાદલાંઓએ ધ્રૂજીને મેઘને છોડી મેલ્યો. મેઘ છૂટો થયાથી જમના સાથ તેનો સ્નેહ વ્હાઝીને રેલ વીખરાઇ ગઇ. રેલ વીખરાયાથી ગુફામાં સાગર ઉલટ્યો. આ ન ધારેલી ખુદરતના ઉલટવાથી પ્રતાપસીંહિ પેલા સીંહને પોકાર મારીને 'કનિષ્ટ' કહ્યો. વળી પ્રતાપ બોલ્યો "તું મ્હારા સીંહ નામે ભાઇ જેવો લાગીને મ્હારા સગા ભાઇ જેવો દગાખોર ને અવીચારી જણાયછે!" આ વીખ વાણીથી ચીડાઇ જઇ સીંહિ બીજો ગગડાટ કર્યો હતે અને હીમીલા ધ્રૂજી ગુફામાં પ્ર-

ગટેલા સાગરને ડાબવા પોતાના અંગનો થોડો ભાગ માહે મેલવતે તો પ્રતાપના હાડે હાડ માહે પૂરાઈ તે ત્યાં મૃત્યુમાં સમાયલો પાતાલ ભુમીમાં ગસ્યો હતે; પણ ગાંનધર્વે પ્રતાપને કહ્યું "માહરાજ આ સીંહ આપ ધારોછો તે નથી પણ સાક્ષાત શીવ પોતે આપ પાસ પધાર્યાછે માટે ચરન પડો ને સાષ્ટાંગનમસ્કાર તુર્ત કરી દો," પ્રતાપને આ સાંભલતાં વધારે ચેતવણી જોઇતી હતી નહી તેથી તે તર્ત ત્યાં ચરન પડયો કે શીવ સંતોખ્યા. તર્ત સર્વ સમાધાન થયું. શીવે કહ્યું "પ્રતાપ તને આજથી સમૂદ્ર સ્વાધીન આપૂછું. આજથી કૈલાસના દેવદેવતાઓ ત્હારી ઇચ્છા પ્રમાણે વર્તવામાં લેસ ખામી કરનાર નથી. જા મ્હારૂં તને વચન છે આ. આજથી ત્હારી આગ્નાને હીમાલય ને જમના પણ આધીન છે." સીંહસ્વરૂપ મૂખથી આ વાણી થઇ. પ્રતાપ તુર્ત શીવ સ્તુતી શ્લોક પઢયો. પોતાના કુવચનોની ક્ષમા માંગીને તે ત્યાં દાસ જેવો કર જોરી ઉભો. આ સમયે જમના નખસીખ અમૂલ્ય મુક્તા શૃંગારમાં સીંહ સ્વરૂપ શીવની ડાવીબાજુ ને હીમાલય જમની બાજુ કર જોડી ઉભાં છે. ગાનધર્વ પીઠે ને પ્રતાપ સામે કરજોડી રહ્યા છે. વાયુ તુરી દૂરથી બેઠો થઇ પોતાના આગલા પગો સાથ કરી દઈ તે પણ શીવનું સીંહ સ્વરૂપ ભજેછે. તેટલાં સીંહ આવ્યો તેવો ત્યાંથી ગૂપ્ત થયો અને ગૂફા ને પ્રતાપ ને ગાનધર્વ ને વાયૂ તુરી બ્યમના ત્યમ પોતાને આકારે બની ગયા. હીમાલા ને જમના તુર્ત બંને પોતાનું એકેક અલંકાર પ્રતાપને ભેટ કરીને અલોપ થયાં. આ રીતે પ્રતાપસીંહની દેવતૈસતામાં વધારો થયો. તેણે વાયુદેવને તેની સઘલી ફોજ સાથ પોતાની હજુર બોલાવવાનો શ્લોક મંત્ર ફુક્યો અને વાયૂ પોતાના ખાસ સેનાધિપતી તૂફાન સાથ પ્રતાપસીંહ જનાબ હાજર થયો, કે પ્રતાપે તુર્ત મુદ્દાસમેત હોકમ કર્યો.

"દેવ તુર્ત તું સ્વતાં એક સ્વર્ગ વીમાન લઈ આવ; હું બ્રહ્મા ને શીવ ને વીશ્નુના શ્વર્ગ ને નર્કસ્થાનો જોવું ને તે માંહે ગર્ક થયલા માહ યશ પુન્યમાન ત્યમ માહનષ્ટ પાપમાન આત્મા સંગાતે ભાષણ કરીને મ્હારો ઉત્સાહ સંતોખું!" પ્રતાપ હજી તો હોકમ કે અર્જના શબ્દો બોલેછે તેટલાં ત્યાં એંક ગોલાકાર વાદલરૂપી વીમાન પ્રગટ થયું. તેનું છત્ર ઉજલ જલજલાયમાન કેવલ માનવી ચક્ષુ ન્યાલતાંજ દીપાયમાન થઈ જાય તેવો પ્રકાશ પાડતું હતું. તે વીમાનને નવ વાયુ અશ્વ જોડયા હતા. જેઓ ઇચ્છાના બાંધ્યા ચાલતા હતા. તે વીમાનને ફરતી અપ્સરા ને ગાનધર્વોની ચોકી હતી. તે વીમાન જોતાંમાં પ્રતાપને તાજુબી ને ખુશી બન્ને બે બાજુ સમાન ભારબોજે ઉપજીછે. તે ઇશ્વર ચમત્કારનું ચીત્ર નીરખી રહ્યા સમયમાં વાયૂ કેવલ માહ યૂદ્ધાસ્વરૂપ ધારણ ત્યાં હાજર થઇ બોલ્યો: "માહરાજ વીમાનપે

ચઢો કે આપનો સ્વર્ગ જોવાનો અભીલાષ પરીપૂર્ણ થાય." આ સાંભળી પલમાત્ર વીલંબમાં પ્રતાપસીંહ નખસીખ શરાલંકાર સજી લઇ તે માહે ચઢી બેઠો. તેણે વીમાનમાં ગોઠવાતાં ગાનધર્વને બાજુ ચઢીને બેઠક લેવા સારૂ ઇસારો કર્યો ત્યમ ગાનધર્વ પણ વીમાનને વળગ્યો. વાયુ તુરી માત્ર ત્યાં ગુપ્ત રક્ષક જેવો ચરતો રહ્યો. વીમાન સ્વર્ગ ચઢયું. એક પછે એક આકાસ વટાવી વીમાન બ્રહ્માના સ્વર્ગને કોટ જઈ ઠર્યું. ત્યાં તેમાંહેથી પ્રતાપ હોંસથી કુદી પડયો. તો માત્ર ત્યાં એક અઠંગ પ્રકાશ રાજ્ય જોજનના જોજન લંબાયલું જોઈ તેની અકલ ચળી. બ્રહ્મા આ વેલા નવરા હતા. તે પ્રતાપસીંહને જોઈ ખુશ મીજાજે બોલ્યા: "માનવી મ્હારા સ્વર્ગમાં આજ ત્હારી પોતાની ઇચ્છાથી તે જોવા આવ્યોછે પણ અંતયે તો ત્હારી ઇચ્છા હો કિંવા ના હો તોય હ્યાં તું આવી ત્હારો વાસ કરશે." પ્રતાપે પ્રથમ તે સાંભળી પોતાના કર્તાને નમસ્કાર કર્યો. પછે નમ્રવાણી બોલ્યો. "પૃથ્વીપતી આપ મને સ્વર્ગ દેખાડો. ક્યાં પાંડવો ને કારવ રહ્યાછે?" બ્રહ્મા તે સાંભળી પ્રસન્ન થયા અને તર્ત એક દેવતે કવચ્છ ને મુગટ, પ્રતાપને શરીર ને સીર જડી લઈ બોલ્યા: "તને આ દેવતે નીશાન અર્પણ થયાથી આપ મેલે તે સર્વનો સ્માગમ થશે. જા સામે પેલા મહા પ્રકાશ કુંડ તરફ ત્યાં પાંડવો આનંદે બેઠાછે." બ્રહ્મા બોલ્યા ત્યમ પ્રતાપે દેવતે નીશાન જોરે પાંચ માહ પ્રતાપી યુદ્ધા પાંડવોને જોયા. જેઓ કીર્તવીટિલ સ્વર્ગ સુખમાં લીન થયા છે. ત્યાં વેદના શ્લોક આપોઆપ ગવાય છે. ત્યાં માહભારતના વચનો સંગીત શાસ્ત્રના મુખમાંથી વહેછે! જે સાંભળતાં તે પાચો માહ યુદ્ધાઓ શોકાતુર જેવા જણાય છે. પ્રતાપે આ શોક દેખાવ કારણ, નમ્ર ભાષણથી વચ્ચે બેઠેલા અજીત અર્જુનને પુછયું. અર્જુને ત્યારેજ કોઈ તે પાસ આવી ઉભો છે તે જાણ્યું. તે બોલ્યો: "યુદ્ધવી માનવી, શોક કારણ જાણી તું શું કરીશ? જે આજ કીર્ત કલગીર અમો પાંડવો સીર ચઢી છે અને બાકી પ્રજામાં અમારા બળ ને કર્મની બખ્યારી વખણાઇછે તે સ્તુતી શી વસ્ત છે? અમારા પોતાના લોહુમાં અમારી શીરોઈ સ્નાન કરીને શરાતનનાયરા બાટી, તેમાં અમને શો સંગીન લાભ થયો? માહભારત, સારી ભ્રતખંડ ગર્વ ધરી વાંચેછે પણ તે ગર્વ તે શો તેક છે? વેર ને મુંઢ સ્થીતી સંગાતે મળી જઈને અધર્મ પ્રકાશ થયો, તે ભાઇએ ભાઈને ને પીત્રાઇએ પીત્રાઈ મારી ખુબ નામદારી મેળવી! માહભારતના યુદ્ધમાં વેરની નદ ચાલી તેમાંહે જે કોઇપણ પડયું તે કોઈ તરાયત હતું નહી પણ સર્વ એકબીજાનું અતલગનું સગું હતું. અને તે અધર્મ જ્યારે પણ સાંભરેછે ત્યારે ત્યારે અમારા આસ્વર્ગી આત્મા, અગ્નીમાં જળી ભષ્મ થતા હોય એવો ત્રાસ વ્યાપેછે." ત્યાંથી નમી પ્રતાપ તેઓ પાસ

બીજાં સ્વર્ગ જોતો આગળ જાયછે; તો તેણે માહભારતના સર્વ શૂરાઓને નીર્ખ્યા, તે સર્વને શોકમાં વીટેલ જોયા. આ ના ધારેલ સ્વર્ગ પરદરશન જોયામાં તેને વૈરની ખરાબી ને ગર્વનો ખેલ સમજાયો. ત્યારે તે માહાન નર્ખસ્થાન તરફ વાળ્યો. ત્યાં તેણે દુર્યોધનને મસ ડુંગર જેવો ચટોપાટ પડેલો જોતાં તે પાંડવોના કહેવાની અસરમાં માહ શોકાતુર બન્યો. તેટલાં દુર્યોધનની નજર પ્રતાપસીંહ ઉપર પડી. તે બોલ્યો, "એ મરત માનવી તું હાં મ્હારી આ નીચ સ્થીતી ન્યાલતાં મ્હારો તીરસ્કાર મા કરીશ. હું એક વાર બ્રહ્માનો માનીતો ને દેવ દેવતાનો ઈષ્ટ મીત્ર હતો. મ્હારી ગદા પૃથ્વીને ભારી હતી. ઈશ્વર પોતે મ્હારી સર્વ ઈચ્છા પરીપૂર્ણ કરતા હતા પણ વીધાત્રીના કીંવા વીષ્ણુના ન્યાયે મ્હારૂં સીંહાસન પાંડવોએ જીત્યું. સાત દીવસ ને રાત્ર અમારી યુદ્ધમાં લખોલખ ભાઈભાંડું ને ઈષ્ટમીત્ર દેવી, દેવ, દૈત્ય ને ગાનધર્વ લડ્યા ને પડ્યા, તરેહવાર ચમત્કાર થયા, ને તરેહવાર તુરંગોએ યુદ્ધના રંગ ફેરવ્યા પણ અંતે જય પાંડવોનો થયો. માત્ર પાંચ વેર વીખ ધુની લીધેલા પાંડવો જીવીને ઈશ્વરનો ગર્વ સચવાયો. જો ઇશ્વરને નર્ખસ્થાનમાં મ્હારો વાસ કરવો હતો તો પછે એવડી કાપાકાપી ને ધનકલખલાટ ઉલટાવી દેવાનો શો હેતુ? મને ઈશ્વરનું મોહ જોવાને પણ ત્રાસ ઉપજેછે તો પછે સ્વર્ગ તો ક્યાંથી હું ચાહું? આ કાલું નર્ખસ્થાન મને આનંદસ્થાન લાગેછે. હ્યાંની વેદના મને હજી સુખયુક્ત થઈછે. હાઃહાઃ" આ દુર્યોધનનું ભાષણ સાંભળી પ્રતાપની છાતી કોમળ થઇ. તેની ચક્ષુથી એક અશ્રુધારા વહી. તેણે ત્યાં ગંભીર મુખ નમન કર્યું. તે પોતાને માર્ગ ચાલ્યો, અમીત નર્ખસ્થાન ને અમીત આત્મા વેદના પૂકારક જોતાં, તે ~~ઈશ્વર કર્મ સ્થાન~~ પાસીને બ્રહ્મા બેઠા હતા ત્યાં આવ્યો અને બોલ્યો "પૃથ્વીનાથ આ દેવતૈ નીશાન મ્હારા શરીરથી ઉતારી લો. હું સ્વર્ગ, નર્ખ જોઈ પૃથ્વી વળું." બ્રહ્મા બોલ્યા "માનવી તેં વેદશ્લોક મંત્ર પૂર્ણ ભાવથી ભજ્યાનો આ પ્રતાપ છે. આ મ્હારાં નવાજેલાં દેવતૈ નીશાન ત્હારી પાસ રહેવા દે. તું એ સાધણે ભવિષ્ય સમજી શકશે. જા તું વીમાન બેસી ત્હારા સ્થાને." એ કહેતાં બ્રહ્માએ વાયુને ઈસારો કર્યો કે તેણે પ્રતાપને આદરમાન સહીત વીમાને ચઢાવ્યો કે વીમાન મોજાની લહેર સમ પલક ન લાગ્યા સમયમાં આકસથી પૃથ્વી ઉતરી આવી બેઠું. પ્રતાપ પોતાના ગાનધર્વ સાથ ઉતર્યો. તેણે વાસુદેવને મેવાડના બોટા માહરાજા ત્યમ દગાખોર મંત્રીને ગુફા પાસ લાવવાને આજ્ઞા કરી. વાયૂ આજ્ઞા પ્રમાણે ઉડયો. પછે પ્રતાપસીંહે અમીને બોલાવી હોકમ કર્યોઃ—"મ્હાન પવિત્ર જગત માતૃશ્રી તું મ્હારી આ ઇચ્છા પૂર્ણ કર. અબઘડી આ ગૂફાને માહાન બલતી સજીવન મસાન બનાવ અને દાસનો અભીલાષ સંતોખ." અમી

તર્ત શરણ થઇ. તે ગૂફા, માહાન સજીવન મસાન બલી રહી. પછે હીમાલાને બોલાવ્યો "પીતા હીમાલયજી, સામી એક ખંડ શુંદર ઉડાવણીની સપાટ વીશાલ જગ્યા બનાવી દ્યો. ત્યાં હું જોગા જેવો બેસીને દગાખોરને સામી સજીવન મશાનમાં જ્યમ પુજારી પુંજાપાત્રીની વસ્તુ અગ્નીમાં હોમાવે ત્યમ હોમાવું." હીમાલા, પ્રતાપના હોકમ પ્રમાણે કામ કરી આલોપ થયો. પછે પ્રતાપે ગાનધર્વને હોકમ કરયો. "તું મ્હારી જમની બાજુ શીપાઈ શીકલ થઇ ઉભો રેહ. જ્યારે મ્હારો ત્રાસ જે ઉપર ઉતરે તેને ઉડાવી તું તે સામી સજીવન મસાનમાહે હોમાવ." વાયુ તૂર્ગીને આ આજ્ઞા કરી. "તું શ્રી જમનામાંહે હાલ સમાઈ બેસ." આ સર્વ નક્કી થયુંજ કે, મેવાડ ત્યાં આવી વસ્યું હોય એમ પેલો દગાખોર માહરાજા, પોતાના સઘલા રાજ્યાધીકારીઓ તથા પ્રજાસાથ, વાયુશક્તિ સ્વાધીન.સેજે ધસડાઈ આવી હાજર થયો. તેઓને દેખતાં સાબીત પૂરાવા ને વાતના વાદવીવાદ કરતો પ્રતાપસીંહ, કેવળ કોપદેવ સ્વરૂપ ધારણ કાલ પ્રગટયોજ. એક લેહજામાં કોટીમન લોહુ પી તૃપ્ત થનાર સજીવન અગ્ની મશાન 'આવ આવ' ભડકા જગાડી રહીછે. તેનું મોહ કોપેલા સાગર જેવું વીશાલ ને પેટ માહ તુફાન જેવું વીકાલ થયું છે; જેમાંહે મેવાડની કોટી પ્રજા એકી પલકે હોમાવાનો શક્તી શ્લોક પ્રતાપે બબડવા માંડયો. તે સાંભલીને એકીજ પલકે કોટી કકલાટ તલવળાટનું મસ તુફાન ઉઠયું. સર્વ એક પંકટીએ પ્રાણ મેલવાની શીક્ષા પામ્યા સમાન મૂર્છા પામ્યાછે. એક ખાપ્પી ઉપર બે ખવીસ આવી બેઠાછે, તેઓ પોતાના શીકારની ગરદન મરડીને સજીવન મસાનમાં હોમાવાની અણી ઉપર છે. તેટલાં ત્યાં એક અલૌકીક સ્વરૂપવાળી દેવકુવરી પ્રકાશ પ્રતાપસીંહને "ક્ષમા માહરાજ" બોલી અને નમસ્કાર કરતી ભાંય ઉપર પડી. પ્રતાપસીંહ તે કોમલકાન્ત સ્વરૂપવાળી સુંદરીને જોતાંજ રોમ રોમ શાંત થયો. એટલુંજ નહી પણ લાજથી કેવલ તાબેદાર જેવો પોતાના જોગાસનથી ઉતરી તે સુંદરીને મનાવી ઉઠાડવા લાગ્યો. "અહો દેવાંગ્ના સ્વરૂપ તને હું પ્રસન્ન છું, આ મ્હારૂં વચન છે. તને જોઇયે તે માંગ, હું તે બક્ષીશ. તું સુર્યવંશની રક્ષકદેવી છે. તેં મને મ્હારા દુશમન ને વેરીથી બચાવી મને ત્યમ તેને તો માહ અઘોર પાપ ને પશ્ચાતાપથી ઉગાર્યા છે. તું રંભા સમ સતીસ્વરૂપ મગધની રક્ષક ત્યમ મેવાડની માહરક્ષક નક્કી થઈ છે." આ સમય સફલ શબ્દો સાંભળી તૂર્ત તે સુંદરી બોલી "માહરાજાજી આપ જે બોલ્યાછો તે સત્ય હોય તો હું આપના સત્ય વચન પ્રતાપે આ માત્ર એક ઇચ્છા માંગી લેઉંછું કે મેવાડ જેવું હાલ ઉજાર કરયુંછે ને શંક ને બેખબરી પ્રજાને બંધાવી હ્યાં ધસડી મંગાવી છે, તે સર્વને અસલ પ્રમાણે

આપ ને આબાદીમાં સ્વદેશ વીદાય કરી દ્યો દગલબાજ ભાઇ ને મંત્રીને ક્ષમા દ્યો. આ માત્ર વરદાન માગુછું તે ફક્ત આપનો પ્રાણ આ નાશ કર્યા પછે પશ્ચાતાપમાં ના પીડાય તે એક માત્ર મ્હારો હેતુ, તે બક્ષો. મ્હારી ઇચ્છા પૂર્ણ કરો." ફરી તે સુંદરી સાષ્ટાંગ નમસ્કાર કરી મસ્તક ચરણે મેલી ભૂંઇ ઉપર પડી. પ્રતાપે આ અનધારેળ વરદાન માંગવાથી પોતાનું દીલ કચવાવ્યું. પણ આપ્યું વચન, તેથી તેણે સુંદરીની ઇચ્છા પ્રમાણે માહરાકતીઓને અર્જ કરી. પેલ તો હજી ક્યાં ગુજરીછે? તેટલાં તે સર્વ શોહોર અલોપ થયો. માત્ર પ્રતાપ ને ગાનધર્વ રહ્યા. સુંદરીએ ત્યાંથી અલોપ થતાં કહ્યું "માહરાજાજી મેવાડ ખાલસ થયુંછે. આપ ઇશ્વરી શક્તી શ્લોક મંત્ર જાણોછો તો ઈંદ્ર સમ સ્વરૂપે રાજધાણીમાં આકાશ માર્ગે ઉતરો ને રાજ્યપદ ધારણ કરી પ્રજા કલ્યાણમાં જન્મ સાર્થક કરો તોજ માનવી દેહ ધારણ કર્યાનો રોબ." આ શબ્દોએ પ્રતાપના મગજમાં પોતાની મજબુત મસલહત બેસાડી. તેણે તર્ત વીશ્નુમંત્ર ભણ્યું. તેણે ગાનધર્વ ને વાયુ તુરી તૈયાર કરી ગૂફામાંહે આરતી કરી. જ્યારે મધ્યરાત્ર થઇ ત્યારે ઈંદ્રનું સીંહાસન લઇ વીશ્નુ પ્રગટ્યા. પ્રતાપસીંહ વીશ્નુને જોઇ શીર નમાવી ઉભા. વીશ્નુ બોલ્યા "સુર્યવંશી શ્રેષ્ઠ આર્ય આ સીંહાસન ઉપર તું બેસ કે તે તને આકાશ લગી ઉંચે ચઢાવી પવનનો માર્ગ કાપતું કાપતું પ્રભાત વેલા મેવાડના રાજ્યમોહોલમાંહે ઉતારી મેલશે." આ વાણી બંદ થઈ કે વીશ્નુ અદ્રષ્ટ થયા પણ સીંહાસન જ્યમ રામનો દુત હનુમંત લંકાના સાગરમાં ઝોકતો તેમ ઝોકવા લાગ્યું. તે ઉપર પ્રતાપસીંહ ચઢી બેઠો. ગાનધર્વ ને વાયુ તુરી બન્ને તેની બન્નેબાજુ થયા કે સીંહાસન હવાનો માર્ગ કાપતું આકાસ લગી ઊંચૂ ચઢ્યું. તે ત્રણ જામ ઇશ્વર શક્તી પ્રકાશ ને ચમત્કાર કરતું પ્રભાત સમય મેવાડના રાજ્યમોહોલ ઉપર ઉતર્યું. તેનું ઉજ્યાલું સો સુર્ય પ્રકાશ્યા સમાન નગ્ર ઉપર પડયાથી સર્વ પ્રજા તરાય તરાય થતી તે કૌતુક જોવા ઘર બાહેર નીસરી પડી, તો પોતાના પ્રતાપી માહરાજાજી પ્રતાપસીંહને જોતાંજ નમસ્કાર કરતી "માહરાજા પ્રતાપસીંહકી જે જે" ચોધ્રરદમ પોકારી રહી. સઘળી મેવાડ પ્રજાએ પોતાના રાજ્યપતીના દર્શન કર્યાં. મેવાડ આનંદમાં ગરક ગયું પણ માહરાજાને તો પેલી પ્રાણરક્ષક મગધ રાજ્યકુવરીનો મોહ લાગેળ તેની ખોલમાં તે પડયો. તેના મનનો દ્રઢ ઠેડાવ જો તે સુંદરી તેને વરવા રાજી હોય તો તે સાથ લગ્ન કરી તેને રાણીપદ દીયે. પ્રતાપ, મેવાડ રાજ્ય મોહોલના ખુણે ખુણાં જોઇ વળી પોતાના દીલની માત્ર તે એક આશામાંહે ચકચુર થયો. તે આજકાલ આજકાલ કરતાં મહીના

૨ લગી તેની ખોલમાં રહ્યો પણ જ્યારે તેની કસી નીશાન પામ્યો નહી ત્યારે

તે બહુ ખેદ ધરી પોતાના વીશ્વાસુ ગાનધર્વને તે મોહીની ને પોતાનો મોહ, બન્ને ખોળી કહી ખાસ મસલહત પુછી. ગાનધર્વ બોલ્યો "બ્રહ્માના નીશાનનો પ્રતાપ કહેલો મને સાંભરેછે. આપ તે સુંદરીનું ચીતવણ કરો, તર્ત પત્તો મલશે." ગાંનધર્વે કહ્યાથી પ્રતાપને પૃથ્વીપતીનું વચન ભાસ્યું તેણે તર્ત તે નીશાનો સજી સુંદરીનું ભવીષ્ય ચીતવણ ધર્યું; તો તર્ત સજીવન અગ્ની મસાને તેને બાળી ભષ્મ કરી જાણી! આ ચીત્ર જોતાંજ પ્રતાપના રોમ રોમ ખનખની જઈને 'અગ્ની દેવ' એમ પોકાર થયો. અગ્ની તર્ત એક પ્રકાશ પાડતી અપ્સરા સમાન સુરતે ત્યાં માહરાજા હજુર પ્રગટી. તેને દેખતાંજ પ્રતાપે નમસ્કાર કરી કહ્યું "પૃથ્વીપાળક, મગધ મોહીનીનો આપે ભક્ષ કર્યો તે ફરી સજીવન કરો." અગ્ની પ્રકાશ બોલ્યો "પ્રતાપ તેં મને કોટી મન લોહું પાવાની લાલચે બોલાવી મને એક બુંદે ના દઈ તૃપ્ત કરી, તે કારણ તે માત્ર મગધ મોહીની! તેને મેં વાયુ સાથ બાઠ બાંડીને સઘળા નફામાં મેલવીને મ્હારું ગણું તૃપ્ત કર્યું, તેને સજીવન કરીશ ને હું ઘડી ઉપર તરસી રહી તે શું બીજા નીર્દોષનો જીવ પીસીસ? ના. તે અગર ત્યાં પ્રગટ થઈને વચ્ચે આવી હતે નહી તો હું વર્ષો લગાની તૃપ્ત થયલી ક્યાંઈ કન અનર્થ કરતે નહી. પ્રતાપ એ વાત તો સ્વપ્ને બનનાર નથી, પણ આ બને તે બનવા જોગ છે કે આપ તે મોહીની મંત્રમાં ફસાયા મ્હારા પાસામાં આપનો પીંડ સોંફો." પ્રતાપસીંહે ઘણા ઘણા વાણા કર્યાં. લક્ષ ડાકણોના લોહું પાવાને સમ લીધા. લક્ષ પીસાચોના પીંડ તેને સંતોષ્વા અર્પણ કરવા માંગ્યા, પણ સજીવન અગ્નીને તે અપવિત્ર પીંડ કે લોહુંનો લેશ ભાવ માત્ર થયો નહી, અને તે ત્યાંથી અલોપ થઈ. પ્રતાપસીંહને જ્યારે સજીવન અગ્નીથી નીરાશી મળી ત્યારે તેણે પોતાના આ ખાકી દુન્યાના સુખને રજા આપી. તેણે માત્ર પ્રજા કલ્યાણમાં પોતાની બાકી ઉમ્મર ગાલવાનું નક્કી કર્યું; તોય જ્યારે તેને તે પોતાની પ્રાણ રક્ષક મગધ મોહીની જોવાને બહુ આતુર્તા થાય ત્યારે ત્યારે તે વાયુદેવને બોલાવી બ્રહ્માનું વીમાન મંગાવી સ્વર્ગ જાય ને ત્યાં તે ગુપ્ત રીતે મગધ સુંદરીને જોઈ છાનોમાનો મરત પૃથ્વી ઉપર પાછો ફરે. એ તેનો ન્યમ તે જીવ્યો ત્યાં લગી જારી રહ્યો હતો. °

વલભીપૂરનો વીરસીંહ ને સીલાની સુંદરબા.

વલભીપૂરનો પાટવી કુવર વીરસીંહ તેજશ્વો શસ્ત્રાલંકાર સજી શીકારે નીકળ્યો હતો. તે એક મૃગ પાછલ લાગેલો યાહુમ ઘોડો ફેકતો પોતાના શરા રક્ષકોથી વીખોટો પડીને પોતાના ભાયાત કેસરીસીંહની જાગીર સીલાની સીમામાહે પેઠો. સીમાએજ કેસરીસીંહની કન્યા સુંદરબાનો મેહેલ હતો. ત્યાં તે થાકેલો પોતાના ઘોડથી ઉતરી પડયો કે કોઈ તૃવરની છાંયા માહે આશાયરા લે. આ વીચારે તે આગળ ચાલ્યો તો ત્યાં ખીલેલાં કોકમના સીધાં ઝાડની છાંયામાં કોક પદ્મની પોતાની શખીઓ સંગાતે સ્નેહપૂર્વક વાતે વળગી છે. આ સ્ત્રીમંડલ શો શબ્દાલંકારમાં મસ્ત છે તે જાણવાના હેતુએ વીર કોકમના તૃવરને એડે ઉભો રહ્યો; તેટલાં તેને કાને આ ભાષણ પડયું "મને તો આશા છે કે વલભીનો વીર વરશે. તે મને પરમસ્નેહમાં રીઝવશે. જો તે બલવંતો રાજપૂત તલમાત્ર મ્હારી સાથ તડછોડ કરશે તો નક્કી હું તેની હોશ્યારી, બલ ને ચતૂરાઇ જીતી તેનું આબ ઉતારીશ. મ્હારી ઇચ્છાથી લેસ આડો થયો તો સ્ત્રી કેટલાં માનપત્ર શ્રેષ્ટ સ્વરૂપ અવતરી છે; તે આબ દાખવવા ખાતર ખચ્ચીત હું માહાન પરાક્રમ કરીને તેનો તેના નામ ઉપર ઉજલ વરણ જસ ચઢાવું. તે જાણે ના ત્યમ મ્હારી ચતુરાઇથી તેને જીતીને પછે હું મારા ખરા હકના પ્રતાપે તેને મ્હારો પ્રાણસ્નેહી પતી સ્થાપું તો હું સીલાની સુંદરબા ખરી, નીકર હું સ્ત્રી ના પણ સ્ત્રી." વલભીપૂરનો વીરસીંહ પાંછળથી તે પદ્મનીનું ભાષણ સાંભલી તે સાથ લગ્ન કરીને અખતરો અજમાવી જોવાને લોભાયો. તે આવ્યો તેવોજ કોકમના ઝાડને ઓડેથી ત્યાં ઉભેલાંને કસી જાણ ના પડે તે પ્રમાણે ખસી ગયો. જ્યારે પોતાને મેહેલ આવ્યો ત્યારે પોતાના પીતા પાસ જઇ સીલાની સુંદરબા સાથ પોતાનાં લગ્ન કરવાને ઇચ્છા કહી જણાવી. માહરાજાએ તે સાંભલતાં પ્રથમ તો દીલ સંકોચાવ્યું પણ અંત્યે પોતાના પૂત્રનો બોલ ઊંચો કર્યો માહરાજાએ પોતાના ભાયાત કેશરીસીંહને તૂર્ત તેડાવ્યો ને પાટવીકુવરનો ઇરાદો કહી સંભલાવ્યો. કેસરીસીંહને તો વાંધો હોય શેનો? વલભી-

નગ્રના માહરાજાના શૂરા પૂત્રને પોતાની સતી કન્યા દેવી એ તેની શોભામાં અત્યંત વધારો કરનારી વાત હતી. તે વાત નક્કી થઇ. રાજ્ય યોગ્ય લગ્ન ક્રીસ્યા થઈ. સીલાની સુંદરબા વલભીપુરના રાજ્ય મોહોલમાં આવી ઉતરી. વીરસીંહે પોતાની વાહલીને જોઈ તો તેની ખુબસુરતીમાં કસી મના હતી નહી. ચંદ્રના ગોલાને બ્રહ્મા ને વીષ્ણુએ નકસી કરીને તેની માનવી શીકલ ઘડી હોય એવી દેવાંગ્ના સ્વરૂપવાન સુંદરીને જોતાં રાજપુત્રને મન પા ઘડીએ વ્યોગ કરવા ગમે નહી પણ તે કરે શું? તેનો હેતુ તે સુંદરીને વરવામાં તેના કહેલા વચનોનું સત્ય અજમાવાનોજ હતો. તેથી તેણે તૂર્ત પોતાને મન નક્કી ઠરાવ કર્યો કે કોઇ કાલ તે પદ્મનીનું મોહ જોવું નહી. તેણે સાવ દ્રઢ વીચાર રાખ્યો કે 'સુંદર જ્યાં લગી પોતાની બોલી ખરી પાડી દેખાડે નહી ત્યાં લગી આ અટકાવ કોઈ દેવતાના પણ વચ્ચે પડવાથી હું ભાંજનાર નહી.' આ પ્રમાણે સુંદરબાને સ્વપ્ને જે વિયોગની ખબર નથી તે વિયોગમાં વીરસીંહે પોતાની સ્ત્રીને સતાવાને છેક નીર્દયતા વાપડી. સીલાની સુંદરબા પરણીને પ્રેમના પુર્ણ લાહવા ભોગવવાના ખ્યાલી તુરંગોમાં લીન થયલીએ પોતાના પતીના વિયોગે પોતાના પ્રાલબ્ધને દેવાયા તેટલા શ્રાપ દીધા. વલભી મેહેલમાં આવી તે પલકથી એક બંધવી જેવા ઝાપટામાં ગંધાઈ રહ્યાથી તેને વિયોગે એટલી ઉસકેરી કે આ તેની સ્થિતીમાં તે ઘણીજ અકલાઈ તુર્ત પોતાની વીશ્વાસુ દાસીને બોલાવી પુછવા લાગી કે "મ્હારા પતીરાજ વીરસીંહ રાજધાણીમાં છે કીંવા કોઈ દુશમન ઉપર ચઢાઈ લઈ જવામાં ગુંટાયાછે?" દાસી આશ્ચર્ય થઈ કહેવા લાગી "બાઇ સાહેબને શું કહું? તેઓ તો રોજબરોજ રાજય દરબારમાં કૃષ્ણ સ્વરૂપ ધારણ કરી માહરાજાના સીંહાસન પાસ કનક આસને બેસેછે ને શૂરના તડાકા મારી કાલ ગુમાવેછે. આજ માહબલી કાલીકાના મંદીરનો વર્ષનો મેલો રાબેતા પ્રમાણે ભરાવાનો છે ત્યાંની ક્રીસ્યા વીરસીંહજી પોતે પોતાને હાથે કરનાર છે. બાઇ સાહેબનો શોખ હોય તો મૂકતા મેના મંગાવું. ત્યાં જવાને સઘલી મોટાં ઘરની સ્ત્રીઓને છુટ છે." સુંદરબા બોલી "મંગાવ મેના, પણ ખમ ટાંગો હોય તો ઠીક પડે કે તને સંગાતે લેવાને બની આવે." "હું આપણા ચરન પાસ બેસીશ, મેનામાં માન છે. ટાંગાના જરી પરદા પવને ઉડયાથી તીરાયત નેન મેલો થાય તે આપ સતી પદ્મનીને ઠીક પડે નહી" દાસી બોલી. બાએ જવાબ દીધો "જ્યમ તને દરૂસ્ત પડે ત્યમ કર."

સંધ્યાકાલ સુંદરબા સાવ લક્ષ્મી સ્વરૂપ ધારણ કરીને મેહેલ દરવાજે મૂકતા મેના આવી હતી તેમાંહે પોતાની દાસી સંગાત બેઠાં. છ ને છ બાર ખાંડીઆ મેના ઉઠાવી વીજલી માફક ચાલતી થઈ. કાલીકાના મંદીર પાસ

હજારો સ્ત્રીસુવર્ણ શૃંગાર ને નવાં વસ્ત્રાલંકાર ઠાઠમાઠે સ્વરૂપાળીબની ઠની આવી ઉભી હતી. કોઈ પૂષ્પ તો કોઈ સીંદુર, તો કોઈ ચોખ્ખા ઉછાળી વધાવી કાલીકાના દરશણ કરી પરવારતી. કોઈ વળી કનક પૂષ્પ તો કોઇ ચાંદી ચોખ્ખા ત્યાં ચઢાવી ગર્વ ધરતી, કોઇ પુષ્પ સંગાતે નાસ્થલ ને સાકર તો કોઇ તેલની ધાર નમાવી રીજતીઓ વગેરે ભીનભીન ચઢાવ કાલીકાને થતા હતા. છેક સાંઝનો વખત થયો કે વીરસીંહ રાજ્યના વડા મંત્રી ને મોટ મોટા દરબારી સાથ ત્યાં શુરવીર સ્વરૂપ ધારણ કૃષ્ણજ આવ્યા. તેને આવતાં જોઈ હજારો સ્ત્રીએ આનંદનાં ગીત લલકાર્યાં. કંઇક તો છેક પાસ જઈ તેના મસ્તકને પોતાના કર લાગે ત્યમ હેત કરીને વારી ગઇ! કંઇક તો પુષ્પ વધાવા કર્યા વગેરે તરેહવાર પ્રેમ સ્વરૂપ પ્રકાશ્યાં. વીરસીંહ માહ નીતીમાન રાજપુત્ર પોતાના પીતાના રાજસ્તાનની શોભાનો ઝલકતો તારોજ હતો. તેણે તે સર્વ સ્ત્રીઓનાં હેતદાન પૂત્ર પ્રમાણે ઝીલ્યાં; પછે તે કાલીકાના દેહડામાં પેઠો. ત્યાં તેણે પોતા સંગાતે લાવેલાં દેવીમાતા યોગ્ય દાન ચઢાવ્યાં. બ્રાહ્મણોએ દેવી સ્તુતી શ્લોક ગાયા. પુંજારીઓએ દેવીનું અંગ પય ને મધુએ ધોયું. દરબારીઓ ત્યાં સાષ્ટાંગ નમસ્કાર કરી પડયા. શુરો ફક્ત કીંકર સમાન થઈ ત્યાં ભગ્તીના મંત્ર ભજવા લાગ્યા. આ સઘલી ક્રીયા થઈ રહેવા આવીછે તેટલાં ત્યાં મુકતા મેના આવી તેનો પરદો ઊંચકાઈ માંહેથી વીજલી સ્વરૂપ પદ્મની સુંદરબા ઉતરીજ. તેણે વીરસીંહ પાસ જઈ ઉભી રહેતાં માતાને પોતાના ગલામાંથી મુકતાહાર અર્પણ કર્યો અને બોલી "કાલીકાદેવી માત મ્હારા પતીને સર્વ સુખ સંપાદન કરાવજો." આ ઓચીંતી પ્રગટ થતી વાણીથીજ વીરસીંહ ક્રીયા પૂરી થતામાં ચોંક્યા તે જોછે તો પોતાની રાણી પદ્મની સુંદરબા નખસીખ મુકતા શૃંગારમાં લક્ષ્મી અવતારજ ત્યાં પ્રગટી હોય એવો તેજસ્વી ભભક ઝલકી ઉઠયોછે. તે જોતાંજ વીરસીંહે મેહેણું માર્યું "કયમ પતીને પરાક્રમ દેખાડયું ને જીતી આવ્યાં?" આ સાંભળતાંજ સુંદરબાને પોતાની વાડીમાંનાં શખીઓને કલાં વચનો સાંભર્યાં. તે સેનનમાં સમજી ગઈ:—"કે ભ્યાં છે ત્યાં વીરસીંહ કોઇ વીચીત્ર સંયોગે સ્વતા મ્હારા મેહેલવાલા બગીચામાં આવેલા કોકમના ઝાડને ઓઠે રહી મ્હારાં કહેલાં વચનો સાંભળી લીધા પછેજ મને વર્યાછે. આજલગી મ્હારા મહેલે આવ્યા નહી ત્યમ મ્હારો બ્યોગ ધર્યો તેનું ખાસ કારણ પણ આ." પણ પતીને પોતાના મનની મરછા જાણ ના પડે માટે કમલ ખીલ્યા પ્રમાણે હસી પડી બોલી "સ્વામીરાજ સ્ત્રી માત્ર મુર્ખતાની પેટી છે. તે જે કોકાલ બનવું મહાલ તેવા તરેહવાર ભાષણ કરીને અભાવ મેલવવામાં પ્રખ્યાત છે. આપ તો ચતુરસુજાન છો." વીર બોલ્યો

"કહેલા વચન અમલમાં આણો નહી ત્યાં લગી ત્હારો ને મ્હારો સ્નેહ મેલો કોકાલ થનાર નહી." વળી સુંદરબા જાઈ પુષ્પના પવને હીલવાના ઢંગ સમ નખરાંએ હાલીને પાસથી હસી ખસ્યાં ને તર્ત મુકતા મેનામાં પોતાની દાસી પાસ આવી ચઢી બેઠાં કે બાર કુમારીકા ઉજલપટ પેહેલી, દરેક દાં અર્ધ અર્ધ સંખ્યા ગોઠવાઈ, અંધકારમાં ઉજયાલું પાડતી મેના ત્યાંથી ઉઠાવી ચાલીજ. આ બનાવ જોતાં વીરસીંહની અકલ તો ઘડીભર ચલી ગઈ. તેણે માત્ર પા ઘડી આંખો વીંચાઈ ચક્રમાં સ્વપ્ન આવી ગયા સમ પોતાની મા. નુની સ્વરૂપ દેખ્યાનો મેલો થયો હોય એવો કાંઈ અદભૂત પ્રકાશ પાસે ઠરી અલોપ થયલો જોયો. વૃદ્ધ મંત્રી ને બીજા દરબારીઓને તો વીરસીંહ ને સુંદરબાના મેલા ને ભાષણ થયાની જાણ પણ પડી નહી! તેઓએ જ્યારે નમસ્કાર રૂઢીથી મસ્તક ઉઠાવી કાલીકા માતનું સ્વરૂપ ન્યાળ્યૂં ત્યારે તેની ડોકે ઓલવાયલી મુક્તા માળા ન્યાલતાંજ સર્વે જનની ચક્ષુ વીરસીંહ ઉપર એ-કાતગર પડી! વીરસીંહ આમ દરબારીઓના તમાસાનું બીંદુ થઈ પડયાથી, લગાર સંકોચાયો પણ તે દેખાવ માત્ર પલ રહીને સદા પ્રમાણે શરાતને ક્રીયા પૂરી કરી ત્યાંથી રાજદરબારે વલતી સ્વારીને મુખ્ય તૂરંગ ઉપર શોભી રહ્યો.

પદ્મની સુંદરબાએ પોતાના પ્રીય પતીનો મર્મ જાણીને પોતે બાગની હરાંઈ ઘટામાં બેતંબાઇથી બોલેલા વચનો બજાવી સૃષ્ટીમાં સ્ત્રી શીયલતા ને શરાતનનો હાક બેસાડવાને હર્ષ ભેર દૃઢ ઠગવ રચ્યો. ગુજરી વાતનું પૂર્ણ સ્મરણ થતાં શ્રેષ્ઠ પ્રકારે પોતાના આપનું માહત્મ્ય પતીરાજને દેખા-ડી દઇ લજાવવાને નક્કી ઠરાવ રાખ્યો. તર્કશાસ્ત્રનો અભ્યાસ ઠીક કર્યો હતો ત્યમ તેને ખુદરતીજ તે બેસતી આવી હતી તે તર્કશાસ્ત્ર આ વખત તેને અચ્છું સહાયકાર થયું. એક પત્ર તેણે પોતાના પીતાને લખ્યો કે "એક અમુલ્ય રાજવંશી ચક્રચક્રીત કવચ્છ, એક આકાશ સાથ ઉડીને લાગે તેવા આબદાર તુરી, યુદ્ધના સર્વ સરમ હથ્યાર અને એક રાજકુમારને વર્ષ લગી માહરાજા પ્રમાણે નીભાવ થાય એટલો ખજાનો, તુર્ત મોકલવા સાથ મ્હારી જગ્યોની તૃણીએ રવાના કરવી." આ લખાણનો રૂકો પોતાના પતી એ કેહેલા મંગલ ફરી કર સાથ કર લગાડી આપેલી વીંટીનું નંગ કાઢી તે માંહે મેલી તે નંગ ચપટ બેસાડી દઈ પોતાની દાસીને હવાલે કરી કહ્યું:—"જા, સખી આ અંગોઠી લઈ તું મ્હારા પીતા સીલાના કેસરીસીંહને અને કહે કે વીંટી નંગના પાસાથી અલગી થઈ છે તે નવેસરથી સમી કરાવી મો-કલો." ચતુરા કુવરીનો માર્મીક સંદેસો માહરાજા કેસરીસીંહ અંગોઠી હા-થમાં લેતાંજ પામ્યા. અંગોઠી સવાધીન લઈ સંદેસાવાલાને 'ઠીક' કહ્યું, કે દાસી આવી ત્યમ પાછી ફરી. કેસરીસીંહે ખૂબ તે અંગોઠી તપાસી અં-

ત્યે નંગ ઉખેડી કાઢયું, તો તે માહેની વાત જાણી ચીંતાતુર થયો કે 'મંગાવેલી વસ્તુ કયમ મોકલું?' અંત્યે ખૂબ ગોરથી પોતાની કુવરીની ઇચ્છા પરીપૂર્ણ કરવા માટે તેણે પોતાના મેહેલથી સુંદરબાના વલભી રાજ્યમેહેલ લગી ભાંય ટળ્યેથી સરંગ મેલી એક સલંગ માર્ગ કોરી કઢાવ્યો. પછે મેહેલની સર્વ વાતથી કેલવાયલી ચંચલ ગોરીને મરદાની રાજ્ય પૂત્રના પેરવેસે એક દેવતૈ ઘોડેસ્વાર કરી પોતાના મેહેલના તે ભાંયરાંના માર્ગથી તે દીકરીના મેહેલના ચોકલગી પહોંચાડી. કેસરીસીંહનો લીધેલો અથાગ શ્રમ ને ચલાવેલી સ્તુતીપાત્ર બુદ્ધીથી સુંદરબા બહુ રીઝી. સુંદરબાએ તર્ત પોતાનાં લુગડાં ને આભૂષણ પીતાએ મોકલેલી ગોરીને સજાવ્યાં. પોતે તેને સર્વ યોગ્ય ખુલાશો કર્યા પછે પોતાની પદ્વી ખૂબ ચોકાસીથી સમાલી લેવા કહ્યું. ત્યમ તેનો જીવ જતાંએ આ છાની વાતનો શબ્દ બાહેર કાઢવો નહી, એવા સમ દઇ કરી વળભી મેહેલમાં લગારે ફરક વગરની તેને પોતાની જગ્યે સુંદરબા બનાવી. તે મધ્યરાત્રે ત્રણ ઘટીકા સમય વીટયા પછે તે ગોરીએ લાવેલા યુદ્ધાપતીના અલંકાર ધારન કરીને રત્નસીંહ નામે તે ગુપ્ત માર્ગથી બાહેર નીસરી ત્યાં વલભી નગ્રમાં જાહેર પડી. સુંદરબાએ પોતાના પીતાએ મોકલેલી વીશ્વાસુ ગોરીને મેહેલના સર્વ ગુપ્તદ્વારો ને ખટપટોથી એટલી વાકેફ બનાવી હતી કે મેહેલની બીજી દાસીઓ તે ફેરફાર પામી શકી નહી, તો પછે નોખી ને કદાચ હજુરમાં આવનારીઓને તે શો સમજાય? એ રૂઢીએ સીલાની નવીન ગોરી સુંદરબાની જગ્યો જાલવી રહી.

આપણી સીલાની આબદાર સુંદરબાએ હવેથી રત્નસીંહ નામ રાખી પોતાના હઠીલા પતી વીરસીંહને વાડીમાં કોકમના તૃવર છાયે બેસી કહેલા વચનોનો સંપૂર્ણ ભાસ પાડવાને કમર બાંધી. તે પોતાનું પાણી દેખાડવા સારૂ મરદાની વેશ લઇને ઘોડેસ્વાર થઇ વલભીપૂરમાં આશકારા થઇ.

વલભીનગ્રના માહારાજાની દરબાર રાબેતા પ્રમાણે ભરાઇછે. રાજ્યાધીકારીઓ પોત પોતાની પદ્વીએ ઠરી જઇ માહારાજાને પોતાના જોખમદાર કામોનો ખાતરી પુર્વક સંતોષ પમાડે છે. પાટવી કુંવર વીરસીંહ રાજ્યના સેનાપતીઓ સંગાતે પરોશી રાજ્યોના સંબંધોમાં સુનોચર ચલાવેછે. માહારાજા દરબાર દરમ્યાન સીંહાસન ઉપર સૂર્ય સમાન સ્વરૂપે ઝળઝળ થઈ રહ્યાછે. તેઓના શરીરે રાજ્યભુષણો અલૌકીક શોભા દીપાવેછે. વીરસીંહ બીજા રાજ્યકુંવરો દરમ્યાં પોતાને મસ્તક ચઢાવેલા અમૂલ્ય રત્નોના મુગટથી ઓળખાઇ આવેછે; ત્યાં બીજા રાજ્ય કુંવરો કનક મુગટ ને કનક આસને દેવતા સ્વરૂપ બીરાજ્યાછે તેટલામાંહે ત્યાં કોઇ શોર મચ્યા જેવો રંગ થઈ રહ્યો. દરવાને અવાજ કર્યો. માહારાજા ને રાજ્યકુ-

મારો ત્યમ દરબારીઓનાં મોહ ઊંચાં થયાં. સર્વની નજર દરબાર દીવાન-ખાનાના પ્રવેશ દરવાજે લાગી. સર્વજન એક માહપ્રતાપી ખુબસુરત સીધા બાંધાના યુદ્ધાલંકાર સજીત રાજકુવરને જોઈ છક થયા. માહરાજાએ સીંહાસન ઉપરથી તેને માનની નજરે આવકાર દીધો. પાટવી કુંવરે પણ ત્યમજ. વળી બીજા રાજપૂત્રોએ લગાર બેઠકથી ઉઠીને પોતા વચેના એક દરજાવાલા આસને બેસવાને ઇશારો દેતી ડોક કરી; પણ પાટવીકુવરે તો તુર્ત પોતાના આસનથી ઉઠી સામા જઈ તે નવા પ્રવેશકાર રાજ્ય કાંતીવાલાનો હાથ પકડયો ને દરબારમાંહેની પોતા પાસની શ્રેષ્ઠ બેઠક આપી. રાજ્ય કાનૂન પ્રમાણે ખેમકુસલ પૂછાતાં ઓલખ ને નામ માટેનો પ્રશ્ન માહરાજા મેલી જોતા રહ્યાછે, તેટલાંજ નવા પ્રવેશકારે માહરાજાના મેલાયલા ઉત્તરમાં રાજ્યવંશી છટાથી જણાવ્યુ: "વલભી રાજ્યના માહરાજાને આ મ્હારી ઓલખ બસ થશે કે મ્હારૂં તુકમ પ્રતાપી રાજ્યાધીરાજોથી ઉતર્યુંછે. દીલગીર છું કે હાલમાં મ્હારા પ્રતાપી પીતાનું નામ દઈ શકતો નથી, સબબ તેઓ સંગાતે મને ખટપટ થયાથીજ તે બલવંતા માહરાજા ને તેઓના રાજ્યની હદ વટાવી દઇ હું હ્યાં અકેલસ્થીતીએ આવી લાગ્યોછુ. મ્હારૂં નામ સાદું રત્નસીંહ છે, પણ વલભી રાજ્ય જેવાં જબરાં ને ન્યાયી રાજ્યના માહરાજાની દરબારમાં મ્હારો ઠરીઠામ થયાથી હું પોતાને મોટો ભાગ્યશાલી સમજુછું. હું દ્રવ્ય કે દરજાનો ભુખ્યો નથી. અગર મને આ રાજ્ય, એકાંત પડી રહેવા દેશે તો હું મ્હારા સદગુણમાં મ્હારો કાલ પુરો કરીશ. અગર માહારાજાની મરજી હશે તો હું કોવેલા દરબારમાં હાજરી પુરીશ. વખતે કોઇ યુદ્ધ કે તેવી અઘડી વેલામાં મને શામીલ કરશો તો મ્હારા પરાક્રમની નોકરી હજુરમાં મેલીશ. મ્હારી ઇચ્છા માત્ર મ્હારૂં ભાગ્ય જ્યાં મને લઈ જાય ત્યાં જઇ લાગીને કોઈ બલવંતા માહરાજાની ખાસ રક્ષક સેનામાં નામ નોંધાવી રહું અને વખત આવે તો યશશ્વી શૂરાતનના સંયોગે જગતમાં દીપાયમાન નીવડું. મહારાજાને જાણ થવી જોઇયેછે કે જ્યારે હું મ્હારી વીખ્યા શીરોઇ સાથ રનસંગ્રામમાં મ્હારો તુરી યાહુમ હોમાવુંછું ત્યારે ગમે એવા બલિયા શત્રૂનું સેન સેજજ સાફ કરી નાખુછું. આ મ્હારી સાદી ઓલખ ને પરાક્રમ પોથી છે." માહરાજા જવાન રત્નસીંહના કનૈયાની વેનાના મધૂર સ્વર જેવા શબ્દો સાંભલી તે ઉપર એટલા રીજી ગયા કે તુર્ત તેઓએ તેને પોતાના રાજપૂત્રોમાં દાખલ કરી રાજ્ય દરજજે ખીતાબત ને રાખ્યાણું નવાજ્યું ને ખાસ પોતાના પાટવીકુવરના મેહેલનો એક ખંડ સ્વાધીન કર્યો. તેને રક્ષક નોકરોનો એક રસાલો હવાલે કર્યો. પાટવીકુવર તો તેની ખુબસુરતીથી તેને વસ થઇ તેનો દીલજાન મીત્ર થઈ ગયો.

રત્નસીંહ દીવસે રાજ્ય કચેરી ને રાત્રે રાજકુવર મંડલે ભેલાતાં તે સઘલાનો અતી પ્રીય સોબતી થઇ રહ્યો પાટવીકુવરને તો તેની લેહ લાગેલી, તેનો તો તે ખાસ માનીતો ને મીત્ર થયો. પાટવીકુંવર તો તે વનાપલ પણ કાઢી શકે નહીં. તે બન્ને વચ્ચે એવી ગાંઠ બાઝી કે બન્નેનો પલંગ પણ એક, પોશાગ પણ એક સરખો, રંગ પસંદગી પણ એક સરખી, શસ્ત્ર પણ એક ચમક ધમકના, ચાળચલનની ઢપ છબ પણ એક સરખી, અને બોલવા ને જોવાની રૂઢી પણ એક સરખી થઈ ગઈ. રત્નસીંહને પણ તે જોઈતું હતું. તે તેની તો પતિવર્તા પરણી રાણી સીલાની સુંદરબા માત્ર રત્નસીંહ નામે પોતાનૂ કામ બજાવવા ત્યાં રાજ્ય મંડલમાં સામીલ થઇ હતી. પાટવીકુવર જો કે રત્નસીંહનો દીલલગ મીત્ર થઈ ગયો હતો પણ તે નવો આવેલો કોણ ને શો હેતૂ રાખેછે તેથી તે બીલકુલ અજાણ હતો.

વલભીપૂરમાં હાલ એક જબરી બલા પ્રગટી હતી. તે બલા એક જબરો ગરૂડ સંધ્યાકાલે આકાસથી ઉતરી આવી દરવખ્ત બે ચાર મનુષ્યો ઉઠાવી લઈ ઉડી નીકલી જતો હતો; તેથી તેનો તે નગ્રમાં માહત્રાસ પેસી ગયો. સંધ્યાકાલ થતાં પહેલાં કીલ્લાનો દરવાજો બંધ થઇ જતો હતો. રૈયતલોક ઘડીક દીવસ રેહતાં પહેલાં પોતાના મકાને ગરી જઈ દ્વાર લગાવતાં હતાં. નગ્ર કોઈ નઠારી આફતમાં આવ્યા સમાન ઉલટ પુલટ વીલાપ ને દુઃખનું રાન દીસતું હતું. આ આફતની રાજ્યદરબારમાં મોટી રગજીક ચાલીછે તેટલાં રત્નસીંહ કોઇ દેવતા દીપ્યમાન સમાન ત્યાં પાટવીકુંવર સંગાતે રેલછેલ હાસ્ય કરતી રૂઢોએ દાખલ થયો. માહારાજા તેને જોઈ ચોંકયા કે આ દેવ સમાન સ્વરૂપ કોણ તુકમ ધરાવનાર છે કે મ્હારા હાડેહાડ આજ કંપવેછે? તેટલાં ત્યાંની વાત જાણતાં રત્નસીંહે માહરાજા પાસ તે ગરૂડની યુદ્ધ માંગણી કરી. રાજ્યદરબારી વગેરે ત્યાં દરબારે બીરાજમાન થયલા સર્વે તે રાજવીર જવાનની હીમતથી રાજી થયા પણ અચરતીની હદ રહી નહી કે આ સોધો પટલા બાંધાનો જવાન, રાક્ષસી ગરૂડ જેવી બલા સામે કયમ ટકી શકસે? રત્નસીંહે સેજ દીમાં સર્વેનો પ્રેમ હરન કરેલો તેથી તો સર્વે જનનાં મોહ લેવાયાં. જાણે દરેક રાજ્યદરબારીને તે વેલા પોતાનો અતલગનો સગો કાલના મોહમાં ચાલ્યો જતો હોય ત્યમ લાગ્યું; ત્યમ પાટવીકુંવર તો માહ ખેદયુક્ત થયલો દીસ્યો. પાટવીકુવરે તો તે વેલા રત્નસીંહને પોતે જાતે તે કામમાં સહાયત્તા દેવા જણાવી. એ પ્રમાણે વલભી રાજ્યની દરબારના માનીતાં થયલાં રાન તરફ સર્વનો પ્રેમ ખેંચાયો. રત્નસીંહે ગરૂડયુદ્ધનું બીડું ઝડફ્યા પછે તૂર્ત લુહારોને બોલાવ્યા. તેણે તેઓ પાસ એક લોખનનું મસભારી પુતલું ઘડાવ્યું. તે ઉપરથી તમામ જીના શસ્ત્રથા મઢી

લેવાડ્યું. તે પુતલું માહેથી પોકલ રખાવ્યું કે પોતાને તેમાંહે ભરાઈ બેસવાને બની આવે. તે પુતલું પેલા ગરૂડ આવ્યાના માર્ગમાં મેલાવ્યું. તેણે પાટવીકુંવરની છેલી ભેટ લીધી. ગરૂડના યુદ્ધમાં આવ્યાની મના ને સમ દઈ માહરાજાપાસ લઈ ગયો. માહરાજાને પાટવી કુવર સ્વાધીન કરી ત્યમ તેઓની છેલી આજ્ઞા લઈ તે યુદ્ધ કવચ્છ ને શસ્ત્ર સજી કરી પુતલાં તર્ફ ચાલ્યો. આજ રાબેતા કરતાં બે ઘડી જલદી,નગ્રલોક ઘરે ભરાઇ બેઠું; તેથી વલભીપુર કો સ્હુન દૈત્યાસ્થાન હોય એવું સ્વરૂપ ધારન કરી રહ્યું. રત્નસીંહ પણ ઘડી વહેલો પેલાં લોખન પુતલામાં ભરાઇ ગયો. સાંઝપડી કે ગરૂડ આકાસ કાલો કરતો હેઠલ ઉતર્યો. તેણે પ્રથમ નગ્ર ઉપર બે ત્રણ ચક્ર ફેરા દીધા અને કોઈ હાલતાં ચાલતાં મનુષ્યનો છુટો શીકાર નજરે નહી દીસ્યા પછેજ પેલા લોખન પુતલાં ઉપર તલપી આવતાંજ તે ઉપર પોતાના પંઝાની ત્રાપ ઝારી, કે પુતલાંને મઢેલાં તેજવીખી શસ્ત્રથી તે ઘાયલ થઈ તે ઉપરજ ફસડાઈ પડ્યો. તે જોતાંજ રત્નસીંહે રખાવેલા બગારાંથી બાહેર નીસરી આવી શીતાબ શીરોઈ ગરૂડના કાલજે ઓસી બેસાડી લોખન પુતલું ઉલટાવી તે જબર બલાને ડાબી દીધી. એથી ગરૂડ જખમી મરત તોલ થયો. વળી છેલો બીજો ઘા રત્નસીંહે તેની ડોકમાં કર્યો તેથી તેનો જીવ એક કારમી ચીસ મેલતાં માહે ગયો. રત્નસીંહ આ યુદ્ધચરા બાટીને તે ગરૂડ ઘસડતો ઘસડતો રાજ્ય મેહેલ ગયો. ત્યાં પોતાના ખંડમાં તે લઈ જઇ પોતાના પલંગ હેઠો પોતાની ઢાલે ઢાંકીને યુદ્ધાલંકાર કાઢી સાદાં કપડાં પેઢીને સુતો. વહાણામાં નગરની સઘલી રૈયત પોતાના માહરાજા, પાટવી કુવર, રાજ્યકુવરો ને રાજ્યાધીકારીઓ વગેરે સરકારી અમલદારો સાથ મેદાનમાં ટોલે જમાવ થઇ તો ત્યાં લોખનપુતલાંશીવાય કાંઈ નજરે પડયું નહી. ફકત લોહીની નીખ ચાલી રહીછે તે પીવા ઉપર કાગ ને સુરી ઉલટી પડ્યાં છે. સર્વ આ ચીત્ર જોતાં રત્નસીંહ માટે શોકાતુર થયા. પાટવીકુવરનો તો જીવ જતો રહેતો હોય એવો તેનો ફીકો ચેહેરો ત્યાં સઘલાના જોવામાં આવ્યો. માહરાજાનું મૂખ તે ક્યાં આખવાલું હતું? તેટલાં એક ચતુર રાજદરબારી બોલ્યો: "જ્યાં છે ત્યાં આ લોહું રેલો જ્યાં લગી લંબાયો હોય ત્યાં લગી તે નીશાને આપણે ખોલ કરતા જઇશું તો રત્નસીંહનો કાંઇ પેરો મલશે." આ સુચના સર્વને પસંદ આવી. ત્યમ તે નીશાને માહરાજા, પાટવી કુવર વગેરે રાજપુત્રો, રાજદરબારી ને સઘલી રૈયત ચાલી તો છેક પાટવી કુવરના મોહોલ લગી આવી પોંહોંચ્યા. પછે ત્યાં ઉપર માહરાજાને પાટવી કુવર વગેરે જોયછે તો રત્નસીંહ પલંગ ઉપર ગરમ શ્યાલ અંગે વીટાળી સુતોછે, ત્યાં પણ ખટકે ખટકે લોહુ ખબોચ્યા થયાછે! તેથી આશ્ચર્ય પામી આજુ બાજુ

જોયછે તો પલંગ હેઠળ ઢાલે કાંઈ વસ્ત ઢાંકી પડીછે. ઢાલ ઉપાડી જોતાં કોઈ પરપીછ વાળો દૈત્ય મુઓ પડ્યો હોય જે જોતાંજ નબલા માનવીનું મગજ ખસી ગાંડો થાય એવો ત્રાસી તે દેખાવ નજરે પડતાં સર્વના મૂખ ઉપર તેજ ચમક્યું. માહરાજા તે યશમાન ઝગઝગ રત્નસીહનું નીંદ્રામાં પણ મૂખ જોઈ તે ઉપર પોતાનું રાજ્ય ફીદા કરવા જેવા આનંદમાં આવ્યાછે. સર્વ તે જવાનને જીવતો જોયાથી આનંદના મેધે સ્નાન કરતા હોય એવા હર્ષમાન થયાછે. તેટલાં પાટવીકુવર ઊંઘેલ રત્નસીંહને આલીગણ કરી તેને જગાડીને બોલ્યો. "રત્ન તમોએ તો મ્હારી ચક્ષુને આજ નવું તેજ આપ્યુંછે. હવેથી તો તમો વલભીનગ્રની સઘલી રેયતના રક્ષક છો. હું તો આપનો માત્ર સહાયી રહીશ." આ ભાષણથી માહરાજા કાંઈ મનમાં માઠું લાગ્યા નહી, પણ ઓર એ મીત્રે સદા કાયમ રહે તેવી ઈચ્છાથી રત્નસીંહને પોતાના કરની અમુલ્ય અંગોથી આજ અવલ પ્રેમમાં અર્પણ કરીજ. ઘડીકમાં રંગ ફેરવાયો. દરબારી વગેરે સઘલી રૈયતે તેનું યશસ્વી કર્મ જાણ્યું ત્યારે ત્રાય ત્રાય થતા શાબાસ બોલી રહ્યા. નગ્ર તેને પોતાના રક્ષકને દરજ્જે ચાહવા લાગ્યું. માહરાજાએ તેને ખાસ દરબાર ભરી રાજવંશી શીરપાવ ને જાગીર બક્ષી. રત્નસીંહે પ્રથમ તો તે લેવા આનાકાની કરી પણ જ્યારે માહરાજાના મોહનો રંગ ઝાંખો થતો ગયો ત્યારેજ તે કબુલ રાખી. પણ તર્ત તે સઘલું પાટવી કુવર વીરસીંહને દીલજાન મૈત્રીના બદલામાં ભેટ કર્યું. એ પ્રમાણે સીલાની સુંદરબાએ રત્નસીંહ નામ ધારણ કરીને પેહેલું વચન સમપૂર્ણ બજાવી પાર પાડ્યું.

પાટવીકુંવર ને રત્નસીંહને આજ પછેથી સ્નેહ બ્હાઝચામાં અવધી થઈજ. તેઓ બન્ને એકજ ઢપછપના યુદ્ધ કવચ ને શસ્ત્ર સજી જ્યાં ત્યાં સંગાતના સંગાત હાજર રેહતા હતા. ઘોડાએ એક રંગના, તેઓની ટાંગ હેઠલ રેહવા લાગ્યા. ખાવું પીવું પણ સંગાત ને એક જાતનું થયું. રાજ્ય ઓત્સવ પણ જે રત્નસીંહને પસંદ તેજ વીરસીંહને, ત્યમ જે માટે વીરસીંહ ચાહ દાખવે તે માટે રત્નસીંહ તુર્ત પસંદગી દાયે. તેઓ વચ્ચે દીવસે દીવસ જે ઓખ્ખલાસ ઘાડો થતો ગયો તે જોઈ વલભીપૂરની રૈયત આશ્ચર્ય થયા સાથ આનંદ પામવા લાગી. આ તે બન્ને મીત્રોનો પરમસ્નેહ જ્યાં ત્યાં નગ્રબાસીઓથી કવેત રચાઈ ગવાવા લાગ્યો. અને ધામે ધામે તે બન્નોની કથા કેવલ કલ્પીત રૂપ પામીને એક નવીનતા ગ્રંથ રચાયો.

આ સમયમાં વલભીરાજ્ય ને તેના ખંડણ્યા ભાયાતો વચ્ચે જુનું વેર નવેસરથી તાજું થઇને તે સઘલા શામતાં બલે વલભીનગ્ર ઉપર ફોજ લઈ ચઢી આવ્યા. ઓચીતો હોમલો થયામાં વલભીકોટના રખેવાલે જોઈતી સા-

વચેતી ના રાખી શક્યાથી તેઓ પોતાની બલવાન ફોજ સમેત કીલ્લામાં દાખલ થયા. માહરાજાનો રાજ્યમેહેલ ઘેર્યો. માહરાજાની ધજા દુરજા કરી નાખીને બીજીજ ધજા કોટને શીખરે ચહાવી. આ બનાવ વખત માહરાજા મૃગયા ગયલા હતા; તેઓ સાથ બીજા ઘણાખરા વીરયુદ્ધાઓ પણ હોયાથી નગ્રમાં માત્ર વેપારી વેવાઇ લોક ને ફક્ત હજાર બારસો સીપાઇઓજ રહ્યા હતા. વીરસીંહ લગાર તબ્યત ઠીક ના હોયાથી રાજ્યમેહેલમાં રહ્યો હતો, પણ રત્નસીંહ માહરાજાના આગ્રહથી મૃગયામાં સામેલ થયો હતો; એથી બન્યું એ કે વીરસીંહ નગ્રના ચોકીદાર લશકર સાથ ભાયાતોની મોટી ફોજ સામે થયો. તે દરમ્યાન અચ્છી નામદારી મેલવીને તથા હજારોના ડોકાં સેજે વ્હાડીને ત્રાસ પાડી શક્યો પણ અંત્યે શૂરા ભાયાતોએ તેને ઘેરીને ત્યમ ધનુષ્યથી જખમી કરી પાડીને બાંધી લીધો. અને વીશ્વાસુ ચોકી પહેરામાં ત્યાંથી તેને અરણ્યની ગુફામાં મોકલી દઈ માંહે બંધ કરાવ્યો.

ભાયાતોએ વીરસીંહ બંધ કરાવ્યા પછે નગ્રના સર્વ સરકસ લોકનો ઘાન કાઢી નાખ્યો. દેવાલય ને મેહેલો પોતાને તાબે કરી લીધા. માહરાજાની સર્વ સંપતી નક્કી ગણત્રી કરી જપત કરી નાખી. સૌકારો ને ઓધેદારોને જપટીમાં લઈ નગ્રનો વહીવટ પોતાના વીશ્વાસુઓને સ્વાધીન કર્યો. ભાયાતોએ રાજ્ય ચલાવાની જગ્યામાંજ પોતાની રાજ્ય મંડલી સ્થાપી. જ્યાં લગી માહરાજા સમાધાન કરવાને રાજી થાય ત્યાં લગી વલભી રાજ્ય કબજે રાખવા ને તેનો સંભાલ કરવાના સર્વે સાધણો સાંધી લીધાં. રાજ્યમાં કસી ધાલમેલ ના ચાલે ને ન્યાયને કલંગ ના લાગે તે માટે ખાસ કરીને આગલાજ અપક્ષપાત ન્યાયાધીશો કાયમ રાખ્યા. નગ્રની ચોકીદાર ફોજ નોખીજ ઉભી કરીને તેઓનો મુખ્ય પોતામાંના વૃદ્ધ ભાયાત યુદ્ધસીંહને નેમ્યા. આ એક કલાએ નગ્ર સેજમાં ઠરી જઇને ત્યાં હોલી ગડબડ ડંબાઈ જવાને વાર લાગી નહી. કતલ થયલા શત્રુઓના મુરડાંને મસાનમાં અગ્ન સંસ્કાર થયાથી લોહુ પીધેલી ભુમીની નીશાન માત્ર તે બન્યા બનાવની ગુવાઈ હતી. સર્વ શાન્તીમાન થયા હતા.

જ્યારે વલભીપુરના માહરાજા પોતાના પુરતેજમાં મૃગયા રમીને નગ્રના કોટ સામે આવ્યા. તેઓ ત્યાંનો કોઇ ઓર રાહધાટ જોઇને ચોંકી બોલ્યા. "જો રૂપવાન રત્નસીંહ આ આપણું વલભી નગ્ર છે કે ક્યમ કોઈ બીજાં નગ્ર ભણી આવી ઉતર્યા છૈયે?" અત્યંત કૃપાળુ માહરાજાના મુખ વચનોથી લગાર ચોંકી જેવાએ તેણે તે ફેરફારનું વર્ણન કહી સંગલાવ્યૂં તો માહરાજાના મોહનો રંગ ઉડી જઇ તેઓ પોતાના પાટવીકુવર માટે માહાન ચીંતાતુર થયલા દીસ્યા. રત્નસીંહ આ ફેરફારથી જેટલો ભય પામ્યો તેટલો

ત્યાં બીજાને કોણ પામે ? તેનો ચીંતાથી ઘેરાયલો ચહેરો જોઇ માહરાજા બોલ્યા "રત્નસીંહ આજ ત્હારા મૂખના આપે મીત્રાઇનું મોહટમ મ્હારા મનમાં ઉતાર્યુંછે. શું વીરસીંહનીજ ચીંતાથી આ ત્હારૂં મોહ લેવાયું છે?" "માહરાજાજી, વીરસીંહના વાલને અલવલ આવી હશે તો હું ત્યાંજ તેઓ સંગાતે જલી બલી ખાક થઇ જઇશ. હું મ્હારા દીલજાન મીત્રવના પલ પણ જીવીશ નાહી તોય હાલતતે તેવાત નથી. આ ફેરફાર શો છે તે પ્રથમ મને કહેશો આપ?" રત્નસીંહ બોલ્યા. માહરાજાએ કહ્યું "મને સમજ પડતી નથી પણ આ બને તેમ છે કે મ્હારા ભાયાતોએ કાંઈ જુના કીનાની યાદ ધરીને મ્હારી ગેરહાજરીનો લાભ લીધો હોય અને ઓચીંતા ચઢી આવી મ્હારી રાજધાણીનો કબજો કરી લઈ મ્હારા મેહેલ, ખજાના ને સતાનો સાંમટો નાશ રચ્યો હોય. આ જે તુફાન મચ્યું હોય તે વખ્ત મ્હારો શુરવીર વીરસીંહ કાંઇ નબલો રહે ? તેણે તર્ત પોતાની શોરોઈ ઉગામી હોય અને ત્યાં કાલને પ્રગટ કર્યો હોય, અને તેમ કરતાં ફાવ્યો હોય છતાં ભાયાતો માહ બળ્યા ને યુદ્ધમારો છે તેઓના સામટા હોમલામાં ઘેરાઇ કાં તો ઘાયલ થઇ બંદીવાન બની ગયો હોય, કાં તો ઇશ્વરેચ્છા તેનો પીંડ યુદ્ધ યશમાં અમર્તા પામ્યો હોય; પણ મને ચોકસ દીસેછે કે ભાયાતોએ મ્હારા પાટવીકુવરને બનતાં લગી તો ઇલજામ પોંહોચવા દીધો હશે નાહી. જે તેઓની માગણી ને ઇચ્છા છે તેનું રક્ષણ થવા જેવું મ્હારા વીરસીંહને પકડી લઇ બંધ કરવામાં સાધણ સમાયું છે ત્યમ તેઓએ પ્રપંચ રચ્યો હશે." રત્નસીંહે કહ્યું "માહરાજા મને અમસ્તકો મૃગયામાં સામેલ કર્યો. વીરસીંહ વના મને ચેન પડતી નથી. હું સંગાત હતે તો કદાચ હોની ફરી જતે પણ હાલે એ વાતને જુસ્સાનો વખ્ત નથી. માહરાજાએ પલનો પણ વખ્ત ખોવા વના મૃગયા સંગને પાસના કસબામાં ફરી જવાને તાકીદનો હોકમ કરવો જોઇયેછે. પાસનો કસબો કોણનો ગીરાસ છે?" રત્નસીંહને ખબર હતી કે તે તેના પીતા પ્રતાપી કેસરીસીંહનો જાગીરી કસબો છે પણ પોતે સાવ અજાણ હોય એવો ડોળ ઘાલવાની જરૂરજ હતી માટે ત્યમ સવાલ મેલવામાં આવ્યો. તે સાંભલી માહરાજાએ "રત્નસીંહ ત્હારા શબ્દો બહુ વખ્ત બેસતા છે" એમ કહી પોતાનો ઘોડો વીજલી મીસાલે તે દીસાએ ફેરવ્યો ને ચારે પગે મેલી દીધો. પાછલ રત્નસીંહ, ને તે પાસ તમામ દરબારીઓ, ને તે પાછળ સઘલા સંગે ઝીપલાવ્યું. પાંચથી સાત હજાર ઘોડા એકી વખ્ત દીશા ફેરવી ચારે પગ યાહુમ દોડયાના ધમકારાથી ભૂમી ભ્રમર થઈ. આ વખ્ત જાન સતોસતની બાજી લાગી હતી. અગર કીલેદારોની નેધા તે સંગ ઉપર પડી તો શુંની શું થઇ જાય. તેમ નાહકની કાપાકાપીથી સાર માત્ર વેરનું બીજ વવ્યા વના

બાજી હાંસલ નહી. વખ્ત સર દીસા ફેરવી માહરાજા ને રત્નસીંહ પવન સમાન ઉડયા જતા હતા; તેટલા કસબાની ભાગોલ દીસી, તે સમય માહરાજા બોલ્યા "રત્નસીંહ આ કસબો મ્હારા વફાદાર ભાયાત કેસરીસીંહનો ગીરાસ છે. ત્યાં આપણે જઇ તેના પરોણા બન્યામાં વખ્તે આફત તે આરામ થઇ જવામાં તે વૃદ્ધ ને કસાયલો યોદ્ધો મને બહુ ઉપયોગી થઇ પડશે." તેટલાં તો માહરાજા ને રત્નસીંહ બન્નેના ઘોડા લગોલગ સાથ ભાગોલ પેઠા. ભાગોલ ચોકીદારે માહરાજાનો શીરપેજ ને ઉડતી કલગીર પોછાણી, તેથીજ તેણે દાખલ થતા સંગને અટકાવ નાખ્યો નહી. માહરાજાના કસબે સીલા દાખલ થયાના સમાચાર મેહેલમાં કનક હુકો તાણતા કેસરીસીંહને મળ્યા કે તે જાદુઇ મીશાલે પોતાના લાગતા વલગતાઓને જમા કરી તે સઘલા સાથ માહરાજાના માનંખાતર તેઓને સામા લેવા આવ્યો. ઘણાજ ચોખાભાવ ને પ્રેમના પ્રાણે તે ભલા ભાયાતે માહરાજાને પોતાના મેહેલમાં આણ્યા. ત્યાં તર્ત સર્વ સામગ્રી તૈયાર કરાવતાં પરોણાગત તો એવી ચાલુ કરી કે ઈંદ્રને ઈર્ષા ઉપજે. પ્રથમ આસાયરા પછે ભોજન ને પછે કુસુંબો ને હુકો દઈ તે પોતાના માહારાજાની હજુર કેવલ તેનો તાબેદારજ થઇને ઉભો. રત્નસીંહને બીજા રાજ્યકુવરો વચ્ચે ત્યાં માહારાજા પાસ જોઈ તે તેની દેવ સમાન કાંતી ને કમલ સમાન ઉજલાં મૂખના પ્રકાશથી તાજુબ રહ્યો. તેણે માહરાજાને તે નવા દીસતા કોઇ માહાન આબદાર યુદ્ધા રાજકુવર માટે સવાલ કર્યો; તેનો જવાબ મળ્યો, પણ તેથી તે વૃદ્ધ કેસરીસીંહને મન ખાત્રી થઈ નહી. તે વળી રત્નનું મુખ જોઇ જોઈ તરેહવાર કળપના કરે કે ક્યાં તેવી સખી જોઈછે? પણ તેની યાદ તેને ખાતરી પૂર્વક પડે નહી. રત્નસીંહ નામ ધારણ કરનાર સુંદરબામાં એટલો ફેર પડયો હતો કે પીતાએ પણ પુત્રીને પોછાણી નહી; તે જોઈ રત્નસીંહને મન ગૂપ્ત એટલી મજા પડી કે કહાની વાત નહી. કેસરીસીંહે બીજે સવાલ, માહરાજાને પોતાને આગલથી કાંઇ પણ ખબર કહાવ્યા વના મૂલાકાતે આવ્યાનો સબબ પુછ્યો, તે સાંભલતાં માહરાજાના મોહ ઉપર ખીનતા ત્યમ શરીરમાં શૂર ખખૂલી આવ્યું. ચતુર કેસરીસીંહ આ દેખાવથી સેજજ પામ્યો કે કાંઇ ખલલ થઇછે. તેટલાં માહરાજા પોતાના વડા મંત્રી વગેરે તમામ દરબારીઓ વચ્ચે સાક્ષાત શીવસ્વરૂપ ને વાણી પ્રગટયા. તેઓ બોલ્યા "કેસરીસીંહ જુલમ થયો કે મ્હારા ભાયાતો મ્હારી મૃગયા ગયાની તક સાંધીને મ્હારી રાજધાણી કબજ કરી બેઠાછે. મ્હારા પાટવીકુંવર ને રાજધાણી રક્ષક ચોકીદારોનો સંહાર કરી નાખ્યોછે. બહુ અનર્થ કર્યોછે ને ત્રાસ પાડયોછે. રત્નસીંહે મને આ દીશા ફરી જવા કહ્યું ના હોત તો આ વખ્ત તેઓએ મ્હારા ન્હાના સંગ

ઉપર પોતાનાં ઝેરી હથ્યાર ચલાવ્યાં હોત અને મ્હારા લુનને હરામ કરીને માહરાં લોહીનો ગોટ ગળ્યો હોત. હાય હાય. ઓ વીભુ મ્હારી જગતના ન્યમને નીચું લગાડનારા આ માનવી રૂપી દૈત્યોને આ સૃષ્ટી ઉપરથી નાબુદ કરવાને કોઈ મને સહાયકાર મલનાર નહી?" આ સાંભળતાં કેસરીસીંહના વૃદ્ધ બાંધામાં બલની રેલ છુટી હોય એવો એક મસ આલસ તેણે ખાધો. તેણે તર્ત પોતાની શીરોઈને કર લગાડી ગગડાટ પ્રગટ કર્યો. "માહરાજા, આજ કેસરીસીંહ મૃત્યૂં પામ્યો જ્યારે માહરાજાને કોઈ સહાયકાર મળ્યો નથી." રત્નસીંહ બોલ્યો "શાબાસ સીલાના શુરવીર પ્રતાપી કેસરીસીંહ, આપના આત્માને અમર યશ પ્રાપ્ત થજો. માહરાજાની રાજનીતીથી અગર બીજા ભાયાતોને કોઈ હક કે સતાનો તોટો જતો હોય તો વેરના વીખે અલાછલ થઈને રાજધાણીનો તેઓએ કબજો કરવો એ બીલકુલ બલંવાખોરો થયા સમાન કાર્ય બજાવ્યું છે. મ્હારો મત અગર માહરાજા કબુલ રાખે તો હાલનો નાબુરા ને ગરમ બનાવ સેજે કોઇ અછી સમાધાની ઉપર સ્થાપન કરી શકાય. આપ ને વૃદ્ધ મંત્રી બન્ને માહરાજાના વકીલ તરીકે વલભીપૂરમાં દાખલ થાઓ, ભાયાતોને મલો ને તેઓના મનનો મેલ ધોઈ જે મતફેર પડ્યો હોય તે ચમત્કારીક સમયસુચકતાથી નક્કી કરી કાપાકાપી ને નાશનો અટકાવ કરો." વડો મંત્રી બોલ્યો "રત્નસીંહની સલાહમાં ગુસ્સા કરતાં શ્યાણપણનો સમુલો સમાવેશ જણાયછે. વૃદ્ધ યુદ્ધસીંહ બેદીલ ભાયાતોમાં ભેલાયોછે. તે બુધીશાળી ને મેલરહીત છે. તે સાથ આ આપણા કામના સંદેશા ચલાવ્યાથી જલદી આવતા જુલમનો નીકાલો થઈ જશે." માહરાજા બોલ્યા "મને રત્નસીંહની તર્કશક્તી પસંદ પડીછે. કેસરીસીંહ ને મ્હારા મંત્રી બન્ને તર્ત છડી સ્વારીએ વલભીપૂર જઈ ત્યાંના કબજેદારોને મલી તેઓના મનનો હેતુ સમજી કામ લો. જે બેઅદબી કરીને મ્હારી સતાનો ઈન્કાર કર્યોછે તેની સજા બહુ ભારે ઉતરી શકેછે; તે તેઓને શ્યાણુ ઠસાવવી અને શસ્ત્રબાજુ કહેવાઈને સ્ત્રીબાજી રમ્યામાં કેટલી લજ્જા પામ્યાછે તેનો કાંઈ નરદમ ધટસ તેઓના મનમાં ઉતારવાને ચુકવું નહીં. હું હ્યાં રત્નસીંહ સાથ મ્હારા ખંડણ્યા રાજ્યોને પોતાના લશકર ક્યમ રવાના કરવાં અને આ વખતમાં મને ક્યમ સહાય થવું? તે માટે તાકીદના પત્ર લખુછું. વળી જે મ્હારૂં લશકર સુલેહના હીંગામના ખ્યાલે પોતપોતાને ગાંમડે રજા ભોગવેછે તે સર્વ સંગ્રહ કરવા મ્હારા સેનાધીપતીને તાકીદ કરવાનો હુકો રવાના કરાવુંછું." કેસરીસીંહ ને રાજ્ય વડો મંત્રી બન્ને માહ અનુભવી ત્યમ પાક્યાં કામ કરનારા હતા. તેઓ તર્ત હજાર મજબુત બાંધાના લડવૈયાઓની સ્વારી સાથ વલભીપૂર ચાલ્યા. રત્નસીંહ પાસ માહરાજાએ ખંડણ્યા

રાજ્યોને વગર ઢીલે ફોજ રવાના કરવાના પત્ર લખાવ્યા. સેનાધીપતી માહારાજા પાસ હાજર થયો હતો તેણે માહારાજાની મરજી પ્રમાણે તુર્ત સર્વ સીપાઇઓને સીલામાં આવી હાજર થવાનો હોકમ કાઢયો. સીલામાં માહરાજા આવી ઉતરવાથી તે વલભીપૂરજ હોય એવો ત્યાં રાજ્ય ઠાઠ વીલાસ મંડાણ થયો.રાત્ર પડી ત્યારે માહરાજાએ સીલાની આસપાસ જાગૃત ચોકી રાખી. ચોકીદારોનો સરદાર માહ યુદ્ધથી ત્યમ વીશ્વાસુ જોઇયે માટે રત્નસીંહને નેમ્યાવના બીજો આરો દીસ્યો નહી.

રત્નસીંહે રાત્રે સીમા દરમ્યાન રોન કરવાની જોખમદારી પોતાને નશીબે આવ્યાથી કસબાને ફરતી ચોકી મેલી દીધી. તેણે ખટકે ખટકે સીલાના વીશ્વાસુ અમલદારોને, દરેક ચોકીદાર ટોલકીના ઉપરી નેમી પોતે સો અછા યુદ્ધાઓ સાથ સીલાના અરણ્ય દરમ્યાન ફેરો મારવાને તથા ત્યાં કોઇ રીપૂના જાસુસો કે બાતમી મેલવનારા ફરતા હોય તો તેઓને પકડી પાડી રાજધાણીના રાહધાટનો વજનદાર ને ભરૂશો આણવા જોગ વૃતાંત મેળવવો. રત્નસીંહે આ તર્ક ચલાવી પોતાના રીસાળાના સીપાઇઓને જણાવ્યું "અગર દુશમન તરફના મલે તો તેઓ તરફના થઇ જવા ત્યમ મ્હારા ભાષણને કાન દઇ તે રૂઢીના મેલાપે મલી જવાને હોશ્યારી વાપડવી." આ જે રત્નસીંહે અગમચેતી રાખી તેમાં કાંઇ ખુદરતી ભેદ સમાયો હોય ત્યમ તેઓએ થોડે દુર જતાં અરણ્યમાં પચીસ શસ્ત્ર સજીત શુરા સીપાઇઓનો પડાવ જોયો. ત્યાં રત્નસીંહ મીત્રના મીષે જઇ ખુશાલી ભરેલા ચેહેરે તેઓના સમાચાર પુછવા લાગ્યો "કયમ છો? આપણું કામ કયમ નભેછે?" પડાએ જાણ્યું કે ધણી તરફના હોવાથીજ આમ ખબર પૂછેછે તેથી તે બોલ્યો "ઠીક, સર્વ સલાહ સંપઝ છે." ફરી રત્નસીંહ ખુદ સીલાનો માહીતી હોવાથી ત્યાંના દરેક ભયાનક ત્યમ જાત્રાળુ ઠેકાણાથી જાણીતો હતો તે સબબે પુછવા લાગ્યો "કયમ ગુફામાં સર્વ ઠીક છે?" સરદારે નક્કી જાણ્યું કે આ ખાસ તપાસ માટેજ આવ્યોછે તેથી બોલ્યો "સર્વ શુરા ભાયાતોને કહેજો કે નીર્ભય રહો. ત્યાં વીરસીંહ કેવલ જખ્મી અને મરતતોલ હાલતે રીબતો પડયોછે. તેને તેની ભાન હોય તો તે હાલની પોતાની સ્થીતીના સંતાપને પામે?" રત્ન તો તે ઘા સમાન વચન સાંભલતાં રોમરોમ અગ્નીમાં હોમાયો હોય એવો તેનો હાલ થયો.

પણ રોષ કરતાં ડીજવણીથી સર્વ સાર ખેંચી લેવો હતો, તેથી તર્ક ચલાવીને તે બોલ્યો "પણ જખ્મ ઉપર મલમ પટો કરવો જોઇતો હતો. એમ અનધન અનર્થ હાલતમાં રીબતા મેલવાથી વખ્તે તેની જોખમદારીના ઘણાં કડવાં ફલ ચાખવાં પડશે." સરદાર બોલ્યો 'ક્ષમા ચાહુંછું

બેઅદબીની, જેટલી બનીછ તેટલી માણસાઈ વાપડવાને મેં મ્હારી સરદારીને ખામી પડવા દીધી નથી. જખ્મ ઉપર રોજ પાટા બાંધવા ત્યમ તેની સુખાકારીનો સમૂલો નાશ ના થાય માટે અછા કાવા તેને પાવામાં આવેછે, પણ સીંહને એકદમ સાજો કરો ને જોવો કે તે આ મ્હારા સસલા સમાન સીપાઇઓને પોતાની બીમથીજ અધમુઆ કરી શકસે." રત્નસીંહ બોલ્યો. "ઠીક બોલ્યોછે." એ કહેતાંજ તેણે પોતાની સાથના શુરાઓને સેજ ઇશારો કર્યો અને તે સો શુરા તે પચીસ બેફામમાં બેઠેલાઓને શીતાબ બંદવાની હાલતે ઘેરી બોલ્યા "હથ્યાર ઉતારી તાબે થાઓ નીકર અબઘડીઁ તમારાં સર ઉડયાંજ!" આ આશ્ચર્યતાથી સરદાર લાઇલાજ થયો. તેઓની તલવાર તો મ્યાન ને દરેકના ઉપર બબે નાગી શીરોઇ ઉઠી. ત્યાં અગર સેજ હીલચાલ અનસારો થયો તો થઈ ચુકું. તેથી ભાયાતો તરફના સરદાર ને સીપાઇઓએ સર ગુમાવી ગાંડામાં ખપવા કાને સર જાલવી સમજુ ખપવામાં સાર જોયો. દેખતામાં સર્વ હથ્યાર બીજા બાકી પચાસ શુરાઓએ ઉતારી લીધાં કે ચોવીસ સીપાઇઓ ત્યાંજ શીરોઇના ત્રાસમાં રહ્યા. પેલા પચાસ પાસ વળી મદદે બીજા પચીસ ઉભા. રત્નસીંહ બાકી પચીસ સાથ સરદારને લઇ ગુફામાં જ્યાં વીરસીંહ એક ભીક્ષુકની પથારીએ તલવલતો પડ્યો હતો ત્યાં ગયો. તેણે નવધારા વહેતી આંખોએ મીત્ર સાથ આલીગણ કર્યું. પછે ઘણીજ સંભાલથી દસ જન પાસ તેને ઊંચકાવી શીલા મોકલાવ્યો. પણ રત્નસીંહે ત્રણ કલાક લગી પેલા પચીસને જે હાલતમાં શસ્ત્રરહીત કરાવી રાખ્યા હતા તે હાલતે રાખવા પછે તેઓને શસ્ત્ર રહીત બંદવા સ્થીતીથી છુટા કર્યા. રત્નસીંહ બોલ્યો "સરદાર ને સીપાઇઓ તમારો લગાર તકસીર નથી. મ્હારી તર્ફથી બેવફા ભાયાતોને કહેજો કે જે કદમ ભરીને તમોએ તમારા કોઈ જુના હકના જુના વેરે વલભીપૂર ઉપર વીલાપ પાંડર્યોછે તે માટે બને તેટલી સુબુદ્ધી વાપડી સમાધાન ઉપર આવી જુવો ને પડયા કલંકને જાદા લંબાવી જાદા જીવની ખુવારી કરવાથી હાથ ઉઠાવો. રીપૂ સામે જે જોર વપડાઈ યુદ્ધની વાખવાખ ગવાવવી જોઇયે તે ખુદ પોતાના વડચલ પીતા સમાન માહરાજા સામે વાપડવામાં તો પોતાનીજ પ્રજાને પીડી. ઇન્સાફ મેલવવા માટે બલવાખોર થવાની કાંઈ જરૂર હતી નહી. ભવીષ્યમાં દુર અંદેશો વાપડજો."

માહરાજા માન માન પ્રભાત્ત સમય નીંદ્રાવસ થયાછે તેટલાં મોહેલમાં ગુલબાંગ થઈ રહ્યો. સર્વ સરદારો ને સીપાઈ ને દરબારીઓ વગેરે સારો કસબો પણ ઉલટ પૂલટ થયોછે. સર્વ શાખાતર આ ગડબડમાં ઉલટયું છે તેની કોઇને ખબર નથી. માહરાજા આ ગડબડથી ઝપકી ઉઠયા.

તેઓ તુર્ત શીરોઇ મ્યાન બાહેર કાઢતાંજ દીવાનખાનામાં દોડયા. તેઓ સમજ્યા "ભાયાતોએ સીલાની ચોકીદાર ફોજને મારી ઉમલો કર્યોછે, અને મહેલમાં ધુસી આવી મ્હારા લોહુના તરસ્યા મને મારવા ધાયાછે." આ જોહેમમાં પડયાની પલક જો જાદા જાતે તો કાંઈ ખરાબી કરી દેતે, તેટલાંજ ત્યાં પંદર વીસ સીલાના સીપાઇઓ ખાસ માહરાજાના રક્ષકો સાથ હજુર પ્રવેશ કરી પાટવીકુવરને ત્યાં તર્ત એક બીછાણું તૈઆર કરી મેલી ઉભા. માહરાજા તે જોતાં તો કાંઈ જાખું અનુમાન કરી શકયા કે ભાયાત કેસરીસીંહ વલભીપૂરથી મ્હારા પાટવી કુવરને બચાવી હ્યાં મોકલવાને ફાવ્યા હોય. આ ખ્યાલમાં તેઓ, ને સર્વે હજુરથી કમરે નમી ગયલા બાહેર ગયા, માત્ર વડો રક્ષક ઉભો. માહરાજા ત્યાં પોતાના શરા પૂત્ર પાસ બેસી ગયા. તેઓ પ્રશ્ન પુછવા લાગ્યા "વીર આ કેવી સ્થીતી અને આ સ્થીતીમાં હ્યાં તું ક્યાંથી?" ઘણા નબલા સાદે વીર બોલ્યો "હાલ મને સર્વ વર્તમાન કહેવાની તાકત નથી. રત્નસીંહ આવશે તે સર્વ કહેશે." સેજ વારમાં રત્નસીંહ સીલાના વૈદ્યને લૈ આવ્યો. સીલાનો વૈદ્ય તેને તો માત્ર નોકર જેવો જાણીતો, પણ હાલ તો ભેદથીજ કામ લેવાનું માટે "માહરાજા બોલાવેછે" એ મીષે વીરના જખ્મોની ઔષદી ને મલમની તાકીદ કરી.

માહરાજા ને રત્નસીંહ એકાંત દીવાનખાને બેઠાછે ત્યાં સર્વ અરણ્ય ગુફા તરફની વાત થઇને પાટવી કુવરનો બચાવ કેવા ઇશ્વરી સંયોગે થયો તે માટે હર્ષના આંસુ વરસાવી રહ્યા છે. માહરાજા બોલ્યા "ઓ દેવતા તું કોઇ અદભુત અવતાર મ્હારા રાજ્યમાં આવી ઉતર્યો જણાયછે કે તેં મ્હારી રૈયતને જુલમી ગરૂડથી રીબાતી બચાવી. મને કીલાના મારાથી બચાવ્યો. આજ મ્હારા રાજ્ય ને ગાદીના વારસ મ્હારા માહશુરા ને શીરોઇમાર પૂત્રને બચાવી તેને નવેસરથી મ્હારે ત્યાં જન્મ આપ્યોછે. તું કોણ છે? મને બરાબર કેહ." રત્ન બોલ્યો "માહરાજાજી હું માત્ર હ્યાં મ્હારા બાપાના કોપથી એકાંત કાલ ગુજારવા આવ્યો ત્યાં અગર મ્હારેથી સેજ સેવા થઇ તો તેને એટલી ઉત્તમતા દીધાથી મને લજવશો ના. મ્હારી ખાયશ માત્ર એ છે કે હાલના ઢીગાણામાંથી માહરાજાને મોકલા કરી ત્યમ ફરી વલભીપુર સીંહાસન સ્થાપક કરીને મ્હારે સ્વદેશ જાવું અને ત્યાંથી મ્હારા પીતાની આજ્ઞા લઈ આપને મ્હારા વંશની ઓલખ લખૂં!" માહરાજા બોલ્યા "તને હું પલ ના જોઇશ તો અકલાઇશ. મને તું પૂત્ર કરતાં અધીક વ્હાલો લાગેછે. મ્હારા પાસથી તું કોઈ કાલ છુટો ના પડે એ મ્હારી ખાસ આશા બંધાઇછે." રત્નસીંહે કહ્યું "જેવી આપને આશા છે તેવી પરીપુર્ણ થાઓ." માહરાજા બોલ્યા "ધન્ય રત્નસીંહ તને અવતાર દેનારાં માત પીતાને!"

ભાયાતો એટલા થરપર ચઢ્યા હતા કે વૃદ્ધ કેસરીસીંહ ને વડા મંત્રી સાથ તેઓમાંનાજ વૃદ્ધ ને ન્યાયી યુદ્ધસીંહે પણ સમાધાની રચવાને અપાર યત્ન કર્યો પણ સર્વ શ્રમ વ્યર્થ થઇને ઓર અહંકાર ભાયાતોમાં જાદા ગુંટાલો કરવાલાગ્યો. વૃદ્ધ કેસરીસીંહે શ્યાણપણથી બહુબહુ સમય બેસતા ખુલાસા કરી યુદ્ધ વના વીખ ઉતારવાના વચન દીધાની બાકી રાખી નહી. વૃદ્ધ મંત્રીએ બની તેટલી દીર્ઘ દ્રષ્ટીએ ડહાપણ વાપડી ચઢયો જુસ્સો સમાવી દેવાને મસલહત આપી પણ સતાસાહેબ થઈ પડેલા ભાયાતો રાજધાણીના કેઇ મૂદતના મૂરંખી હોય એવો દીખાવ કરવા લાગ્યા. વધુ વખત જાય તો કેસરીસીંહ ને મંત્રી બન્ને કોઇ કપટબાજીના ત્યાં બંદવા થઈ પડે. આખર વલી નરમ ગરમ બોલાચાલી કરી વાત વીચાર ઉપર સોંપી માહ ચતુરાઇએ બન્ને વૃદ્ધો બલવાખોરોના પંઝેથી છટકી માર્ગે પડ્યા ને વીરસીંહનો ચોકીદાર સરદાર ને તેના સીપાઇઓ રત્નસીંહનો સંધેસો લઈ શેહેરમાં દાખલ થયા. જ્યારે ભાયાતોની સભાએ વીરસીંહ છટક્યાની હકીકત જાણી ત્યારે તે સર્વે લોખન્યા રંગના પુતલા જેવા થઈ રહ્યા.

રત્નસીંહના અથાગ શ્રમ ને બારીક જતનથી વીર ફરી તતાર થયો. તેટલાં સર્વ ખંડણ્યા રાજાઓનું મંગાવેલું લશકર તેઓના સેનાપતીઓ સાથ આવી લાગ્યું. વળી કેસરીસીંહે સીલામાં નવું લશકર ઉઠી ઉભું કરી કવાયદ દઇ રચ્યૂં તે જુદું. તે સઘલાં લશકરની સરદારી માહરાજાની દરબારે સામતાં મતે વૃદ્ધ યુદ્ધા કેસરીસીંહનેજ દીધી. કેસરીસીંહે રત્નસીંહની ઘણીજ હોશ્યારી જોઇ તેને પોતાનો ખાસ મદદનીસ સેનાધીપતી ઠેડવ્યો. રત્નસીંહે માહરાજા ને કેસરીસીંહને કહ્યું કે "મને જો તમો સાંભલી વીશ્વાસ મુેલો તો હું તમને મ્હારાં દેવતે બલનો ચમત્કાર દેખાડું." માહરાજા આ સાંભલી તાજુબ થયા. વીરસીંહ તર્ત બોલ્યો "પરમસ્નેહી મ્હારી ઉપર વીશ્વાસ કોણ ના રાખશે? તેં મ્હારો, મ્હારા પીતાનો, મ્હારા સઘલા રાજ્ય દરબારીઓ ને મ્હારી રાજ્યધાણીની સઘલી વરણની પ્રજાના જાન બચાવ્યાછે, તેવા ભાગ્યશાલીને તે કોણ અવીશ્વાશે જોશે? મ્હારા મીત્ર તેં મ્હારો જાન ઉગાર્યોછે એમાં તો કસો શક નથી. તેની ઇધાણીમાં આ મ્હારી કટાર લે. એ કોઈ તેવા બારીક વખતે મ્હારી મદદે વાપડજે." એ કહી તર્ત પોતાની કમરથી અનમોલ મયાન ને આબની કટાર કાઢી તેણે તેની કમરે ખોસી. કેસરીસીંહ બોલ્યા. "દેવાંશાનૂ સ્વરૂપ ઝાંખૂ પડે ત્યમ યૂદ્ધા પોતાની શીરોઇ છોડી તને સ્વાધીન દીયે એવા દેવતે જવાન, બેશીકર તું જે ચમત્કાર ધરાવતો હોય તે કહે; અમો તેને માન્ય કરવાને ત્યમ ચાબવાને તૈયાર છૈયે." વૃદ્ધ મંત્રી બોલ્યો. 'રત્નસીંહ તો વલભી રાજ્યનું ભૂ-

પણ છે.' રત્નસીંહને જે જોઈતું હતું તે સર્વ મળ્યું. તે તર્ત બોલ્યો "મ્હારા ગુરૂએ મને મંત્ર શીખવ્યું છે; તેનો પ્રતાપ માત્ર જ્યાં પણ હું ચાહું ત્યાં તે બબડું તો તર્ત જે હું ચાહું તે અદભૂત કાર્ય થાય. મને લાગેછે આ વખત આપણને વલભીનગ્રમાં ગુપ્ત માર્ગે જવું જોઇયે અને ભાયાતો આપણને ભાગોલ ઘેરી કીલા બાહેર મારી હટાવવાને રાહ જોતા તૈયાર રહે તેઓને આપણે શેહેરમાં દાખલ થઈ કીલ્લા ઉપર તેમના સઘલા લશકર સાથ મારી સાફ કરશે. આ શીવાય આપણે દસ વર્ષ લગી દસ કોટી લશકરથી પણ કીલ્લો જીતનાર નથી. ભાયાતો પાસ કમ લશકર નથી અને આપણી શીરોઈ સરસ છે તો તેઓની નરસ નથી. અને જેટલી તેઓને મારી ફાવવાની જગ્યા સરસ છે તેટલી આપણને માર ખાઈ હટવાની જગા નરસ છે. માહરાજા તમારો ને સર્વ દરબારનો શો વીચાર છે? કહો." માહરાજા, રાજ્યપૂત્રો, દરબારીઓ ને સેનાપતીઓ વગેરે સર્વ આ નવીન ભાષણથી ત્રાય ત્રાય થઈ રહ્યા. રત્નસીંહ રૂપે દેવાંશ, બીજી તો મધુર વરસાવતી જીભ, ત્રીજી યુક્તી અદભૂત, ચોથી તો જીત નક્કી ને પાંચમી તો યશ ખાટયાની વાતમાં રજ ફેર ના, એ સર્વ સંયોગોથી ખ્યાલ કરનારા ઉપર હજારો આંખ્યો ચકચક થવા લાગી. માહરાજા બોલ્યા "રત્નસીંહ શું તે મંત્ર તું પઢશે કે કોઇ નવો માર્ગ મ્હારી રાજધાણીમાં દાખલ થવાને ગુપ્ત બંધાશે?" રત્ન બોલ્યો "હા માહરાજ, પ્રથમ તમો એક તુકડી કીલ્લા સામે કુચ કરી જવા કહો કે ત્યાં સર્વ રાજધાણી અંદરના કબજે લઇ બેઠેલા બલવાખોરોનું લક્ષ જાય ને સર્વ ત્યાં બચાવમાં ઉભા રહે." કેસરીસીંહ બોલ્યો "હું પોતે હજાર શુરા સાથ કુચ કરી જાવુંછું." કેસરીસીંહના ઘોડાની નાલે ભૂમીને જાગૃત કરી કે તે સાથ હજાર પવન સાથ બાઠ બીડનારા તુરીઓએ ચાલતી મેલી. કેસરીસીંહ ખુલ્લે માર્ગે પડ્યામાં રત્નસીંહને વધારે બેફીકરાઇથી કામ લેવાને બન્યું. તેણે પેલા પોતાના મેહેલના ગુપ્ત માર્ગ આગલ જઈ રતનસીંગડું ફૂક્યું કે માહરાજા, પાટવી કુંવરૂ વગેરે બીજા રાજપુત્રો, સેનાપતી ને લશકર એક હારમાં ગોઠવાઇ ગયું. રત્નસીંહ આગલ ને તે પાછલ માહરાજા ને પાછલ પાટવીકુવર ને તે પછે અનુક્રમે સર્વ ઘોડ યાહુમ ઉડી રહ્યા. તાજુબીનો પાર હતો નહી જ્યારે ત્યાંથી સીલાની સુંદરબાના મેહેલમાં માહરાજા, ને પાટવીકુંવર પાછલ સર્વ ઉતરતા નગ્રમાં દાખલ થયા. સર્વ તો અજાયબીમાં પણ પાટવીકુંવરને રત્નસીંહ માટે તરેહવાર વ્હેમ આવ્યા. તે મનમાં બોલ્યો "શું આ રત્નસીંહ કોઈ દેવતા છે કે ગાનધર્વ કે કોણ? એણે મ્હારી સુંદરનો મહેલ ક્યમ પસંદ કર્યો સર્વ લશકર ઊતારવાને?" તેને મન કલ્પના નહી પણ બલત્રા ઉઠવા લાગી. તે-

ટલાં તો માહરાજા સાથ સર્વ લશકર રાજધાણીના મસ મેદાનમાં લશકરી ઢપે ગોઠવાઇ ગયું. સર્વ બંડણ્યા રાજ્યોનું લશકર લગભગ લક્ષ ઉપર આવી લાગેલું હતું અને વીરસીંહ ફરીને સીંહજ બનેલો ત્યમ બીજા સેનાપતીઓ પણ એકો શીરોઇમાર હોવાથી ભાયાતો તાબે કરવાનું કામ, જાલ નાખી મીન પકડ્યા મીશાલે, ઝડફથી થયું. ભાયાતો ને સર્વ લશકર કોટ ઉપર ચઢી રહેલું હતું તે સર્વનું કેસરીસીંહની કુચ કરતી લશકરી તુકડી ઉપર ધ્યાણ લાગ્યું હતું તેટલાં પાછળથી એક સર ઉપર બે શીરોઈ ચમકી રહી. ભાયાતોએ યુદ્ધ કરવી વ્યર્થ જોઇ. માહરાજાએ તાબેદારી દેખાડનારને જીવતદાન બક્ષવાને બૂમ મરાવી. કામ પાર્ડ્યું થયું. એક પણ સર ઉડ્યાવના ને એક પણ બુંદ લોહું તપકયા વના વલભી માહરાજાની જીત થઇ. સર્વ ભાયાતોએ પોતાની ભૂલનો પસ્તાવો કર્યો. તોપણ માહરાજાએ તેઓને જાદા સ્વતંત્ર કરવાના હક નવાબ્યા. કેસરીસીંહ કીલાના દરવાજા પાસ આવી લાગે તેટલાં તો ત્યાં કોટ ઉપર એક બલવાખોર સીપાઈ રહ્યો નહી. એ જોઈ તે બેધરક શેહેરમાં દાખલ થયો તો માહરાજા તેને મેટા માનભાવથી નગ્રમાંહે દાખલ કરવાને સામા લેવા આવ્યા. માહરાજા કેસરીસીંહને પોતાના જમના હાથ ઉપર લઈ મેહેલ તર્ફ ચાલ્યા. પ્રજાએ પ્રેમની બુમથી બ્રહ્માંડ બહેરી કરી દીધી. સર્વ સુખ આનંદમાં માત્ર વીરસીંહ ખીન થયલો દીસ્તો હતો. આ પ્રમાણે માહરાજાને એક પાસ સેનાધીપતી ભાયાત કેસરીસીંહ, બીજે પાસ પાટવી કુંવર વીરસીંહ તે પાછલ સર્વ પોત પોતાના દરજ્જા મીશાલે ઘોડેસ્વાર થઈ મોટા રાજ્ય મેહેલે આવી ઉતર્યા. ત્યાં માહરાજા આમ જોયછે ત્યમ જોયછે પણ રત્નસીંહ કયાંઈ જડતો નથી. સર્વે તેને શોધેછે પણ તે ત્યાં હોય તો મલે કે? માહરાજા સાથ સર્વે સમજ્યા કે તે કોઇ ગાનધર્વ કે દેવતા વલભીપુરને આફતથી બચાવા આકાસથી ઉતરી આવ્યો હશે; પણ વીરસીંહ તો તેને નહી દેખતાં શીતાબ સીલાની સુંદરબાના મેહેલમાં દોડયો. તે સમુલો પોતાનો પરમ સ્નેહ ભુલ્યો. ના તેને પોતાને બચાવ્યાનો ખ્યાલ આવ્યો કે ના તેને પોતાનું રાજ્ય ફરી મેલવી આપતી વફાદારી સાંભરી. તેણે તો સર્વના ભોગે તેનું સર ઉડાવવાનીજ ઇચ્છા થઇ, અને તેનું કારણ શું? વાંચનાર, તે સમજ્યો કે રત્નસીંહ તેની પરણી રાણ સુંદરબા સાથ મીત્ર વેહેવાર રાખનાર છે. વીરસીંહ આ વીચારે મેહેલમાં તો સીલાની સુંદરબાને પોતાની દાસીઓ સાથ હીંડોલે હીચકા ખાતી કાંઈ મીષે સતાવણી ને શાંતીથી ટોલ ટકોર કરતી જોઇ. તે ડો વતો ત્યાંથી ત્યાં ફરી સર્વ મેહેલ ખોલી વળ્યો. પછે પે જઈ ફરી તેનું મુખ જોવા લાગો તો તે લાલ હીંગોલ

લોહી જાદા ક્રમતી થઈ મુખ આકૃત્તી કંઈ ઓરની ઓર ચમક દેખાડતી હતી. વીરસીંહે આ ચઢઉતર થતાં લાલ ગુલાબી રંગથી સુંદરબાને પાપી ધારી. બે પાંચ પલક વધુ ગઈ અને પછે મર્દ એટલે ધીરજ તે ક્યાંથી રાખે? મર્દ માત્રનાં કામ ઉતાવલાં ને અવીચારી, એટલે બોલ્યો "પાપીન આ શા ઢંગ? રત્નો ક્યાં છે?" "પ્રાણપતીરાજ રત્નો કોણ? આપ રત્નસીંહ માટે પુછોછો?" વીરસીંહ બખાસ્યો "હા, પકડાઈ. બોલ, તે કનિષ્ટ ક્યાં છે, કે તેનું સર ઝારી કાઢું?" સુંદર બોલી "સ્વામીરાજ, આપનું સર જેણે બચાવ્યું તેનું સર આપ વ્હાડોછો?" વીરસીંહ આ સાંભલી ઝાંખો પડ્યો. "દૈત્યણ તને એ ક્યમ તેના કહાવના માલમ પડેજ?" "પતીરાજ ખરૂ બોલ્યા" સીલાની સુંદરબા બોલી. વીર બોલ્યો "અધર્મને પ્રથમ મારીને પછે તને શાસન કરીશ, તેને દેખાડી દે." સુંદરબા બોલી "આપે આ અંગોથી પણ આપીછે" વીરસીંહ આ સાંભળતાં શીરોઈ ઉગામેછે તેટલાં તો સુંદરબાએ કહ્યું "અને આ કટાર પણ મને તમારો બચાવ કરવામાં ભેટ મલીછે આપથી!" આ સાંભળતાં રોષના ચઢેલા જોસ્સાથી અંધ થયલો વીરસીંહ પોતાની રાણીની શીકલ ખુબ ન્યાલી જોયછે તો તર્ત તેણે તે શીકલમાં રત્નસીંહ સ્વરૂપ જોયું. તે લાજથી તર્ત મુર્છા પામતે જો સુંદરબાએ તેને ઝાલી લઈ પલંગ સુવાડી સુગંધી ના સુંઘાડી હતે તો. જ્યારે તે શાન્ત થયો ત્યારે સુંદરબાની સેવા ને પ્રેમથી પોતે ફક્ત તેનો દાસ થઈ રહ્યો. રાજ્યબીજને અયોગ્ય વચન બોલ્યાનો પશ્ચાતાપ કોકાલ તેને મનથી મટ્યો નહી. જ્યારે માહરાજા કેસરીસીંહે સુંદરબાનો વૃત્તાંત સાંભળ્યો, ત્યારે સસરાએ 'શાબાશ' ને પીતાએ 'ધન્ય' એ શબ્દોનો વધાવો કરીને તે દીવસથી સર્વ રાજપાત ખટપટમાં સુંદરબાની મસલત લેવાતી રહી.

છપ્પો.

બોલ સદા જીગ સત્ય, સત્યનું સદા ગાંગાનું;
શોભી સત ધરી ચિત્ય, દિલ નિર્મલ રાખં શ્યાણું;
ધર સતધર્મ સેવા, સદગુણ સત્ય સમ ના વિદ્યા;
ધર'સત લેવા દેવા, સતરમાન ના કો સોધ્યા;
કો માહ સતે ઠરી સૃષ્ટ, સત સર્વ ઈશ શ્મરણ પ્રાણ;
""નમ કહે જીવ કુર્બાન કરી દે રાખી તું સત્ય જુબાન.

હેમસીંહ ને હેમદેવી.

પ્રાચીન કાલમાં કનોજમાંહે યુદ્ધસીંહ રાથોડ માહ બલવાન રાજા રાજ્યાસન ઉપર બીરાજ્યો હતો. તેને એક રાજકન્યા હેમદેવી બત્રીસ લક્ષણી ત્યમ સતશ્વી હતી. તે પોતાના કાલમાં સ્વરૂપવાન ને વળી પૂર્ણ ચતરા હતી. તે પોતાના પીતાના રાજ્યના સેનાપતી અર્જુનમલ ઉપર આશક હતી. કંઈક યુદ્ધ તે સેનાપતીએ માર્યાની કીર્ત સાંભળી તે સુંદરીને તે ઉપર વહાલ ઉપજતાં અંત્ય તેને મન તે સંગાતે વરવાનો નક્કી એકરાર થયો. તેટલાં નર્મદાના દક્ષણ દેશનો યુવાન યુવરાજ હેમસીંહ રાથોડ કંઈક દેશ ને રાજાઓ જીતી યશ પામતો કનોજના કોટ પાસ આવી લાગ્યો. તે કાલના તે મોટા યુદ્ધાએ કનોજના માહરાજાને પોતાના તેની નગ્રી પાસ આવ્યાની ખબર કહાવી. હેમસીંહે તે ખબર કહાવ્યા સાથ વળી ચતુરાઇથી પોતા યોગ્ય સન્માન દેવાનું આમંત્રણ કર્યું. કનોજપતી યુદ્ધસીંહે આ બલવાન જયકારી રાથોડની જીત કીર્ત ને યુદ્ધકલા માટે બહું સાંભલેલું, તેથી તથા પોતાને પુત્રી છે; એવી કાંઇ ઊંદાન નેમે તર્ત રાજ્યસ્વારી તૈયાર કરી હેમસીંહ સામા જઇ અત્યંત માન અક્રામ ને મીત્રાઈ ભાવે નગ્રમાં લાવવા પોતાના સર્વ શુરવીર ને પાકા પ્રધાણો સંગાત ચાલ્યો. બન્ને માહાન ઈંદ્ર સમાન સ્વરૂપવાન આર્યો મળ્યા. એમ કુસલ સમાચાર પર્સપર પુછયા સાથ યુદ્ધસીંહ અત્યંત પ્રેમભાવે હેમસીંહને પોતાની નગ્રીમાં લાવ્યા. પ્રજાએ પણ પોતાના માહરાજાની ઇચ્છા સમાન નગ્રને જાત્રા સમાન વૈભવમાં શોભાવ્યું. સર્વ રાથોડ સેન કોટ બાહેર રહ્યું, માત્ર સરદાર ને શુરા ને આગેવાન યુદ્ધા સંગ હેમ, કનોજપતી સાથ રાજ્ય મેહેલમાં મેહેમાન ઉતર્યો. ત્યાં તે યોગ્ય સર્વ સામગ્રી બનતી ચાલી. મોજ ને આનંદ શ્રેષ્ઠ પ્રકારના ભોગવતા રહ્યા. ખાનપાન નાચરંગનો મહીમા રાત્ર દીવસ જારી રહ્યો. હેમ ઘણોજ ખુશ ખુશ થઈ કનોજના માહરાજાનો આસીંગણ થયો હોય એવો ભાવ દેખાડવા લાગ્યો. બે દીવસ તો ફક્ત ઉત્તમ પ્રકારના ખાનપાન ને હાસ્ય વીનોદમાં ચીકાર ગુજર્યા, પણ ત્રીજો દીવસ સીંહ ને ગરૂડની

જંગનો ડેડવાયો. તે રમત જોવા નગ્રવાસીઓ ત્યાં ટોળેબંદ આવવા લાગ્યા. મરદજાતી ત્યમજ સ્ત્રીજાતી તે રમત જોવાની ઉલટે આ મોટા મેલાવડામાં શામીલગાર. માહારાજાએ પોતા ને હેમસીંહ બન્નેમાટે ખાસ એક છત્રધારી બેઠક તે રમત અખાડે કરાવી. બીજી તેવી બેઠક રાણી ને રાજકનિયા માટે સામી ઉઠાવી. ત્રીજી સાદી ને ખુલ્લી યુદ્ધબાજો માટે હદ બાંધી રખાવીછે. વળી એક બેઠક નગ્રીની આબરૂદાર ને મોટે ખાંદાનની સ્ત્રીઓ માટે ત્યાં બનાવીછે. આ બેઠક વખત સર ચીકાર થઇછે. માહરાજા ને હેમસીંહ પોતાના ખાસ રક્ષકો સંગાતે તે રમત જોવા સર્વથી છેલાં ત્યાંની પોતા માટેની ખાસ બેઠકે બીરાજ્યા ને સીંહે ગરૂડને જોતાં મસ વાદળ ફાટે ત્યમ બગાડ મેલી. ઘડીભર સર્વ જમાવ ખલક ત્યાં ચોકી ઠરઠર કાંપી. માહ શુરાઓની રગમાંહે પણ ચોંક પેઠી. આ બે ત્રણ પલક કેવલ મૂર્છાગતીમાં ગુજરી કે તમામ જગ્યા સ્હુનકાર થઇને ગરૂડે મસ ચીસ મેલી કે હા: હા: કરતો આકાસ પોતે ગગરી પડયો હોય એવો ત્યાં ચોઘરદમ ગુલબાંગ થઈ રહ્યો. દરેકના મુખ ઉપર ત્રાસ ને દરેક દીલમાં ફાર. દરેક જન ત્યાં આ અદભૂત રમત જોવા આવ્યાનું કામ ધાસ્તી ભરેલું ગણવા લાગ્યું. માહરાજાની આ સર્વ વખ્ત ખુબ સાઉચેતી ભરેલી નજર માત્રપોતાની રાણી ને કન્યા ઉપર હતી. પણ હેમસીંહ મસ પ્રવત સમ બેખબરો જડ ઘાલી બેઠો હતો. કનોજના સર્વ સેનાપતીઓ ને પ્રધાનો વગેરે આ સીંહ ને ગરૂડની જંગનો તમાસો જોવાની મજોને સજો માણતા હતા, ત્યમ સર્વ ખલક. સ્ત્રીજાતી માત્ર તો અધમુઇજ થઈ ગઈ હતી. રાણી લગાર બેતંબા પણ રાજપુત્રી કેવળ ઉજલાં સ્વરૂપ ઉપર ઉજલી ચાંદીનો ઢોર ચઢતો હોય ત્યમ સ્થીતી પામતી હતી. તેટલાં ગરૂડે સીંહને ચીરી ફાંસી નાખવાને પોતાની બલિષ્ટ ચોંચ ઉગામી ને સીંહે પોતાના બળવાન હરીફથી બચવા માટે અખાડામાં દોડાદોડ કરી મેલી. સીંહ આગલ ને તે પાછળ ગરૂડ એવી સરત ત્યાં મેલાઈછે. સર્વ પ્રાણ અણીની ધીક ઉપર ટીંગાયાછે. સર્વ સીંહને પાયલો થયલો જોઈજિ તાજુબ થયાંછે તેટલાં સીંહે એક ગત કલા રમી દઇ આગલનો ઝટ ફરી જઈ ગરૂડ પાછળ થતાંજ પોતાનો બલિષ્ટ પંઝો લગાર્વો તેને પીઠમાંથી દબાવ્યો, અને જે વખત જાયછે તેટલાં તેનો બીજો પંઝો ગરૂડની પીઠ ઉપર પડયામાં કાંઇ બાકી નથી તે જોતાં રાજપુત્રીથી ચીસ મેલાઇ "બચાવો વીબચુ વહાણને." આ કોમલ સ્વરની ચીસ દસ હજાર દૈત્યની ગ્રજના કરતાં જાદા કારમી હવા માંહે ઘુમી રહી; કનોજના સરસમાં સરસ સેનાપતીઓએ પોતાના બળ તે યુદ્ધ રમત માંહે હોમાવવા યોગ્ય જોયાં નહી ! વળી તેઓએ મનમાં માણી લીધું કે જ્યાં ખાસ જંગ તમાશો

ત્યાં વળી બચાવ તે શેનો? એ ખ્યાલ કોઇ પોતાના પ્રાણને અમૂલ્ય ખપાવતો નથી, પણ હેમસીંહ ન્યારો જુદો હતો. તેણે તર્ત એક અબલા જે રાજ્ય ભુષણ સમાન સારાં કનોજનાં રાજ્યની વારસ ને રાજકન્યા, તેના મનની હોંસ પુર્ણ કરી દેવાને, જેવો ત્યાં મંડપમાં બેઠો હતો તેવોજ સાદા રેશમી ઉજળ પોશાગે ત્યાંથી વીજલીસમાન પણ ગગડાટ સમ શૂર ભેર ઉછળી જંગ અખાડામાં જઈ ઉભો રેહતાંજ તર્ત ગરૂડની પીઠ ફાડી નાખતા પેલા સીંહના પંઝાને ઝાલી લીધો. તેણે સીંહને ત્રાસી ડોળા ખેંચી એક લપડાક ઝાડી કહ્યું "હીજડા, આવો બસ! ખબરદાર, ગરૂડરાજને નએ લચાડયુંછ તો!" પછે બીજી પલે અધ મૂવા ગરૂડને ઝાલી રાજપુત્રીના મંડપ પડખે લઇ જઇ ઉભો રાખ્યો. પાવ પલક રાજકુવરી ને હેમસીંહ બન્નેની નજર એક રહી, પણ જ્યરે બીજો એકે શબ્દ કે હોકમ દેવીથી સાંભળ્યો નહીં ત્યારે તે શ્રેષ્ઠ સ્ત્રીજાતી યોગ્ય માનયુક્ત નમન કરીજ જ્યમ ઉછલી અખાડામાંહે ઉતર્યો હતો ત્યમજ ત્યાંથી વળી સીંહને આંગલીની ઇશારતે દુર થવાનું તવતાં ઉછલી એક કુદકામાંહે આવી ઝટ પોતાની બેઠકે બીરાજ્યો. આ નવીન માહશક્તી ને બળ કસરતથી ત્યાંની તમામ જમાવ આલમ ત્રાય ત્રાય થઇ શાબાસ, શાબાસ એ પુકાર અર્ધ ઘડીકા ગાજી રહ્યો. માહરાજા વૃદ્ધસીંહને આ પ્રાક્રમની વખાણ કરવાની શક્તી રહી નહી. વળી એ અચાનક કાર્ય ભીત્તર માહે બન્ને માહ રાઠોડ વંશ એક ગાંઠે બંધાવાનો પાયો નખાયા જેવો દૃઢ અનુભવ પ્રગટયાથી કનોજપતીની ખુશી હદ બાહેર ગઇ. સીંહ ને ગરૂડની જંગમાં હેમસીંહના આ બળની ઉત્તમતા પ્રકાશી; એજ એક જંગ એવી મચી કે બે હેવાન બેજાન સમાન થઇ પડયાની મજો તો તે પાસ કુછ ગણત્રીમાં રહી નહી. વખ્ત થયો કે આ મીલાંવડો છુટવા લાગ્યો ને સર્વ મોટ મોટા એહેદારો પોતાના રાજ્ય પરોણા માટે મોટું મત ને માન બાંધી ત્યાંથી ગયા. માહરાજા ને હેમ રાઠોડ આ રાત્ર માત્ર ખાંગી જમન જમવાના, તેથી સુર્ય અસ્ત પામ્યા સાથ સર્વ નગ્ર આરાયેશ લેવા પડતું હોય એવો ત્યાં દેખાવ થતો ચાલ્યો. માહરાજા ને હેમસીંહ પોતાના ખાસ રક્ષક સાથ આ રાત્ર ખાનપાન લઇ કરી મોટા રાજ્ય દીવાનખાને રોહીના કન્ચનીનું ગાયન સાંભલતા ત્યાં કાંઇ કાંઇ યુદ્ધ ગપ્પાં મારેછે. ત્યાં પાસના દીવાનખાને હેમદેવી પોતાની શખીઓ સાથ રાણી માતાની આજ્ઞાથી પરદેથી ગાયન મજો મેલવેછે. આ વખ્ત રાત્ર કાલી હોયાથી માહાલ દીપકો આકાસના કોટીબંધ તારા સંગાતે મલી ત્યાં વીચીત્ર પ્રકાશમાં પસંદ પડતી હતી. તેટલાં રાજ્યકનચનીએ ભૈરવીની ધૂપદનો મધુરો રાગ અલાપ્યોઃ—

ભેરવી—ધ્રૃપદ.

કન્ચનસી કામિણી; ગજીંદ્રહુસી ચાલ જાકી,
છતિયન લચક પરત, મોતિયનકે હારકી. ॥ ટેક.॥
પાયલમે બાજા બાજે, બેસરમે મોતી છાજે,
મંદરમે ધૂમ પરત, બીછવેકે ઝમકારકી. ॥ ૧ ॥
કાજરેકી કોર કારી, નેનનકી માર ભારી,
બીંદલીકી લાલ ધારી, છંડલા કુવારકી. ॥ ૨ ॥

રાગનો મોટો પર્ખુ હેમસીંહ હતો. તે આ રાગમાં વૈભવ ને વીલાષ પુર્ણ વર્ણવેલો શાંભલી એકાગ્રહચીત બેઠો રહ્યો હતો. તે એકાગ્રહચીતે એવી રૂઢીથી ડોકને વાંક દઇ બેઠો કે તે મીજલશ બીરાજેકોને બેશક આમ દીસે કે જ્યાં પરદે હેમદેવી બેઠી રહી ગાયન ગમન ભોગવેછે તે પદ્મિનીનેજ ન્યાલેછે. આ ન્યાલણુ ને આ ધક એકાગ્ર બન્ને માહરાજાને મન કાંઈ ખુશ અસર કરી શકયાં અને તે ઉપર કાંઈ ગંભીર ઠેડાવ કરે તે આગલ ત્યાં હાજર રહેલા સેનાપતી અર્જુને હેમસીંહની ચક્ષુવૃત્તીથી પોતાને અપમાન થયલું માણ્યું, સબબ તે તો પોતાની ભવિષ્યની પ્રીયા ઉપર તેને આશક થયલો સમજ્યો. આ ખ્યાલે દૃઢ જડ ઘાલી કે અર્જુને પોતાની બેઠક ફેરવી. શૂરવીર એટલે ભય તે શી વસ્ત, તે કાંઇ જાણે? તુર્ત તેણે હેમસીંહની ચક્ષુ સામે પોતાના ડોલા કકરાવ્યા. હેમસીંહને તેનો ફેરફાર ના શમજાયો, સબબ તેનું ક્યાં તે તર્ફ લક્ષ હતું? પણ સેનાપતી તો જ્યમ દેખાવમાં ફેરવાયો ત્યમ કર્મમાં પણ ફેરવાય તેવી બુદ્ધીનો બની ગયો. આ ફેરફાર માહારાજાને તર્ત જણાયો, ને વળી રાજ્ય કન્ચનીએ રાગમાં તેને ચેતવવા એક તાણ એવું કોમલ મધુરસ તાણી દીધું કે સર્વ મીજલસને ત્યાં કાંઈ નવી બની જવાની આગમચેતી થઈ. પ્રેમ અજાબ વસીકરણ છે. તે જ્યાં મંત્ર ફુકેછે ત્યાં તુચ્છ તુલ્ય જન માહ શૂર સમાન રૂપ ધારણ કરેછે તે પછે શૂર હોય તો તેનો ગર્વ કેટલો આકાશ લગી ઉછલશે? એ રીતે અર્જુનની હાલત ખીલી. આ હાલતને કન્ચનીનાં તાણે તો ત્યાં આરસામાં દીસ્તી આબહુબ સુરત મુરત સમાન બોલી કરી દીધી. આ તાણે જ્યમ માહરાજા ત્યમ સર્વ મીજલસ પૂર્ણ સમજ પામી. અને જે બેતંબા સ્થીતીમાં હેમ રાથોડ બીરાજ્યો હતો તેમજ તેનો અંગરક્ષક માહ ત્રાસી યુદ્ધો રન રાથોડ, પણ તે નખસીખ તીખાંમાં ગર્ક થયલો હતો. તેટલાં ખાંગી દીવાનખાનાનો પરદો ઊંચકાયો અને એક અન્મોલ મુક્તા, રાજકનિયા હેમ-

દેવીએ અર્જુનના પાસા પાસથી કન્યનીને માહ તાણુની કદરરાનાસીના રૂપે ફેંક્યું, તે તે રાજ્ય કન્યની પાસ જઇ પડ્યા જગ્યો અકસમાતથી હેમસીંહના ખોલામાંહે જઈ પડ્યું. એટલેજ હેમસીંહ ચોંકી આજુબાજુ જોવા લાગ્યો. હેમ તે મુક્તા કરમાં લઈ આમ તેમ ફેરવી તેનું અમુલ્ય આબ જોઇ તાજુબ થાયછે તેટલાંજ અર્જુન બાઝમીશાલ ઉછાલો કરી મુક્તાને ત્રાપ મારતાં બોલ્યો "આપ યોગ્ય એ ના હોય." પણ તેની ત્રાપ મુક્તા ઝુંટવી લે તે આગલ તો રનમલની શીરોઇ મયાન બાહેર નીસરી પંજા ઉપર વીચીત્ર કલાથી પડી કે મુક્તા ઝુંટયા જગ્યો તે પંઝો પોતેજ મુક્તા પાસ છુટો થઈ રહ્યો! એથી હંઃ હંઃ કરતો અર્જુન તર્ત રોષ સ્વરૂપ ઉભો થયો. તેણે તર્ત રનમલ ઉપર પોતાનો ડાબો કર વાપર્યો. એક છલાંગ ને એક ઝપાટ બન્ને સંયોગે રનમલને ઉઠાવી ના માહરાજાની દરકાર કે ના કોઈ બળની પરવા ત્યમ તે મીજલસ દરમ્યાન વચોવચ્ચ એવો પછાડયો કે રાક્ષસ હોય તો ઘડીભર મુરછું થઈ પડે તો પછે રન તે શો બીસાત? હાલ તે મુરછું ના થયો, પણ મુર્છાગત સ્થીતીએ ત્યાં પડયો! આ હરીફાઈ શાખાતર તે જો કે ત્યાં મલેલા કનોજના સર્વ શૂરવીર ને દરબારીઓને તો સેજજ સમજાઈ પણ માત્ર હેમસીંહ ને તેના રક્ષકોજ અજાણ્યા, તેથી તે શો અનર્થ થયો ને શો હેતુએ આ એચીંતી હરીફાઇ થઈ એથી બેખબર હતા. આ અજાણતાંએ થયું એ કે હેમસીંહે આ અર્જુનની અજાયબ જોરબાજીની વાહવાહ પુકારી 'ધન્ય ધન્ય વાહરે કનોજ શૂરા' એ કહીજ પેલું મુક્તા ને પંઝો બન્ને તે ઉપર બક્ષેરા ફેંકી. મીજલસમાં હેમસીંહની આ ભોલી વર્તણુક કાંઇ ઓર માન યુક્ત ગવાઇ રહી. માહરાજા પોતાના પરોણાને તેના સ્વચ્છ જોસ્સામાં જોઈ પોતાના મનમાં બહુ વખાણવા લાગ્યા.

પ્રાભા ઉજ્યાલું પ્રગટ્યું. ફરી આ સુન્ય સૃષ્ટી જાગૃત થઇ. પંખીઓ માળા મેલી બાહેર નીસતાં પ્રાણરક્ષક જગતપતીને સંભારી ભજન ગાવા લાગ્યાંછે. સુગંધી જાઇ, હવાને સુગંધી વીખરાવેછે. મધુકર મધુ ઉરથી બાહેર નીસરેછે. વૃક્ષની ડાલો નવા ફુટેલાં પાન સંગાતે કીર્તારને નમન કરતીજ ઝોકેછે. રૈનની પૂર ખીલતી અંધકાર, ઉજાસ પેઠતી આનંદમય થતી દેખાયછે. પ્રભાત્ત દર પલ વધુ ને વધુ ઝલકતી થાયછે. માનુની માનથી માણીતા પ્રાણનાથને પહારી મેલી જાગવા લાજ કાઢતી મધુરાં સ્વરથી કહેછે. લેહરીઓ મીઠી મીઠી શીતલતા છાંટતી સઘલાં નગ્રમાંહે ફરી વલેછે. ધીમે ધીમે સુર્ય કીર્ણો ફુટેછે. આરાયરા પોતાના પ્યારાની આસા માંની લઈ અલોપ થાયછે. ગગનમાં છેલ્લો ઝલકતો તારો સુર્ય કીર્ણો સંગ હસીને મલતાંજ ગુજરી રૈનીનો ભાસ તદન ભુસાયછે. જ્યમ કોઈ માહાન શ્રીમં-

તના ખજાણાખાનાનું દ્વાર ઊઘડીને ખજાણો ઝલકી રહે ત્યમ દીવસ ખુલી જઈ, નગ્ર ભ્યાં ત્યાં કીર્ણોથી ઝલઝલાયમાન દીપી રહ્યુંછે. માલીના નેનન અનસારે જાઇ ને ચંબેલી ને મોગ્રાની કોમળ કળીઓ માળણ ચુનેછે. જોગી ને ભગતો નીચી ડોકે ને અર્ધ વીંચી લોચને જપ તપમાં ગુંટાયાછે. જુવંતીઓ સ્નાન ક્રીડામાં નખ્રાંથી નાચેછે. શુરવીરો શીરાઇ ને કવચ્છથી શરીરને રન યોગ્ય કરેછે. આશકો ઉજાગ્રા ને તુરંગથી બેજાર થઈજ નીંદ્રાવસ ડોલતા ચાલે છે. કામીનાઓ વીલાશને એક બાજુ મેલી મેહેલના સામાન્ય દીવાનખાને જઈ બીરાજેછે, મર્ણ ને જન્મ લગાર કમર વલી વીધાત્રીના ટકાથી બગાશું ખાતાંજ પોતાને કામે વલગેછે. આ બાજુ શોકના મોજા તો તે બાજુ આનંદના તુફાન ફૂકાયછે. એક મૂખ લાલ હીંગોલ સુખ મદે છે તો બીજું મૂખ પીલી હલર દુખ દે છે. જાઈ વીખરાયલી પીખાયલી વેરાઇ પડેછે. ત્યાં તે સ્થીતી જોઈ તેનો આશક ચંડોલ રૂદનના ભૈરવ લલકારી લલકારી મરતતોલ થાયછે. સુર્ય આ વખ્ત પૂર્ણ કીર્ણો ને તેજ માંહે વીટાયલો પ્રગટયોજ ને નગ્રી પુર પ્રકાશમાન થઇછે. કોઇને તે પ્રકાશ રડાવેછે, તો કોઇને હસાવેછે. સઘલાં ઠરડેકાણા, અને માલ મેલામાં ઉઠલ પાઠલ થઇછે. ત્યમ માહરાજાના મેહેલમાં રાત્રનો સર્વ મામલો ફેરવાયો. શુરો હેમ રાઠોડ સર્વ રન શસ્ત્રોથી સાવ ઈંદ્ર સમાન સ્વરૂપે ખરો થયોછે. ત્યાં રનમલ માહ લડરતી હાલતે આવી પોતાના ધણીના ચરણે લાગી ગભરી જઈ બોલ્યોઃ—

"માહ ભાગ્યશાલી રાજા હું કમોતે આ મર્ણતુલ્ય સ્થીતીમાં નીર્બળ થતો આવ્યોછું. મને આ સૃષ્ટી કેવલ કાલું ઠામું નજરે પડેછે, અને ભ્યાંથી કદર ને કુમક મલવાની પૂર્ણ આશા, ત્યાંથી બેકદરી ને દુરાઈ મલીછે! હું આ જે પલ ગુજરેછે તે દરમ્યાન સાસ બંધ કરીશ. હું મર્ણ પામું તો મને કોટ બાહેર બાલજો. મને હ્યાં નગ્રમાંની મસાનમાંહે ના જલાવજો." હેમસીંહ પોતાના અતી ભાવી રક્ષક રનમલ જેવા અસાધારણ યોદ્ધાના ઓચીંતા આ શબ્દોથી ચોંકયો. તે બોલ્યો "રનમલ તું કયમ આ કાયર વચનો કહી આજ કંપેછે? શું કોઈ ભુતે તને ભખ્યોછે? કીંવા ત્હારા હૃદયમાં કોઈ રાક્ષસે રાહ પાડી ત્હારો પીંડ પીસ્યોછે? બોલ આ સ્થીતીનો સબબ શું છે?" મર્ણલગી પ્હોંચી વહેલા રક્ષક માહ જબરા રનમલને પોતાના રાજપૂત્રના શબ્દો સાંભલી હસ્યા વના રેહવાયું નહીજ. તે બોલ્યોઃ—"આ તે શો ગજબ, આ મ્હારા મર્ણનું કારણ આપ છતાં, આ તે કેઈ તરાંહની બેખબરી? માહયશમાન યુવરાજ, હું ક્ષમા માંગુછું મ્હારેથી જે બેઅદબી થઈ હોય તેની, અને સ્વર્ગનો માર્ગ પકડુંછું." હેમ બોલ્યો "ના મ્હારા ર-

સાલાના શ્રેષ્ટ શુરવીર પ્રથમ મને ખબરદાર કર મ્હારા મર્ણ કારણે; પછે બીજી વાત." રન બોલ્યો "માહરાજ, રાત્રનો કાંઇ રંગ સાંભરેછે? અરે મને પારકા દેશનો કોઈ સરદાર કે મણુષ્ય આપ હજુર ઉઠાવી પછાડી મારે ને આપ પોતે મ્હારા ખુદ ધણી છતાં તે ષઢ રાખ્સને શાબાસી નવાજો! અહો ઈશ્વર આ સમાન ભોલાઈ કે બેદરકારી કે કદરશનાસી ક્યાં નજરે પડશે? અરે અકસ્માત જે અન્મોલ મોતી આપના ખોલે આવી પડતાંને બીજો કોઇ ઝુંટ મારે તે હું પોતે પ્રાણરક્ષક પદધારણ કુદ્ધો થંડાપણે જોઇ શકું? અને જો તે બેઅદબીનો અછો સ્વાદ ચખાડું તેની લેસ સમજ ના રાખતાં આપ પોતે મ્હારા ખુદ ધણી છતાં મ્હારો પીંડ ત્યાં તે નીરાસ કુદ્ધાથી જોખમાય તે વેલા, કસી પણ સહાયતા દીધા વના ત્યમ કસા પણ રોષ વના કે કસા પણ તે કીનાના બદલા વના દક્ષીણ ભરતખંડ રાજ્યનું નાક જાલવનારનો નાશ થવા દેવામાં જાણી જોઇને તો નહી પણ અજાણ્ય સાધણ થવું! અહો ઇશ્વર આ તુચ્છ સ્થીતી કરતાં મને મર્ણ દસ હજાર દરજ્જે જાદા ભલું છે." આ છેલા શબ્દો સાથ રનમલની મુખ્ય આકૃતી એવી તો ભયાનક ને કાલી થઈ ગઈ કે હેમસીંહ ગમે એવો જોરાવર છતાં તે વખ્તે ધ્રૂજ્યો. તેને પોતાની રાત્ર વર્તણુક સાંભરીજ. તે હાળ રનમલના ઠપકાના વચનોથી માહ ખેદ પામતા સમાન દીસ્યો; તે જોતાં મર્ણની પેહેલી પલને ગ્રહન કરવાની અણીએ રનમલે તુર્ત ક્ષમા માંગ્યા સાથ હેમસીંહને તે ખેદયુકત સ્થીતી મેલી દેવા અર્જ કરી. તે બોલ્યો "મુ સમ દસ લક્ષ જન કરતાંએ માહ કીંમતી હેમસીંહ, મને ક્ષમા કરવી કે મેં મ્હારા મર્ણનો બદ્દો આપ સર ચઢાવ્યો; પણ એ માત્ર મોત કાંઠે વીખરાયલાં મનનો ઠાલો જુસ્સો જાણવો. પૂર્ણ ક્ષમા કરવી, પણ માહરાજા કરતાંએ જાદા દરજ્જેના યુવરાજજી મ્હારી આ વસ્યત આપ સવીકારશો તો હું મર્ણમાં યશ પામ્યોછુંજ. કનોજપતીનો તે અર્જુન એક સેનાપતી છે, તે તેના રાજાની પુત્રી ઉપર આશક છે. અને તે પદ્મિનીને પોતાની પ્રીયા માણેછે. પણ તે ચંદ્ર ઘટમની દમયંતી સમાન દેવાંગ્નાને માત્ર આપ વરવા યોગ્ય છો. ત્યમ આપ તે સુંદરીને વર્યા એટલે મને સર્વ જન્મનું ફલ પ્રાપ્ત થયુંજ. માત્ર એ વાતનું આપ સફળ વચન સંભલાવો કે આ મ્હારો પ્રાણ પોતાના સ્વર્ગ ભની જાયોજ." હેમસીંહ બે શબ્દો, તે પણ માહ મુશકેલીથી બોલ્યો; મ્હોટી યુદ્ધોમાં જે તેનો રખવાલ તે ફક્ત તીરાયતથી પ્રદેશમાં સેજ પછડાઈ માર્યો ગયોજ એ સ્થીતી સ્મરણથી તેની સર્વ વાછા બંધ થઈ ગઇ હતી તેથી ફક્ત બે શબ્દો પણ જ્યમ ત્યમ જીભે ઓચ્ચર્યાઃ-"હા વરીશ" આ શબ્દોએ પુરા થયા ને રનમલે એક હ હા હ સાસ ખેંચ્યાપા સંગના તાણ સાથ સદાયનો

સ્તબ્ધ થયો. હેમસીંહે તર્ત તે રનમલનું તાજું મુરડું ઉડાવા પોતાના સેવકોને આજ્ઞા કરી, કે સર્વ કનોજના માહરાજના મેહેલથી નીકલી આવ્યા. જ્યમ વસ્યત થઇ હતી ત્યમ રનમલને કોટ બાહેર પોતાની લશકરી છાવણી મધ્યોમધ ચંદન ચેહમાહે બાળ્યાની ક્રીસ્યા કરી. હેમ રાથોડ પોતાના રક્ષકના આ અચાનક મર્ણથી શોકાતુર થયો. તુર્ત સર્વ રાથોડ ફોજોના સરદારો ઉપર રક્ષક રનમલનો શોક દસ દીવસ પાલવા માટે હોકમ ફેલાયો. એ પ્રમાણે ત્યાં કોટ બાહેર હેમસીંહ રાથોડ પોતાના રાજ્ય તંબુમાંહે માહ ગમખાર એકાંત રહ્યો છે.

માહરાજા યુદ્ધસીંહ રાથોડ જ્યારે નીંદ્રાસનથી જાગ્યા ત્યારે પ્રથમ પોતાના પરોણા હેમસીંહ રાથોડના મેહેલ ભણી જવા યોગ્ય પોશાગ સજવા લાગ્યા તેટલાંજ મેહેલના વડા ચોકીદારે ખબર કહીઃ—"પ્રજાપતી, હેમસીંહ પોતાના સર્વ સેવકો સાથ રનમલનું મુરડું લઇ કોટ બાહેર પોતાની છાવણીમાં ગયા. ત્યાં ચંદન ચેહ સીચી પોતાના અંગરક્ષકનું સબ તે માંહે બાલી ભસ્મ કર્યું જણાયછે, જેના ભડકા હમણા લગી સારી નગ્રીમાંહે ઉજાલું પાડી રહ્યા હતા." પહેલી જાગૃત પલકે આ અપસુકણથી માહરાજાને મન દીલગીરી ઉપજી. તે બોલ્યા "ઓ કનિષ્ટ, હેમસીંહ ત્યાંથી નીશરી ચાલ્યા, તે વખતેજ કાં ના મને તે વાત જણાવી, કે હું મ્હારા રાજ્ય પરોણાના સોક્યનો ભાગ્યો થાત ને રાજ્યાભીષકોની અદબ જાલવત?" ચોકીદાર સર ચરણે મેલી બોલ્યો "ખુદાવંદ, હેમસીંહનું ત્યાંથી નીકલી ચાલવું એટલું તો અચાનક ને વીજલીસમાન ઝરફે થીયું કે તે ખબર આ વખત કરતાં જલદી આપવાનો અવકાશજ ના ફાવે. ક્ષમા—" "ચુપ, હેવાન!" માહરાજા બોલ્યા. પછે પોતાના વડા પ્રધાણને શીતાબ બોલાવી મંગાવી હેમસીંહને દીલાશો કહાવ્યો ને તે પાછલ પોતે સ્વતાં તેની છાવણી માંહે જઇ તેની દીલગીરીનો ભાગ લેતા બીરાજ્યા.

અર્જુનને પોતાનોજ વહડાયલો પંઝો ને પેલું અમુલ્ય મુક્તા, હેમસીંહથી તેના પોતાના ખાસ અંગરક્ષકને પછાડી અધમુવા કર્યાના બદલામું બક્ષીસ મળ્યું; એ તેને અચંબો તો લાગ્યો, પણ તેથી તે ચતુર બુદ્ધી તર્ત ચેત્યો કે હેમસીંહ માત્ર ખાલીમાં ચક્ષુ ખોસી રહ્યા હતા ને નહી કે રાજકન્યા હેમદેવીને? તેથી તેનો રોષ મુલગો તે માહન યુદ્ધા હેમસીંહ ઉપરથી ઉતરી ગયોજ. વળી તે જો રોષ જાલવે ને દાખવે તો ક્યાં તેના તે જબરા હરીફ સામે આસરો? એ પણ કાંઇ ખ્યાલ આવેલો ખરો; માટે તે જે હાલ માલબધ સંયોગે જીત્યા સમાન સનમાન પામ્યો તેમાહે તેણે ત્યાંથી પોતાની પુર ઇજતમાંજ ઉડી જવાને દરૂસ્ત જોયું. તે ઉડયો, પણ પંઝો વહડાયાની

વેદનાનું પુછવુંજ શું? એક પલ પણ કદાચ તેનો સાસ તેના શરીરમાં કકળ્યા વના રહે તો. તે હાલતે તે પોતાને મકાન પોંહોંચ્યો તો ખરો, પણ બાકી રાત્ર તેને નીંદ્રા ભેટી નહી તો નહી, પણ તેના મનમાં તરેહવાર તુરંગોની ધમાલ લાગી. તે મનમાં બબર બબર કરવા લાગ્યો. "હાઃહાઃ અરે આ સની ક્યાંથી આવ્યો કે મ્હારી ચાહેલીનો તે માલક થવા જેવો ફાવેછે? મને જે ચાહી પાકા પ્રેમમાં વશ્ય થયલી ને કોકાલ કોઈની ના થવાના સમ લીધેલ! પછે કાં ના સારા ભરતનો છત્રપતી હોય? છતાં આજ આ મ્હારી પ્રાણ તુળ્યનો પલવ તો બીજાને શોભીતો દીસેછે! અરે અભાગ્ય સીંહ ને ગરૂડની જંગ, તેં માત્ર આ કાળા કંકાસનો પાયો નાખવાનું કાવત્રું રચ્યું! જંગ અગર ના રમાય તો મ્હારી પ્રાણપ્રીયથી દયાની ચીસે ના મેલાય ને હેમ અખાડામાં ઉતર્યા સર્વે નગ્રવસ્તી સાથ રાજપુત્રીનું માન મેલવી ના પંકાય. હોની ન્યારી પ્રબલ છે. ક્યાં દક્ષીણ ભરતખંડ ભુમી ને ક્યાં કનોઝનું માહ બલી રાજ, એ મેલો એક અજાયબ સંયોગ સમાન બન્ને માહાન ગાથોડ વંશ જોડનારો રંગ દીયેછે. અરે શું આજ ત્રણ વર્ષ થયાં હું જે પ્રેમના પાકા સ્નેહ માટે મોટ મોટી યુદ્ધમાં જીવની કસીએ પરવા રાખ્યા વના હોમાવી પડ્યું ને જીત ને યશ ને ખંડણીઓનો વર્ષાત વર્ષાવ્યું, તે આજ સર્વ વ્યર્થ જશે? કાયર સમ મર્ણ પઠારી વેઠવી તે કરતાં તર્ત જે તે ફડચામાં નકી ઠરાવે આવવું યા યશ ભેર મર્ણમાહે વળવું બેહતર છે." આ વીચાર કરતો તે પોતાના હુઠા હાથને બાંધી તર્ત ફાંડો લઈ પોતાને મકાનથી બાહેર નીકળ્યો તે રાજપુત્રીના મેહલ તરફ ચાલ્યો. ત્યાં જતાં બ્યાં કસી ચોકી નથી તે પાછલે વેરાન દરવાજે તેણે એક તુરીસમ કુદકરો માર્યો કે મહેલના ચોકમાં ધુસ્યો. ત્યાં બે પલ આગલ જોઈ સાવચેત થતાં તેણે ફાંડો કોઇ વૈરી ઉછલી વલગતા નાગસમ હવામાહે ઘુમાવ્યો કે તે મેહેલને સર્વેથી ઉપરની મેરીના ભારવટચાને જઇ ભેરવાયો; તે ઉપર બ્યમ કોઇ શુરવીર પોતાના દુશમનના કીલા ઉપર ચઢી પોતાના રાજ્યની ધજા ચઢાવી દે ત્યમ ચઢી જતાં જરૂએથી રાજપુત્રીના ખાંગી દીવાનખાને ઉતર્યો, કે હેમદેવી ને અર્જુન બન્નેની ચક્ષુ એક થઈ. હેમદેવી પ્રથમ તો કોઈ બીજોજ ખ્યાલ પોતાના મનમાં લાવી, તેથી તર્ત ખુને પડેલી શીરોઈ ઉઠાવી લઇ સામે થવા સારૂ દોડીજ. પણ નંજદીક જતાં તો પોતાનો ચાહેલો, વચને પોતાનો પતી કરેલો ને પોતાની સર્વ ભવ આશા શરા અર્જુનને જોતાંજ ત્યાં ઘડી ભર સ્તબ્ધ થઈ ઉભી. અર્જુન પણ શીરોઇ સંગાત સુંદર હેમદેવીને જોતાં તેના સ્વચ્છ પ્રેમનો શકીલો થયોજ. તેથી તે પણ મરતબા પ્રમાણે ત્યાં ચુપ ઉભો. અર્જુન માત્ર એક બરછી ને બીજાં કસાં

પણ શસ્ત્રવના જમણા વહડાયલા કર કમર સંગાતે વલગાવેળ સ્થીતીનો એક અપલથીએ ઝટ જીતાય એવા હાલ હવાલ હતો. ચુપ સ્થીતી પા ઘડી રહી, પણ પછે અર્જુન બોલ્યો "સત્યા હેમદેવી ક્ષમા ચાહુંછું કે મેં ચોર સ્માન આપ પાસ બાંગીમાં પ્રવેશ કર્યોછે. તેની શીક્ષામાં આ શીરોઇથી મ્હારૂં સર ઉડાવો પણ મ્હારી આબરૂ ના લેજો. મને પાછલ મૂકી દેજો ને મ્હારાં આ કર્મની જાણ ના પડવા દેજો, એ અર્જ કરૂંછું." હેમદેવી બોલીઃ-"અર્જુન, આ હાલની ચાલ મને બીલકુલ નાપસંદ છે, મ્હારો જીવ તો મેં તમને અર્પણ કર્યોછે; અને હજી લગી હું પલ પણ નીંદ્રાને ભેટી નથી તે સબબ માત્ર આપ, પણ તર્ત હાંથી જાવ, મને ક્ષમા કરો, મ્હારી ઇજત બઇ ફજેત ના કરો. તર્ત આવ્યા ત્યમ બસ ઉતરી જાવ. એક પલ પણ આ મેલો માહ ભયાનક છે. મ્હારા કાલ કરતાંએ જાદા કાલ સ્વરૂપ આ તમારી વર્તણુક, મ્હારૂં હૃદય ભેદીને મને અબઘડી મુરડું પાડશે. નીકર હાંથી જાવ કે સ્વપ્ન સમ આ કર્મનો ભાસ રહે." અર્જુન બોલ્યો "દેવી ત્યારે તું વચનની સત્ય છે? અરે શું મ્હારી પરના વ્હાલમાંથી રજ હલકી થઈ કે ખસી નથી? અરે પ્રેમડા, અરે મ્હારી ચક્ષુ, બસ એકવાર તું બોલ ફરી "અર્જુનની." હેમદેવી બોલ્યાં;-"અર્જુન હાઃ હાઃ શંકા તમને સતાવે? અરે મ્હારા પૂર્ણ પ્રેમ ઉપર વેહેમી થાવ? અર્જુનને ના છાજતી વાણી આજ મ્હારા કર્ણમાં માત્ર કાનકચુરા સમાન પ્રવેશ કરી મ્હારા ભેજાંને ભમાવેછે. અર્જુન તમો તુર્ત હાંથી જાવ. બસ જાવ, નીકર—" આ ભાષણ ભાષાણની જગ્યોજ ને હેમદેવી વધુ એક બોલ પણ જાદા બોલે તે આગલ તો એક વાયુના સપાટા સમાન અર્જુન ત્યાંથી અલોપ થયો.

અર્જુન બેશક કનોજ રાજ્યનો અછો યુદ્ધો હતો, અને જયાંલગી હેમસીંહની સ્વારી શ્રીકનોજ કોટ લગી આવી હતી નહી ત્યાંલગી તો તે એક માત્ર ભાગ્યવંતો સેનાપતી, રાજકન્યાનો કર ઝાલવા યોગ્ય રાયોડ હતો. તે હાલની ફેરવાયલી બાજી ને રાજકન્યાના ત્રાસી વચનોથી મનમાંહે બહુ મુઝાયો. તેણે પ્રાણે પણ રાજકન્યાને મેલવવાનો યત્ન કરવો એ વીચાર, પણ તે વીચારે મઠવું ક્યારે? જ્યારે હેમદેવીનો પેહેલાં થયલા જેવો પ્રેમ સાબુત રહ્યો હોય ત્યારેજ, તો તે નક્કી થયા લગી શંકા ને ખાતરી વચ્ચે લટક્યાં કરવું શું? એ તો શૂરવીરને ધીરજ ક્યાંથી રહે? માટે તે ઉભરા સમેત વચને હૃદયે ને ડેડાવે પોતાને પતી કબુલ રાખનારી સત્યવચની સ્ત્રી પાસ પોતે જાતે જઇ હાજર થઇ ખાતરી કરવા ચાહી, પણ હાં તો પાછલી રાત્રનો સમય, ને વળી અતિષય લજામન એકાંત ઘડી, તેથી સત્ય સમાન રાજકુવર્રીને રોમેરોમ સત્ય પ્રતીષ્ટાની લાય લાગી. પ્રેમ કરતાં કુળપ્રતીષ્ટા હેકી

પદવીએ જાય, તે શ્રેષ્ટ કુલની પદ્મિની રાઠોડણીને ગમ્યું નહી. તેણે તર્ત પુર પ્રેમ પણ પ્રતીષ્ટા ભેર ભવિષ્યમાં થનારા પોતાના પ્રાણપતીને તાકીદ કરી પોતા હજુર આવ્યો ત્યમ તર્ત નીકલી જવા અર્જ કરી પણ ઘણાજ કડકપણાથી; એ ચાલ અર્જુનને ભાવી નહી. ભાષણ કરતાં હજી ભાલો હૃદયમાં ઘોંચી દીધો હોત તો તે તેને ભાવત; મગર હેમદેવીના કઠણ વચન ભાળા કરતાંએ જબરાં તેની છાતીમાં લાગ્યાં. તેણે પલ પણ પોતાને ત્યાં જોવાને નારાજ પ્રાણપ્યારી પાસ ઠરવાને ઠીક લાગ્યું નહી, માટે જાદા શબ્દોનો ત્રાસ તેને વીખ ભેલે તે આગલ તે પોતાના ફાંડાને વલગી નાગસમાન વીજલઢણે ચોકમાં લપસી પડતાંજ તેણે ફાંડો છટકાવી કમરે વીટાળ્યો ને દીવાલ પાસ આવી 'અહો ઇશ્વર' એ શબ્દ અર્ધ સંભલાતો ના સંભલાતો લવતાં તે કુદાવી વાટે નીસરી ચાલ્યો. બીજી પચીસ પલ બાગ્યે ગુજરી માંહે તો તે પોતાના મકાનમાં દાખલ થઈ બીછાણે પડયોજ. "જ્યાંલગી પ્રાણની કણી શરીરમાં ચમકેછે ત્યાંલગી તો હું કાયર થઇશ નહી! અરે મ્હારાં રોમેરોમ હરીફનાં શસ્ત્રો કારી થઈ મને છીણછીણ કરતાં જશી પણ મ્હારી ચાહેલી સુંદરી હું એકવાર ઈંદ્રને પણ જોવા પામવા દઇશ નહી." આ શબ્દો મુખમાં ને થાકી ગયલો અર્જુન માહ શોકાતુર સગાર આંખ્યો વીંચી પડી રહ્યોછે. તેટલાં તેને પોતાની સ્વર્ગવાસ માતાની આપેલી એક અદભૂત વસ્તની યાદ પડી. વળી તે વીજલી જેવી ઝરકે બીછાણેથી ઉઠી ખરો થયો. તે પોતાના ખજાણાની પેતી પાસ જઇ જોવા લાગ્યો, તો ત્યાં એક રત્ન બીજ ઝકઝક થતું તેણે જોયું. આ બીજ જે કોઇને ઘસી ખાવા યા તો પીવામાહે દીધું હોય ને તે જે પીતો કે ખાતો હોય તે વખત તે આલનાર જે શબ્દો તે ઉપર બબરે, તેવો તે ખાનાર કે પીનાર થઈ જાય. પછેં તે કાં ના શીવ સમાન શક્તીવાન હોય? આ રત્ન બીજ તેણે તર્ત પોતાને કબજે લઇ બરછીની મ્યાનમાહે ખોસી દીધું. પછે તેણે એક પ્રેમપત્ર પોતાની થનાર પ્રાણપ્રીયા હેમદેવીને લખ્યો;—

"જે પલથી તું પ્રીયા રોશાણી,
જીંવવું વીખ નખશીખ લાગે;
અવલ તેં કહેલી ક્યાં ગૈ વાણી?
"પ્રેમ ઉર પુર હૃ ભેડો જાગે;
પ્રાણપતી આપ છો જીંદગાની,
વ્યોગ થવે વલશે પ્રાણ વેરાગે;"
બોલ સત્ય તું ચીત્ત કહ્યું માણી,
ક્યાં સત્ય પ્રેમ ત્હારો છે આજે?"

"કાંઈ કરી એ પત્ર હેમદેવીના કરમાં મેલાય ને મને તેનો સત્ય ભાવાર્થ સમજાય તો બસ, જીંદગાનીનું જે તે નકી થયુંજ. જો ચંદ્ર કાન્ત મ્હારી પ્રીયા હેમદેવી જણાવસે કે 'હું આપની વફાદાર' તો પછે હું ગમે એવા સાથ એ બાબેની હકીકાઈમાં જીવે બાજી ખેલું. હા મને એક ઉપાય સુજેછે. હું સવારમાં માહરાજા પાસ આ મ્હારા વહડાયલા કરના ઇલાજ માટે જાવું, તો તે સાથણે પદ્મિની હેમદેવીના મંદીર તરફથી જતાં મ્હારી ઇચ્છા પૂર્ણ કરનાર આ પત્ર ફુરજે ત્યાં આપવાને ફાવું, વળી ત્યાંથી વલતાં જવાબ રૂકો લેવાને પણ ઠીક." એ મન ઉલટ ધરી અર્જુન બાકી રાત્ર લગાર આરામયશ માટે લેટયો પણ વહાડ જલણ કાંઈ નીંદ્રા આંખ્યોમાં આવવા દે. આવુ અકલામણ ને અમોમાંહે તે પડયો હોય એમ તે ત્યાં પથારીમાં પડયો! જ્યારે સવાર પેડી ત્યારે તે તર્ત મન ધારી ઇચ્છા અમલ કરવા માટે હામમેર ઉઠયો, તે દરબાર યોગ્ય પોશાગે તર્ત તે રાજમેહેલ ભની આવ્યો.

" મોહ્યો ત્હારે પ્રેમે પ્રેમડા, ત્હારા વ્યોગે જલુંછૂં સમ દીપ;
રોયો રાત્ર સત સ્નેહે પ્રેમડા, આજ ક્યાં તે મોતી ક્યાં તે સીપ."

આ વખ્ત સારી રાત્રની ભીનભીન કલપ્રામાંહે ગર્ક રહેલી હેમદેવી પોતાના અતી વ્હાલા ને પૂર્ણ ચાહેલા માનવીના અવિશ્વાસનો કાંઈ ખ્યાલ કરતાં કંપી, તેટલાં તેની સખી તારા દોડતી આવી કહેવા લાગી, "બા સાહેબ, માહરાજા તો છડી સવારી સાથ કીલ્લા ભણી જાયછે. હેમસીંહનો મહેલ તે તથા તેના રસાલાથી ખાલી થયલો દીસેછે. વળી બીજું કૌતુક તો પેલો જોરાવર અર્જુન રાજદીવાનખાને પ્રવેશ કરવાની રજા માંગતો વડા ચોકીદાર પાસ ઉભોછે." તારાના આ વચનોથી હેમદેવી ઓર વધારે વિભ્રમાં પડી હોય એવી મુજાઇ. તેટલાં તો તેના દીવાનખાના પાસથી અર્જુન રાજદરબાર તરફ જતાં દીસ્યો. બન્નેનાં નેત્ર એક થતાં અર્જુને રાજપૂત્રી યોગ્ય આદરભાવથી નમન કર્યું; પણ કસું ભાષણ કર્યા વના પેલો પ્રેમપત્ર ત્યાં તે સામે તેની સખી તારાની નજર પડે નહી એ સીફતે ફેંકી ચાલ્યો. તે તર્ત અર્જુનનીજ રૂઢીએ હેમદેવીએ ઉઠાવી લઈ કંમરે ખોસી દીધો. તારા ગયા પછે તે રૂકો વાંચ્યો કે હેમદેવીની આંખ્યોમાં આંસુ આવ્યાંજ. શંકાને વળી બાન સમાન રૂપકે પોતાને સર છોડવાની તકશીરમાં અર્જુનને આવેલો જોઈ તે પદ્મિનીએ જવાબ રૂકો લખી તે ત્યાંથી જાય તે વેલા તેનીજ રૂઢી પ્રમાણે વગર બોલાવે તેને સ્વાધીન આપવાને નકી ઠડાવ રાખ્યો. રાજકુવરીએ પોતાનું દીવાખાનું બંધ કરી આ કવીત બાન પત્રદ્વારે અર્જુનને હેડે લગાવ્યો:—

" જે પલથી મને શૂરવીર મોહ્યો,
તે પલથો પ્રાણ તે હૃદય સમાય;
ચંદ્ર વના જ્યમ ચકોરા મુંઝવણ,
ત્યમ વ્યોગમાં હું પામુંછું લાય;
રોમ રોમ વસ છું બુંદ બુંદ તોય,
મલું જો અબચ્છરા સમ ગતી થાય;
મ્હારૂં તો ચીત તું સખી નીત જોય,
તુંનેજ ચાહું તે વર્ણન કયમ લખાય. "

માહરાજા મળ્યા નહી ને અર્જુન આવ્યો તેવો ઉલટભેર રાજપુત્રીના દીવાનખાનેથી જેવો વલેછે તેટલાંજ તે ઉપર એક પતંગ્યું ઉડી આવી છાતીએ સમાય ત્યમ કાંઈ વસ્ત આવી લાગી તેની બરછીની મુઠ પાસે બેસઇ રહી ! તે અર્જુન ત્યાંજ તપાસીને પોતાની અવી વ્હાલી પ્રાણ પ્રીયાને ક્ષમા ચાહવાનું ભાષણ કરતે, પણ તેટલાં તો ત્યાં તારા આવી લાગ્યાથી તે ત્યાંથી ચાલુ સ્થીતીમાંજ આગલ વધ્યો ને દરબાર દરવાજે વટાવી ગયો.

શંકા ને સ્નેહ વચ્ચે વીટલાયલો અર્જુન પ્રાણ પ્રીયાનો પત્ર પામ્યાથી એટલો તો હર્ષિત થયો કે કોક મોટી યુદ્ધ સંગ્રામમાં જય મેલવી રહ્યો હોય ત્યમ તેના મનના હર્ષને હદ રહી નથી. પણ તે પત્ર મનોમંગ સમ સ્નેહાધીન હશે કે સાવ અમ્ની સમ ક્રોધાધીન, તે ખ્યાલમાંહે પૂર્ણ ગરચો. શ્રી કનોજ ઇલાકાના સર્વ શૂરવીરોમાં એક્કો ને કોઇ પણ યુદ્ધમાં હટી જાય એવો તો નહીજ, તે, આ પ્રેમ યુદ્ધમાં ફીકો પડ્યો હોય એવો દીલથી ડરવા જેવો દીસ્યો. પ્રીયાનો રૂકો ઉખેડી તેનો મર્મ જાણવાને તેના મનની હામ ચાલે નહી. તે પોતાના મન સંગાત બોલ્યો 'રે આ રૂકો મને આ પૃથ્વી ઉપર જીવતી શબ બનાવા જેવો નીકળ્યો તો?" તેના મનની આનાકાનીથી તે ધ્રુજતો પણ જ્યમ જાદા વખ્ત થતો ત્યમ ત્યમ વીચારે ખીન બનતાં ષડ ને ત્રાસી થતો ચાલ્યો. ધણી તે મનમાં બબડયો "આ લગાર શંકાના સમયમાં ઓ મન તું ઉતાવળું ના થા. થોડીવાર ખમ. પ્રાણ શી વસ્ત છે? ત્હાગી જો આજલગીની બાંધેલી આશા છુટી ગઇ તો? ના. આ અવતાર પ્રીય હેમદેવી વના કાં ના આ વીપલેજ જલી ભષ્મ થતો ને તેની સુક્ષમો વાયુના સપાટામાં ઉડી પૃથ્વી ઉપર પંહરાઈ જતી? અરે મન તને એટલો ગભરાટ શા માટે જોઇયે? આ એક રોમ કરતાં પણ વજનનું હલકું પત્ર, હું એક પ્રવત્ત જેવા વજનના ભારી યોદ્ધાને ડબરાવે, સતાવે ને કાયર બનાવે?

ના ઝટ જે તે છેડો આવ." એ કહેતાં તેણે પત્ર ફાડયો. તે વાચતાં શબ્દ શબ્દ તેના રોમમાં રોષની ફુકઈ. તેની વાંકી મુછના દરેક બાલ સુદ્ધા થયા. તેની નસનાં ચોકેલાં રૂધીરની રેલનમાં આચીંતો ધસારો ઉઠયો. તેના વહડાયલા કરની અગ્ની વધી. તે પોતાની વચને બંધાયલી પતીવર્ત પ્રીયાના બાન શબ્દોથી મૂછા પામ્યા સમ સ્હનો સાવછ થયો. એકેકો શબ્દ દસ દસ ક્ષમા માંગવે પણ તેને ચડેલો કલંક ફીટાડે નહી એવો મજબુત ને હાલકો! તે પોતાને ઠપકાના વર્ષાતમાં તરબોર કરવા લાગ્યો. શી રીતે તે વહેમનો ભક્ષ થયો? તે શાકારણ ખાતરી ઉપર ખાતરી કરવાસારૂ ઉશ-કેરાયો? તે ભેદ તેને સમજાયો નહી ને તે ખુબ લજવાયો. તે વીલાપ કરે ને કલબલાટમાં દુખે એવો પોચો તો હતે નહી તોય તે સમજ્યો કે સ્ત્રીની તીક્ષણ વાણી, શૂરના ઝેરી શસ્ત્ર હાને જાદા હેરાની ઉપજાવી શકતી છે. આ તેનો ખ્યાલ ક્યાં લગી તેના મનની મસ્તાન લાગણીનું તાણ ખેંચતે પણ તેટલાં તે હજુર રાજ્યવૈદ્ય તેના ખાંગી કારોબારી સાથ દાખલ થયો.

કોટ બહાર રાજ્ય રાવતીમાંહે કનકઆશને હેમસીંહ ને તે પાસ માહરાજા યુદ્ધસીંહ બીરાજ્યા છે. હેમસીંહ ચુપ ત્યમ પૂર ગમમાહે ડુબેળ દીસે છે. યુદ્ધસીંહ દીલાશો કહેતો દીસેછે. તે બન્ને માહવીર પુરૂષોથી થણે દુર શૂરા રક્ષકો મર્યાદાથી ઉભાછે. એક ખુણે હેમસીંહનો અંગ રક્ષક વીકાળ સીંહ સમ નખસીખ શસ્ત્રો બીડેલ ખડો છે. ત્યમ યુદ્ધ-સીંહનો કોઇ અંગરક્ષક ત્યાં નથી. પણ પોતાની એક આખી સેનાની ટુ-કડી હેમસીંહના માન માટે ત્યાં અવલથી મોકલીજ, તે છે. બન્ને માહ પ્રતાપી છત્રધારીઓ અત્યંત ચોખ્ખા રાજ્ય પ્રેમે ત્યાં અધઘડી એકાંત પ-રસપર ચક્ષુ સાથ ચક્ષુ મેલવતાછે; તેટલાં વાત ઉપરથી વાત વધીને યુદ્ધ-સીંહ બોલ્યા. "મુગટધારી શૂરા હેમસીંહ આપના શૂરા રક્ષક રનમલનો શોક મેલશો ત્યાંલગી હું તે મ્હારા સર્વ રાજ્યને પાલવાની મનાઈ ફરવુંછું." હેમ તે સાંભલી પોતાની પરોણાગત કરનાર માહરાજાનું મુખ ન્યાલવા લાગ્યો. તેટલાં વળી યુદ્ધસીંહ બોલ્યા "મ્હારી તો ખાસ ઇચ્છા છે કે આપ જ્યાંલગી મ્હારા રાજ્યમાં રહ્યાછો ત્યાં લગીમાં મ્હારી રાજ્ય તુળ્ય રાજકન્યા હેમદેવી-નો સ્વયંવર રચું ને જે તેને યોગ્ય પતી થાય તે શૂરા સંગાત તેનો લગ્ન ગાંઠ બાધું." આ ભાષણ આચીંતું થયું ને હેમસીંહ પોતાની મરજી પ્રમાણેની બાજી આપોઆપ રચાઇજ તેથી રક્ષકનો શોક ઘડીભર ભુળ્યો. તે લગાર ખુરા મીજાજ આ માહમૂળ્યતા સમ ભાષણના જવાબમાં માત્ર આ બોલ્યો: "માહરાજાની આ ઇચ્છા ઇશ્વર પરીપૂર્ણ કરો. એ સ્વયંવરમાં હું પણ મ્હારૂં નશીબ હોમાવીશ. ફાવશે તો ત્યમ નીકર તો જ્યમ આવ્યા ત્યમ આપની

રજા મલશે ત્યાંથી રાવતી ઉઠાવીશ." યુદ્ધસીંહ શુરા હેમસીંહની આ ચોખી વાત ને ખુલ્લા જવાબે એટલો રીઝ્યો કે જેટલો તેની આજસુધીની સારી જીંદગાનીમાં તર્ત બોલાયલી ખુલ્લી બોલીથી રીઝ્યો હતો નહી. કનોજપતી બોલ્યા, "હેમરાજ, આપની અમૂલ્ય ઇચ્છા મેં જાણી તેથી તો મને આપ પાસ એક ઇચ્છા માંગી લેવાની રજા છે? આપ જ્યમ મ્હારી રાજ્ય નગ્રીમાં રાજ્યમહેલે પરોણા હતા ત્યમજ ત્યાં ઉતારો રાખો." શુદ્ધ મનની ધૈર્યતા ઓર સંગીન હોયછે, ત્યમ યુદ્ધસીંહની મનોવૃત્તી હેમને જીગર ઓર પ્રસન્નતા પામી, તે બોલ્યો "માહરાજાએ સ્વયંવરની સંપૂર્ણ તૈયારી રચવી. રાજ્યગોર પાસ સ્વયંવર આમંત્રણ પત્રીકા મોકલી ઇલાકાના સર્વ રાજ્યકર્તાઓને બોલાવવની મને જાણ થતાંજ હું સર્વથી અવલ નગરીમાં દાખલ થઇશ ને સુર્ય પ્રકાશથી તે સુર્ય અસ્ત તલગની તમામ રમત ગમતમાં ભાગ લઇશ. હાલ માત્ર ત્રણ દીવસ તો મ્હારા વફાદાર રનમલના શોકમાં મને ત્યાં રહેવા દ્યો. હું ત્યાં પણ આપની પરોણાગતમાં છું. મ્હારૂં સર્વ લશકર ને મ્હારી રાજ્ય કચેરીનું દરેક જન આપની પરોણાગતમાંહે ડુબ્યું છે, તે તો આપને રોશન છે." હેમસીંહના આ ભાષણ પછે યુદ્ધસીંહ ત્યાં અધઘડી રહ્યા ને ઉઠયા. બન્ને સંગાત રાવટીના છેડા લગી ચાલ્યા. રાજ્ય પૂર્ણ સન્માન રીતીએ યુદ્ધસીંહ છડી સ્વારી સાથ ત્યાંથી કોટમાં દાખલ થયા.

બીજે દી પ્રભાતમાં સઘલું નગ્ર હેમદેવીના સ્વયંવરની જાણ પડી ઉલટ પૂલટ થયું. રાજ્યગોરના બેયા, ઇલાકાના બંડણ્યા ત્યમ સરહદના સ્વતંત્ર રાજકર્તાઓની દરબારમાં જઇ પોંહચ્યા. રાજ્યગોર માત્ર એક ખાસ કનોજપતીની સ્વયંવર પત્રીકા લઇ હેમસીંહની કોટબાહેર છાવણીમાં દાખલ થયો. પ્રથમ માહ માન અક્રામ ત્યમ આશીરવાદના શ્લોક ગજાવતાં કનોજપતીની આમંત્રણપત્રીકા રાજ્યગોરે હેમસીંહ હજુર મેલી પણ પછે તેના સુર્ય તેજ સમ પ્રકાશ ને ગરમઈ પાસ ચકા સમાન ધુંજવા લાગ્યો. તે જ્યમ હીંમત રાખી ઉભો રેહવા જાય ત્યમ તેના હાડમાં ધુંજારી જાદા થાય. હેમસીંહને ત્યાં ઈંદ્ર સંમ તુફાની જુસ્સામાં ગરક કનક આશને બીરાજેલો જોતાં રાજ્યગોર બીલકુલ ચુપ થઈ ગયો. તે સાવ ઢોર બની ગયો. નાગી તલવાર લઈ ઉભેલા નવ શુરા રક્ષકો વચ્ચે હેમસીંહ આશ્ચર્યકારક મૂરતી સમાન દીસ્યો. પાંચ દશ પલ હેમસીંહે તે પત્રીકા વાંચી, અને પછે રાજ્યગોરને જોયો, પણ તેણે જ્યારે તે ગોરને ઢોર જેવો વાચારહીત જોયો ત્યારે ફક્ત ચુપ સ્થીતીથી તે પત્રીકા લાવ્યાના ઇનામમાં પોતાની શીરોઇની મુંઠને ત્યાં જમીન ઉપર અફાલી તેનું એક રત્ન કાઢી તેને નવાજ્યું! રાજ્યગોર તે પણ એક મુંઢ સમ સ્થીતીથી પોતાના હાથમાં લઇ ઉભો. જ્યારે એક

રક્ષકે જવા કહ્યું ત્યારે તે ત્યાંથી ખીહણા સ્વાન સમાન પાછલે પગલે વળ્યો.

રાજ્યગોર હેમસીંહની છાવણી મેલી કોટમાં દાખલ થયો તે પણ તે પોતાની મુર્છાસમ સ્થીતીમાં. તે કોટ મેલી સેનાધીપતી અર્જુનના મહેલ પાસથી પસાર થતો તેની પણ તેને ભાગ્યે જાણ, પણ પછે તેને કોઈએ નામ દઈ બોલાવ્યાથી તે તે સ્માધ સ્થીતીમાંથી જાગૃત થયો. તેણે ત્યારેજ જાણ્યું કે તે સેનાધીપતીના મહેલને દરવાજે ઉભોછે! તેટલાં તેણે આ શબ્દો સાંભળ્યા "રાજ્યગોર સેનાપતી અર્જુનસીંહ બોલાવેછે." મહેલના સ્વારના આ પૂકારથી તે હાલ તદન સુદ્ધીમાં આવ્યો અને પોતે ક્યાંથી આવ્યો તે ખ્યાલ કરતાં પા ઘડીએજ પક્કો ભાસ થયો. એટલાંમાંહે તો તે અર્જુનના દીવાનખાને દાખલ થયો. અર્જુનને રાજ્યવૈદ્ય કપાયલો કર જોડી તેની રગો મેલવી કાંઈ અદભૂત્ત જડી લગાડી રહ્યો છે. તે કરને અસલ માફક હાલતો કરવા ત્યમ વખતે અવલ માફક શક્તીમાન કરવાને કરવૈયા સોનીએ તૈયાર કરેલું ચાંદીના પત્રાંનું મોજું રાજ્યવૈદ્ય લઈ તેના કરને છેક ગુંઠણ લગી મોટી કારીગરીથી પેઠાવ્યામાં ફાવેછે. જાણે ચાંડીનોજ હાથ ઘડાયો હોય એવો તે બની રહ્યોછે. અર્જુનને વેદના તો હદ વનાની થાયછે પણ તેવી વેદના રજપુત શીપાઇ બરચ્યાની શા ખાતરમાં? ત્યમ તેની હાલત છે. અર્જુને આ હાલતમાં રાજ્યગોરને પુછયું "માહરાજ આજ કાંઈ કોટ તર્ફથી આવવું?" રાજ્યગોર બોલ્યો "સેનાધીપતીરાજને ખબર નહી હશે કે રાજ્યકન્યા હેમદેવીનો સ્વયંવર ભરાવાની તૈયારી થઇ રહીછે. ખંડણ્યા રાજ્યકર્તા ત્યમ સરહદના સ્વતંત્ર રાજ્યાધીશોને સ્વયંવર આમંત્રણ પત્રીકા પોંહાચાડી બોલાવ્યાછે!" અર્જુનને તો આ સાંભલતાં અમી સાગરે સ્નાન થયુંજ. પણ પૂર્ણ જોસાવસ તેથી બોલ્યો "હજી સુધી નહી." રાજ્યગોર બોલ્યો. "આજ ત્રણ ત્રણ દીવસ થયાં નગ્ર ચકચક થયું છે. શૂરા ને પૂરા માટે મેદાનમાં મંડપો ઉઠયાછે. સ્વયંવર મંડપ તો સૃષ્ટી ઘડીભર છક રહે એવો શોભાયમાન રચાઇ લગોલગ તૈયાર થવા આવ્યોછે તેના બે ભાગ કર્યાછે. એક નગ્રની સર્વે અપછરાઓના આશનનો, બીજો સઘલા શૂરા ને શ્રીમંતોનો. ત્યાં તે સામે એક નોખો મંડપ સુંદર ન્હાનો કોટ હોય એવો ઉઠાવ્યોછે. તે રાજ્ય માહોલ પાસ; તે માંહે રાજકન્યા પોતાની સાહીલીઓ સંગાતે બીરાજશે. તે સામા બે મોટા ચક્ર મંડપો બની ચુકાછે. એક સ્વતંત્ર રાજાઓ માટે, બીજો ખંડણ્યા માટે; રાજકન્યા ક્યમ દેવી તે સરત હજી જાણ થઇ નથી. પરમેશ્વર જેને સહાય થશે તે તે સુંદરી પામશે." અર્જુનને એક કરની જગ્યો દસ કર હતે ને તે સઘલા કપાઈ ગયા હતે તેથી જેટલી બલત્રા ને મુજવણી ઉડતે નહી તેટલી માત્ર સ્વયંવર રચનાની વાત સાં-

ભજ્યાથી બેકરારી ઉપજી. રાજગોરના એકેક શબ્દે તે દસ દસ ડોલાં ખાય ને વાક્ય પુરો થાય કે તેનો કપાયલો કર ઓચીંતી ગતી પામી શારોઈ ઉપર પડવા જાય. જો પુરૂં લક્ષ અર્જુન રાખે નહી તો ત્યાં રાજ્યગોર આંખના અનસારા માત્રમાં સીસ વહડાઈ મુરકું પડે; પણ તે તો માત્ર માહરાજાની ખટપટ કહેતો હતો છતાં અર્જુનને મન આ વીચાર મજબુત, કે એ તુચ્છ ગોર કોણ થાયછે કે મ્હારી પ્રીયાનું નામ કે સ્વયંવર મને સંભળાવાની હીંમત ધરે? અર્જુનને તો સૃષ્ટી કાળી બિહામણી દીસી. આકાસની સર્વ અપ્છરાને કોઈ અપમાન કરો; જોઈયે તો કો સૃષ્ટી માતુશ્રી પાર્વત્તીની મશ્કરી કરો પણ હેમદેવાનો તો કોઈ શબ્દ બોલે તો તે જીવતો રહે કયમ? એવો પ્રેમાધીન ઇર્ષીત ને જંગલી બની જતો હતો.. રાજ્યવૈદ્ય હતો ત્યમ ત્યાં દુર તેના બીજા અંગરક્ષક સેનાપતી ને ખાંગી કારોબારી હાજર, તેથીજ રાજ્યગોર, જે હેમસીંહને ત્યાં ઢોર બની ગયલ તે હ્યાં પોપટ બનેલ બચી ગયો, પણ ચર્ચા જે કહી તે ના હર્ફ જાદા કે કમી. એ પ્રમાણે રાજ્યગોર પોતાનું ખાસ કામ બજાવી રાજ્ય દરબાર આવ્યા દરમ્યાન જે તેનું કામ નહી તે અર્જુનના દીવાનખાને પ્રવેશ કરી આવ્યા.

કનોજ નગ્રમાહે સ્વયંવર રચનાની શોભા અત્યંત મોટા ખર્ચે થતી ચાલી હતી. પ્રજાએ પોતાના કીંમતી પોશાગ ને દ્રવ્ય છુટે હાથે વાવરવાને ઉલટ પકડી હતી. રાજ્યકન્યાનો સ્વયંવર સર્વ પ્રજાનો ઓત્સવ હોય એમ ઘેરેઘર તે મહીમા ભોગવવા માટે રંગ રાગ ને ખાણીપીણી ચાલુ થઈ. સર્વ જન એ આનંદને પોતાના તન મન ધન અર્પણ કરવા યોગ્ય પોતાના માહરાજાની દયાળુ રાજ્યનીતીથી ઉશકેરાયા હતા. શું શ્રીમંત કે રંક સર્વને રાજકન્યા હેમદેવી ઉપર પ્રજા પ્રેમ ઊંડો હતો તેથી તેના લગ્ન ઓસવ જેવો આ જીંદગીનો અમુલ્ય તહેવાર પાળવાને કસી ખામી રાખવા ચાહતા નથી. જે દીથી તે રાજપુત્રીએ જન્મ લીધો હતો તે દીથી માહરાજાએ પોતાની પ્રજાને છૈયાં ભાવે પાળવાની રૂઢી સીરૂ કરી હતી, તે સમયથી તે પ્રતાપી રજપૂત માહરાજાએ કોઈ.પણ કીસમનો જુલમી દોર પોતાના રાજમાં રાખ્યો નહી: ફાંસીની શીક્ષા, વેઠની શીક્ષા ને મૃત્યૂ પામતાં લગી કોરડાના મારની શીક્ષા તો તેણે મુળગી ભુસી નાખી. પ્રાધીનતાનો નાશ ને સ્વતંત્રતાનો ઉદ્ધાર કર્યો. વળી યુદ્ધનો મોટો શોકીન છતાં બનતાં લગી કોઇ પરપ્રજાને નાહક સતાવવી નહી, બલકે બનતાં લગી સર્વ શુરવીર રાજ્યો સાથ સ્નેહભાવ ને ખંડણ્યા રાજ્યો સાથ દયાભાવ રાખ્યો. એથી રાજકન્યાને તેની સર્વ પ્રજા ચાહે તેમાં શી નવાઈ? કનોજપતીનો ખજાણો બીસ્યાર, તેનું લશકર લક્ષબંધ, તેના મહેલ ને મહેલરક્ષકો અગણીત, છતાં તેની સાદાઈની હદ

હતી નહી. પ્રજાના કલ્યાણમાં જ્યારે તે કોટી મોહોર ખર્ચતો ત્યારે તે પોતાના અંગ ખર્ચમાં માત્ર એક સાધારણ સન્યાશીનો સીધો વાપડતો. હા, તેના કબીલાનો ખર્ચ માહ રાજ્યયોગ્ય ચાલતો. ફકત તેની એકપુત્રી રાજકન્યાની સાહેલીઓ ત્રણસો કરતાં જાદા હતી. તેઓમાંથી વર્ષે વર્ષ પરણી જનારીઓનાં મોટી ધામધુમથી લગ્ન કરી દઈ લક્ષ મોહોરોની પહેરામણી ને જાગીરો બક્ષેસ કરતો હતો. ફરી યોગ્ય સુંદરી તે જગ્યો નેમાતી તેનાં શાલ્યાણાં પણ રાજ્ય પ્રમાણેનાં બાંધી આપવામાં આવતાં. એ સર્વ ઉપરથી તેના નગ્રમાં તેની મોટી વાખવાખ ને વખાણ ગવાતી હતી. તે માહરાજા જ્યારે ત્યારે પોતાના શેહેર તરફથી પસાર થતા રાજા, માહરાજા કે યુવરાજ જે પણ હો, તેઓને પોતાના પરોણા રાખી ઈંદ્ર શોભીત વૈભવે તેમની પરોણાગત કરતો ને મોટી ઈજ્જત દેતો હતો.

સ્વયંવરના આમંત્રણથી નગ્રમાંહે પહેલો જે યુદ્ધશ્વી રજપૂત છત્રપતી યુવરાજ દાખલ થયો તે શેરો હેમસીંહ હતો. તે આ ટાણે પોતા યોગ્ય ખાસ રસાલા સંગાતે દીપતો હતો. તે એક લાલ હાડપીંજર જેવા અશ્વ ઉપર નખસીખ મોતીના દગલામાં સ્વાર થયલો હતો. શસ્ત્રમાં કમરે માત્ર એક હીરાજડાવ મ્યાન મુઠની શીરોઈ લટકતી હતી. તેના મસ્તક ઉપર ભરતખંડ મૂલ તુલ્ય તોપ ખીરાજતું હતું તે રોબ, ત્યમ તુરી કુદાવાની છટાથી સઘલાની નજરમાં તે સંપૂર્ણ રજપૂત જણાઇ ત્રાસનો તરાક પાડતો હતો. તે દીસતો તો ઘણોજ પટલો ને લાંબો, પણ અજાયબ જેવો મજબૂત બાંધાનો ત્યમ રાજદંડ પકડી પ્રજા ને દેશ સમાલવાનેજ ઇશ્વરે ઉત્પંન કર્યો હોય એવો આબદાર હતો. તેની ચક્ષુ અગર સીંહની ચક્ષુ સંગાત એક થાય તો તે ઘડીભર જોવાની સીંહની હામ તુટેજ, એવો શાત્ર ચમકાત તે માંહેથી ચમકતો હતો. તે માત્ર પોતા સંગાતે સો શૂરા પણ તે કેવા, કે એકેકો બોલ બોલતાં રનસંગ્રામ જીતી લે એવો જોરાવર ને લડાયક, તેવા યુદ્ધશ્વી રક્ષકોથી નગ્રમાં દાખલ થયો. એકસો એક ઘોડસ્વાર રજપૂતોના ઘોડાઓની નાલનો એકત્ર નાલબંધ અવાજો, કોઇ કહેશે કે લક્ષ લશકર યાહુમ કુચ કરી કુદતું આવેછે, તે પ્રમાણે કાન ફાડી નાખતો પડતો હતો. તે સ્વારી જોવાને સર્વ કનોજ નગ્રવાસીઓ રસ્તે, ઘરે ને છાપરે ચઢયું હતું. હાઃ હાઃ તે સો સ્વારોના નવ નવ ગજ લાંબા મુએ વીખશ્રી શસ્ત્ર જડાયલા ભાલા, સુર્ય પ્રકાશ ગ્રહન કરેળ, જ્યમ આકાસમાં પુછસ્યા તારાનું લશકર છુટયું હોય ત્યમ ઝલક ઝલક ઝલક થતા હતા. આ મોટી સ્વારી આવ્યાની જાણ માહરાજાને થઈ કે તે પોતે જાતે પોતાના ખાસ શૂરવીરો સાથ તે સામે ગયો. ઘણાજ માન ભાવ ને મોહબતથી હે-

મસીંહને ગલે વલગ્યો. બન્ને પયાદા થયા. બન્ને આનંદ ભાષણ કરતાં રાજમહેલમાં પ્રવેશ કરતાં રાજદરબારે ઘોડાવાર ખીચાયા. ત્યાં કનોજપતીએ હેમસીંહને મોતી ને માણકનું સૃષ્ટી તુલ્ય નજરાણું પહેરાવ્યું.

વીદ્યા દૌલત ધરાવત પંડીત, શાસ્ત્રીકી દૌલત હે અંકગણીત;
કશાનકી દૌલત શૂર સંગીત, સાધુકી દૌલત સમાધ હે નીત;
કવીકી દૌલત હે ખ્યાલ કબીત, પતિવર્તકી દૌલત પીયા પ્રીત;
કવી ચંદ કહે સુન પૃથુરાજ, છત્રપતીકી દૌલત હે યશ જીત.

તે પછે બીજો જે શૂરો દાખલ થયો તે હસ્તીનાપુરનો દેવસીંહ, જેની યુદ્ધમાહે આજલગી કોઇ ટકી શક્યું નથી. જેનું સૈન અજીત, જેના હોકમ કાયદા, જેનું ભાષણ અમલ ને જેની શીરાઇ સૃષ્ટીમાંહે એક, તે પોતાના હજાર શૂરા સ્વારો સંગાતે કનોજપતીનો પરોણો થયો. તેનો ઉતારો તેને માટે અલાયડા નખાયલા રાજ્ય તંબુમાંહે થયો. તેની છત્રપતી રાજાની પદવી પ્રમાણે તે તંબુમાં ઘણી ધામધુમ થઈ રહી. તેના ભાંડ, મલ ને તેના ખવાસ, તે પોતા સંગાત ખાસ લાવ્યો હતો. તે સઘલા પોતાના છત્રપતીને એક દેવતા સમાન માન સન્માન ને મોહટમ દઈ રીજવતા હતા. નાયકા, નાયકનો ખટલો પણ હસ્તીનાપુરીથીજ તે પોતા સંગાત લાવ્યો હતો. તેણે જવાની તર્તની પસાર કરી હતી તોય તે મસ જવાન દીસતો હતો. તે નખસીખ અન્મોલ લાલમાહે ચીકાર એશ આરામનો એક ન્હાનો ટકરો હોય એવો તે તેના હજાર યુદ્ધા રક્ષકો વચ્ચે દીસતો હતો. યુદ્ધસીંહે તેને પ્રથમ પોતાની રાજદરબારમાં કનક આસન દઇ રાજ્યયોગ્ય નજરાણું પહેડાવ્યા પછે તેને માટેના ખાસ તંબુમાં પોતે જાતે મેલી આવ્યા.

ત્રીજો મોલીનો રાજેંદ્ર મલસીંહ, જે માત્ર ત્રણ રક્ષક સંગાતે કનોજમાં દાખલ થયો. પણ આ ન્હાનો સ્હુનો રાજેંદ્ર હતો નહી. તે હતો તો ન્હાના રાજ્યનો માલક, પણ સ્વતંત્ર ને અવલ આબ ધરાવનારો શૂરો, જે તે કાલમાં ઉઠતી યુદ્ધમાં જેની પક્ષે રહેતો તેનીજ જીત થતી હતી, એવી તેની શીરાઇ ત્યમ બાણવૃષ્ટી રામબાન હતી. તે સાદા ચાંદીના તારના ગુંઠેલા દગલામાં ચીકાર હતો. તેનાં શસ્ત્રો સઘલાં તેના બદન ઉપર યોગ્ય કાલ રૂઢીએ, લટકતાં હતાં. તેના સર ઉપર એક મોતીનું તોપ હતું. તેનો ઘોડા એક પલ પણ ભુંઈ ઉપર સીધો રહેતો નહી, એવો આફ્રતી ચાલનો હતો. તેના ત્રણ રક્ષકો ત્રણ હજાર કરતાં જાદા જોરાવર ને કેવલ કાલ સમાન યુદ્ધ કરનારા હતા. તેને માહરાજા યુદ્ધસીંહ તર્ત યોગ્ય આદર સત્કારથી પોતાના રાજ્યમહેલમાં લાવી ત્યાં તે કાલ રૂઢી પ્રમાણે તેને તેના રાજ્ય

પાસનું એક નગ્ર ને તેની ચઢેલી આમદાનીનું નજરાણું લખી આપ્યું, અને કંઈ વર્ષો આગલ તેની મલેલી મદદનો પાડ માન્યો.

ચોડો પાટણનો ભીમસીંહ અબોલો, હાથી ઉંપર બીરાજેલો કનોઝ-કોટમાં દાખલ થયો. તે સાથ દસ હજાર પાટણી શૂરા શીપાઈઓનું સેન આશ્ચર્યકારક સરખાપણા ને તાબેદારીથી કુચ કરતું હતું. તેને પોતાનો સર્વ રાજ્ય શૃંગાર પોતાને શરીર સજ્યો હતો. તેનું મ્હોટું રાજછત્ર તેના સર ઉ-પર તેની ધજા સંગાતે ફરતું હતું. તેના હાથી આસપાસ ગોલાકાર નખ-સીખ લોખણ કવચ્છ સજેલ સો માહ બલવાન રક્ષકો ઘોડા કુદાવતા ને ગરદન પસવારતા ઉછલતા હતા. તે છત્રપતીને મહારાજા યુદ્ધસીંહ પો-તાની ખાસ સેનાની તુકડી સાથ છેક કોટને દરવાજે એસતકબાલ ગયા. બન્ને રાજ્યાધીરાજોની નજર એક થતાં અર્સપર્સ મોહબત ત્યમ હસ્તે મુખ સલામ થઈ. બન્ને બે પલ ત્યાં એક બીજાને એમ કુશલ સમાચાર પુછી રીજ્યા, કે પાટણપતીએ કનોઝપતીને પોતાના હાથીની અમારીમાં સાથ બેસવા ઈચ્છા કહી. તે યુદ્ધસીંહે મોટા હર્ખભેર મંજુર રાખી અને બન્ને મહારાજા સંગાત હાથીની અમારીમાં તરેહવાર ગુફતેગુ કરતાં રાજમોહો-લમાં ઉતર્યા. હ્યાં જે દરબાર ભરાઈ, તે ઓર દબદબાની હતી. બે તખ્ત અનમોલ રત્નજડીત ઉપર બન્ને માહરાજા બીરાજ્યા. પાટણપતીની બા-જુથી તેના એકસો રાજ્યભાયાતો અદબથી ઉભા, ત્યમ કનોઝપતીની બા-જુએ તેના એકસો પ્રધાણો વગેરે રાજ્યાધીકારીઓ ઉભા. હ્યાં મોટા દબ-દબાથી રાજ્ય રૂઢીનાં નજરાણાં મેલાયાં ને મંજુર થયાં. પાટણપતીને ઉ-તારા માટે રાજ્યનો સર્વથી ઉમદા મોતી મહેલ સ્વાધીન કર્યો. ત્યાં યુદ્ધ-સીંહનો વડો પ્રધાન તે છત્રપતીની તમામ વ્યવસ્થા કરવા ખીદમતમાં રજુ રહ્યો. એ પ્રમાણે એક પછે એક રાજા, માહરાજા દરરોજ આવતા ને યુદ્ધ-સીંહથી યોગ્ય આદર સન્માન થઇ શ્રી કનોઝ નગ્રમાહે તેઓના ઉતારા થતાં પંદર દીવસમાં ભરતખંડના માહ બલીષ્ટ એકસો છત્રપતી માહરાજા, રાજા ને યુવરાજ ત્યાં આવી પડાવ નાખી પડયા હતા.

આ સ્વયંવર તૈયારી ધામધૂકાર ચાલુ વખ્તે કનોઝપતીએ પોતે પો-તાની રાજતુલ્ય કુવરી હેમદેવીને તેનાં સ્વયંવર માટે જાણ કરી. હેમદેવી તે સાંભલતાં બીજનો ચંદ્ર ઓચીંતો પુનેમનો બની જાય તેટલી પ્રકાશીત થતાં ઘડીભર દમબંધ મારી ગઈ. તેની બુદ્ધ શૂદ્ધ બીલકુલ પા ઘડી તો રહી નહીજ. તે અવલ આબની પદ્મનીએ પોતાનો સ્વયંવર જાણતાંજ પોતાના વચનનું ક્યમ કરવું? તે સવાલ ખુદરતી તેના મનને સતાવવા લાગ્યો. તર્ત વીચારોની સેના તેના મન મેદાનમાં કુચ દર કુચ ચાલુ થઈ.

હાઃ હાઃ જ્યાં મોટ મોટા શૂરા ને બાજુના બબ્બા છત્રપતી પદવીના પોતાનો ટેક જાલવવા હરીફાઈમાં ઉતરશે ત્યાં શૂરો અર્જુન શા હીશાબ? વળી હાલ તો તેનો જમનો કર વહડાયોછે. તે આગલ કરતાં તો ઘણો ઉતરતો થયોછે. તે ચીંતાનો ભીડાયલો ચાતુર્યથી ખાલી થયોછે. વળી તે કાંઇ રાજાની પદવી કે યોગ્યતાનો તો નથી. તેનો દાવો તે હ્યાં કયમ સાબુત થશે ને મ્હારી પતિવર્ત સ્ત્રીની લાજ રહેશે? પણ વીચાર આગલ ચાલે તેટલાં માહરાજા બોલ્યા "બેટા ત્હારા સર્વથી સુંદર ને અમૂલ્ય રત્ન ને મુકતા ભરેલ લુગડાં ને ઘરેણાથી તું ઈંદ્રાણી સમાન શોભાયમાન થઇ ત્હારા મંડપમાં આવવાની હોશ્યારી રાખજે. ત્હારી સેંકડો સાહેલીઓને પણ અમુલ્ય શૃંગાર ને લુગડાંમાહે ત્હારી આસપાસ ફરતી રાખજે. વળી મ્હારી મરજી તું ચોકસ સાંભલી અમલ કર. જે તને સરત પસંદ હોય અને જે ત્હારી ઇચ્છા હોય ત્યમ અવલ આપનો જે ભાગ્યશાલી શૂર નર ઠરશે તે સંગાત ત્હારી સગાઈ બાંધીશ. ત્હારી જે સરત હોય તે તે વખ્ત સ્વયંવર સભામાં જણાવજે." આ ભાષણ જાણે તે રાજપુત્રીને કાંઈ દીલાસો હોય એમ તેના ગાલ ઉપર લાલ છાંઈ બ્હાઝીને તેની જુવાનીની અન્મોલ ઝલક ફરીને ખૂબ ચમકી નીકલી. તે હસ્તે મોહ પોતાના રાજપીતાને ચરણે નમી. માહરાજાએ હસી તેના નાગણવેણી ગુંડેલ માથાં ઉપર હાથ ફેરવ્યો ને બોલ્યા "બેટા ભરતખંડના માહ મુખ્યવાન શૂરા રજપૂત રાજાને પોતાનો સ્વામી પામી સુખી થજો." માહરાજા ગયા ને શખી તારા દાખલ થઇ. હેમા તેને જોતાં ને પાસ આવતાં તેની ગોડમાં માથું ડાખી દઈ નવધાર રડી પડી.

આ વખત અર્જુન પોતાના દીવાનખાનામાં પોતાના બે ખાંગી કારોબારી ને વૈદ્ય સાથ હતો, તેના મોહથી આ શબ્દો નીસર્યા હતા. "રાજ્યવૈદ્ય આજ મને મસાન નહી તો માનુની બેમાંહેથી એક નશીબો મળનાર છે. એક એવી લેપણ મ્હારા કરને તું કર કે તે હાલના સ્વયંવરમાં મ્હારી મદદ માટે માહ મુખ્યવાન ઠરે. છેલું લેપણ મને ઠીક કૌવત આપવા જેવું જણાયું છે પણ શીરોઈનો સેંકડો પટા ખેલવા જેટલી એનામાંહે શક્તી રહેશે તેની મને પુરતી ખાત્રી થતી નથી." વૈદ્ય બોલ્યોઃ "સેનાધીપતી, લેપણ થઇ ચુકુંછે. સર્વ ધાતુ ને ઉપધાતુની ભષ્મનું લેપણ અગરજો મસાનમાં જલેલાં મુરદાંનાં બાકી રહેલાં હાડકાંને બરાબર મેલવી દઈ તેને થાય તો ચોવીસ કલાકમાં તે આકાર નવેસરથી સજીવન થઈ સૃષ્ટીમાં પંકાય! ત્યાં આ એક નીરજીવ કરની શી બીસાત? તે તો સીવઈ, બંધઈ એવો જોડાયોછે કે એ સાંધા ઉપર જે કોઇ શીરોઇનો જખ્મ થાય તો શીરોઇ તેના મ્યાનથી ભાગી પડે પણ કરને તો બાલ ઘસાડો પાડી શકે નહી." અર્જુને

વૈદ્યને સાંભલી પોતાના ખાંગી લશકરી કારોબારી પાસ પોતાની મસ કાબુલી તલવાર મંગાવી તેના સો બસે હાથ કર્‍યા ત્યારે ખુશ ખુશ થયો કે "નસેનસ વહડાયલો કર કાયમ થઈ તે નવી ઉલટ ને જોર દેખાડી રહ્યોછે." અર્જુને એ તપાસ પછે રાજવૈદ્યને એક મોટી રકમની બક્ષેશ કરી તેનો ઉપકાર માની રજા આપી. પાછલ પણ તેના બહુ વખાણ કર્‍યાં, ને ચોવીસ કલાક વહડાયલો કર છુટો રેહવા છતાં તે અસલ માફક મજબુત ને જોરાવર થયો તેથી આયુરવેદનાં પ્રાક્રમથી આશ્ચર્ય થયો. પણ આ તો એક હાથ મળ્યો, કાંઇ પોતાના ભવની સર્વેથી ઉમદા આશા તે મલી? જ્યારે તે એકલ પડયો ત્યારે તેના મનમાં તરેહવાર કલ્પણા ને તુરંગોની સુક ચાલે. તે પોતાની પદવી પોતાના રાજ્યમાં ફકત માહરાજાથીજ ઉતરતી જાણતો પણ ત્યાં સ્વયંવરમાં તો તેના પોતાના માહરાજા જેવા લગભગ સો ઉપર શૂરા છત્રપતીઓ ને તેની પોતાની બરોબરીના સો શૂરા પુરૂષો એટલે તે પોતાને બસોથી ઉતરતી પદવીએ મેલી ગમે એવા સ્ત્રીના વચન ને પતીવર્ત છતાં તે સર્વ શીરોમ ને શૂરાતન વચ્ચે ક્યમ ફાવી શકે? એ ખ્યાલ આવી તેની ઉમેદ સેજજ છુટી જતી. તે મન સાથ બોલ્યો "ત્રણત્રણ વર્ષ નકામા મેં વચનને આધીન ગુમાવ્યાં. મેં અગર મ્હારો દાવો મ્હારા માહરાજા પાસ ખુલ્લો ધર્‍યો હોત ને રાજકન્યાનો કર કોઇ ખુશ ઘડીએ યોગ્ય સત્કારથી માંગ્યો હોત તો કદાચીત હું નીશફલ જાત." અંત્યે અર્જુને એક તક પોતાને ફાવતી જોઈ. તર્ત રાજકન્યાને મલી જે તે નક્કી ઠડાવ કરવો. રાજપુત્રી જો પોતાની સુચવેલી સરત સ્વયંવરમાં ઓચીંતી મેલે તો કાંઈ બાજી મલી જાય ને સઘલા શૂરવીર ઉપર તે ફાવે. વળી તે બાજી રદ જાય તો પોતાની માતાની આપેલી અદભુત વસ્ત હેમદેવીને સ્વાધીન કરવી ને તેથી પણ નવા હરીફને નાબુદ કરવો. એ ઉલટે તે પલમાં તૈયાર થઈ પોતાને અછે ઘોડે રાજમહેલને રસ્તે ચાળ્યો. સેનાધીપતી એટલે તેને ત્યાં જતો કોણ પુછનાર? હશે, કાંઈ ખાંગી કામસર માહરાજાને મલવા જતો હશે. ત્યમ વળી લશકરી શીપાઈ તેના બચ્ચાં, વળી તે અતી મહેરબાનીથી તમામ સેનાને સમાલી લેતો. સાદાઈ તો હદ વનાની કે પોતે કોઇને પણ પોતાના શોખ ખાતર તજદી આપી સાથ લેતો નહી. સર્વ જોખમ કે આનંદના કામમાં તે એકલ રહેતો. વળી તે પોતાની પદવીની મોટાઇ દેખાડતો પોશાક પણ જરૂર વેળાજ અંગ માહે પહેડતો, એથી તે જાણે સર્વ રાજ્યનો પીતા હોય એવો અવલ પ્રકારનો ચાહ મેલવી શકયો હતો. છતાં નવ જવાન, જેવી જવાની થી કનોજ નગ્રીમાં કોઇને અંગ ચળકતી નહી. આ સર્વ ગુણ ભરેલો માનવી, રાજાથીજ ઉતરતી પદવી ઉપર હોય ને વળી રાજવંશ ઓલાદ ત્યારે

તે પોતાની મુરાદ પ્રમાણે કંઇ પણ બજાવવાને ક્યમ અચકાય? ત્યમ તેણે રાજપુત્રીના દીવાનખાનામાં પ્રવેશ કર્યો. ત્યાં તારાની ગોડમાં રડતી પડેલી હેમદેવીને જોઈ, ને તેની રગેરગ પ્રેમરસ ફરી વળ્યો. મનં તો એવું આકુલ વ્યાકુળ કે તર્ત પોતાની પ્રાણસમાન માનુનીને ગળે વળગાવે; પણ ખરો ને સુદ્ધો રજપૂત, વળી ચોખો ને શ્રેષ્ઠ લડવૈયો, તે પોતાના માહરાજાને લેશ પણ ક્યમ કલંકી કાલો નીવડે! વળી તે સમ ચાલ, સુર્ય સમાન ચોખા પ્રકારાની રોડોડ રાજપુત્રીને ક્યમ ભાવે! માટે તે ત્યાં અદબથી ઉભો, તેટલાં તો હેમદેવીએ તારાની ગોડથી પોતાની ડોકી બાહેર કાઢી. તર્ત તે પદ્મનીએ નમતી ડોકીએ પણ રાબ્ય ઢપે પોતાના તન મન અર્પણ કરેલા માલકને ઘણોજ ભાવીક આવકાર દીધો. તર્ત પોતે ઉઠી કનક આસન અર્જુનને આપવા તારાને ઇશારો કર્યો. બન્ને ચક્ષુની નબલાઇને તુર્ત સબબાઇમાં ફેરવી દઇ હસ્તી ઝલક દીધી. માહ પાકો અર્જુન પોતાની વચને બંધાયલી પ્રીયાની સર્વ હાલત પામી ગયો. જાહેર રૂપથી તેણે તે રાજકુવરીના મનની ગણત્રી કરી નહી. પણ હાલ સમય જુદો હતો, તે પોતે જુદો હતો, હેમદેવી જુદી હતી ને વળી ઉભરાથી ઉસકેરાયલું મન જુદું હતું, તેથી તેની ભાષા ષડ થઈ. તેણે ઠીક ધાર્યું નહી કે ચુપ રહી એક અબલાને ચીડવી તેના મનનું કાંઇ મેલવવું. માટે બોલ્યો "દેવી, આપ જેમ કહો ત્યમ મ્હારી વર્તણુક રાખું. આપ સ્વયંવરના શ્રેષ્ઠ શૂરાને વરશો?" અરે આખર કરે કે અબલા, તે આ શબ્દો, કોઈ કોટી કાલા રાહુ રૂપે ત્યાં અવતર્યા હોય ત્યમ તેટલા વાક્યથી તે સર્વસ્વ પોતાનું હારી જઈ ઠાર થઇજ તેવી સ્હુનકાર થઇ ગઈ. તેની ના વાચા રહી કે ના હીલચાલ રહી. તે ઉભી હતી ત્યાંજ તર્ત ગગરી બેસી ગઇ. હાહાહા, એ એક લાંબો નીસાસો નીકળ્યો. તે માત્ર પોતાનાં મોટાં તારા જેવાં ચકચકીત લોચનોથી અર્જુનને જોઇ રહી. અર્જુનને તો તેની લોચનનાં કીરણોની હારની હાર ખેંચાઇ તે માંહે શાલગી જતો હોય તેવી વેદના થઈ રહી. અર્જુન એટલે તો ગભરાઈ ગયો હતો, કે તેના મનમાં આ પ્રમાણે આવ્યું "અરે રનમલ તેં મ્હારો કર વહાડયો ત્યમ જો તેં મ્હારૂં મસ્તક વહાડયું હતે તો હું આ સર્વ પંચાતથી પટી ગયો હોત, ને નાહક તને મારી હું બદનામ ના થાત." પણ વળી તે આ જુસ્સો દબાવી બોલ્યો "દેવી હાલ સમય કેવલ સૃષ્ટી બોહ્યા કીંવા મેલવ્યા સમ કીંમતી છે. ને આપ જો આ ચાલા ને વર્તણુક રાખો તો દેખૈતું છે કે આપે દીધેલું વચન ને દેખાડેલા ચાહ આપનો સેજવારનો ભમેલાં મનનો જુસ્સો હતો. તો હું આપને વચન ને ચાહથી મુક્ત કરૂંછું. હું આજથી આ નગ્ર મેલીવીકાલતા જ્યાં ઠારે તેવા કોક રાનમાં જઇ મ્હારો

જન્મ કાહુંડ્યું. સુખી થાવ મ્હારા માહરાજાની અપ્છરા રાજપૂત્રી તમો." આ શબ્દો ને અર્જુન બન્ને એકી વેલા ત્યાંથી છેલું રૂપ ચમકાવી ગેબ થાત, પણ તેટલાં તો કોઇ માહ ચીકુ વાઘણ જ્યમ પોતાના શીકાર ઉપર તલપી ઉછલે, ત્યમ ત્યાં હેમદેવી પોતાના પ્રાણતુલ્ય વહાલા અર્જુન ઉપર ઉછલી તેને વ્હાઝી જઇ ઘણાજ ધીમા શબ્દોથી બોલી "ક્ષમા મને ક્ષમા, હું મ-રીશ, કીંવા તમને વરીશ." આ શબ્દોથી અર્જુનના રોમેરોમ ખખસ્યાં. તેને ખાધેલા કંટાલા ઉપર તેનો પોતાનો તુચ્છકાર વર્ષતાં તે ઘણોજ નમ્યો. તેણે મોટા માન ને પ્રેમથી પોતાની પ્રેમડાને પોતાના આલીંગણમાંથી ખ-સાડી. પછે તે બોલ્યો "મને ક્ષમા ઘટેછે, પણ જાદા શબ્દો કહેવાને વખ્ત નથી. મ્હારી મરજી, સ્વયંવરની તને સરત હું જણાવું તે તું તે વેલા ત્યાં સર્વ એગા મલેલા શરવીરો વચ્ચે મેલ. તું ત્હારા હાથમાં ત્હારી મોતન માળા ધરે. તું ત્હારા મંડપ સામે આવેલા મહેલના સર્વથી ઊંચા માળે સુખેની બારીએ ઉભી રહી જે પોતાનો ઘોડો છેક તને હાથ લગાડયા લગી કુદાવે તેને તે પેહરાવે. પેહરાવવાનો કાબુ ત્હારી પાસ રાખવાનો સબબ તું અગર ના સમજે, તો ખુલ્લો કરૂંછું કે તે કાબુ જો કોઇ બીજો તેવો ભાગ્યશાલી નીવડે તો તેને નહી નવાજવામાં વાપરે. ફકત જ્યારે હું ત્યમ ઊંચો આવું ત્યારે મને તે ડોકમાં ઓલવે. મ્હારી પતીવર્તા તને સર્વ જય ને યશ. ફરી, હું ના ફાવ્યો ને કોઈ ઈશ્વરે નીમીત રાજાને કર તું ચઢી તો આ વસ્ત લે, એની ખાસ્યત માત્ર તે પીતાં પીનારની જે ઉપર નજર પડે તે ઉપર તે મોહે, ત્યમ તેને પાનાર જે ઉપર તેનો મોહ ચોહટાડવાને મન માંહે બબડે ત્યમ થાય. એ વસ્ત તું તેને ત્હારો પતી કરવાની ક્રીયા પેહલાં પી જવા કહે કે તેથી તે ત્હારો પીછો મેલે. જે વખ્ત તે પીયે તે વખ્ત કોઇ ત્હારી અપ્છરા સા-હેલીને તેની ખટપટમાં મેલ. તુ માત્ર તેની પીઠે રહી મેં કહ્યું ત્યમ બબડ. એટલે સર્વ વીઘ્ન મટયુંજ." અર્જુને જાણ્યું નહી કે તેની આ સર્વ સંપૂર્ણ ગણત્રી કેટલી અપુર્ણ ને વ્યર્થ છે. તે તો પછે પા ઘડી પોતાની પ્રીયા સાથ સ્વયંવરમાં પોતે કયાં રૂપ સ્વરૂપમાં દાખલ થનાર છે, તે જણાવી પૂર્ણ પ્રેમ સહીત રજા લઇ ગયો તે માહરાજા પાસ. માહરાજા, અર્જુનને પા ઘડી રાજયોગ્ય ખબર પુછી રહ્યા; પછે અર્જુને સેવક સમ ભાવે ત્યાં અર્જ કરી, "આપ જે હક સર્વ શરા રાજવંશી રાઠોડોને આપોછો તે હક મને પણ આપશો, કે હું સ્વયંવરનો એક ઉમીદવાર નોધાઊં!" માહરાજા હસ્યા ને બોલ્યા "જે શૂરો રાજવંશી રાઠોડ મ્હારી રાજ્ય તુલ્ય કુવરીની સરત બજા બાવશે, તેને નશીબે તે રાજ્ય સુંદરી ચઢશે. સુખે મ્હારા સારા રાજ્યના ભુ-ષન ને છત્ર, જ્યમ ત્હારી મરજી હોય ત્યમ તે રૂપકમાં તું સર્વથી માહાન

યુદ્ધાઓ વચ્ચે હરીફાઇમાં ઉતર ને મ્હારા નશીબાનો પાસો અજમાવ. તું બે-શક યોગ્ય રાજવંશી, યુદ્ધા, ને કનોજના સર્વ રાજનો શેનાધીપતી છે. મ્હારી ફસી અડચણ ના જાણ. મ્હારી મરજી અગર હેમસીંહ જેવા દક્ષીણ રાજ્યના શૂરા યુવરાજ ઉપર છે પણ તે નહીં તો પછેની સરસાઇ તને યોગ્ય છે હેમસીંહ જો હેમદેવીને જીતે તો બન્ને રાઠોડ રાજ્યનું બલ એકત્ર થઇ ભરતખંડ ઇતિહાસમાં માહ અવલ નામના ઉઠાવે, એ માત્ર હેતુ; અગર તે ફલદ્રુપ ના થયો તો જેમ ઇશ્વરેચ્છા. તું યોગ્ય હરીફ છે ને વળી મ્હારા રાજ્યમાં જો રાજપુત્રીને કોઇ સાથ પણ બોલવાની છુટ હોય તો તને મેં પોતે ખાસ કંઇ વર્ષો આગળથી આપીછે. વળી તે શ્રેષ્ટ નશીબવાન રાઠોડ વંશની રાજપુત્રીનો રક્ષક મેં તને આજ ત્રણ વર્ષ થયાં ઠેડવ્યોછે. જ્યારની છેલી અણહીલની યુદ્ધમાં તેંએણ વખ્ત મ્હારી પીઠ સમાલીં લઇ જય મેલવી છે ત્યારની મ્હારી મરજી એવી ખરી કે તારો કોઇ બોલ મ્હારે પાછો તો ફેરવવો નહીં. હું ખુશ છું, નોધવજે તારૂં નામ." આ પછે માહરાજાએ ખાસ પોતાને હાથે સો રત્નો ને સો મોતી, એક ઉમદા તલવાર સાથ પોતાના સેનાધીપતી અર્જુનને ભેટ કર્યાં. વળી તેના કપાયલા કરવીષે પુછપરછ કરી. જ્યારે માહારાજાએ રાજ્ય વૈદ્યની કર જોડી અસલ સમાન કર્યાની આશ્ચર્ય પમાડતી વાત જાણી, ત્યારે બોલ્યા "મ્હારા ભાગ્યશાલી અર્જુન." અને એ રીતે અર્જુન આજ સર્વ તર્ફથી મોટી ઉમેદ ને ઉલટથી ભરપુર ખુશ ખુશ થતો પોતાને મોહોલ આવ્યો ને પોતાના માનીતા ખાસ શૂરા સરદારો સાથ આનંદભેર કુસંબા પીનીમાં સામેલ થયો.

આજ માહ માસની તેરસને નમતે સુર્ય, સ્વયંવર ઉત્સવની ક્રીયાઓ જારી થઇછે. પ્રજા ટોલેબંદ એ ઓત્સવ તરફ ચાલી જમાવ થવા લાગી છે. રંગરંગીન વસ્ત્ર ને તરાંહતરાંહ ઘરેણાં સજી કનોઝની સુંદર સ્ત્રીઓ ને છૈયાં એ શોભાયમાન સ્વયંવરમાં જ્યાં ત્યાં ભાવતી ને ફાવતી જગ્યો લઇ ઉભાથી તેની શોભામાં બેસુમાર વધારો થાય છે. મંડલી ને સ્વતંત્ર રાજા માહરાજાઓ પોતાના સરસમાં સરસ શૃંગાર, કવચ ને શસ્ત્ર ને અશ્વ ને સેના સંગાતે મોટા મંડપમાંહે પોતાના નામની બેઠકો ઉપર આવી બીરાજે છે. તે સર્વનો યોગ્ય આદર સત્કાર રાજ્ય તરફથી નેમાયલા ચતુર પ્રધાનો કર્યા જાયછે. એક પાછળ એક સર્વ રાજા, માહરાજા ને યુવરાજ આવી ત્યાં રોબમાં બીરાજ્યાથી ચીકાર થયલા રાજ્ય મંડપો, જાણે ત્યાં આકાસી ઈંદ્ર મંડલ ઉતરી પડયું હોય એવો પ્રકાશીત દબદબો મારેછે. તમામ રાજ્યપરોણા, નગ્ર પ્રજા ત્યાં આવ્યા પછે માહરાજા યુદ્ધસીંહની સ્વારી આવી. તેઓ સર્વના મ્હોટા ચાહ ને આદરમાનમાંહે નમતા ને હસ્તા મોહથી સ-

વંનો ઉપકાર માનતા જેવા દીસતા પોતાની અવલ બેઠક ઉપર બીરાજ્યા. આ વખ્ત ત્યાં સર્વ રાજા ને બાલક વચ્ચે એક ટાંચણી પડે તો સંભળાય એવી ચુપકી પંઠરાઈછે. સેંકડો યુદ્ધા રાજ્યપતી ને લક્ષબંધ બાલક જમાવ દરમ્યાન ગણત્રીના નવ શૂરવીર માહરાજાનો રોબ ઓર આબદાર હતો. હેમસીંહ તો ક્યાં છે. તે દીસ્યોજ નહી. ને અર્જુન તો સર્વ કનોઝના રાજ્યાધીકારી ને શૂરા સેનાપતીઓ પોતાની મંડપમાંની બેઠકે આવી બીરાજ્યા પછેજ ભાગ્યે ભુમી ઉપર પગ મેલતા ઘોડે ઉડયો આવેછે. તેના બદનમાં સુધ ચાંદીનું કવચ ને કમરે ચાંદી મ્યાનની સાદી શીરોઈ છે. માથે માત્ર ગોળ ચાંદીનું તોપ છે. નબસીબ તે ચાંદીનો ધોળો ડુંગર હોય એવો, તે સમાન ધોળા ઘોડા ઉપર સ્વાર થયલો, ત્યાં મળેલા એકેએકના ડોળા પોતા ઉપર ખેંચાવી રહ્યો છે. તે પાકી ને ઠાવકી પ્રીતીના નીશ્ચીત મનથી જે સ્વરૂપ દીપેછે તે તેને બેપરવાઇ ત્યમ બેફીકરાઈની મીશ્ર મુરતીનો અમૂલ્ય અલંકાર ઘડીને ત્યાંની સઘળી દ્રષ્ટીમાં ઊંચ બપાવેછે. શૂરાતનની સંપૂર્ણ શીકલ, આ કનોઝ રાજ્યનો સેનાધીપતી હતો. તેને જોતાં છત્રપતી યુદ્ધસીંહ આનંદ પામ્યા. પણ ત્યાં હજી હેમસીંહની શીલક દીસી નહી તેથી તે લગાર ઉદાશીન હતા. તેટલાં સર્વ મળેલી સ્વયંવર રચનાની નજર, સામેના મોટા બાંગી રાજમોહોલને જરૂખે પડી. ઓચીંતો તેરસનો ચંદ્રમાહ આકાસ ચઢી આવી પ્રકારાની મંદ ઝરણ ઝલકાવે ત્યમ રાજકુવરી હેમદેવીનું ચંદ્રમૂખ, અતી શેરાનાઇ ઉત્પંન કરતાં મીર્ગ લોચનના કારણે ઝલઝલ થયુંછે. તેની નાગણ વેણીની લટીઓ મોતી પોવાઈ તે પુછસ્યા તારા સમ વાયુના સપાટાથી ફીવાં માથાના હીલવાથી ઝલઝલાત ઝલકાવેછે. તેની ગરદનમાં જાંબુ જેવાં મોતીનો નવશેરો હાર વચ્ચે જડાઈ બીરાજતા મણીએ જેવી જુવાની તેવો પૂર્ણ અનલ પ્રકાશેછે. અંગમાં પણ મોતીથી બુટ્ટા ભરેલી જરી શાલુરી ત્યમ કરમાં પણ મોતી બાંગરી ને પાટલીઓથી હેમદેવીની મૂર્ત કોઈ આકાસથી પ્રગટ થયલી ઇશ્વરાંગ પુટલી હોય ત્યમ તે સ્વરૂપે દીપતી હતી. નાશીકામાં પણ મોતીની નથણીમાહે મેલાયલી અન્મોલ લાલન પટલા લાલ અદ્ધર ઉપર પરવાલાંની ખુબશુરતી બીલ્કીવી સુંદરતાની શોભા વધારતી હતી. પગમાં મોતીનાં ઝાંઝર ને આંગલામાં મોતીની વીંટીઓથી તેની કંકુ રંગની પાટલીઓ જાણે ઝલકતો અખંડ અગ્ની હોય ત્યમ ત્યાં લાલ છાંયી પંઠરાઈ હતી. હેમા ત્યાં પોતાની ત્રણસેં શાહેલીઓ સંગાતે પાટાલની રત્નખાન માહેથી ઘડાઈ ત્યાં આકાસ લગી ચઢી આવી હોય તેવો તે એક દેખાવ, જે જોતાંનેવાર શીવ જેવો સૃષ્ટી નાશકરનાર, તે પ્રેમનો મારેલો સેજજ વશ થાય. અરે બ્રહ્મા વીષ્ણુ જેવા સૃષ્ટી ઘડનાર

ને રક્ષનાર સેજે સ્નેહ સ્માધી ચઢી પોતાને ભુલી જાય તો પછે માનવી તે માનવીજ, સ્વભાવીક છે કે વરા થાયજ. ત્યમ ત્યાં મળેલી મરદાની ખલકની સ્થીતી થઈ. પણ તેટલાં ત્યાંથી એક ચાંદીના તારના દોરડાંએ બંધાયલી રત્નજડીત કનચન તબક હેઠલ ઉતરી ને માહે મેલાયલા કઈ સંખ્યાબંદ રૂકા ત્યાં જમાવ થયલા સ્વયંવરમાહે ભાગ લેનારા રાજા માહરાજા ને શૂરાઓને વેંહચાયા. તે રૂકા માત્ર રાજકુવરીની સરતના હતા. સરત માત્ર, "જે શૂરો, મ્હારા મોહોલને હું જ્યાં ઉભી છું ત્યાં લગી પોતાનો તુરી કુદાવી શકસે તેને હું વરમાલ પેહ્રાવીશ." આ વાંચતાં ત્યાં પલવચ્ચે પચાસ શૂરા ખનન ખનન કરતા બેઠકથી ઉછલી પોતાને તુરી ચઢી ગયા ને જ્યમ એજાન રૂતુનો વાયુ મસ તૃવરોના પાન ને મોહર ઉડાવ ઉડાવ કરે તેમ ત્યાં તે રૂકાના મર્મે સેંકડો શૂરા મેદાનને ચારે પાસ ઉડ ઉંડ થયા. હજી પણ હેમસીંહ ત્યાં દીસતો નથી. અર્જુન તેને હરીફાઈમાં ના જોઈ પોતાના આશાને પામ્યો, એ ખ્યાલે ના ભુમી કે ના આકાસ ને વચ્ચેજ અદ્ધર પોતાને અર્ધે ઇન્દ્રસમ શોભીત ચક્રીઓ ખાતો છે. તેની પદ્વી સેનાધીપતી, તેથીજ તે ત્યાં સરતમાં પહેલો ઘોડો મેલી દઇ પોતાની બાજી જીતવાને અચકાયછે. તેટલાં દેવસીંહએ પોતાનો કાલા રંગનો તુરી અર્ધ માઇલની ચક્રી દઈ કુદાવ્યો, તે પાછલ ભીમસીંહ ને તે પાછલ લગભગ છપણુ રાજાના ઘોડા; જ્યમ ગરૂદનું ટોલું હવા માહે એક હારમાં ઉડ્યું જાય ત્યમ તે સઘલા શૂરવીર રજપૂતવંશવાલા માનવીઓ એક પાછલ એક ઉડયા છે; પણ સર્વ રાજપુત્રીની સરત પ્રમાણે તે જ્યાં પોતાની નવબસંત સાહેલીઓ સાથ મસ્ત ફાગણસમ ઉભી છે તે મેરી કે જરૂખા લગી કોઈ પોંહચ્યો નથીજ; તેટલાં અર્જુન એક કોસનો ફેરાવો લઈ પોતાના ઉજલા તુરીનો કાન ફુકી ઘનનન કરતો હવામાહે ધુમતો જાણે આકાસમાં ગરીજતો હોય ત્યમ ઉઠયો ને જેવો પોતાની રાજપુત્રીથી વરમાલ ગલે પેહવાને ભાગ્યશાલી થાયછે તેવોજ તે ઉપર સામેથી કોઇ સાવ અમીનો ગોલો પ્રગટ થઈ વરમાલ ને મોહીની બન્ને હરન કરી ત્યાંથી અલોપ થયા જેવો માત્ર ઓલો ચમક્યો ને અર્જુન જેવો આશાભેર આકાસ ચઢયો તેવોજ નીરાશ ભુમી ઉપર ઉતરી પોતાના હરીફનો પત્તો ચારે પાસ ઢુંડતો રહ્યોજ! એમ ત્યાંના તમામ સ્વયંવર મેલાવડામાંથી કોઇને પણ પકી ખબર ના પડે કે શી બીના બનીછે! જાણે કોઈ અદભૂત વીમાન ચઢી આવી રાજપુત્રી સર્વની નજર ને હાજરી હજુર ત્યાંથી અલોપ થયાનો અચંબો ઉઠયો.

હેમદેવીને આ માહ ચાતુર્સ્ય સમ કલાથી હરન કરનારો કોઈ નહી પણ દક્ષીણનો યુવરાજ માહ શૂરો હેમસીંહ હતો. હેમસીંહે તે સ્વયંવર મે-

લાવડામાં પોતે જાતે હાજર થવા યોગ્ય કારણ જોયું નહી. તે જો જાહેરમાં દેખાઈ અગર કોઈથી હેડો પડે તો પછે તેની હાલલગીની જયકીર્ત ઉપર છાંયા ખેંચાય; વળી જો કોઇ માહરાજા તે કુવરીનું ભાગ્ય ના પામે ને સાદો સૂરો કે કોઇ અછો સેનાધીપતી તે ભાગ્ય પામે તો પછે તેની પદવી એટલી ઉતરે કે તેને ત્યાં તર્ત યુદ્ધ જાહેર કરવાની ફરજ પડે. આ ફરજ બીજી જગ્યો આવી પડે તો ભલે, પણ જ્યાં માહ સ્નેહ ને આવભાવે દીવસો થયાં પરોણા-ગત ચાકરી ચાલી ને તે તથા તેની સર્વ સેના આનંદ ને વીશ્રામ પામી છે ત્યાં તો જીવે આવી લાગે તોય કયમ બને? રજપૂત લોહુ દમડીનો ઉપકાર પણ ફોકટ જાવા ના દીયે તો પછે એ ઉત્તમ પ્રકારે થયલી મોબતની બેશરમી થાય તો અવધીજ, માટે તેણે આ ચાલ પસંદ રાખીને એ મર્મની જાણ માહરાજા યુદ્ધસીંહને પણ કરીજ. જે વેળાસરથી બે પલ મોડી તેમને થઈ. વળી તે માંહે તેણે મોટી નર્મવાણીથી પોતાની લાગણી જલવાય તેવી અર્જ કરી ચેતવ્યું હતું "હાલ આજ મને મ્હારા માહરાજા પીતાનો એપ્પો મળ્યોછે તેથી ત્યાં મ્હારા રાજ્ય ઉપર જોરાવર અનલરાય મસ ફોજ સંગાત ચઢી આવ્યાની ખબર મલીછે. તે ખબર પછે પલ પણ હ્યાં હું થોભી શકતો નથી, માટે હું મ્હારા પ્રાલબ્ધે અર્પણ થયલી રાજકુવરીને આપ તાબેના શીહોરના રાજ્યમોહોલમાં મ્હારા વીશ્વાસુ હજાર રાથોડ રક્ષક સ્વાધીન રાખી જૈશ. યુદ્ધયશ મેલવી હું હ્યાં આવીશ ને લગ્ન ક્રીયા કરીશ યા તો આપને તે માટે કયમ કરવું તેની જાણનો રૂકો લખીશ." એ રૂકો લખી પોતાના એક અંગરક્ષક પાસ માહરાજાને વીદાય કર્યા સંગાતે તે શૂરા હેમસીંહે પોતે સુર્યના કીર્ણ સમ માહ તેજથી તીક્ષણ લોખનની કડીના કવચમાં ગરક થઇ માંહે કમરમાં બરછી ખોસી ઉપર લાલ સાટીન અંગરખ ચઢાવ્યું. તે અંગરખ છેક મસ્તકથી તે પગની પાટલી વટીકમાં વીટાઈ ગયું કે તે ઉપર તેણે એક વજનમાં ઘણીજ હલકી મોર પીછ જેવી શીરોઈ લાલ રેસમી દોરીના કમરબંદ માંહે ખોલવી. એથી માત્ર તેના એક મૂખ સીવાય સર્વ લાલ સાટીન અંગરખ પેઢઇ ઝલઝલ અગ્નીનો ગોળો હોય તેવો તે જ્યારે તેના લાલ રંગના હાડપીંજર જેવા ઘોડે ચઢ્યો ત્યારે દીસવા લાગ્યો. આ ઘોડો હતો પણ તેને એવી તો ઉડવાની કેલવણી મલી હતી કે જ્યારે વખત પડતાં તે કસરતમાં તે ઉતરતો ત્યારે તે તેના ચારે પગ પોતાનાં પેટને વળગાવી પેટે ચાલનારા જનાવર જેવો ગોળ બની જતો. તે પોતાના માલકના મનનો મર્મ એવો અજાયબ રીતે સમજી તેનાં તેવાં કસરતનાં કામમાં ઉમદા યશ ખટાવતો, જે પ્રમાણે ચતુરમાં ચતુર માનવી પણ જીત પામવા યોગ્ય ના ફાવે. ત્યમ તેવી કસરત વક્ત હેમસીંહ પોતાના બજે હા-

થની બાઠ તુરીને ગણી દઈ તુરીના પેટે વલગેલા પગઉપર પોતાના પગ એવા ભેરવી દેતો કે ગમે એવો બારીક નજરનો જોનાર પણ તે શો કૌતુક છે તે સમજવાને પછાત પડે. તે રૂપક લાલ ઝલઝલતો ગોલો જ્યારે અર્જુને રાજ-પુત્રીની વરમાળ પેઢવાને ડોક લાંબી કરી ત્યારે તે સામી બાજુથી ધુમી હવા ઉપર ચઢયો. પ્રથમ તો તે દેખાવેજ અર્જુન, કોઇ ઇશ્વરી ચમત્કાર પ્રગટયો છે એ ખ્યાલે ડરી ગયો. એવો તે ડરી ગયો કે તે તો સમજ્યો કે આકા-સથી છુટેલા અગ્ની ગોલાએ મને બાલી ભષ્મ કર્યોજ; પણ તેટલાં તો તે જ્યમ ચઢયો ત્યમ અલોપ થયો. જ્યારે પલ બે પલે તે લગાર મનથી ઠર્યો ત્યારે તે પોતાને ઘોડે ક્યમ નીચે ઉતર્યો ને રાજકુવરી ક્યાં ઉડી ગઈ તે વીચારે અરધો ગાંડો થયો. હેમસીંહે માહરાજા ક્રુદ્ધસીંહને ખાનગી રૂકાથી ચેતવ્યું ત્યમ તે કર્યો.' રાજકુવરીની વરમાલ સાથ તેને પણ પોતાના અં-ગમાં પેઢી હોય એમ તે સુંદર ચંદ્રકાન્તીને પણ ત્યાંથી ઉઠાવી લઇ ઉડયો તેવો પોતાના તૈયાર રાખેલા લક્ષ લશકર સાથ વાયુસમ ઝડફે વીચીત્ર કુચ કરતો કનોજની સીમા મેલી આગલ ચાલ્યોજ.

એક કનક માફા આસપાસ એક હજાર શૂરા રાથોડ નાગી તલવાર સાથ ઘોડેસ્વાર રાન ને સુમસાન પસાર કરતા જાયછે. તે પાસ હેમસીંહ પોતાની તમામ રાથોડ સેનાસંગાત ચમત્કાર સમ ચપલતા ને શાંતીથી પોતાના માહરાજા પીતાને એણ વખ્ત મદદે વહેછે. જ્યારે શીહોરનો કીલ્લો આવ્યો ત્યારે ત્યાં પોતાની ભવિષ્ય ભવાંમાને રાજમોહોલમાં રાખી. હેમ-સીંહ ને હેમદેવી વચ્ચે ત્યાં આવ્યા લગી કાંઈ ભાષણ થયું હતું નહી. જ્યારે તે મ્હોલમાં ગઇ ને ત્યાં જ્યારે હેમસીંહે પોતાના પીતા ને પોતાનાં રાજ્ય ઉ-પર જબરૂ હરીફની ચઢાઇ થયાનો ઈશારો કર્યો "અગર ઇશ્વરની મરજી છે તો હું યશ પામી ત્યાં યોગ્ય આવકારે આવી ત્હારી સાથ મ્હારૂં પ્રાલબ્ધ જોડીશ. પણ પૃથ્વી તુલ્ય પદની તને જોઇયે તે આ જુદઈ થતી ઘડીએ મ્હારી પાસ માંગી લે, આ મ્હારૂં વચન છે દેવી." ત્યારેજ હેમા માત્ર બોલી "મ્હારી સઘલી સાહીલીઓ વના મને કાંઈ ભાવનાર નહી. તેઓ વના હું ક્યમ જીવીશ? અને શું શૂરા રજપૂત, જે સ્ત્રી માત્રનાં રક્ષણહાર, તેઓ-માંનો એક અવલ આબવાલોજ તેની હંટયા કરશે? હું આજ વર્ષો થયાં વચને, બંધને ને સ્નેહે બીજા ઉંચ રાઠોડ શૂરવીરને વરીછું. મ્હારૂં સત વર્ત, અગર તેથી બીજાને વરૂં તો તુટી જઈ હું તંબા સમ તુલ્ય ને કલંક સમ તુચ્છ અવતાર ખપુંછું. કહુંછું તે માણજો. હું આપ યોગ્ય નથી." હેમસીંહ બોલ્યો, "સ્વયંવર ક્યમ રચ્યો? ત્હારા માહરાજા પીતાને તેં એ જાણ કેમ ન કરી? છતાં હાલ એ વાતનો વાદ કરવાને મને વખ્ત નથી.

તું ભરતખંડના માહ છત્રપતીની રાજકુંવરી છે, તે રાજવંશ છાજતી સર્વ શોભા ને સલુક જોવાની હું ઉમેદ રાખુછું. હાલ એ વાત નહી, પણ ત્હારી સાહીલીઓમાંથી જેટલી ત્હારી સંગાત આ રાજ મોહોલમાં આવી રહ્યામાં રાજી થશે તે સઘલીને ત્હારા પીતા મહારાજા કુકસીંહ ત્યાં સર્વ સામગ્રી સંગાતે મોકલી દેશે, એ નકી જાણ. વળી જ્યાંલગી હું ત્યાં પાછો ફરૂં કીંવા મ્હારો હોકમ કહેતો ફેકો આવે નહી ત્યાં લગી, ઓ દેવાંગના તું અવલ પ્રમાણે ત્હારા સૃષ્ટી ભૂષણ પીતાનેજ સ્વાધીન છે. વખતે વર્ષનો ઘણો ખરો બાગ તેઓ ત્હારા આ મ્હેલમાં ગુજારસે. જે ઈશ્વરની મરજી હશે તે બનનારી છે, ત્યાં માનવીને દીગર ફીકરની શી જરૂર?" આ ભાષણ માત્ર થયું. બન્નેમાં વ્યોગ. થયો. હેમદેવી ક્રીડાના મહેલમાં રહી. હેમસીંહ દક્ષિણ ભરતખંડની હદ તરફ ચાલ્યો.

રાજકુવરીનું હરન તેના સ્વયંવરની રચનામાં કાંઇ રખણો નાખી શક્યું નહી, કાંઈ કમી પણ કરી શક્યું નહી, પણ ઓર સ્યાણા ને સમજુમાં તે રાજકુવરી પ્રાલબ્ધની વાખવાખ થઈ કે "યોગ્ય વર કર મળ્યો." તેમાં જ્યારે માહરાજા કુકસીંહે તે બનાવનો મર્મ પોતાના પરોણા મંડલમાં ત્યાં ને ત્યાંજ જાહેર કર્યો કે "દક્ષીણ રાજ્યનો શૂરો યુવરાજ હેમસીંહ મ્હારો જમાઈ થયો." ત્યારે તો સર્વ શૂરા તે સાંભલી સંતોખ્યા કે કુવરી હરન કરનારો કાંઇ ન્હાનો સ્હુનો શૂરવીર નથી. વળી જે અજીત તે અમર યશ પામ્યોછે તે જાણી સર્વ તે તરફ પ્રસન્ન થયું. એથી કનોઝે લંકાનું સ્વરૂપ સજ્યું ને સારી નગ્રીમાં એક વેંઢ જગા એવી ના રહી કે ત્યાં દીપક ઝલકતી ના મેલાઈ હોય. તૃવરો જ્યમ બસંત માહે નવાં પાન મોર ને ફુલથી ચીકાર થઈ કુદરતની કુશળતા વખણાઈ રહે ત્યમ કનોઝ આ સ્વયંવરૂમાહે નવ નવીન દીપકમાળા ને રચનાથી ચીકાર થઇ માહરાજા કુકસીંહની રાજ્ય કુશળતાની આંત ઊંચી અંકાઈ. સર્વ રાજમાહાલ ને જાહેર મકાન આસપાસ ને માહે દીપકોની લંકા લાગી. સર્વ પ્રજા મકાન ને બાગ બગીચે રંગરાગ ને રોશનાઈની અવધી થઇ. ખાનપાન ને કસુંબા મંડલ મંડાયાં. માહરાજા કુકસીંહના રાજ્ય મોહોલમાં તો એક રાજ્ય ઉજાણી થઈ. ત્યાં તે માહે તેના સર્વ રાજપરોણા ઉલટભેર શામીલ થયા. મ્હોટા દીવાનખાનામાં રાજ્ય ગવૈયા ને શીઆલ રામજનીઓનાં ગાનતાન મચ્યાં. બીજી પણ ચોગરદમ કસરત ને અખારા ને નાટકોની તો ગણત્રી પણ ના થાય એટલી તે ખુશાલીની ધામધુમ કનોજ ને તેની આસપાસ પંઠરાઇજ. સ્વયંવર મહીમા થી કનોઝ નગ્રીમાહે ત્રણ દીવશ ને રાત્ર એક સ્વરૂપ જારી રહ્યો. સર્વ પ્રજા ખુશ, સર્વ મંડલીક રાજા ખુશ, સર્વ સવતંત્ર રાજા ખુશ, સર્વ

પ્રધાનો ખુશ, સર્વ કારોબારીઓ ખુશ, સર્વ શીપાઈ ખુશ, મગર નાખુશ માત્ર સેનાધીપતી અર્જુન, તેની નાખુશી એટલી તો હદ બાહેર ગઈ કે તેના કોઈ ખુશ ખુશાલી, ગમત, રમત, ગાનતાન કે ખાનપાનીમાં શામેલ થયો. જાણે તે પણ તે નગ્રથી ક્યાંઇ ગેપ થઈ ગયો એવો તે મોટા મહીમા દરમ્યાન કોઈ જગ્યો જણાયો નહીજ.

આજ શ્રી કનોઝ, સ્વયંવર ઓત્સવ ખલાશ થયાથી, દીપકો ને ગાલીચા ને સોભાયમાન સરસામાન ઉતરી જઈ સાવ બોરાખુચા થયલા રંગ મ્હેલ સમાન તે એકાંત થયુંછે. તેના સૃષ્ટીતૂલ્ય રાજવંશી પરોણાઓ પોતાના રીશાલા ને સ્વારી સાથ ત્યાંથી પોતાને સ્વદેશ નીકલી ચાલ્યાછે. પ્રજા પણ પોતાને સામાણ્ય કામે લાગી ગઈછે. સુંદર સ્ત્રીઓ સાધારણ અબલા સમાન સ્થીતીમાહે ઘર સંસાર લેતી બનીછે. ઓત્સવ ઉમદાઈ માત્ર યાદદાસ્તના ખુનામાં ઝલકી રહીછે. ભરચીકાર રસ્તા ને હવેલીઓમાં શાન્તી પંઠરાઇ ગઇછે. આજ કનોઝ ઉપર સુર્યપ્રકાશ પણ ઝાંખો પડતો હોય તેમ નગ્ર દીસેછે. રાજ્યમોહેલો પણ માત્ર સાધારણ મંદીર મીશાલ જણાયછે. માહરાજા પુદ્ધસીંહ પણ લગાર ઉદાશ દેખાવના આશને બીરાજ્યાછે. દરબારમાં માત્ર મુખ્ય પ્રધાન સાથ નવ વીશ્વાસુ અમલદારો હાજર છે. દરબારની ચોકીમાં રજપુત શીપાઇઓ પણ માત્ર ગણત્રીના રહ્યાછે. આજ શ્રી કનોઝ, કોઇ માહાન નગ્ર કીંવા માહરાજાની રાજ્યધાણી પ્રતાપ જગ્યો કોઇ ન્હાના ભાયાતનું જાગીરી ગામ હોય એવો તેનો દેખાવ મારેછે. રાજ્યાસન ઉપર છત્રપતી માહરાજા પુદ્દસીંહ પણ એટલી સાદાઈમાં બીરાજમાન છે કે તેઓનો પણ હાલ રાજા જેટલો રોબ મારતો નથી. આજ શ્રી કનોઝ, આ રંગ બેરંગ હાલતની આશ્ચર્ય નીશાન બની છે. માહરાજા પોતે પણ મન ત્યમ તનમાં બેસુમાર સુસ્ત છે. આ વખતે એક રણશીંગડું ફુકતા સ્વાર પાછલ બીજો રાજ નીશાનવાલો પુરુષ પોતાનો મસ ઘોડો વાહુમ દોડાવતાં મ્હેલને દરવાજે આવ્યો. તેણે તુર્ત માહરાજાની દરબારમાં પ્રવેશ કર્યો. યોગ્ય આદરસત્કાર થયા પછે પ્રવેશકારક બોલ્યો:—માહરાજાજીને મ્હારી પીછાણ પડતી નથી પણ હું શીહોરનો રખવાલ ગજસીંહ રાઠોડ છું. મને એ રૂકો આપ સ્વાધીન કરવાને હેમસીંહ ખાસ હોકમ કરી ગયાછે, તેથી એ આપ હજુર મેલુંછું. બીજી મ્હારી પણ ખાસ અર્જ હ્યાં રજુ કરૂંછું. મેં સાત વર્ષ શીહોરની કીલેદારી કરી આપણા રાજ્યની ચાવી સમાલી છે મગર મને કયા અભાગ્ય સંજોગોના વચ્ચે આવ્યાથી આજ લગીના શેહેરના સર્વ માહઓત્સવોથી બાતલ રાખ્યો છે ? હવે, મેં આ રાજ્યની નોકરી છોડી છે. હું આજથી છૂ-

ત્રપતી અનલશાય, જેને હાલ દક્ષીણ ભરતપતી પ્રતાપસીંહ સામે લઢાઈ ઉઠાવી છે, તેનો ખાંગી સલાહકાર ત્યમ રાજ્યરક્ષક સૈનનો વડો સરદાર નેમાયોછું ત્યાં તે અમલ લેવા ને માહરાજાના ખાસ રસાલમાંહે સામિલ થવા જાવુંછું." એ કહી તે માહરાજા યુદ્ધસીંહને નમતોજ કે આવ્યો ત્યમ દરબારથી ઉતરી, પોતાને ઘોડે ચઢયો ને ફુંકાતાં રણસીંગ સાથ ત્યાંથી નીકલી ચાલ્યો. રાજસીંહની વર્તણુક તીરસ્કાર કરવા જેવી છતાં માહરાજાએ તે ઉપર લક્ષ ના આપતાં તુર્ત હેમદેવીને સંભારી. પોતાની રાજકન્યાની જેટલી પણ શાહીલી શીહોરના કીલ્લામાંહે તે પાસ જવાને રાજી હોય તે સઘલી સુંદરીઓને તૈયાર થવાને કહાવ્યું; સઘલીઓ પોતાની રાજકુંન્યા પાસ જવા તૈયાર થઈ. આ સર્વ સ્ત્રીસૈન સાથ માહરાજા પોતે પણ પોતાના ખાસ રક્ષકો લઇ શીહોરના કીલ્લે ખાંગી કુચ કરી ગયા.

શીહોરનો કીલ્લો પ્રાચીનકાલના ઇતીહાસમાં કનોજ રાજ્યની કુંચી ગણાતી હતી. આ કીલ્લો ઉંચાન તેકડી ઉપર આવ્યો હતો. તે માહ બલવાન રોડ સેનાનું મથકું હતું. હ્યાં માત્ર કવાયદના મેદાન ને સેનાને રહેવાના કુશાદે મકાન શીવાય બીજી કોઈ જાતની હવેલી યા વસ્તી હતી નહી. હ્યાં કનોજના છત્રપતી માહરાજાઓને ગ્રીષ્મ રૂતુમાંહે શીતલ હવા ખુરવા ખાતર કોટી કોટી દામની કીંમતના રંગમ્હેલો ને ગમતખાનાં બંધાયલાં હતાં. હ્યાં જે પણ આવી રહેતા તે માત્ર રાજબીજ કીંવા યુદ્ધવી સેનાપતીઓજ. વળી હ્યાં માહ વીકાલ ફાડીખાનારાં જાનવરોની લડાઈનાં ખાસ અખાડા બંધાવેલા હતા, જ્યાં વારંવાર તે આતશી પ્રાણીઓના બલ ખેલ થતા હતા. યુદ્ધનો ગંભીર ખ્યાલ ઉપજાવે એવો આ કીલ્લો ને હરીફાઇમાં રાક્ષસો ના ટકે એવા ત્યાંના માહ કસાયલા સીપાઇઓ ને લડવૈયા સૈનથી કનોજના માહ બલવાન રાજ્યની તે એક અમુલ્ય કુમક ગણાતી હતી. આ કીલ્લાના રંગમહેલમાં હેમદેવી એકેલી રહીછે. તેની ઉપર હજાર જબરા દક્ષણી રોડની ચોકી પડી છે. તે છેલ્લો અબછરાને અદેખાઈ ઉપજે એ હાલતમાં, પણ તે પોતાના મનથી પોતાને અનાથમાં અનાથ અબલા સમાન જાણી વીલાપ કરેછે. ચંદ્ર જેની સ્થીતીને પોતાની કરવા ચાહે તે સ્થીતીની કદર હેમદેવીને ઉપજતી નથી. તે પોતાના મન સંગાતે બહુ વીલાપ કરતી બોલે છેઃ—"અરે મ્હારા રાજપીતાને મ્હારી આ કનીષ્ટ હાલતની જાણ હશે કે તેની એકપુરી ભરતખંડની અવલ રાજકુવરી આ શીહોરના ભુતખાનામાં બંદીવાન થઈ પડી છે? અરે જે સ્ત્રી, સૃષ્ટીની અદેખાઈમાં આવે તેવા શૃંગાર ને ગજમ્હોલ ને સાહેલીના રીશાલામાં ખીસજી આનંદનો ઓત્સવ માંડી રહે તે શું લક્ષ સૈનાની ડરા-

મણી રણગુફામાંહિ ગુમ થઈ રહે? આજ ક્ષત્રી અંશ શું આ જગતમાહેથી ગુમ થયો કે કોઈ તીરાયત હેમસીંહ હું બચારી રાંક પક્ષી જેવી પોતાના પ્યારા સંગાતે એકાંત પ્રેમમેહેલ બેસવા ઉમેદવારના માર્ગમાં આવી શીકાર કરી લઈ ચાલી જાય તોય કોઈ તેનો અભાવ પકડે નહી? અત્યારલગી મ્હારી જીંદગીના દીવસો કૃપા ને કલ્યાણમાં ગુજર્યા. મેં જે આ બ્હોલી પૃથ્વી ઉપર જ્યાંપણ નજર કરી ત્યાં પવીત્ર બુદ્ધી ને સુદ્ધ અંતઃકરણ જોયું. અરે મને આ સમાન કોઈ અલૌકીક બાજીનો ભાસ થયો હતે તો તે પણ એક વાત હતી; અરે પણ મ્હારા પ્રાણ ઉધારનાર પીતા માહરાજ યુદ્ધસીંહ આજ કયાં છે?" આ સવાલ હજી તો તે પક્ષીની પોતાના મનને પુછેછે તેટલાં ત્યાં કીલ્લા દરમ્યાન દોડાદોડ થઈ રહી. હજારો રાઠોડ પોતાના યુદ્ધ-શૃંગાર કરી ઘોડસ્વાર ધોરી માર્ગની બન્ને બાજુ ગોઠવાઈ ગયાછે. તેઓના લશકરી માન વચ્ચેથી યુદ્ધસીંહ પોતા પાછલ ઓસેના લઈ પસાર થતા રાજમોહોલ આવ્યા. હ્યાં હેમસીંહના રાખેલા દક્ષીણી ગોડ શુરાઓ હજી યોગ્ય આવકાર દેછે તેટલાં તો હેમદેવીની સઘલી સાહેલી દીવાનખાને ચઢી ગઈ. આ સ્વપ્ન સ્માગમથી હેમદેવીની આંખ્યોથી આનંદાશ્રૃ ચાલ્યાં. તે પોતાની શખી તારાને દેખતાંજ તેને ગલે વલગી ગઈ. પછે બીજી સર્વેનો પોતા ઉપરના દેખાડેલા ભાવ ને પ્રેમનો ખુશીએ છલાછલ થયલાં મનથી આભાર માણ્યો. જ્યારે માહરાજા યુદ્ધસીંહને જોયા ત્યારે તો હેમદેવીથી ચીસ મેલાઈ. તે પોતાના પીતાના અતી શ્રમ ને માહ પ્રેમ માટે તેમના ચરણે પડી. પીતાએ પુત્રીનાં પ્રેમ ઉભરાનો આનંદ લીધો. એથી પણ હદ વનાનો આનંદ હેમદેવીને ઉપજ્યો, જ્યારે તેની નેધા પોતાનાં સર્વ શૃંગાર, લુગડાં ને શોખની વસ્તુ ઉપર પડી. એક એવી પણ ચીજ કનોજમાં રહી નહી કે જે માટે તેને યાદ હોય. જાણે શ્રી કનોઝનો તેનો મહેલજ હ્યાં ખસડાઇ આવ્યો હોય એમ તેની સઘલી શહેલીઓ, શૃંગારો, પોશાગો ને રમત ગમત ને માહરાજ પીતા આવી મળ્યા. હાલતરત તો તે ભગ્ન મન થયછે. રાત્રે મહેલમાં હજારો દીપકો રોશન બનીછે. સદા માફક તેની સાહેલીઓની ગમત ચાલી રહીછે. શ્હેલ ને હાસ્ય પણ અવલ પ્રમાણે ચાલ્યાંછે. તારા પણ અવલ પ્રમાણે તેની ખાસ શખી, તે સંગાતે ભીનભીન ગાન તાન ને મીજાજ ને મશકરી કરવામાં પર્સપર સરસાઈ યુદ્ધ ચાલેછે. પણ અવલ પ્રકારે તેના મનને તેનો એકપુરો ચાહેલો ને વચન આપી વરેલો શૂરો અર્જુન ત્યાં આવી મળ્યો નથી. તે તે સર્વેમાં આવ્યો નથી કીંવા આવ્યો હોય તો દીસ્યો નથી. તે વીષે કાંઈ જાણવાની તદબીર રચવા જાયછે તેટલાં તેના મનને પામી જઇ તારા બોલી "વ-

ચ્યેથી ક્યારે નીકલી ગયોછે. હેમસીંહ સામે સાદો અર્જુન કેવલ ઈંદ્ર સામે આર્ય ! ક્યાં પ્રવત ને ક્યાં રજ !" આ કાંઇ તારા સત્ય બોલી નથી. તેણીએ માત્ર મશ્કરી કરી. આ મશ્કરી પણ હેમદેવી સાંભળવાને સમર્થ હતી નહી. પોતાના પ્રાણ અર્પણ કરેલા પતીની મશ્કરી સાંભલતાંજ તે પ્રસેવે નખસીખ તરબોર થઇજ. વળી તારાએ તાણો ચલાવ્યો :—"પદ્મની, તે તો આપ સંગાતેજ ક્યાંઇ ગુમ થયો. કોઇ કહે તે રાન બ્યાબાન નીકલી જઈ હેમસીંહ સામે યુદ્ધમાં ઉતર્યો છે. હેમસીંહને જીતી કીંવા મારી તે બચશે તો અહાં આવી માહરાજાને મલી પોતાની સત્ય નોકરીનો દાવો કરશે. અગર હેમસીંહથી હારી જઇ હેથો પડશે તો ક્યાં તેની હાલ સુદ્ધી ઠીકાણે હતી કે પોતાના પરાજયની લાજ ધરશે ? મર્ણ તો ભલું હજી મત ચાહેલી માનુની વ્યોગથી." આ તો અવચી થઇ. હેંમદેવી મૂર્છા પામી. તારા ગભરાઇ પણ બીજી સાહેલીઓની તુર્ત દોડ પ્હોંચી ત્યારેજ હેમદેવી સુદ્ધીમાં આવી. શૂરા રજપુતવંશાની પુત્રી અધર્મ તો જન્મે જાણે ના, પણ એક વાર પ્રેમ દીધેલા ને વચને બાંધેલા પતીને મર્ણ પામીને ના ભુલે તો પછે જીવતાં તે ક્યમ ભુલશે ?

સેનાધીપતી અર્જુન સ્વયંવર મધ્યરાત્રે નાખુશ ને નીરાશ હાલતે પોતાને મ્હેલ આવ્યો. તેણે તર્ત પોતાનું તીખાનું કવચ ને અમુલ્ય પાણી પાયલી શીરોઇ પોતાને તન પેઢી તે ઉપર ભગવી બનાતનું પગલગીનું કુરતું લટકાવ્યું. તેણે મોહ ઉપર પણ બજુત ને સીર ઉપર ભગવા રંગનું તોપ મેલ્યું. પછે પોતાનો ખાસ યુદ્ધ અશ્વ, જે દેખાવમાં તો માત્ર હાડપીંજર પણ યુદ્ધ વખ્ત અમુલ્ય આબ ને તેજ ધરાવનારો, તેને ભગવો રંગ્યો. તેનું ઓગીર બાન ગુઠણ જેમાહે પાવરા જગ્યો મસ ધનુષ્ય મેલી તે ઘોડા ઉપર ગોઠવ્યું. તે ઓગીર માહે પોતાના સર્વ અમુલ્ય રત્નો મેલી લીધાં. વળી જેની કીંમત થવી મુશ્કેલ, તેવાં કેટલાંક રત્ન પોતાના કમરબંદમાં વીંટી લીધાં; એ રીતે જોગેશ્વર જેવો બની પોતાનો મ્હેલ મેલી તે મધ્યરાત્રે બાહેર પડયો. આજથી અર્જુને પોતાનું નામ જોગેશ્વર રાખ્યું. તે એ નામે આર્ય ધર્મના પવીત્ર તીર્થ યાત્રાના મઠકોએ ફરવા લાગ્યો. તેની રોબ મારતી સત્ય વર્તણુકથી જે પવીત્ર દેવાલય ને મંદીરમાં ઉતારો લે ત્યાંથી તેને પાંચ પચીસ આર્ય ભુમીને ચાહનારા જવાન જોગીઓ મલતાં ને તે સાથ થતાં થોડા દીવસમાં તે ત્રીસ હજાર જુવાન જોગીનું લશ્કર જમાવ કરી શકયો. જોગેશ્વર, આ માબાંજપુ લશ્કર સાથ પાટણ આવ્યો. તેણે તે સર્વેને એકેક ભગવું બનાતનું કુરતું ને ભાલો અપાવ્યો. ભાલાની કસરત ને પટાબાજી પણ તે સર્વે સૈનને શીખવી; જ્યારે તે વીંધાચલ પ્રવત્તના ભીમ કીલ્લામાંના મંદીરમાં ઉતર્યો ત્યારે તેણે

ત્યાંના મેદાનમાં તે જોગી સૈનને શીરોઇના પલટાની તાલીમ આપી અચ્છા શમશેરબાજ બનાવ્યા. જોગેશ્વરે ચામોરના કીલ્લામાં આ જોગી સૈનને ધનુરવીદ્યા શીખવી; એ રીતે તબકે તબકે અછી યુદ્ધ તાલીમ આપી કદમબકદમ ચલાવી ચલાવી તે જોગી સૈનને પગની કસરત પણ આપવાને ચુક્યો નહી. જ્યારે તે પોતાના માહરાજાના રાજ્યની ચાવી શીહોરના કીલ્લા બહાર આવી પ્હોંચ્યો ત્યારે તેને પોતાની આગલી એશ હાલત સાંભરી આવતાં બેહદ દીલગીર થયો. પ્રભાત તે પોતાના જોગી લશકરની વ્યવસ્થા કરી જ્યાં તેણે પોતાની પ્રાણ તુલ્ય વ્હાલી હેમદેવી સાથ દીવસોના દીવસો મસ્યાદા ભરેલ મોહમાં ગુજારેલા, તે ખાસ જગ્યે તે ભાસ પામવાના હેતુએ લગાર ઉભો રહ્યો એટલે શીહોરના કીલ્લામાં દાખલ થવાને મન લલચાયુંજ, તેથી જોગેશ્વર યોગ્ય ઠાટમાટે કીલ્લાની ચોકીબાન તુકડી પાસ જઈ ઉભો. તેણે કીલ્લો જોવાની રજા મેળવવા અર્જ કરી. તુકડીના વડાએ જોગેશ્વરને જોતાંજ અર્જુનને યાદ કરયો "હાઃ હાઃ આ સુર્ત કેવલ આપણો માહ પ્રીય સેનાધીપતી અર્જુનજ, એ બને કયમ?" પછે તે બોલ્યો "અય તું કોણ કે આ કનોજ રાજ્ય સીમા માહે આવી શીહોરનો કીલ્લો જોવાસારૂ અર્જ કરેછે?" "મ્હારૂં જોગેશ્વર નામ. હું ત્રીસ હજાર જોગીઓનો ગુરૂ છું, મને આ કીલ્લાના દેવાલયની યાત્રા કરી લેવાની બાધા છે." જોગેશ્વરને સાંભલી વડો બોલ્યો "હ્યાં દેવાલય કે દેવતીર્થસ્થાન માત્ર રનક્ષત્રીઓ ને શસ્ત્રો ને મસ પાષાનની કીલેબંદી છે!" જોગેશ્વર બોલ્યો "પણ હું હ્યાં લગી આવ્યો તો એ મઠક જોવા વના જવું દરૂસ્ત જોતો નથી. આ સત્ય નથી? કનોજ જેવી ભરતખંડ પ્રસીદ્ધ રાજ્યાસનની ચાવી આ કીલો નથી? આ જો સત્ય હોય કે જે કીલ્લો મ્હાન મુગટધારી માહરાજાનું મોટું રાજ્ય જાલવવા યોગ્ય સ્થાન તો પછે કયમ ના તીર્થ સ્માન આદર સન્માન પામે? માટે મ્હારો હેતુ પરીપુર્ણ કરવા દેશો? મ્હારી એક ભીક્ષુકની આશા સંતોખશો." વડાને આ ભાષણ કેવળ રજા આપવા યોગ્ય જણાયું. તો પછે તેની ચાલ ઉપર તે કેટલો ફીદા થયો હશે? તર્ત રજા મલી. જ્યારે કીલ્લામાં દાખલ થયો ત્યારે તો જેની તેને સ્વપ્ને આશા શાખી નથી તે રાજકુવરી હેમદેવીના અવલ પગલે દ્રષણ થયાં! રંગમ્હોલના બગીચામાં કસબી ગાલીચો નાખ્યો છે. તે ઉપર પાંચ ચઠ ઉતર તક્યા ગોઠવી વચ્ચોવચ્ચ રચેલા આસન ઉપર હેમદેવી અઢેલી પડી છે. તેની બાજુએ તે સામે તેની શાહેલીઓ તેને રીજવવા શારંગી ને તંબુરા લઈ બેઠી છે. તાશ લગાર લગાર રાગણી તાણે છે. હેમદેવી અપાર બેચેન જેવી દીસેછે. તેના મોહનું આબ તદન ઉતરી ગયુંછે. તેના મુખ ઉપર હાસ્યની તો છાંયાએ રહી નથી. તે પલેપલ આમ

તેમ હીલી મુખ કુમલાવતી રહેછે. તારા રીજવવાની અવધી કરેછે પણ પ્રેમ ને પ્રાણ તુટેલો જીવ તે ઉપર કાંઈ લક્ષ આપતો નથી. હેમદેવી પોતાના પ્રાણપતીના વ્યોગની મારી મર્ણ સમાન હાલતે આવી લાગીછે. જોગેશ્વરે તેને જોઈ પણ તે કોણ તે બીલકુલ ઓલખી શક્યો નહી. સઘલો ટાલોજ ઉલટઇ ગયોછે. તેની શાહેલીઓ પણ અર્ધ ઉપર અંગે નખાઈ ગઇછે. રંગમ્હેલ પણ રૂદન મ્હેલ જેવો દેખાય છે. ત્યાંના ઉમદા દીવાનખાના સ્હુની પડલી મસાન જેવા જણાયછે. ત્યાંના રક્ષક રાંડાડા પણ એકાંત વગર કસરતે પડી રહ્યાના સબબે અશીણ્યા થઈ ગયાછે. આગલ તો હજાર હતા પણ દક્ષીણ યુદ્ધ જબરૂં મચવાની ખબર આવ્યાથી તે સર્વ તો યુદ્ધે કુચ કરી ગયાથી હાલ માત્ર પચાસ રહ્યાછે. આ સઘલાને હેમદેવીનું પગલું નારાવંતુ એ દ્રઢ ખ્યાલ બેસી ગયો. જે દીથી તેના સ્વયંવરની વાત ફેલાઈ તે દી પછેજ અગમ દેશનો માહ છત્રપતી યુદ્ધો માહરાજા અનલરાય દક્ષિણ રાજ્ય ઉપર ચઢી આવ્યો; એથી તો નકીજ કે હેમદેવીનું પગલું દક્ષિણ રાજને અભાગ્ય ઠર્યું. એ વીચાર ત્યાં પડેલા પચાસ દક્ષીણી રાંડાડમાંજ દ્રઢ પેસી ગયોછે એમ નથી, પણ સારા દક્ષીણ ભરત રાજમાં આ વહેમે પ્રવેશ કર્યો હતો. એથી તે પચાસ રાંડાડ રક્ષકો, હેમદેવી ક્યાં, કયમ, કે કોણ સંગાત રહેછે તેની કસી પણ પરવા રાખતા નથી. આ મામલામાં વળી કનોઝપતી યુદ્ધસીંહને પોતાનું લશકર ત્યાં મદદે રવાના કરવાની ચીંતા ઉપજીછે. એ ચીંતામાં જે મોટો વધારો થયોછે તે તેના સેનાધીપતી અર્જુનની ગેરહાજરીથીજ. એ કારણે મહારાજા પણ હાલ પોતાની રાજધાણીમાં જઈ રહ્યાછે, કે કોઈ યોગ્ય સેનાધીપતી નેમી તે સાથ પોતાનું લશકર માહરાજા પ્રતાપસીંહ રાંડાડની સહાયતા કરવામાં મોકલી આપે. એ સર્વ સંયોગ સંગાતે સંધાયાથી શીહોરના કીલ્લાની દેખરેખમાં બેદરકારી થઇછે અને હેમદેવી માત્ર પોતાની શાહેલીઓની દયા ઉપર લટકી છે. તેથીજ તે રંગમ્હેલમાં જ્યમ પોતાની સાહેલીઓને મન ભાવે ત્યમ રહે છે. વળી રંગમ્હેલમાં નર માત્ર નથી. આ મોહોલને ત્રણ મૈલ ફરતો ચોગાન તરેહવાર તૃવર ને પુષ્પોની વેલી ભરપુર લાગેછે. આ ચોગાનમાં જગ્યો જગ્યોએ ફુલના ક્યારા નાખ્યાછે. ત્રણસો સાહેલીઓથી આ રંગમ્હેલ ને તેના બાગમાં દેખરેખ ને ઉદ્યોગ જારી રહ્યાથી તે ઈંદ્રાસન બન્યું છે. ત્યાં હેમદેવી દરરોજ પોતાના પ્રાણપતી અર્જુનના મોહ ને મેલાપના સંતોષ ગાયછે. તે વાતની પણ તેની સાહેલીઓ દરકાર કરતી નથી; કયમકે કોઈ દીવસ પણ અર્જુન ત્યાં આવી રાજકુંવરીને મલે તેવો સંભવ નથી. વળી તે શ્રેષ્ટ પંકટીનો ચોખો આદમી છે કે અનર્થ કે અપકાર જેવો કલંક ના તે પોતા-

ના માહરાજા કે પોતાને પડવા દેનાર, એવું પણ તે માટે ઉચ્ચું મત બઇ. આ પ્રમાણે હેમદેવીને જ્યાં પણ મન ભાવે ત્યાં ત્યાં પોતાનું આશાન કરવા દેવાને હરખ્ખત રહી નહી, ત્યમ તેની સાહેલીઓ ચાહે તે પ્રમાણે પણ.

જોગેશ્વરે કનોજની એકવારની ચંદ્રકાન્ત હેમદેવીને ત્યાં તેજ ઉતરેલા જાંખા પડેલા ચંદ્રસમાન હાલતમાંહે જોયાથી તે બીલકુલ ઓલખી શકયો નહી. ક્યાં પુનેમનો ચંદ્ર ને ક્યાં તેજરહીત ઉજલો કોશો? તોપણ તેને મન કંઇ કરામત જેવી અકલામણ થઈ. તેને વ્હાલીના વ્યોગની સંભારના થઈને ત્યાં તારા વગેરે બીજી ઓલખાણ પડતી સુંદરીની શીકલો જોયાથી તે લગાર ચોંકયો. પણ તે સઘલી સુંદરીઓ પણ ક્યાં ઓલખમાં આવે એવી હતી? તે સઘલીઓનાં મોહ પણ આબ. ઉતરી જાંખ મારી ગયલાં મોતી જેવાં ફીકાં ને ડાખાં થયાં હતાં. આ નીશશ મોહીની મંડલને જોતાં જોગેશ્વર ખ્યાલમાં ગર્ક ગયોછે તેટલાં ત્યાં શારંગીનો મધૂસ્વર પ્રગટયો, તે સંગાતે એક સુંદરીએ કવિત ગાયું.

"પ્રેમ છે સીપ, જાન છે મોતી, પ્રેમ પનોટી જાન છે ઓટ;
પ્રેમ છે પહેડી, જાન છે આંત, પ્રેમ પાકો છાપ, જાન છે નોધ;
પ્રેમ છે વેપલો જાન છે માલ, પ્રેમ પુષ્પ, જાન છે છોડ;
કહે સત રૂસ્તમ, પ્રેમ જેગોપાલ, જાનછે અલાપ, પ્રેમ છે શરોદ."

જોગેશ્વર આ કવીત સાંભલી પોતાના દર્દને તાજું કરી રડવા જેવા મુખે છે; તેટલાં વળી બીજો શરોદ ઉઠયો.

"આ સંસાર પ્રેમ ને પ્રેમ ને પ્રેમ, પ્રેમ સીવાય ના આ સંસાર સંજોગ;
કાયા હ્રી માયા તે પ્રેમ હેમ, પ્રેમ વસીકર્ણ છે જીવણ પૂર ભોગ;
મિલાપ મોહ પ્રેમથી અવતાર છે જેમ, પ્રેમ સંગ જાન છે આનંદ પૂર શોગ;
પ્રેમ પ્રેમ પ્રેમ સર્વ સાર કહે રૂસ્તમ, લાગી લગન પ્રેમ તુટે ત્યાં ભોગ."

જ્યમ વાદલ ફાડીને ચંદ્ર બાહેર પ્રકાશી નીકલે ત્યમ આ બીજા શરોદના તાણે ત્યાંના મસ વ્રક્ષને પાનેપાન લાગણીનો આબાદ સપાટો લાગો હોય એમ તે માહે શોકાતૂર બનબનાટ થઇ રહ્યો.

જોગેશ્વરને મન શંકાનો મીનારો ઉઠયો "રે આ કાંઈ આકાસથી વીઓટી થયલી અબછરા પોતાના શાહેલી રીશાલાથી ત્યાં આવી દીલદારની દીલલગીની ડહાઝ પુકારેછે કે ક્યમ?" આ મનબકતાં તેણે તે મોહીની મંડલને ખુબ નેધા કરી જોયું ત્યારે તેને હેમદેવીની સુરતનું કાંઇ સ્મરણ થયું. અરે આ શું વ્યોગનો નાશ હશે કે માત્ર વર્ષ એકમાં નવ બહારની

ઇમારત જમીનદોસ્ત થઈ ગઈ? અરે હેમદેવી આ કે?" તેટલાં તો હેમ-દેવી પોતાનો શોક પોતાનીજ રડતી જીભથી ગાવા લાગી.

"જે દીથી ત્હારો વીયોગ મ્હારા પ્યારા,
આ અઘોર ગાન પડીછું અંધકારમાં;
તે દીથી ફર્યું રૂપ રંગ મ્હારા પ્યારા,
ચતૂર ચીત ના રહ્યું અસલ અકારમાં;
મનની રહી મનમાં આશા મ્હારા પ્યારા,
શરીર જવાલમાહી બ્યમ હીધન અંગારમાં;
ઢુંડુંછે તને પ્યારી, અર્જુન મ્હારા પ્યારા,
રતી-સમ બેરંગ બનેલી હેમ સંસારમાં."

આ કવીતાના કોમલ સ્વર ને ભારે ભેદથી જોગેશ્વરની છાતી રૂંધાઈ. અત્યારસુધી તો કોઈ બીજાની બાંગી જાણી તેણે તે સ્ત્રીમંડલ પાસ જવા હામ બીડી હતી નહી. હવે પોતાના વફાદાર જુસ્સાને આધીન સ્વાન સમાન ઉછળ્યો. "ગમે એ થાય, જોઇયે તો પચાસ રોઝા મને સો ભાગમાં કાપી છુટો કરી નાખે, તેથી હું બીહીશ? જગતમાં જે મને એક વસ્તુ માત્ર વ્હાલી છે, તેને આ વીલાપમાં જોતાં હુ મર્દ નથી કે ગુપચુપ જો સાંભલી શકીસ? અરે હ્યાં પચાસ રોડ બદલે પચાસ હજાર રાક્ષસોની કેમ ના ચોકી રહેતી, પણ હું વીલાપમાં હેમદેવીને જોઇ મુગો ચાલ્યો જઇશ નહી. દૈવે આ મેળો શા ખાતર રચ્યો હશે? પણ જે બનનાર તે મીટનાર નહી. હશે, પણ હું અર્જુનનો મુખ્ય સંદેસો કહેનાર બની જઇ મ્હારી પ્રાણપ્રીય હેમ-દેવીના જુસ્સાનું મક્કમ અવલોકન કરી લઉં. કાં ના તે પોતાથી જુદા પડેલા હેમસીંહને આ વ્હાલનો વધાવો વધાવતી હોય? હાઃ હાઃ અર્જુન તું આજ જોગેશ્વર બન્યોછે. નામ બદલ્યુંછે પણ મન બદલ્યું નથી. નામ બદલાયું પણ કામ બદલાયું નથી. તને તો બસ ત્હારીજ વાહવા વ્હાલી છે. તું માત્ર મોહીની પલકનમાં સપડાઈ પડયોછે. નથી હવે તે રંગ, રૂપ, તેજ, ઝમક કે બહાર, છતાં બસ તું તો આગલી એકની એકજ આશાનો આંટો ખાધા કરેછે. અરે પણ પ્રેમ તો છેની તે અવલ ને વફાદાર ને સાબુત ને સહી ને શ્રેષ્ઠ?" આ સમાન મનની લવલવી ને ધમધમી કેટલું લગી ચાલતે; પણ તેટલાં એક શાહેલીની નજર જોગેશ્વર ઉપર પડીને તેણે તે માનવીની પોતાનાં સર્વ મંડલને જાણ કરી. હેમદેવીએ દેખતાંજ, "અરે એ કોઈ જોગી જણાયછે. બોલાવ હ્યાં. એ પવીત્ર પ્રાણ પાલતાઓથી આપણને ડરવાનું કાંઈ કારણ નથી. વખતે એ કેમ ના મ્હારા આત્મા અર્જુનની કાંઇ ખબર

લાગ્યો હોય!" તારા એ સાંભલી તર્ત ઉઠી જોગેશ્વરને બોલાવી લાવી. હેમદેવી તેને જોતાં પુછવા લાગી. "તું કોણ છે? તીર્થ યાત્રારક્ષક છે? શું તું ભગ્તીરક્ષક છે?" જોગેશ્વર આ ભાષણ સાંભલતાં પોતાને સ્વપ્નું થયા સમ હાલતમાંજ સમજી જવાબ દેવાને ગભરાયો. પણ તે હાલત માત્ર પલ બે પલ, પછે તર્ત ધ્યાણ ઠેકાણે લાવી બોલ્યો: "દેવી સમાન દીસતી સુંદરીને હું મ્હારી જીભે ક્યમ કહી શકું કે હું જોગીઓનો ઇશ્વર છું? મને આ ભરતખંડના સર્વે જોગીઓએ જોગેશ્વરનો દરજ્જો દીધોછે. મ્હારૂં નામે જોગેશ્વર." "તો ક્ષમા, જોગેશ્વર, પણ આપને કોઇ મોટા રાઠોડ સાથ મેલાપ થયોછે ક્યાંઈ કે જે શૂરવીરનું મન પ્રેમે ભક્ષ કર્યું હોય ને પ્યારીની બેવફાઇના દર્દમાં ગાંડો બન્યો હોય? ના તનનું ભાન કે મનનું માન રહ્યું હોય. ના કીર્તની દરકાર કે મર્ણનો ભે રહ્યો હોય; એવા કોઈ શૂરવીર માનવી સાતે આપને મેલાપ થયોછે?" હેમદેવી બોલી. જોગેશ્વરે ઉત્તર દીધો "હા" હેમા બોલી, "જોગેશ્વર, તે શૂરવીરનું મને કાંઈ ભાષણ કહી સંભલાવો, કૃપા કરીજ." જોગેશ્વર બોલ્યો "તેમાં કાંઈ માલ નથી. જેનું મન ચલી ગયું ને મગજ ઠેકાણે નથી તેના શબ્દોની તે શી સાબેતી? તેને મને પોતાનો તો ખાસ કરી કંઈ તરેહવાર કળપણા ને કલપાંતનો સંદેસો કનોજાની રાજકુવરીને કહેવા કહ્યુંછે. અને કંઈ હજારો દીલને દુખવનારા શબ્દોની લંકા લગાડી દીધીછે. પણ હું તે ક્યાં તે અવલ સ્વરૂપ સુંદરીને ઢુંઢવા જાવું ને ત્યાં જઇ તેને તેના દીવાના જુસ્સા સંભલાવું? પ્રથમ તો તેવું કાંઇ સંભલાવતાંજ મ્હારૂં સીર ક્યાં મ્હારી ગરદન ઉપર રહેશે? અગર તેમ ના થાય તો મ્હારા જેવા માયા મોહ ત્યાગેલા અતીતને એ તેનું ભાષણ બોલવું ક્યમ છાજશે? તેનું બોલેલું બોલબોલ મને વખતે વખ્ત સાંભરેછે પણ જેમાં પ્રેમ છે ને જુસ્સો છે તે ભાષણ, જોગીએ કહેવું એ અનીતી છે, પણ દેવી, મને કહેશો આપ કોણ છો? શું આ સર્વે માલણો છે ને તમે આ માલણોની રાણી છો? મને તો ઘણો અચંબો ઉપજેછે કે હલકામાં હલકા ફુલને પણ રંગ ને તેજ છે પણ સરસમાં સરસ સુંદરીમાં કાંઈ રહ્યું નથી." આ છેલા શબ્દોથી ચોંકીને હેમદેવી લગાર ઠીક બેઠી. "અરે આ સ્વર તો અર્જુનનોજ! પણ મુર્ત એ ક્યમ? ના, અર્જુન નહીજ પણ એના બોલવામાં બલ ને કલા બન્ને જણાયછે. વળી નીડર ને દૃઢ પણ અપાર, એ કોણ હશે? રે એક યુદ્ધમાં મર્યોછે તે જો ત્યાં રનમાં પડ્યો તો તર્ત શરીર ઉપર જવાલા લેવી પડશે જો કે માહે તો આપોઆપ સલગીછે. બીજો વીકાજ ઘાતમાહે રઝલેછે જેના દ્રષનની ઉમીદવાર બ્યમ ચકોર ચાંદની રહે. હાઃ હાઃ આ હાલત કે આફત!" વળી પોતાના જુસ્સા દબાવી હેમ-

દેવી બોલી "જોગેશ્વર, તે શૂરવીરની બોલી મને સંભળાવશો તો હું આપને તેના નામનું મંદીર બાંધી આપવા સારૂ વચને બંધાઇશ. મને તે જે કળપણા કરે છે, જે ભાષણ કરેછે, તે જે આળ ને ગાળ દે છે, તે સર્વ વર્ણન ના રેફ એમ કે તેમ, એ પ્રમાણે તેનુંજ બોલબોલ કહી સંભળાવશો ? એ તંજદી લેશો તો હું જન્મલગી આપની આભારી થઇશ." હેમદેવીનું મન સાંભલી જોગેશ્વરના મનમાં જુસ્સાનો બર્ફ પીગળ્યો, તે સ્ત્રી અરે અવલ આબદાર રાજવંશ સ્ત્રી કેવી કોમળ છતાં વચનની કાયમ રહે છે તેના વીચારના સુપ્પમાં પડ્યો. વળી તે રાજકુંવરીના મનને હાથથી જવા જેવી હાલતમાં મેલી શક્યો કે જેથી તે તેની વીશ્વાસુ સાહેલીઓ વચ્ચે વગર પરદે વાત કરવા લાગી. એથી પણ તે હેમદેવીનાં પ્રેમદર્દનો ભાગ્યો વધારે વજ્ર એ મુગી હાલતે રહી કોમલ છાતીની નસોમાં ધકાશાનું તુફાન ચગરાય; ઇનિરાનગીરીનું કામ સમજ્યો નહી. તે હવે બીજી વલાણ ઉપર ઉતર્યો ને જેટલી પણ પ્રેમપ્રીક્ષા તે સર્વ તપાસ કરવાના હેતુએ બોલ્યો "દેવીની મરજીજ જ્યારે થઇછે ત્યારે તો હું શૂરવીરની લાગણી ને ભાષણ કહુંછું પણ તે તેજ કે જે ખાતર તમ આતુર થયાંછો એ કયમ કહેવાશે ?" "રે પણ ભાષણથી તે તર્ત સમજાશેની ?" હેમદેવી બોલી. "એમ છે તો મને તે કહેવામાં કાંઇ વાંધો નથી કયમ કે તેણે મને તો તે કહેવા ખાશ કાશદ કર્યો છે. પણ મ્હારે કહ્યા પહેલાં જાણવું જોઇયે કે જે સુંદરી માટે તે બોલતો હતો, તે સામેજ હું ઉભોછું ?" હેમા બોલી "જોગેશ્વર, હાલ તો તમે મને તે શૂરવીરનું મન કહી સંભળાવો. બીજી ચોકસાઇ હાલ તર્ત રહેવા દો." જોગેશ્વર બોલ્યો "ઠીક, લો સાંભલો. તે પ્રથમ આ કવીત બોલ્યો હતો:—

" આશક હ્યારો હું આગની ગુફામાં
વસુંછું જ્યમ વસેછ દીપકે પતંગ;
કસુંછું જ્યમ કસેછ અંગ હાથમાં,
ધસુંછું જ્યમ ધસેછ વીર રન પ્રસંગ;
ચસુંછું જ્યમ ચસેછ રનશૂર યુદ્ધમાં,
સમજ પ્રેમ ઘાયલ શૂરવીરના તુરંગ ;
કવી રૂસ્તમ કહે બજાવ શર્ત સતમાં,
ભમર અધર ધુમેછે સાગર સલંગ. "

હેમદેવીની, આ કવીત સાંભલતાં લોચન લાલ લાલ થઇ ગઈ. તે બોલી "શું આ શબ્દો મને યોગ્ય ? તારા, આ તો ના સહન થાય એવા સ્નેહની શીરાઇ આવી રહીછે. રે તું કાંઇ એનો જવાબ દેશે!" હેમદેવી બોલી ને તારાએ કહ્યું, "હા, હું એનો યોગ્ય જવાબ વાળુંછું."

" તું મૂખ દ્રષણ વના મન આસા નથી,
જીવ્યાંનું માન તું દ્રષણ ગણાય જાન;
એક તું આશામાં સર્વ આસા હતી,
ના તું જ્યાં ત્યાં છે વ્હાલી મશાન;
થા મ્હારા મન સમ સજન મ્હારા આજ,
આ વીયોગે ભષ્મ થતા જાનની જબાન;
કવી રૂસ્તમ કહે દીલના તું આવી મલ,
જોઈ લે મલી આ પલે દીલ દર્દખાન. "

જોગેશ્વર બોલ્યો, "મને પુજાપાત્રીને સ્માધની વેલા થતાં તર્ત ત્યાંથી દોડવું પડશે માટે સાંભલી લો બીજો તેનો આ કવીત:—

" મોહ્યાં જા દીનથી જોઇ છતા છજામણી,
ત્હારી તૃણી લટક, ના રહ્યું ગ્યાન;
વસ ઘુમે નેત્ર તું શૂર્ત શોહામણી,
શીરોઈ જ્યમ ખનખને કનક આન;
પુષ્પ જ્યમ બાગે બ્હેકી લે ગુમાની,
જબાન જ્યમ બતેર કરે ગાનતાન;
કવી રૂસ્તમ કહે અંધકાર દીપ જાણી,
તા દીનથી દીન રજની જ્યમ ધનુષ બાન. "

આ કવીતનો તાણો જ્યમ પ્રવત કસાઈ હેથલની વસ્તીનો નાશ કરે ત્યમ હેમદેવીના દીલનો નાશ કરવા જેવો નીવડયો હોય એમ તે શુંદરીએ ચીસ મેલી દીધી. જોગેશ્વરે બીહીનો તો પછે અબલા સાહેલીઓના રંગ ઉડી, મોહ સાવ કપૂરનાં થઇ જાય તેમાં તે શી નવાઈ? પણ ચીસ સાથ મૂર્છા પામ્યા જગ્યો ઓર તેજ થઈ દેવીએ પોતાને કર તંબુરો લઈ આ મનભેદક કવેત ગાયું:—

" જ્યારથી અલોપ તું જાની પ્રાણ મ્હારા,
તજી કોમળ તૃણી, બેખબરી હું કાચી;
ત્યારથી આ જવી માની પ્રાણ મ્હારા,
દીલ ધ્રૂજી રહ્યું છે દીલથીજ લાજી;
સુખ સ્વપ્નું થયું પાપી પ્રાણ મ્હારા,
દુ:ખ સીર ભમતું થયુંછે રે પાજી;
કવી રૂસ્તમ કહે ગ્યાની પતી મ્હારા,
આ તો લાગી છે કારી કટારી તાજી. "

જોગેશ્વરને હેમાએ લાગણી ને દર્દમાં જીતી લીધો, તોય તેણે વળી બીજી પોથી ખોલી દીધો. તે ગદ્ય ભાષણ ચલાવવા લાગ્યો તેની પણ અ-કલ લગાર ઠીકાણે તો નહીંજ. તેથી જ્યમ કોઈ સમજીને ટુકમાં મજે મલે ત્યમ તેને લંબાણમાં મજો પડવા લાગી, માટે બોલ્યો "પછે તે શુર-વીરે આ શંદેસો કહાવ્યો :—

"વ્હાલીને કેહજે રે હું તું ચંદ્રવદનીના પ્રકાશની ઝાલથી જલી ભસ્મ થયો છું કે ક્યમ? આ હલ્યારીના ગલીચા ઉપર વ્હારા પ્રેમની લહેરે મને લોભાવી મ્હારી ધારણાના પાસમાહે મને સુવાડયો હોયની. કીંવા આંબાની મોહોરના સુગંધી ઢગલામાં મને પ્યારનો બાવરો બુલબુલજ નાખ્યો હોય-ની. રે વાહલીને કેહજો તેં મને તારૂં દીલ નવાજ્યું તો આ તું મારી આં-ખોની ભેટ લે, કે એ તુંને જોયા પછે તે લાયક બીજી કોઇ સુર્ત મુર્ત નથી કે તે જોવા કામે લાગે! પણ મારા નેનને તારા નેનમાં રાખીને મારી શી-કલના નકશાને પરખવા શીખજે, અને તેની બારીકમાં બારીક રગમાં કો-ણના ખ્યાલનો રંગ લઈ લોહી ફરેછે તે અભ્યાસ કરજે, અને જેમ પ્યા-રીના પ્યાર નીશાનીનાં આપેલાં અમુલાં રતનને જાલવવાને જાન જેટલી ફરજ આશક સમજે છે તેમ સમજી આ નેનો જાલવવા સાથ તે તારી નેનન દાબરીઓમાં ઢાંકી રાખજે, પણ વખ્તે વખ્ત તેને તું જોઇ તેને ખાસ વ્હારો ચેહરો જોવા દેવાની મ્હેરબાની કરજે. વ્હાલીને કહેજો રે તારા પ્યા-રના મોહોલના ચોગાનમાં જે બુલબુલ લલકારેછે તેનું નામ મન છે, તે મારૂં મન બુલબુલ, જેને માટે અધીરૂં ને મેલાપ ખાતર બાવરૂં છે તે ખાતર ખરી લાગણીઓની રાગણીઓના તાનથી તમામ દીલ રસીલું કરી મુલાકાતનો શૃંગાર સમો કરેછે. ઓ સરસ સારંગી, તું એવો શુંદર સરોદ તારામાંથી માગ દીલના ઓંફરા સાથ મલતો લંબાવી મારા હલકની વરેલી નાર થા કે તે તારી ઉપર ફરજની સતાના લાડથી કાંઈ વધારે ધ્યાન કરી મારી આસાનું રેથાન એવું ગજાવે કે મારી દીલદાર બેદરકારી મેલી હોશ્યાર થાય. વ્હાલીને કહેજો, ફુલ જ્યાં તલગ ડાલી ઉપર છે ત્યાં તલગ બેકીમતી જીવ, જુવાની ને નુર માફક મરતબો પામેલું છે. ડાલીથી જુદું થયું તો તે, ચેતારો આશમાન ઉપરથી જમીનપર ખરી પડી માહ હીનો અવતાર થયા સમાન છે.

"વ્હાલીને કેહેજો કે બસંત, વૃક્ષને હસાવીને મોહોરથી ગર્ભવંતી કરેછે અને મોહોરમાં ફાલેલી ઉપર પવન પ્રેમથી વીંટલાઇ ફીદા થતો જ્યારે ત્યારે હલ્યારીમાં દોડી રહેછે. મેં અંડાલને આંબ વૃક્ષના મોહોરોના ઝુમખામાં પ્રેમના તાન અલાપ લઇ મોઝીનીની અગ્નિ ફુંકતો જોયોછે. ત્યારે વ્હાલી,

તું મારા આત્માનું જે રત્ન, તે મને પોતાના અમુલા ચલકાતના લાડમાં કેમ ના રીજવવા મંડે ?

"વ્હાલીને કેહજો કે આજ જ્યારની વસંત નગન અંગમાં કોઈ કોઈ નવા શૃંગાર કરી આવભાવમાં છકેલ જેવી કમલની કોમલ પાંદડીઓમાં પ્રેમનો સુગંધ વીખરાવવાને છેરતી કરેછે ત્યારનો હું જેમ ભ્રમર પોતાના સઘલા શૃંગારથી બેભાન થઈ પ્યારીના પાસાની સેજ માટે મધુર છાંટથી ઘું ઘું ઘું રાગણી જેવા મનહરણ હલકમાં તે આસપાસ પ્રેમ નીશાબાજ જેવો ભમેછે તેમ તારા મેલાપની ઉછલી આવતી અગ્નિમાં ચંદન માફકજ પ્યારના મંત્ર ભનુંછું, કે પ્યારીના નેનના મેલામાં મારા મર્ણના આશીર્વાદ સમાય.

"વ્હાલીને કેહજે કે જે દીથી વ્હારાં લોચનના તારાનો ચલકતો મનપસંદ નીશો મેં કર્યો નથી તે દીથી મારા દીલની રગમાં રૂધીર જગ્યે રૂશનાઈ વહેછે. અને રોમ રોમ અણી ઉપર તારી સુક્ષમદ્રષક યંત્રે માનમાન દીસે એવી અનદીઠ છબ કોટરાઈ મારૂં કાલજું તારા નામની માલા જપેછે. તેની રેસ પણ કદર જાણી જાનીના મેલાપની ઉમેદવારીને કાંઇ આશો મોકલજો.

"વ્હાલાને કેહજો કે મેં આજ વાણુ વાતાં સરોવરે સ્નાન કરતાં લોચનથી વ્યોગનું આશ્રુ તપકાવ્યું તે કમળે ભ્રમરને વીદાય કરતાં જોયું. તેઓ મને આંશુ તપકાવાનું કારણ ઘણાજ મધુરાં મુખચસ્યાથી પુછવા લાગ્યાં; તે વખતે મેં જે વર્ણન વ્હાલી વ્હારૂં કર્યું તેથી કમલ વીલાપ કરી બોલ્યાં કે "ઓ પ્રેમે ફાંસેલા, મારી ઉપર દયા લાવી તમારી માનુનીનું છબચીત્ર મારા વ્હાલા ભ્રમર આગલ મ ખેંચતાં; નીકર મારો વ્યોગ કરી તેઓ તમારી પ્યારીના જોબન ઉપર ફીદા થશે તો પછે મારી શી દશા ? હા: તમારી વ્હાલીના વદનની ચંદ્રકાંતી, કબ્બારાના તેજથી ઈંદ્રના મુગટના રત્નની ઘડાયલી સમાન પાસ, મારી સરોવર જલની બનેલી નીરમલ સ્વરૂપકાંતી કેવલ કમલજ છે. જો તમને તમારી વ્હાલીના વ્હાલના સમ, જો મારા વ્હાલાને તમારી વ્હાલીનું કાંઇપિણ વર્ણન સંભલાવ્યુંછ તો." આ રીતે કમલના કહેવાથી મને જે વ્હાલે વીટાલી લીધો છે, તે વ્હાલ પત પેઠલો માત્ર એક વ્હારાં દ્રશનનો આસાવંત થયોછું.

"વ્હાલીને કેહજો કે તમો જોબનના આશાન ઉપર બેઠેલાં, પ્રેમના સરસ શીંગાર સજેલાં, પ્રેમ ભગતીમાં પૂર્ણ મચેલાં મારા ઉપર સઘળા સદગુણ સાથે વારી જતાં, પણ મારામાં તે બુજવાની તે વેલા કોઈ બુદ્ધી ના હોવાથી મેં આપના અંગને અગ્ની માની મનને શંકામાં સલગતું રાખ્યું. મેં

તમારી સરસ પ્રેમ શક્તીના નજરાણાનો તીરસ્કાર કરી મારો આજનો વ્યોગ મેં પ્રાપ્ત કર્યો. જ્યારે તમારી લોચનો મ્હારા ચેહરાને તેજમાં રંગતી ત્યારે મેં તે ઢોંગ માણી લઇ સ્વચ્છ નીરમલ વ્હાલનો એવડો ધીક્કાર કર્યો કે તે વેલાજ જો મને કોઇકે નર્કમાં ગાલી પીસી નાખ્યો હતે તોપણ મારી કુબુદ્ધીની ઘટતી શીક્ષા થઈ હતે નહી. પણ આજ મારી સમજના સમય ઉપર કોઇપણ જાતની ક્ષમાથી તે વેલાની નાદાની નાબુદ થતી હોય તો મારો આ બાકી ભવ બસ ક્ષમાને અર્પણ કરી તે સદા થતા પશ્ચાતાપની તાટેલી દેગમાં પડી જલી બલી કોયલાનો થઇ રહું. અરે કોઈ ક્ષમા મને તે વેલાની મારી નાલાયક બેદરકારી ભુસી નાખવાને બસ થનાર નથીજ. જે નાલાયક બેદરકારી મારો ભવ શીકાર કરી લઇ રહીછે તે ઉપર આપે ધીરજ ને સત સાબેત રાખી મારા વંશાની સોભાને ભરમમાં રેહવા દીધીછે. આપે નાગણ માફક ઝેરી ફુક ફુકી નથી. આપ કંચન માફક એક પાસથી બીજી પાસ અને બીજા પાસથી ત્રીજા પાસ ફર્યાં નથી; આપે બસ તારૂણ્યતાની તાપમાં વીલાપની દવા પી પોતાના બદનને વીખરાયલી સેજ ઉપર પટકી નાખેલું ગમ્ભીજ હૃદયમાં પાક્કા પ્રેમ ને વફાઈ સાચવી જાલવી મારા નામને ઊંચું રાખ્યું. કોઇ મારી ભીતર અવસ્થા જાણવાને ભાગ્યશાલી થયો નહી. એ બેમુલાં પાણીનાં બેમુલાં મોતી, મારા વીલાપની નેહેર ચાલી મારા જીગરમાં મારા તવલાતના ધરતીકંપથી બાહી નીકલી આવી મારી ઇચ્છાનો જવાલામુખી મારા ભેજાંમાં ઉતપંત થયોછે. જાણે હું અંગારાના બીછાણા ઉપર બલેલો વધારે બલુંછું ને તન બદનમાં નવતરાં ફેરફારોથી વધારે દાઝી દરદના ઘા ખાઉછું. એ જવાલામુખી મગજ તું બસ પલકે પલક સલગ."

આગલ કોઇ હદ વનાનું બન્ને બાજુથી જુસ્સા ભાષણ ચાલ્યું હતે પણ તેટલાં ત્યાં કુસંપો ચઢાવેલા પચાસ રાથોડ શીપાઇઓમાં એવડી દોડાદોડ ને ગરબર સરબર ઉઠી રહી કે તે સ્ત્રી મંડલ ને જોગેશ્વરનું ત્યાં ધ્યાણ ખેંચાયુંજ. આકાસ હેઠો પડતો હોય કીંવા પાતાલ હવા ઉપર ઉડવાની ગતી પામ્યું હોય એવા કાંઇ અદભુત ફેરફારની હોહા મચી. પલકમાં તે ફેરફારે પ્રતિષ્ટા ખાતર સીંહની શકતીથી મર્ણ લગી લડી કીર્ત મેલવે તેવા શત્રુને સેજેજ સાફ કરી દેનારા પચાસ રાથોડની ન્હાની સેના અદબ ને શુદ્ધ ફલાથી ત્યાં રચાઈ ઉભી. પલકમાં તે મ્હેલ ને કીલ્લો મેલી જવાની મતલબે તેઓનો નાયક હેમદેવી સામા આવી નમન કરી રજા લેવા ઉભો. હેમદેવી બોલી "કયમ આ શી કલાહલ ને ઉઠામણી?" નાયક બોલ્યો "અમારા દક્ષીણ રાજ્ય ઉપર અનલ પ્રબલ થયા જેવી વાતની જાણ પડીછે.

અમારા માહરાજા પ્રતાપસીંહને અનલસીંહની ફોજે ઘેર્યોછે. એણ વજ્ર અમને મર્દ છતાં મુસક મીશાલ હાાં પડી રહેલામાં શસ્ત્રના ઘા થતા હોય એવા અમારા જીવ મુજાયછે. અમારાં બળ ને ગાજી અમને ધીક્કારેછે. અમો ગમે એમ પણ રાથોડ રજપૂત, કદી મોતને ગણકારતા નથી તોય આ હાલતમાં પડી રહ્યા તો તે તાણે અમારા સીર ઉપર પોતાને શોભાવશે. રાણીજી, અમને મારા સુકને હ્યાંથી યુદ્ધમાં વીદાય થવાની રજા આપો." જોગેશ્વર આ સાંભલી ત્યાંથી ઉઠયો. તેણે નાયકના હાથમાં કાંઈ રૂકા જેવું, તે લઇ મનમાં ગુપચુપ વાંચ્યું:—"ધનુષસીંહ, જ્યાં પાંચ રાથોડ આશીરવાદ થઈ પડે ત્યાં ત્હારા પચાસ રાથોડની તુકડી સાથ વાયુ બલે કુચ કરતો આપણા રાજ્યના રક્ષણમાં ખપવા આવ. અનલે અવધી કરીછે ને જોકે હેમસીંહ માહ ભીમ સમાન યુદ્ધમાં મર્યો તોપણ અનલની અગણીત સૈન સામે તે દીવસોના દીવસો લડતાં જખ્મી થઈ પડયોજ. છત્રપતી પ્રતાપસીંહ વૃદ્ધાવસ્તામાહે યુદ્ધ દરમ્યાન જાંખા પડતા જાયછે. રાજ્યના સરસ શૂરા ખપ્યાછે. ખાસ રક્ષક સૈન શીવાય સર્વ સૈન અનલની રણભુમીમાં પડી ખપ્યુંછે અનલના સીપાઇઓ આપણાથી ત્રણગણા ખપ્યાછે પણ તેના સૈનમાં રોજ રોજ વીચીત્ર વધારો ને ઉલટ વધેછે. પલ ધીર માત્ર રાજ્યનો નાશ." આ રૂકો વાંચી તે નાયકના કરમાં મેલી તે ત્યાંથી વીજલી અવતારે કીલ્લા બાહેર નીકલી ગયો. બીજી પલે તે પોતાની ત્રીસ હજાર ઉપર જોગી સૈના સંગાતે દક્ષીણ સરહદે કુચ કરી ચાલ્યો. તે પાછળ હેમદેવીની રજા પામી પેલા પચાસ રાથોડ શીપાઇઓ મસ્ત હાથીઓ દોડયા સમાન ચાલ્યા. એ પ્રમાણે પાંચ પલકમાંહે હેમદેવી ને તેનાં સાહેલી મંડલને રાઠોડ ચોકી ત્યમ જોગેશ્વરનો સ્વપ્નો થયો. હેમદેવી રાઠોડ શીપાઇઓનો વીચાર કરવાને પણ અભાવ જાણે, પણ જોગેશ્વર, જેણે પોતાના પ્રાણ પ્યારા અર્જુનની હાલત સમજાવી અજાયબીમાં નાખી હતી તેના ઓચીંતા ત્યાંથી ગુમ થવાને કારણે તે જેટલી હાલ લગી ઉદાશ રહેતી હતી તેથી પણ જાદા ઉદાશીન થઈ ગઇછે; તેટલાં ત્યાં ત્રીજો ગુલબાંગ ઉઠયો. કીલ્લાનું રાઠોડ લશ્કર નખસીખ શસ્ત્ર સજેલ થઈ ત્યાંથી બાહેર પડતું ચાલ્યું. સર્વ શૂરા રાઠોડ આ વજ્ર પોતાના સરસ અભેદ્દક કવચ ને અજીત શસ્ત્રથી એવા અજાયબ શૂરવીરો દીસતા કે અગર ઈંદ્ર તે લશકર ડલ સામે પોતાનું બળ અજમાવાને આતુર થયો હોય તો તેની પણ હામ મેલાય. આ અધલક્ષ કનોજ્યા રાઠોડનું સૈન કીલ્લા બાહેર પડયું કે તેટલાં માહરાજા યુદ્ધસીંહ દીલગીર જેવા પણ યુદ્ધાલંકાર માહે ચીકાર થયલા હેમદેવી પાસ આવ્યા. તેઓ બોલ્યા, "બેટા, તું આજથી કનોજ રાજ્યપદ ઉપર છે. હ્યાં

મકાન રહેશે પણ પ્રધાનને જે ઠીક સમજાશે તેની બહાલી તું આપવા વના કાંઈ થશે નહી. દેવ જ્યમ આકાસમાં વસેછે ત્યમ તું શીહોરમાં વસસે પણ જ્યમ તેનો હોકમ ને કાબુ ચોગરદમ શ્રેષ્ટ પ્રકારે ચાલેછે તે ન્યમે તું રાઠોડ રાજવંશી મહાત્મ્ય પંકાવજે. વૃદ્ધ દેવ્યરાજ પ્રધાનની સલાહ માનજે. પ્રજાને બાલક સમાન પાલજે. પ્રજાને કાંઈ પણ ભલા કે કફોડા કરથી પીડીશ નહી. પુણ્ય માર્ગના જસ પામજે. દ્રવ્યવાન ત્યમ દ્રાલીદ્રાને સમાન ન્યાયથી ન્યાલજે. હું આપણા હેમસીંહની સહાયતામાં આપણા અજીત યુદ્ધાઓની સૈન સંગાતે હાલ જાવુંછું. જીવીશ તો આવી મલીશ નીકર તું સુખે રાજ કરજે." હેમા બાપને ગલે વલગી બોલી "પણ યશમાન છત્રપતી બાપા, બીજા કોઈને સેનાધીપતી કરી મોકલો ને આપ રાજરક્ષક આં રહો તો?" યુદ્ધસીંહ બોલ્યા "પુત્રી, અર્જુન શીવાય બીજો કોઈ જો કનોજ સૈનનો સેનાધીપતી થઈ ત્યાં કીર્ત ને જીત મેલવવાનો નશોઓ ધરાવતો હોય તો હું એક માત્ર છું. સૈન તો અજીત પણ તેની સર્વ શોભા સમયસુચક ને દીર્ઘદ્રષ્ટીવાલો સેનાધીપતી રહેછે. આજ અર્જુન નહી મલે!" આ બાપાનું ભાષણ સાંભલી હેમા ચપ થઈ ગઈ. યુદ્ધસીંહ, કુંવરીની છેલ્લી ભેટ લઈ દક્ષીણ સીમા તર્ફ પોતાના આકાસ ઠઠરાવતાં લશકર સંગાતે તે પળે કુચ કરી ચાલ્યો.

આજ દક્ષીણ ભરતખંડનો માહા પ્રતાપી પ્રતાપસીંહ વૈર ને ક્રોધમાં તેના મોટા હરીફ બળ્યા અનળ સામે ઉભોછે. તેની લક્ષબંદ ફોજમાં તે પોતે સુર્યસમાન શોભા પામતો ત્યાં રણસંગ્રામમાં પોતાને સર ઉડતા રત્ન જડીત ઝુંડાથી બળવાન ને રણમાર રજપુતો તેમ દક્ષણીઓમાં ઈંદ્ર દેવ સમાન દીપેછે. તે આજ વૃધ્ધાવસ્તામાં આવ્યોછે તોય તેની કાન્તી કાળ સ્વરૂપ અગ્ની ફુકતી હોયની એવી ત્યાંના લડાયક મામલામાં ઝળકી રહીછે. તે છત્રપતી ને માહરાજા અનળના ટોલા એક થયા કે પ્રતાપે પૃથ્વીને અધ્ધર રાખનારા સેશનાગ જેવી ગર્જના કરતો સાધ મારયો "અગ્નિ સ્વરૂપ અનળ, ત્હારે મ્હારી સાથ શીરોઈ ખેળ્યામાં સો સ્વાર્થ મેળવવાનો લોભ છે? આ કર જ્યાંલગી છેલ્લી ગતી ધરાવશે ત્યાંલગી તે પોતાની અદભુત શક્તી સાથ ત્હારાં સૈન્યના સીના ચીરી ફાડી નાખશે. ત્હારા તાજને તે ઝંટી લેશે. ત્હારા સરકસ સરને તેના જડમુળથી ઉખાડી નાખશે. અનળ, મ્હારી શીરોઈ આજલગી કોણે ખાલી કરીછે? તું ખરો આર્ય ને ઈશ્વરનો પ્રીય હશે તોય તું આ મ્હારા શીરોઈના સપાટાથી બચનાર નથી. અરે! તું ધનુષ્ય ઉપર બાણ ચઢાવેછે?" તેટલાં અનળે ધનુષ્યથી એક પુછડીઆ તારા જેવો ઝળકતો ને તરક્ષણ નાગ જેવો ઝેરી બાન, માહસાગરના મોજા જેવો અ-

વાજ કરી છોડયો કે બસ તે યાહુમ પ્રતાપ ઉપર આવ્યો; તેણે માહ પ્રતાપસીંહના તુરીનું મસ્તક ફોડયું પણ તેવોજ નશીબો ખુદ માહરાજાને નીપજ્યો નહી તે માત્ર તે યશસ્વી રાઠોડ માહરાજાની સરસ યુદ્ધકળા ચાતુરી.

બીજી પાસથી ગર્જના સ્વરૂપ હેમ મસ રાક્ષસી હાથી ઉપર સો બાણાવળીઓએ વીંટાયલો જ્યાં ત્યાં પોતાનો જબ્બરી કર વાપરવાની ચાહવા બોલાવેછે. દરેક બાણાવળીના દરેક બાણ સો સો હરીફાઈ કરનારા દક્ષણી શીપાઈઓના ભાલ વીંધી લોહી પી રહેછે. જ્યાં હેમનું બાણ નીસરી ઉડેછે, ત્યાં તો યમરાજ સ્વારી સમાન મહીમા વર્તાઈ ચીસાચીસ ને બૂમાબૂમ પડેછે. રાક્ષસ જેવા તે બાણના છુટવાના અવાજે મુર્છા પામીજ ત્યાં બેખબરાઈમાં મર્ણની માયામાં વળેછે. પલક લાગ્યા વખ્તમાં તો સો બાણાવળીઓના બાણોએ જે ત્યાં ખાનાખરાબી ને સંગીન નાશ પાંથર્યો તેમાંનો સોમો હીસ્સો પણ ત્યાં બીજા અવલ આબ ધરાવનાર હજાર યુદ્ધાઓથી યુદ્ધ પ્રાક્રમ પંકાવી શકાયું નથી. પણ આ જબરી જાન ઉપરની બળીષ્ટ બાજી બજાવનારા બાણાવળીઓ ઉપર અનળના અદભુત બળ્યા સરદારોના ભાલા આવી તેઓ પણ ત્યાં એક પછે એક યશભેર, મુત્યુના મ્હેલ દરમ્યાન દાખલ થતા ચાલ્યા. ત્રીજી પાસ વળી આકાશ કાળું થયું તેટલાં કોપાયમાન ઈંદ્રમલે ચક્ર ફેંકયું. તે સૈન્યમાં શૂરના ઉછળતા અદભુત શસ્ત્રબાણોના સર ને નવાં ખીલતાં પાન ને મોર ખેરવતા તુફાની વાયુ સમ ઉડાવતું જ્યાં સૈનની દક્ષીણ બાજુનો વૃદ્ધ સેનાપતી રત્ન રાઠોડ શીરોઈની પટાબાજીથી દુશ્મનોનાં દીલનાં લોહીની વૃષ્ટી કરી રહેતો ત્યાં આવ્યું; અને વીજળી ચમકયા સમ એક લાંબો પ્રકાશ ખેંચાઈ તે શૂરાના સરમાં પેઠું. રત્ન રાઠોડ તરત સમજ્યો કે 'ઈંદ્રમલના ચક્રે મ્હારૂં સર ભક્ષ કર્યુંજ. પણ ના, એ ચક્રને હું પકડું' એ વીચાર સાથ અર્ધ ગરદન ભેદી માહે પેઠેલું ચક્ર તેણે દૈત્યબળે પકડી પોકાર માર્યો. "ઈંદ્રમલ, તું અપછરાથી પેદા થયો હશે ને મ્હારો રક્ષક શીવ હશે તોય તું મ્હારી મર્ણ પળના ગુસ્સાથી બચનાર નથી. ઓ આર્ય, મ્હારૂં આવી બન્યુંછે માટે મ્હારી રાણીને મ્હારા મોતના સુકન કહેવાડ" આ કહેતાં તેને ચક્રને વળતી વલાણ દીધી અને પછે તે અજબ સમાન ઘુમી પોતાનાજ માબાપનું મસ્તક મ્હારૂ તેવો તેને જોર દેવા મર્ણ પામતા રત્ને શીતાબ પોતાની શીરોઈની મુઠનો એક ઝટકો એવો તે ચક્રને દીધો કે ઘડીભર રણભુમી ચકડોળ થઈ હોય એવી ત્રાસદાયક ચુપકી ફેલાઈ. આ ઝટકાના સપાટાથી આકાસ ઉપર ઈંદ્રે શાબાસ પોકારી અને વીબુધ તેના રંગ ઉપર આનંદ પામ્યા. આ ચક્ર સેજ પલમાં હજાર કદમ દુર રણસંગ્રામમાહે મચેલા ઈંદ્રમલને ભેદવા વચ્ચેના તેના અછા જો

શાવર ત્રણસો થરાનાં સર ભક્ષ કરતું આવી ધરતીકંપ સમ નાદ કરી રહ્યું. ઈંદ્રે ઘણીપણ બાજી લીધી ને પલમાં પચાસ ઉલટા સુલટી વલાણ પકડી, પણ તેનું કાંઈ ફાવ્યું નહી. ચક્ર તો રત્ન રોડાડની રહી વાણી પ્રમાણે ઈંદ્રના ગળાની ઘાટાંની મોટી નળીમાં ખનક કરતું લાગ્યું કે તેનું સર તેના ધર ઉપર કોઇ કાલ હતુંજ નહી એ પ્રકારે રોડાડ પરાક્રમ પંકાયું. પણ આ ચક્ર તેનેજ વ્હાડી ધરાયું નહી. તે કોઇ જીવતા પલીત સમાન ત્યાંની સેનાના થરાઓનાં સર સંહારવા લાગ્યું, તે એટલે લગી કે જ્યારે કોઇ માર્ગમાં રહ્યું નહી ત્યારે તે શત્રુનાં મુરદાંઓ ઉપર માંસ ભક્ષક પક્ષી માફક આમ તેમ ઉછાળા મારી માંસની ચાસણી કરતું હોય એવો દેખાવ કરવા લાગ્યું. છત્રપતી અનળે જ્યારે પોતાના શૂરા પુત્રનું મૃત્યુ સાંભળ્યું ત્યારે તેના ગુસ્સાની અમીની હદ રહી નહી. તેનો હોકમ તરત નીકળ્યો કે તમામ સેનાએ સામટો હોમલો કરી મુઠીભર રોડાડ દુશમનોના ડલને લોટ મીસાલે દળી નાખવાં! આ હોકમ ઝેરી વાયુ સમાન પ્રસરાયો; અને એક મનુષ્યને દસ દૈત્ય વળગી પડે તેમ દક્ષીણ ભરતખંડના માહરાજા પ્રતાપ ને યુવરાજ હેમ ઉપર દક્ષીણી ફોજથી આફત વરશી. માત્ર બે કલાકના અરસામાં અજાયબ જોર ને કળા વાપરવા છતાં દક્ષીણ ભરતખંડ રાજ્ય હારી જઈ ત્યાંજ માહારાજા પ્રતાપને સાધારણ આર્યના મોતે મરી ખપવાનો નશીબો પામવાનો વખત નજદીક તેટલાં પ્રાલબ્ધનો પાસો ઉલટાયો. "મહારાજા પ્રતાપસીંહની જે જે" પોકારતી ત્રીસ હજાર જોગેશ્વરોની ફોજ ભાંયમાંથી ફુટી નીકળી હોય તેમ હરોલમાં હજાર રણસીંગડાં ને નોબતના પૃથ્વી ઢલે એવા શોર સાથ ત્યાં તે રાક્ષસી સૈન્ય પ્રગટ થતાંજ દક્ષીણ યુદ્ધ નવિસરથી મંડાયું. નવા ને તાજા, વળી માહ કુશળ સેનાધીપતીના કેળવાયલા જવાન જોગીઓની શીરાઈના સપાટા કે ભાલાના ગોદા સાથ બાણાવળીના બાણોનો વર્ષાદ વરશી રહી ત્રાય ત્રાય વર્તઈ. પ્રતાપસીંહ રોમ રોમ જખમી થયલો તેના જેવા પલકે પલક દમ છોડતા જખમી રોડાડ સરદારો પાસ અર્ધ જાગતી હાલતમાં હાથીની અંબાડીમાં પડયોછે. બીજી બાજુ હેમસીંહ પોતાના સો અમર અર્જુન સમાન બાણાવળીઓ ખપાથી ઘોડસ્વાર બનીને અનળની ખાસ રક્ષક સેનમાં શીરાઈ ચલાવી લોહુના કુંદ બનાવેછે. તેટલાં એક વીરૂધ લડવૈયાએ તેની ઉપર પોતાની જબરી ગદા ઉગામી એક ફટકો લગાવ્યો. હેમ તે ફટકાના ભારે પોતાના થાકેલા ઘોડા સાથ ભાંય પડયો; તેની ઢાલના તુકડા થયા અને જેવો બીજો જબરો જરબ પડે છે તેટલાં હેમ "એક ઢાલ એક ઢાલ એક ઢાલ, મ્હારી ભરતખંડ રાજ્ય તુલ્ય જીંદગાનીના બદલામાં એક ઢાલ એક ઢાલ એક ઢાલ."

એ પોકાર મારતો માહ યુદ્ધ કળા વાપડી તે જરખ ખાલી કરવા જાયછે પણ સામો પૂર્ણ શૂરવીર, તે પોતાના યુવરાજનું વેર લેવામાહે ફાવ્યામાં બાકી નથી તેટલાં જોગેશ્વરે તેના કરમાં ઢાલ મેલી, તેથી તે માત્ર હાડવેરી હરીફના જરખને ખાલી કરી શકયો. બીજી પલે જોગેશ્વર ને દક્ષીણનો દુશ્મન બન્ને સામ સામા હરીફ થઇ ઉભા. અનલનો સેનાપતી બોલ્યો "ઓ દેવાલયના ભગત તને આ રકત સાગરમાહે સ્નાન કરવાને સો હેતુ? તું અગર યુદ્ધ કલા જાણતો હતે તો આ ત્હારા બચાવને બીજાના કરમાં મેલી નાદાનીથી મોતને આધીન જેવો મ્હારી સામા ઉભો રહેત નહી." જોગેશ્વર બોલ્યો "મેં ત્હારા જેવાં રાંક પક્ષીને આજલગી જાનથી માર્યાં નથી. મ્હારા શીકાર તો ઓર શસ્ત્રબાજ રહેછે પણ તું ગર્વાંધ છે. મ્હારી પાસ માત્ર આ ખાલી ધનુષ્ય છે, તેનો એક ફટકો સમાલ. એ ધનુષ્યના ન્હાના ફટકાથી મેં શૂરા હરીફને મારી, શ્રી કનોઝના માહરાજાનો કઈંકવાર જાન બચાવ્યોછે." એ કહી તેણે પોતાની મસ ધનુષ્ય હવામાહે ઘુમાવી. તે સેશનાગ સમાન વાંખી થઈ પોતાના ઘોડાની પીથ ઉપર ઉછલી ઉભો થયો અને સારી ભરતખંડના લડવૈયાની ચક્ષમાં લોહુના પર્તિબીંબ ઝલકી આવે, એવી અલૌકીક કળાથી તે ધનુષ્ય હેમના હરીફના સર ઉપર અફાલી કે પ્રવત્તજ ફાટો એવો ધરાકો થયો. તે વખ્તે રન મેદાન ડાળ્યું હોય એવો તે ધનુષ્યનો કોપ વરસ્યો. આ બળ ને કળા હેમ જોતાં ઉપકાર તે શું લાગણી તેનો તે આજે અવલ ભાસ પામ્યો. જોગેશ્વરનું સૈન મસ ભાળાથી જે અનળના સૈનમાં પેઠું તે અજીત પંકાયું. મધ્યાન દીવસે તો અનળની મોટી ફોજ નષ્ટ ને નકામી ખપી. તે જપત થઈ કાયર જેવી જ્યાં ત્યાં ફસડાઈ પડી. અંત્યે સર્વે દુશમનોએ પોતાનાં શસ્ત્ર ત્યાં જોગેશ્વર પાસ મેલી દીધાં એવો તે શૂરાનો હાક પડયો. આ માત્ર સૈન વખ્તની જંગમાં દસ હજાર જવાન જોગીઓ તે મેદાનમાહે ખપ્યા પણ માહરાજા અનળના તો તે જોગીસૈન્યના ભાળા ને તીરોના મારાથી દોઢ લક્ષ જબરા લડવૈયા મુઆ. અનળને આ હાર ને નામોશીનો શોક ઉતપંન થયો. તે પોતાની સ્વપ્નસમ સ્થીતીમાહે પોતાના યુવરાજ ઈંદ્રમલના મુરદાંની તોપનાં હાલતાં શીરપેજની કલગીરનાં પીછ દેખતાંજ મનવી અગ્નિમાં જલતો ફરી નવજવાન ને જીવતો થયો. છેલી એક જબરી સામતી યુદ્ધ મચાવી ત્યાંજ મરવું કે મારવું એ ઠરાવ મન નકી રાખતાં ઉઠયો. સર્વ પોતાના વફાદાર સીપાઈ સાથ રન મેદાનથી બોલતાં બોલતાં માહે આવ્યા તેમ નીકલી જતાં જોગેશ્વરના સૈન પાછલ દોડયો; પણ તેટલાં માહરાજા યુદ્ધસીંહનો આકાસ સંગે વાત કરતો સીંહ નીશાન જોયો. ત્યાં અનળરાજની સર્વ આશા તેના સર્વે વફાદાર ૯૦ સીપાઈ સાથ તુટી.

નકામી દેહ પાડયાની મુર્ખાઈ તેણે કરી નહી અને પોતાનું તાજ ને શીરોઈ યુદ્ધસીંહ ઉપર રવાના કરી તેને શરણ થયો. યુદ્ધ બંધ પડી. યુદ્ધસીંહ પોતાના જમાઈ હેમસીંહના જીવ શત્રુને સાથ લઇ માહારાજા પ્રતાપસીંહની છાવણીમાં આવ્યા. ત્યાં બન્ને છત્રપતીઓ મળ્યા. એક દસ હજાર જબર દૈત્યોને પીસી નાખે તેવો, પણ બીજો પોતાને સારૂં તન દસ હજાર જખ્મોથી દવ સમાન કોમળ ને ભ્રમર સમાન કાળો રંગ મારી ગયલો!

જોગેશ્વરે પોતાની જય ને યશ બન્ને હેમને સર સ્હોંટવા દઇ પોતાની સૈન સાથ રણસંગ્રામ મેદાનથી કુચ કરી અનળમલની રાજધાણી ઉપર ચઢયો. જોગેશ્વર ત્યાંની છુપી ટુકી વાટ જાણતો, તે માર્ગે જઈ અનળની રાજધાણીના કોટ ઉપરની રક્ષક ચોકી ઉપર તેણે એક પાસથી બાણની વૃષ્ટી કરી અને બીજી પાસથી છુપા માર્ગે ભાલાબાજ સૈનને કોટ ઉપર ચઢાવી દીધું. ત્યાં સેજ વખ્ત શુરાઓની રૂધીરની નસો ફાટી ઠીક લોહીનો છટકાવ થયોજ; પણ કુચ કરી જતી વખ્તે હેમે જોગેશ્વરને ઘેર્યો અને બોલ્યો "ઓ દક્ષીણ ભરતખંડના રાજ્યની શોભા જાળવનાર ને છત્ર બચાવનાર મ્હારા રક્ષક, શું ત્હારો પ્રાણ નવાજેશ ઉપકાર મ્હારી ઉપર સદા રહે તેમ ત્યાંથી નીકળી જશે? ના, માંગ મ્હારૂં તાજ કે જે જોઇએ તે." જોગેશ્વર હસ્યો "આકાસના સુર્ય સમાન કીર્તમાન હેમસીંહ, એવા ઉપકાર મેં સેંકડો શુરાઓ ઉપર કર્યા છે. એ તો યુદ્ધમાં સાધારણ હોયછે." હેમ બોલ્યો, "યુદ્ધના સાધારણ ઉપકારમાં આ અંકાશે? ના, મ્હારા રોમે રોમ હું ત્હારા ઉપકારના પ્રકાશમાન કીર્ણો પેવશ થયલાં જોવુંછું. માંગ, કહુંછું જોઇયે તો દક્ષીણ ભરતખંડનું રાજ્ય; મ્હારી ના નથી." જોગેશ્વરે કહ્યું "હું કસાંનો ભુખો નથી. હું ભક્ત છું ને ઇશ્વર માર્ગમાં મ્હારો ભવ હોમાવુંછું." હેમ બોલ્યો "તો હું અબઘડી મ્હારૂં સર ત્યાં આ મ્હારી શોભીતી ગરદનમાંથી કાપી ફેંકીશ. ઉપકાર સાથ હું જીવીશ નહી. લે મ્હારી આ પ્રથમ વીટીં" જોગેશ્વર તે વીટીં લઈ હસી નમ્યો ને બોલ્યો "શૂરાતનના સ્વરૂપ, ધન્ય ત્હારા અવતારને. હું ત્હારી પાસ કાંઈ માંગીશ, પણ ત્યાં નહી. મને ત્હારૂં સત્ય ને સ્વચ્છ વચન દે. લાવ હાથ." હેમે તે સાંભળી રીઝી જઈ પોતાનો હાથ ને વચન બન્ને એકી વેળા તેના કર ને મનમાં આપ્યાં કે એક માહ યુદ્ધો દક્ષીણ ભરતખંડની સૈનછાવણી તો બીજો રણસંગ્રામ જીતક ઘોડાડ અનળરાજની રાજધાણીને રસ્તે પડયા હતા.

શેહેરમાં સૈન્ય સેજ, સબબ ક્યાં સ્વપ્નોએ તેના છત્રપતી માહરાજાને કે કોઇ આછી કલા કુશળતાનો આ સમય સુચક માર્ગ પકડી, તેની અર્ધ સદીની કીર્તનો નાશ કરશે ને તેની રાજધાણી પડાવી લેશે? જોગેશ્વર શા-

જધાણી જીતી લઈ ત્યાં પોતાનું જોગી સૈન્ય ઠેકાણે ઠેકાણે પ્રજાની સંભાળ માટે રાખ્યું ને સેજ વખતમાં ઠીક વ્યવસ્થા કરી અનળનુ રાજ્ય સ્વચ્છ રાજનીતીના પ્રમાણ ઉપર ચાલુ કરી ત્યાંથી તે માત્ર સો શૂરો જોગીઓ સાથ પોતાના ઉત્તરના કનોજરાજની સીમા ભની ચાલ્યો.

હેમ જ્યારે પોતાના જખ્મી પીતા માહરાજા પ્રતાપસીંહ પાસ આવ્યો ત્યારે ત્યાં છત્રપતી યુદ્ધસીંહને જોતાં તેના મનમાહે હર્ષ માય નહી. બન્ને સસરા જમાઈ મળ્યા. સુઅવસરે રાજધાણીમાં દાખલ થયા. જો કે પ્રજા ને સૈનાનો નાશ વળ્યો હતો. જ્યાં ત્યાં બેઠી ને કકળતી સ્ત્રીઓ, કોઇ પોતાના પ્યારા પતી તો કોઇ પોતાના જીવલગ પુત્રનાં વ્હાલાં નામ પોકારતી હતી. આ અવતાર માત્ર માયા ને માયાજ છે. ત્યાં પછે માયા છુટી તો જગત કારમુ ને જીવન ત્રાસદાયક થઇ પડેછે. જ્યાં ચંદ્રની ચાંદની મેલી દીસે એવાં ચળકતાં રૂપ સ્વરૂપ ત્યાં પતી વના ભવ કેવો કલપાંત કરે ને ચક્ષુઓ આંશુ પાડે! જે નગ્ર નાઝ ને નખ્રાં ને રાગ રંગમાં સદા શૂરા માહરાજાનો પ્રતાપ ગજાવે, તે નગ્ર માત્ર ભક્ષક થયલાંઓનાં બચેલાં હાડપીંજરોનું મકાન હોય એવું તે બચેલી શોકાધીન અબળા પ્રજાથી દીસતું હતું. ત્યાં હાલ રૂદન ને શોકના કારમા ગજબને દેખતા માહરાજા પ્રતાપસીંહ, માહરાજા યુદ્ધસીંહ ને યુવરાજ હેમસીંહ એકાંત રાજમ્હેલના દીવાનખાને બીરાજ્યાછે. તે સઘલા ભુંઈ ઉપર બેઠાછે. પાસ વૃદ્ધ રાજદરબારીઓ નીચી મુડી નાખી રહ્યાછે. હ્યાં યુદ્ધની વાત થતાં પદભ્રષ્ટ અનળમલને ત્યાં તેડાવ્યોછે. અનળ દાખલ થતાં ત્યાં બેઠેલા રાજદરબારીઓ ઉઠી દૂર થયા. માત્ર ચાર પૃથ્વીના રક્ષક જેવા માહરાજાંઓ મળ્યાછે. તેથી સો કદમ દુર છેક દીવાનખાનાને નાકે બે ચોકીબાન બે બાજુ નીચા ડોળા રાખી ઉભાછે.

માહરાજા પ્રતાપસીંહ હાલ લગાર સાજા થયા છે. કેદી માહરાજા અનળ પણ લગાર સાજો થયોછે. હેમસીંહ તો ઠીક થયોછે ને યુદ્ધસીંહને તો શીરોઈ માસ્યા આગળજ જશ મળ્યોછે. હ્યાં અનળને જોતાં પ્રતાપ બોલ્યોઃ "છત્ર સીર ઉડાવનારમાં ખાપી આ યુદ્ધ તેં કર્યું તે સ્વાર્થવનાનું કરી નકામો લક્ષોનો પ્રાણ લીધોછે; પણ હું તને ગમે એ કારણ મ્હારી કેદમાં રાખીશ ને તને અદ્યાપી તાજ કે છત્ર ધારણ કરવા દઇશ નહી." અનળે એ સાંભલી એક ઝોંકો ખાધો. હેમ બોલ્યો "છત્રપતી બાપા, આપણા રાજ્ય હરીફ સાથ સમયને શોભતી વાત કરવામાં રાજ્ય યશ છે. એઓ યુદ્ધસીંહને શરણે આવ્યાછે તો જેમ આપણ સર્વને છાજે તે રાજ્ય રૂઢીથીજ વર્તશો." અનળ, હેમને સાંભલી મનમાં તેના હૃદય મ્હાત્મ્ય માટે ઉંચું મત બાંધી બોલ્યો "હ્યાં હું એક તલ નથી. મને મ્હારાં સર્વ શોભા ને ચીન્હ

ગુમ થઇ ગયાથી આ જીવવું પસંદ નથી. હું માત્ર એકાંત કોઈ રાન વીકાલમાંહેના ગુફે મ્હારૂં મકાન કરી રહીશ તો તે મને કાંઈ કરાર દેશે. મને હવે કસું જોઇતું નથી. મારૂં સર્વ હારી જઈ હું હાલ માત્ર એક ભીક્ષુક છું. નથી હવે મને રાજ્યની ખબર કે રાજ્યની તલબ કે મોહીનીની ઇચ્છા કે વૈરની લાય કે નામની આશા!"

આ ભાષણ સાંભલી પ્રતાપસીંહ મનમાં ગગળ્યો. આ પૃથ્વી, જવાનીના વખ્તમાં, પ્રાણ પ્રીયાની મોહીની લાગ્યાના વખ્તમાં ને શ્રેષ્ઠ યુદ્ધમાર ખાધાના ખાસ વખ્તમાં જેટલી ભાવ પમાડેછે તેટલી તે સર્વ ખોહી દીધા પછે હાલ અભાવથી ધીકારમાં આવીછે તે ચીત્ર પોતાના હારેલા હરીફ અનળમાં જોઈ પ્રતાપસીંહને પોતાની જીત ભાવી ના ભાવી થઇછે; તેટલાં તેણે જોગેશ્વરની સહાયતા ને સ્વરૂપ સાંભર્યું. પ્રતાપસીંહ બોલ્યા, "હેમ, પેલો યુદ્ધરણનો ભીમસેન સ્વરૂપ જોગેશ્વર કયાં છે? તે કોઈ તીરાયત આપણી અબલ પડલી સ્થીતીમાં અમર યશ ખાટતી સહાયતા આપી નબળી બાજીને સબળી કળાથી સમાલી લઈ કો કાળ ના ભુસાય તેવો ઉપકાર આપણા સર ઉપર શોભાવી ગયો છે તે કયાં છે?" માહરાજા બોલ્યા ને કેદી અનળને પણ તેના બળનો ત્રાસ સાંભર્યો. હેમ બોલ્યો "છત્રપતી માહરાજાને જેટલી તે ભીમસેન સમાન યુદ્ધાની ખબર તેટલીજ મને છે, પણ આજ લ્યાં જે હું જીવતો ને બોલતો છું તે તેની માહયુદ્ધ કળા ને ચાતુર્યથીજ. તે કીર્તજીતક જોગેશ્વરે મને એન વખ્ત ઢાલ દઈ હરીફની ગદાથી બચાવ્યો ના હતે, તેમ મ્હારી ચકડોલ સ્થીતીએ મ્હારી જગ્યો લઈ તે સામે થઈ તેનો વધ ના કર્યો હતે તો હાલ મને આ ભુમી ઉપર પડવાને એક માસ થયો હતે, પણ તે ઉપકાર મેં વાળ્યોછે. તેણે મ્હારૂં વચન ને અંગોઠી મેળવીછે અને તે સંતોષમાહે લ્યાંથી આવ્યો તેવો પોતાની સેનાં સાથ પોતાને દીગર કામ માટે પાછો ફર્યોછે." આ ખુલાસો સાંભળી યુદ્ધકળાના પુર્વીણ પદભ્રષ્ટ અનળને તરત તેની કુચનો માર્ગ સાંભર્યો. તે બરાડી બોલ્યો "અરે જેટલી મ્હારી નકી જીત હતી તેટલીજ મ્હારી પુર્ણ હાર થઇછે. તે યુદ્ધનો ઉડાંણ બેલીયો મ્હારી રાજધાણી ઉપર ચંઢયોછે અને તે જીતીને મ્હારી નામોશીની પુરી હદ બાંધી શકયોછે. અહો શીવ." આ સાંભળતાં માહરાજા પ્રતાપસીંહને પોતાના હરીફના પ્રાલબ્ધ ઉપર દયા છુટી. હેમ, આ હરીફની લાગણી સ્વીકારેછ તો જોગેશ્વરને કોઇ નવો કે કાચો લડવૈયો ધારવાને પછાત પડેછે, પણ માહરાજા યુદ્ધસીંહ, જોગેશ્વરના યુદ્ધ ચીન્હો સાંભળી તરત પોતાના મનમાહે અર્જુનને યાદ કરી રહ્યા "જ્યાં છે ત્યાં આ જોરાવર જોગેશ્વર મ્હારો યુદ્ધકળાનો અજીત પુર્વીણ અર્જુન શીવાય

બીજો ના હોય." એટલાં ત્યાં મ્હોલને મ્હોટે દરવાજે ગડબડ સંભળાઈ, તરત તે ઉપર હજુરના રક્ષકનું લક્ષ લાગ્યું. તે જોયછે તેટલાં તો એક પર્વતના ન્હાના ભાગ જેવો મસ્ત જોગી એક ચકચકીત ભાલા સાથ ત્યાં આવ્યો. તે રાજ્યરૂઢી યોગ્ય સત્કારે નમ્યો. તેણે માહરાજાઓનો હોકમ પુછ્યો; પછે તે કમરથી વાંકો વળેલો ત્યાં દીવાનખાને પેઠો. એક રૂકો પોતાની કમરની કટારની મુઠના ભીતરથી ખેંચી કાઢી હજુર મેલ્યો ને રાજ્ય મર્યાદા પુર્વક ત્યાંથી દસ કદમ પાછળ હટી ગયો ને ઉભો. હેમે તે રૂકો લીધો તો તેમાં આ સાર:—

"માહારાજા અનલમળની પૃથ્વી પ્રસીદ્ધ રાજધાણી, કોષ, પ્રજા, દેવદેવાલય ને ખજાના ભંડાર જીત્યાંછે, તે માહરાજા યુદ્ધસીંહે આવી પોતાને કબજે લેવાં. પદભ્રષ્ટ છત્રપતી અનળ કનોઝપતીને શરણે ગયાછે માટેજ.—જોગેશ્વર."

આ રૂકો વાંચી ત્યાં કમનશીબ અનળની દીર્ઘદૃષ્ટીનાં વખાણ થયા ને તેનો નશીબો સઘનતર અસ્ત પામ્યાની ત્રાસભેદક ધાસતી પંથરાઈ. ભરતખંડના ત્રણ માહ છત્રપતીઓ એક જગ્યો એક બીજાથી કેવળ જુદી સ્થીતીએ મળ્યાના આ ટાકણે નશીબાની ચઢ ઉતર ને પડતી ચઢતીનો દેખાવ એવો રચાયો કે વૈરની જવાળા થંડીગાર પડી જઈ તે ત્રણે એક સમાન સ્થીતીના સરદારો હોય એ નકશો ખેંચાયો.

દસ હજાર ચોખ્ખા રોડાડ સૈન્ય સાથ યુદ્ધસીંહ પદભ્રષ્ટ અનળને સંગાતે લેઇ તેની રાજધાણી તરફ કુચ કરી ગયા; તે પાછળ હજાર શૂરવીરો સાથ હેમ પોતાના પીતા માહરાજા પ્રતાપસીંહને લઈ ચાલ્યો હતો. માહરાજા હજી જોઇએ તેવા સાજા થયા હતા નહી, માટે રાજ્ય રત્ન પાલખીમાં બેઠા હતા. તેમજ યુદ્ધસીંહ સાથ અનળ પણ તેવીજ પાલખીમાં બેઠો હતો. જગત, આ ફેરફારીક આરંભમાં ફરજે પડેલી કુચથી તે સર્વ સૈન્ય ને સરદારોથી લય થતી હોય તેવી કાલી ને ધનઘોર દીસી. પણ પછે તે ઘેરા મનથી નીકળી જતાં જ્યારે અનળની ઉજાડ રાજધાણીમાં દાખલ થયા ત્યારે શત્રુ ઉપર ખાસ સરસાઈ પામ્યાના હર્ષનું આબ મુખ ઉપર ઓર રતાસ ઝલકાવતું થયું. યુદ્ધસીંહ, અનળ, પ્રતાપ ને હેમ જે આ કુચમાં ઉલટ પકડી મચ્યા તે માત્ર જોગેશ્વર જેવા માહ ઉપકાર કરનારના દરશાન ને મેળાપ માટેજ, પણ તે તો ત્યાં માત્ર જોગી લડવૈયાઓની મોટી ફોજને જોખમદારી સોંપી યુદ્ધસીંહ ત્યાં આવી તે શાહેરનો અખત્યાર જ્યાં લગી લીધે નહી ત્યાંલગી એક રાજમંડળે બંદોબસ્ત રાખવાનું નકી કરી ગયો હતો. તે રાજમંડળે, માહારાજા યુદ્ધસીંહ વગેરે સઘળાઓને રાજધાણીમાં દાખલ કરી સર્વ વહીવટનો હીસાબ ને ટાળો દેખાડયો કે પોતાના સેનાધીપતીના

હોકમસર શીતાબ મધરાત્રે ત્યાંથી કુચ કરી ગુપચુપ ચાલી નીકળ્યા. જ્યારે બીજી સહવારમાં માહરાજા યુદ્ધસીંહે જોગી રાજમંડલ માટે ખબર કાઢી ત્યારે તે જોગી રાજમંડલ પોતાના સર્વ સૈન દલ સંગાતે રાજધાણીથી સો કોસ દુર નીકલી ગયું હતું; એથી જોગેશ્વર કોણ, તે લશકર ક્યાંથી અને તે મદદ માહરાજા પ્રતાપસીંહનેજ કેમ ? એ ભેદ પડદામાં રહ્યો.

માહરાજા યુદ્ધસીંહે તરત પદભ્રષ્ટ અનળને ત્રણ અબજ સોનાના રૂપૈઆનો દંડ નાખીને પોતાના ખંડણ્યા રાજાને રૂપે તેને ગાદી સોંપી, જે માહરાજા અનલે માહ માહ આગ્રહે લીધી. વળી તેની દરબારમાં માહરાજા પ્રતાપસીંહનો વજીર, ફરી બીજી કોઇ નકામી યુદ્ધ પંચાત ના કરે માટે ખાસ સલાહકાર રાખ્યો. અને તેના રક્ષણ માટે દશ હજાર દક્ષીણ ઘોડ-ફોજ તે રાજના ખર્ચે દઢ ટેકાવે નકી નેમી. અનળને માત્ર ખંડણ્યા રાજાની ફોજ રાખવાનો હોકમ થયો. સ્વતંત્ર હકની દસ વર્ષ લગી બંદી કરી.

દક્ષીણ ભરતખંડ રાજ્ય પણ જ્યારે થરા હેમસીંહે માહરાજા પ્રતાપસીંહને લઈ માહરાજા અનળની રાજધાણીમાં દાખલ થવાની તૈયારી રચી ત્યારે એક રાજસભા સ્થાપી વડા મંત્રીને પ્રમુખ કરી તે અસ્તક ચાલતું કર્યું હતું; તે રૂઢી હાલ તરત તેમજ ચાલતી રહેવા દઈ હેમ પોતાના મોટા રાજ્ય પરમસ્નેહી માહરાજા યુદ્ધસીંહ સાથ તેના રાજ્યનો પરોણો થયો તથા બનેછ તો પોતે રાજકુવરી હેમદેવી સંગાતે લગ્ન કરી તે પરોણાગતનો પુર્ણ લાભ લેવાની આશા બાંધી. પોતાના માહરાજા પીતા પણ સંગાત છે; વળી માહરાજાને માહાન યુદ્ધનો થાક ને ધા આ હવા ફેરફાર ને પ્રવાસથી પુર્ણ રૂઝાઇ પુર્ણ સુખાકારી આવવાનીએ ખાસ આશા બંધાયલી, એથી માહરાજા અનળની સર્વ રાજ ખટપટ નકી કરી તે ત્રણે ભરતખંડ ભુમીના ભાગ્યશાલી આર્ય માહરાજાઓ લક્ષ સૈન્ય દલ સંગાતે કુચ કરતા ને મંજલ દર મંજલ રાજ્ય છાવણી નાખી મોજ જોક કરતા તેમ પોતાના ખંડણ્યા રાજ્યોમાંથી ખંડણી ઉઘરાવતા ને તેઓની પરોણાગત ને શોગાત પહેડતા તથા ખરએતાબત ને ઇનામ પેહડાવતા કંઇક મુદતે ઉત્તર ભરતખંડની શ્રી કનોઝ રાજધાણીમાં પ્રજાહેત ને રાજ્યભાવથી દાખલ થયા.

શીહોરના કીલ્લામાંના મોટા રાજમોહોલ દરમ્યાનના મોટા દીવાનખાનામાં પદ્મીની હેમદેવી કન્ચન સીંહાસન ઉપર નખસીખ મુગટધારી અલંકારોમાં બીરાજીછે. તે પાછળ બે ન્હાની બાજઠી ઉપર તેની વીશ્વાસુ સખી તારા ને ચંદા શોભાયમાન મોરપીછ પીછી, જેના દાંડા મોતી ને માણક જડાવવાળા છે, તે લઇ લગાર હીલહાલ કરતી બેઠીછે. સામે સેતરંજી ઉપર વૃદ્ધ રાજ્યપ્રધાન બેઠો રહી ખંડણ્યા રાજ્યોના સંદેસાના રૂકા વાંચે

છે. બીજો વૃદ્ધ પ્રધાન રાજધાણીના વહીવટમો આનંદમય બંદોબસ્ત કહી સંભળાવેછે. બન્ને બાજુ હેમાની સુંદર શખીઓમાં કોઈ ઉભી છે, કોઈ વાંકી વળીછે, ને કોઈ સાલુડાની સોડ તાણી અર્ધ ઢાંકી લોચનોએ પોતાની રાણીને જોઈ જોઈ નખરાં કરેછે. દરબાર દીવાનખાનામાં બાજુ બાજુએ સ્વર્ગવાસ થયલા શૂરા રોડ઼ાડ માહરાજાઓના યાદગારી સ્તંભો ઉભા છે. દરબાર દરવાજે દસ શૂરવીર રોડ઼ાડ઼ા ચોકી પોહેરા ઉપર નીચી મુડીએ કદમ ભરેછે. આ સમય દસ શૂરા સ્વારો વાયુ સમ ચલનના ઘોડે ઉડયા આવતા ઉભી રહેલી શખીઓએ દેખી ત્યાં ખબર કરી. વડા પ્રધાન તર્ત ઉઠયો. તે મહોલના મોટા દરવાજે પોંહોચ્યો ત્યાં ખાસ સંધેસાનો રૂકો તેને મળ્યો. બીજી પલ માહરાજા યુદ્ધસીંહ જીતયશ બાટીને પોતાની સર્વ સૈના સંગાતે કુચ કરતા આવેછે. એ ખબર સર્વ ઠેકાણે ફેલાઈ. હેમદેવીએ સંધેસો જાણી પોતાની સખી તારા સામે જોયું કે દરબાર બરખાસ્ત થઈ.

આજ રાત્ર શીહોરનો અજીત કીલ્લો લંકા સ્વરૂપ અલૌકીક બન્યો છે. તમામ સૈન્યશાળા ને મહેલો ને ઠેકાણા રોશનીથી પ્રકાશમાન થયાંછે જગે જગ જીત ઉત્સવ મહીમા ગાજ્યોછે. સર્વ શુરા નખશીખ શોભીત રેશમી પોશાક પેહેરી રહ્યા છે. ખંડણ્યા રાય ને ઠાકોર ને રાજેન્દ્રા ત્યાં માહરાજા યુદ્ધસીંહને ખાસ આદરમાન દેવા જાતે હાજર થયાછે. તે શુરવીર રાજેન્દ્રાના રાજ્ય તંબુની હારની હાર વીશાળ મેદાન માંહે નખાઇ ત્યાં અગણીત દીપકો રોશન થયાના ઝળઝળાટે અભી હવનનો દેખાવ થઈ રહ્યોછે. જગે જગ નાટક ને ભવૈ જારી થઇ રાત્ર માત્ર દીવસને ટક્કર મારનાર ઉન્યાળાના શૃંગારમાં શોભાયમાન થઇછે. પુષ્કળ પ્રેમ ને હાસ્ય હાલમાંજ્યાં ત્યાં પંથરાઇ ગમખારી નામે શીહોર કીલ્લેથી કાળું મોહ કરી ગઇછે. માહરાજા યુદ્ધસીંહ પોતાના વેહવાઇ માહરાજા પ્રતાપસીંહ ને જમાઈ હેમસીંહ સંગાતે ખાસ રંગમોહોલમાં બીરાજ્યાછે. આ મ્હોલનો દીવાન બેસુમાર વીશાળ, લાંબો ને રત્ન જડીત જલજલાયમાન છે. ત્યાં ત્રણ માહ મુખ્ય છત્ર સીંહાશનો છે. બન્ને બાજુ સો સો કનક આસનો છે. બાજુબાજુ કનક દીપકદાનો રોશન થઈ રહીછે. રાજ્યાધીકારી વગેરે ઊંચા ઓધેદારો માટે કનક આસનો પાછળ દુરથી યોગ્યતા પ્રમાણની બેઠકો છે. યુદ્ધસીંહનું સીંહાસન વચ્ચોવચ્ચ ને આંગળ ઊંચું છે. તેની પીઠે છત્ર ચાન પણ લગાર જાદા મુલ્યવાન રત્નો જડીત છે. આ દરબાર દીવાનમાં માહરાજા યુદ્ધસીંહ, ઈંદ્ર સમ રાજ્યાલંકાર માંહે સર્વેથી શ્રેષ્ઠ આશને બીરાજમાન થયાછે. ત્યાં દેવ દેવતાને માનમાન મલે તેવા વૈભવ ને ભોજનોની મજો ચાલી રહીછે. ત્યાં ઈંદ્રાસનમાં માનમાન શોગાત ને નજરાણા થાય

તેવાં અમુલ્ય નર નજરાણા ને ભેટની આપ લે વરસેછે. હાં આકાશ મંડળમાં માનમાન ગુણકા અલાપ લંબાવે, તેવી રાગણી ભજવતી રામજણીઓ નખરાંના શાગરમાં હોમાતી હોય એ આવભાવ ને નેજારા નાચેછે.

મોટા રાજ્ય દીવાનખાને માહરાજાની દરબારનો આ મહીમા ધીકતો હતો, તે વક્તે હેમદેવી પોતાની ત્રણસેં સાહેલીઓ સંગાત જાહેર સ્નેહભાવ ને હાસ્ય દાવમાં પોતાને દીવાનખાને મચી હતી. તે રાજકન્યાની ઉમ્મર હાલ સત્તર વર્ષની હોયાથી તે જોબનના શૃંગારમાં એક પરી ઉછળી હતી. તેનું અંગ બરફનું બન્યું હોય એવું નીર્મળ ચંદ સમ ચહેરાથી રંભાની લોચનોમાં અજી પ્રકાશ પાડતું હતું. તેના ગાલના ગુલાબ પાસે આ પૃથ્વીના કોઈ ગુલાબ બરાબરીમાં ઉતરી શકતા નહી. ચાંદી જેવા ચકચકીત અવયવોના બંધાણની તે પૂર્ણ પ્રેમ બાંધણી બે શુક્રના તારાની લોચનોના તેજે ઈંદ્રનું દીલ દઝાડે. તેના નાજુખ પગ જ્યારે પણ મોતીનાં પાયલોનો ઝમકાર્ કરી પોતાનું કંકું રંગીન કદમ ભાંય ઉપર મેલે ત્યારે તેની હીની માટીને ગર્વનું પર ચઢે. શબ્દો એવા સારંગી સ્વરીક ને સાકર જેવા મધુરા કે અગર ચંડાળ તે મુખનો એક શબ્દ સાંભળે તો પોતાના ગળાંનું મધુર ફેંકી દઈ તેની નકલ કરવા પડે. અરે જેને મોહીનાના મોહનો ભાસ ના થયો હોય તેને ફકત હેમાનો એક શબ્દ સાંભલવો કે તેને તે મંત્રનું પુર્ણ ગ્નાન પ્રગટશે. સઘળો સાહેલીઓ આંધળી બની હાશ્યથી માહરાજાના યશમાન પ્રવેશ અવસરનો સમપુર્ણ મહીમા ભોગવતી તે સમય હેમદેવીનું દીલ પોતાના એક ચાહેલા આદમીમાં ગુંટાયું હતું. હેમા તે ચાહની સત્તામાં જેમ પારધીની જાળમાં સપડાઇ મેના તાબે થાય તેમ આધીન થઈ ગઇ હતી. દીલજાનના વીયોગની અગ્ની તે સત્ય શુંદરીના સારા શરીરમાં પંથરાઈ ગઈ હતી. તેના હૃદયમાં પરમ પ્રીયની મુલાકાતની તાસવીસ ઉછળતી હતી. પલપલ તેનું મન, તે એક આદમીની સબીને તેની ચક્ષુમાં ઝળકાવી તેની સુરતીનો નવો નવો ભાસ દઈ ઓર જાદા ને જાદા તે આશકી નીભાવી રહેતું હતું. જે પણ શ્રેષ્ઠ નજરે પડે તે સર્વ તેને પોતાના તનમન દઈ ચાહેલા સ્નેહી વના ફાંફાં જેવું દીસે. હેમા આ હાલત જે શોક કરતાં શોકાતુર તે માંહે ગરીછે. તે મનમાં દૃઢતા ઉપર આવીછે જોકે જાહેર તે પોતાની સાહેલીઓના ચેન ચૈનમાં દીસેછે. તેના બદનમાં સાદી કસબી ચોળી, તેવીજ સાડી, ને ચણીઓ છે; પણ કમરમાં મોતન કંદોરામાં એક પીછ જેવું ચકચકીત મ્યાનનું કોઈ ભુષણ દીપેછે જે ઉપર તે વારંવાર તેનો ઐનવક્ત કેમ ઉપયોગ કરવો તેની વીજળી સમ ઝડફ્યા હાથે તાલીમ લેછે. 'આ રાત્રજ જે તે નકી કરશે' આ સ્વર સેજજ તેના મધુરાં મુ-

ખથી નીકળી પડેછે. તે તેનો ભેદ નીકલે છે, પણ ઘણાજ ધીમા સાદમાં, એથી તે ઉપર કોઈનું લક્ષ જતું નથી. હેમદેવીની આ હાલત છે. તેટલાં તેના મહેલના દરવાજા ઉપર રાજ્ય નોબતોનો નાદ જારી થયો. વીજળી-સમ ઝડપે તે નાદે પોતાનો ભેદ જાહેર કર્યો. તર્ત એક રાજ બેઠક ત્યાં થઇ ગઈ. હેમદેવી માત્ર મુગટ મસ્તકે મેલીને સીંહાસને બીરાજી. બીજી સાહેલીઓ બન્ને બાજુએ હારમાં રચાઈ ઉભી, તેટલાં સામે ત્રણ દુરથી સાદાં આસનો મેલાયાં કે પાછળ માહરાજા યુદ્ધસીંહ માહરાજા પ્રતાપસીંહ ને યુવરાજ હેમસીંહને લઈ:—'બેટા, આ દક્ષીણ ભરતખંડપતી માહરાજા પ્રતાપસીંહ ને આ આપણો હેમસીંહ' આ કહેતાં દીવાનખાને દાખલ થયા. હેમદેવીએ આ ત્રણ પૃથ્વીપતીઓને જેમ કોઈ અદભૂત છત્રપતી રાણી પોતાના ભાયાતોનો આદર સત્કાર કરે તેમ તેઓને રાજ્યઢપે ડોક હીલવી આવકાર દીધો. ફરી માહરાજા યુદ્ધસીંહ બોલ્યા "બેટા, હેમસીંહનો લગ્ન દીવસ નકી કર્યો છે." આ બોલ ત્યાંજ રહ્યો ને હેમાને સર મૂર્છાની સ્માધ ચઢતી હોય તેવો આશ્ચર્ય ફેરફાર તેના મોહ ઉપર તારાએ દેખતાં સુગંધી તેમ ચેતવણીથી હોશ્યાર રાખી. "રાઠોડ રાજકન્યા, તે કોઇના હાસ્યનું કારણ થશે?" આ ટોણાથી હેમાનો નીભાવ થયો. ફરી છત્રપતી યુદ્ધસીંહ બોલ્યા "બેટા, લગ્ન મૂરત મધરાત્ર પછે એકને અમલનું નકી ઠર્યુંછે. એ મુરત પછે બીજાં ત્રણ વર્ષ લગી એવું સુમુરત આવનાર નથી માટે હાલમાં આપણો રાજ્યગોર બીજા હજાર વેદ ભણેળા સરસ બ્રાહ્મણો સંગાત લગ્ન મુરત બાંધવાની ક્રીયા કરવા આવેછે. તું હમણાં સર્વે સાહેલીઓ સંગાત એ મુરત ક્રીયા માટે તૈયાર થા." માહરાજા પોતાના તો આ શબ્દ હતા, પણ રાજકન્યાને તો આ ઝેરી જંબૈયા હતા. હેમદેવી પોતાના આ શબ્દોની ઝાળ લાગ્યાથી અગણીત શસ્ત્રોથી વીંધાઇ મુડદું પડવાની અણી ઉપર હોય તેવી નીર્બલ ને પોચી પડી ગઈ. વળી તારાએ નેનન ઝટકથી તેની મંદ પડી જતી રગોને તેજ કરી, તેથી તે મર્ણ સમ ગતીમાંથી ધર્મસમ સ્વચ્છ ને વીજળીસમ તેજથી પોતાના સીંહાસનથી ઉતરીને ઉભી. એટલામાં તીરનાં ટોળાં સમ રાજ્યગોર ને બ્રાહ્મણો આવી ત્યાં મ્હેલમાં ઉભાઇ જતાં તુફાની વાયુ સમ વેદશ્લોકોના મંત્રમંત્ર ફુંકાયાં. બોલતાં બોલતાંમાં રાજ્યગોર શુરા હેમસીંહનો કર ધરી હેમદેવી પાસ લાવેછ તેટલાં આકાસ ફાટી વીજળી પ્રકાશ્યા સમ હેમાનું હૃદય ફાટી મસ ચાસ પડી. બીજી પળે સરર કરતી વીખી તેજથી તત્ક્ષણ નાગણ મુખી કટારી કમરને કંદોરેથી ખેંચાઇ જેવી હેમા પોતાને કાળજે ભોંકી દેછે તેવીજ તુર્તના ત્યાં દાખલ થતા દેવતા સ્વરૂપ રૂષીએ તે છીનવી તેનો જાન બચાવ્યો!

આ પરપુરૂષે ગમે તે ઉપકાર કર્યો તોય એકપાસ હેમસીંહે શીરોઇ ખેંચી ને બીજી પાસ યુદ્ધસીંહે કટાર ઉગામીજ. તે જોઇ દેવતા સ્વરૂપ રૂષીએ પુકાર માર્યો 'એક ઘડી માત્ર અવકાશ માગુંછું. હું ત્યાં રીપુ કે ઝેરી હરીફ પ્રગટ્યો નથી પણ પ્રાણરક્ષક આશ્નાછું. હેમસીંહને આ અંગોથી દેખી યાદ પડે તો હું માત્ર આપેલાં વચને આ ભરતખંડ તુલ્ય રાજકન્યાને સ્વતંત્રતા દેવાનું વરદાન માગુંછું કે એ દેવી જેને પોતાના સતધર્મ ને પુર્ણ પ્રેમે ચાહે તે માનવી સંગાત પોતાનો લગ્ન ગાંઠ બાંધે." આ અંગોથી દેખી હેમસીંહને પોતાનું વચન સાંભર્યું કે શીરોઇ મ્યાન કરી તે બોલ્યો: "મેં હેમદેવીને સ્વતંત્રતા બક્ષી, પણ તું સત્ય કહે, કોણ છે? મ્હારો પ્રાણ બચાવનાર જોગેશ્વર કે ?" આ શબ્દો હેમસીંહને મુખથી નીસરતાં યુદ્ધસીંહ પણ કટાર કમર ખોસી બોલ્યા "ઓ દેવતા સ્વરૂપ તું કોણ છે કે ત્યાં નીડર હાજર થઇ આ અદભુત કાર્ય બજાવી શક્યોછે ?" "માહરાજા યુદ્ધસીંહ હું માત્ર સાદો સેનાધીપતી અર્જુન છું, જેણે દક્ષીણ ભરતખંડમાં માહરાજા અનળમળને જીતી આપને અગમદેશ તાબે કર્યોછે. ગર્વ હું રાખતો નથી પણ શુરા હેમસીંહને રણસંગ્રામ ઢાલ આપનાર હું પોતે છું."

એ કહેતાંજ તેણે રૂષી કુરતો ને ટોપ પોતાના અંગ ઉપરથી કાઢયું કે અર્જુન સાવ પોલાદના ચકચકીત કવચમાં ત્યાં કરણ સ્વરૂપ ઉભો, જેની કમરે ઉદેપૂરની લાંબી તલવાર ને પીઠે બ્રહ્મદેશની અજીત ધનુષ્ય ને વીખી બાણકોઠ લટકતાં હતાં. પોતાના સેનાધીપતી અર્જુનને દેખતાંજ માહરાજા યુદ્ધસીંહની ખુશીની હદ રહી નહી. વળી હેમસીંહને કહેલા ત્યાં સેજ ઇસારા માહે અર્જુનના પ્રાક્રમનો સમુલો સ્થંભ ઉડી ઉભો થઇજ તે ત્યાં હજારો મરદ ને સુંદર સ્ત્રીઓ વચ્ચે માહરાજા પ્રતાપસીંહ, માહરાજા યુદ્ધસીંહ ને યુવરાજ હેમહસીંથી દીલજાની આવકાર પામ્યો. હેમસીંહે જે ઉમદા ખવાસ દેખાડયો તે હેમદેવીનું લગ્ન મુરત શુરા અર્જુન સાથ ત્યાં ને ત્યાં કરવાને રાજ્યગોરને આજ્ઞા કરી. આ રાજ્ય હોકમ સાંભળતાં મુડદાં સમ હાલતને પામેલી હેમા સેજમાં સબળ ને ખુબસુરત બની, તેણે હજારો વચ્ચે હેમસીંહ પાસે નમીને ક્ષમા ચાહી. હેમસીંહે તેના પ્રત્યુત્તરમાં પોતાના મોહનું મોહીત હાસ્ય ને કોઠી મુલની મુકતા માળા જે પોતાના લગનની પહેરામણીમાં ખાસ યાદગારી દાખલ આપવા લાવ્યો હતો તે અર્જુનના લગ્ન મુરત વખ્તે તેના હાથમાં આપી જે તેણે પોતાની પ્રીયાને ત્યાંની ત્યાં ભેટ કરી હેમસીંહના મોટા દીલથી અચંબો પામતાં તેનો ઉપકાર માની રહ્યો. ત્યાં હેમસીંહ ને હેમદેવીની કથા સમાપ્ત થઇ.

નાવારસ સંતોષી સીંડરેલા.

એક ખાનદાની ગૃહસ્થની મોહરદાર મર્ણ પામી, જેને તે ઘણીજ મોહબ્બત ને વફાદારીથી ચાહતો હતો, તેથી બેહદ દીલગીર રેહવા લાગ્યો. તે ભલી મોહરદારની જુદાઇ તેનેથી કયમે કરતાં સહી જાય નહી તેથી અંતે બીજી એક દેખાવે ખુબસુરત ઓરત સાથ નેકા પાડયા. ફરી પરણવાનો સબબ માત્ર પેહેલીની જગ્યા પુરાય અને જે સુખ ત્યમ વફાદારી આગળ પામી ચીખ્યો હતો તે પ્રાપ્ત થાય. મગર તેની આ ધારણા પાર પડી નહી. તેણે જે સ્ત્રી સાથ હાલમાં દાણા પાડયા તે એક અભિમાનથી પુર અને છાલકી હતી. વળી તેના પહેલા ધણીથી તેને બે દીકરી હતી. જે પણ મા મીશાલની ખાસ્યતે ઘણીજ ગર્વિષ્ટ ને જરા જરામાં ઘર પર ઘર નહી રાખનારી હતી, વળી એ સાથ એટલી તો ઢાલા મનની ને આળસુ હતી કે કોઇ પણ કામ તેઓ વયે પુગ્યા છતાં સ્ત્રી શોભીતું કરવાને અશક્ત.

પેલા ખાનદાનીને પણ પેહેલી મોહરદારથી એક દીકરી હતી. તેનું નામ સીંડરેલા હતું. તે ચાલચલણ ને સ્વભાવમાં પોતાની સ્વર્ગવાસ મા જેવી રાસ્ત ને નમ્રાની ને રાંક હતી. ખુબસુરતીમાં પણ પોતાની પરીજાદી માતાનેજ મળતી. વળી બોલવામાં પણ મરનારની મધુરી વાતચીતનો વારસો પામેલી. તેવી ગુણી છોડીને તેની સાવકી મા જોઈ શકી નહી; તેથી તે ભલી સીંડરેલાને રાંધણીનો કારોબાર હવાલે કસ્યો. સીંડરેલા ચાકર નફરો સાથ વહીત્રાંના ખરાબામાં પડી.

બીચારી ગરીબ સીંડરેલા સાવકી માથી સઘલાં પડતાં દુ:ખો ઘણાજ સંતાપથી સહન કરતી હતી. તે વીશે પોતાના પીતાની આગળ ફરયાદ કરવાની તેની હીમ્મત ચાલતી નહી. તે જોતી હતી કે સાવકી માતા તેના પીતાને પોતાના અખત્યારમાં રાખતી હતી. તે જ્યારે રાંધણીનું કામ કરી પરવારતી ત્યારે ધુમાડયાંના એક ખુણામાં પડેલા કોયલા ઢગ ઉપર બેસતી હતી. તેથી તેના કપડાંને મેસ લાગતી હતી જેથી ઘરમાહેલાં સઘળાં જન તેને "કોલસાવાલી"ના નામથી બોલાવવા લાગ્યાં; છતાં ઉમદા સાદીન-

ના ઝકઝકીત પોશાકવાળી બંને સાવકી બેનો કરતાં આ "કોલસાવાલી" બેન મેસના ચીંઠડયા પોશાકમાં પણ હજાર ઘણી ખુબસુરત દીસતી હતી.

એક દહાડો તે ગામના રાજકુંવરની "બૉલ" (મેજબાની) આપવાની મરજી થઇ, તેથી તેણે ગામ માહેલા ઊંચા દરજ્જાવાલા સખશોને નોતર્યા. તેઓમાં "કોલસાવાલી" ની મા, બેનો પણ હતી. પેલી બંને બેનો પેલા આનંદ દીવશે શી શી તરેહનાં વસ્ત્ર તથા આભુષણ પહેડવાં તેની પસંદગીના કામમાં રોકાઇ.

"કોલસાવાલી" ને આ નવી વેઠ હતી, કેમ કે તેને તે સાવકી બેનોનાં કપડાંની ઇસ્ત્રી ને ઘડી કરવી પડતી હતી. જે દીવસે તે બંને બેનો બૉલમાં જવાની હતી તે દીવસની સહવારના તે બંનેઓએ પેલી સાવકી બેન 'કોલસાવાલી' ને પોતાની પાસે બોલાવી. તે બેનો જાણતી હતી કે 'કોલસાવાલી' ની પસંદગી તેઓના કરતાં વધારે ઉતમ પ્રકારની થાયછે. 'કોલસાવાલી' બચારી સીંડરેલા પેલી અભિમાની બેનોને કપડાં પહેડાવતી હતી ત્યારે તેઓએ તેને કહ્યું "કોલસાવાલી, તને પણ બૉલમાં જવાનું ભાવેછે કે?" ગરીબ કુમારીકાએ ઉતર વાળ્યો "હાં : હાં : તમો મારી મજાખ કરોછો? મારા જેવીએ તો બૉલમાં જવાનો વીચારબી કરવો જોઇએ શું?" તે બન્ને તચાક બોલી "તું યોગ્ય બોલેછે, બૉલ-રૂમમાં એક કોલસાવાલીને નાચતાં જોઇ સઘળા હસે તેમાં શી નવાઇ!" જો આ સમય બીજી કોઈ કપટી છોકરી હતે તો ખચીત તેઓનો સીંગાર ઉળટા સુળટી કરતાં બેદોલ બનાવી દેતે. પણ આ ભલી સીંડરેલાએ એમ કીધું નહી; ઓર જાદા તેઓના ચેહરા દીપી નીકલે તેમ તેઓને છાજતો બંદબેસતો યોગ્ય સીંગાર કબાટમાંથી ખોળી કાઢયો.

પેલી છકેલ ને અભિમાની બંને બેનોએ બૉલમાં જવાને બે દિવસ આગમજથી જાજું ખાધું પણ ન હતું. કારણ કે તેમના મનમાં બૉલમાં જવાનો હર્ષ અતીશય હતો. તેઓ મોંહ જોવાના આરસા આગળથી જરા પણ દુર થયાં નહી. હમેશાં કાંઇ કાંઇ મીષે આવી મોહ જોયા કરે. હાલે તો ઘણીજ આતુરતાથી વાટ જોયલો સમય આવી પોંહચ્યો. તે બંને બેનોમાંથી એકે સીંડરેલાને 'કોલસાવાલી, કોલસાવાલી' ને નામે પોકારી કહ્યું "જો કોલસાવાલી, અમને આજે રાત્રે નવ વાગે બૉલમાં જવાનું છે. મને 'લંચ' (બપોરનું ખાનું) ખાવું નથી. હજી તો બપોરના બે વાગા છે, માટે જલદી તું મોહ જોવાની આરસીને ચાક લગાડી સાફ કરી રાખ. બાલ હોરવાનાં બરસને સાબુના પાણીએ ધોઈ સાફ કરી રાખ. બાલ ગુંઠવાના સુઈઓઆને સાફ ઝકઝકતા કર." બીજી બોલી ઉઠી. "નહી, નહી, બેન, હારે

કોલસાવાલીને કામ સોંપવું નહી. કોલસાવાલી, હું તને કહું તેમ કર. બાલ ગુંઠવાની રીબીનો તૈયાર કર. હમારાં કફ અને કોલરને ફરીથી કરક ઇસ્ત્રી કર. હમારા રૂમાલની ઘડી એવી સરસ કર કે શોભીજ રહે." તુર્ત વળી પહેલી બોલી "કોલસાવાલી, છત છત મેં આગળ કહ્યું ત્યમ કર. પોશાગ પહેડતી વખતે વીલમ ઘણો નહી લાગશે." તે સાંભળી બીજી બોલી ઉઠી "ના, તે કામ હું ટામને કરવા માટે હોકમ કરૂંછું." પહેલી બોલી ઉઠી "ના, તેમ હું તેને કદી કરવા દેનાર નથી." એવી તાનાજાની કરતાં આ બંને તચાક બેનો અઠડી પડી. વળી રૂસાઈ ગઈ. તેઓ ગુસ્સામાં આવી સામા સામી બાજુની ખુરશી ઉપર એક મેકને મોહ મરડી જમીન સામે ઘુરતી બેઠી, પણ થોડે થોડે વખતે એક પછી એક વારા ફરતી ઉઠી મોહોડું જોવાની આરસી આગળ જઇ તે માંહે ચેહરા જોઇ જરા વાર વીચાર કરી પાછી પોતાની જગ્યે આવી બેશતી; એમ કરતાં સાંજના પાંચ ડોકા કરંક કરંક ઘડીઆળમાં વાગ્યા. મોટી બેન હતી તે ઓચંબો પામીને ઉઠી. ઘડીઆળમાં પાંચ વાગેલા જોઇ ન્હાની બેન જે હાથ પર માથું નાખી પડેલી હતી તેને કહ્યું "બેન, ચાલ ઉઠ, હવે હઠ કરવાનો વખત આપણા હાથમાં રહ્યો નથી. સાંજ પડવા માંડી, અબઘડી સુરજ અસ્ત પામશે." ન્હાની બોલી "જા, મ્હારે બૉલમાં આવવું નથી. ત્હારે જવું હોય તો જા." એટલામાં ભલી સીંડરેલા બોલી ઉઠી "મનમાં ભાવે, મોહડે ના લાવે!" ફરી તે લેહકો કરી બોલી "મ-ને-બૉ-લ-માં-જ-વા-ન-થી-ગ-મ-તું!" જેથી બંને બેનોએ હસી પડી એકેકના હાથપર બોસો દઈ સલાહ કીધી.

બૉલનો વખત નજદીક આવી લાગ્યાથી બંને બેનો લીબારા કરવામાં ઘણી ઉતાવલ કરતી હતી. એક બાજુ બાલ હોરાએ, તો બીજી બાજુ રીબીન ગુંથાએ. ઘડીકમાં "ફરેંચ ફેશીન" તો ઘડીકમાં "એલેકઝેનડ્રીયા ફેશીન" તો ઘડીકમાં "આઇરીશ ફેશીન." એથી બીચારી સીંડરેલાને ભારે કંટાલો ઉપજતો પણ તે બીચારી શું કરે? નાચાર! એક બેન લાલ ગવન પસંદ કરે તો બીજી લીલા! વળી ફરી એક બેનને ગુલાબી ભા[illegible] તો બીજીને બલુ! એમ કરતાં કરતાં આખરે રાતના સાતનો સુમાર ને પેલી મગરૂર માતા દીકરીઓના ઓરડામાં પેઠી. તે બોલી "કે[illegible] રી વ્હાલી દીકરીઓ, તમો બૉલમાં જવાને તૈયાર છો કે હજી વીલં[illegible] દીકરીઓએ માતાને આવકાર દઈ કહ્યું "વ્હાલી માતા, હમો[illegible] પણ રીબીન બાંધી બાલ ગુંઠવાના રહી ગયા છે. સીંડરે[illegible] મોએ હમારો સીંગાર કરવા માટે નજદીક રાખી છે!" [illegible] બોલી "દીકરીઓ, કેઈ સીંડરેલા! વળી તમોએ [illegible]

રાખી છે શું? ખચીત હું ધારતી હતી કે પેલી કોલસાવાલી ચીઠડી દુકતી તમોને ભાવતી નહી હશે." દીકરીઓ બોલી "નહી, વ્હાલી માતા, તેજ કોલસાવાલી હાં છે!" એટલું સાંભલતાંજ પેલી મગરૂર માતા પોતાની દીકરીઓના ઓરડામાંથી ચાલતી થઈ.

આ બંને બેનો સીંગાર સજી રહ્યા પછી પોતાની માતાના ઓરડામાં ગઈ. આ મગરૂર ઘર ધણ્યાણી પોતાની બંને દીકરીઓ સાથે એક સુશોભીત ગાડીમાં બેસીને પોતાના નોકરો સમેત રાજકુંવરના મેહલ તરફ ચાલી. પેલી ગરીબ કોલસાવાળીએ જ્યાંસુધી તેઓ તેની આંખોથી દુર ગયાં નહી ત્યાંસુધી તેઓ ભણી આંજુ ભરી હાલતે ડોલા ફાડી ટગર ટગર જોયા કર્યું. જ્યારે તેઓ તેની નજરથી ગુમ થઈ ગઈ ત્યારે સીંડરેલાએ એક ખુણામાં જઈ પોતાની આગલી માતા અને તેના પ્યારને યાદ કરી પોકે પોક રડી દઈ છાતી ઓલ્ડી કરવા માંડી. તેણીનો રડવાનો અવાજ સાંભળી અદભુત દેવીમાતા તે સામે પ્રગટ થઈ! તેણે પુછ્યું "તું શા માટે રડેછે? તને શું દુઃખ થયુંછે?" સીંડરેલા બોલી "હું ઇચ્છુંછું—હું ઇચ્છુંછું—" એમ તે દચકાં ખાતી ખાતી બોલી પણ તેનેથી બીજો શબ્દ બોલાઈ શકાયો નહી. દેવીમાતા બોલી "તને બૉલમાં જવાનું ભાવેછે નહી વારૂં?" "અ-ફ-સો-સ! હા-હા." એમ તેણીએ પેહલાના કરતાં વધારે દચકાં ખાતાં ખાતાં જવાબ વાળ્યો. દેવીમાતા બોલી "ચાલ ઉઠ, વેહલી થા. તને અબ ઘડી બૉલમાં પોંહોચાડી દઈશું" એમ કહેતાંજ ત્યાંથી તે દેવીમાતા સીંડરેલાને તેના સુવાના ઓરડામાં તેડી ગઇ. તેણે ફરમાવ્યું કે "બાગમાં દોડી પોંહોચ, ત્યાંથી એક કોહલું તોડી મારી આગળ લઇ આવ" સીંડરેલા તે સાંભળી વીજળી પેરે દોડી એક સરસ મોટું કોહલું તોડી લાવી. પેલી દેવીમાતાએ પેલા કોહડાંમાંથી સઘળો ગર કાઢી નાખ્યો તેને પોતાની અજમતી લાકડી લગાડી કે તુર્ત એક શોભીતી અલૌકીક ગાડી બની ગઇ! વળી તેણે ઉંદરવાઈમાં નજર કીધી, જેમાં છ જીવતા ઊંદર
ના. દેવીમાતાએ કુમારીકાને ઊંદરવાઈનું બારણું આસ્તે રહી ઊંઘાડવા
તે ઉઘડતાં જેવા ઊંદરો એક પછે એક બાહાર નીકળ્યા કે દેવીમાતાએ
ી અજમતી લાકડી તેઓને લગાડી કે તેઓ સઘળા તુર્ત સરસ
બવાલા ખુબસુરત ઘોડા બની ગયા! દેવી માતા બોલી "લે, મારી
ગાડી અને ઘોડા માહરાજાને બેસવા જેવાજ શોભીતા છે; પણ
ાને માટે શું કરશે?" સીંડરેલા બોલી "હું અબ ઘડી જ-
જોઉંછું કે તે માંહે કોઇ ઘુસ આવ્યો છે કે નહી; જો
ડાવાલાનું કામ બજાવશે." દેવીમાતા બોલી "ઠીક

યાદ આવી, જા, જલદી જા, વેક, ને જો." તેણી હરખ ભેર દોડી અને પરી પેરે પેલી ઉંદરવાઈ ઉચકી લઈ આવી. દેવીમાતા તેમાં જોય શું કે એક મોટો ધુસ છે! દેવીમાતાએ તે ધુસને પોતાની અજમતી લાકડી લગાડી કે તુર્ત તે એક જવાન ફાંકડો મુછાલો ગોડાવાલો બની જઈ ત્યાં ઉભો. દેવીમાતાએ સીંડરેલાને ફરમાવ્યું "તું બાગ મધે જઈ પાણીના વાસણના પછવાડેથી છ ધલોરી પકડી લાવ. તે તર્ત છ ધલોરી પકડી લાવી. દેવીમાતાએ પોતાની અજમતી લાકડીની મદદથી તે છ ધલોરીના છ ફાંકડા પગે દોડનારા ઘોડાવાલા બનાવી દીધા! તે બોલી "કેમ છોકરી, જેવું તું હારાં મનમાં ઇચ્છતી હતી તેવુંજ થયુંછે કે નહી? હારા જીવને આનંદ થયોછે કે નહી?" સીંડરેલાએ ઉત્તર વાળ્યો "હા દેવીમાતા, મનની ઇચ્છા તો પ્રાપ્ત થઈ ખરી, પણ મ્હારે શું આ મેલા, ચીંઠડ્યા પોશાકે બૉલમાં જવું કે?" તુર્ત દેવીમાતાએ પોતાની લાકડી તેણીના શરીરને લગાડી, કે સીંડરેલાનો પોશાક તથા આભૂષણ એક શાહજાદીના કરતાં વધારે સરસ થઇ ગયાં! તેને દેવીમાતાએ પોતાને હાથે ગાડીમાં બેસાડી! જતી વખતે દેવીમાતાએ સીંડરેલાને ચેતવણી આપી "દીકરી, જો તું બૉલમાં રાતના બાર વાગ્યા પછી રેહશે તો તું પોતે, તારી ગાડી, ઘોડા, તથા ચાકરો સર્વ પોતાની અશલી સુરતે બની જશો, તેનો તું મને દોષ દેતી ના!" સીંડરેલાએ કબુલાત આપી "દેવીમાતા, જેમ તમો કહોછો તેમજ હું ચાલીશ. હું તમારી ઘણી આભારી છું." દેવીમાતાએ આ સમય તેના અલંકારમાં એક જોર "બાલોરી સ્લીપર" આપી વધારો કીધો હતો. હવે સીંડરેલાની ગાડી જોશ ભેર મેહેલ ભણી ચાલી. જ્યારે તે અલૌકીક ગાડી રાજમહેલની નજદીક આવી પોંહોચી ત્યારે તે ગાડીનો ઘણા દબદબા સાથનો દેખાવ જોઈ રાજકુંવરના નોકરોએ રાજકુંવરને ચેતવ્યું જે કોઈ અજાણી શાહજાદીની ગાડી પુર દબદબાથી દોડી આવેછે. રાજકુંવર તરત તેને લેવા માટે ગાડીના બારણા આગલ દોડી આવ્યો. તેણે સીંડરેલાને ગાડીમાંથી બાહર ઉતરવામાં હાથની મદદ આપી તેને બૉલ રૂમમાં લઇ ગયો. બૉલ રૂમમાં તેણીએ જેવો પોતાનો દેખાવ દીધો કે તુર્ત તેના ચકચકીત દેખાવથી સઘળી મીજલસ દંગ થઈ ગઇ! નાચ તથા ગાયન બંધ થઇ ગયાં! પીયાનો વજાડનારીઓનાં આંગલાં થંભ થઈ ગયાં! ફીડલ વજાડનારાઓના હાથમાંની બો ફીડલપર પડી રહી! તેઓનાં આંગલાં ફીડલની સ્ત્રીંગ પર ચીપળાઈ ગયાં! બેઝ વાજું (જે વાજું ભોંભોંનો મોટો નાદ કરેછે તે) વજાડનારનું મોહ તેના ફુકવાની નલી સાથ વલગી રહ્યું! કેટલીક નાચતી જુવાન અબલાઓ કોઈ જમણે પગે તો કોઈ ડાબે પગે નાચતી

એમની એમ થંભ થઇ રહી ! કેટલાક એશકા નવજવાનો અને છબીલી બાનુઓએ પોતા સાથ નાચવાને એકેકને પસંદ કરેલાં તે સઘળાં નાચતાં જોડાં નીરાશ થઇ પોતાની અશલ ખુરશી ઉપર બેસી ગયાં ! ટુકમાં સઘળો દેખાવ ખુશાલીના અચંબા જેવો દેખાવા લાગ્યો. દરેક જન આ નવી પ્રવેશકાર પરીજાદીનું વિલક્ષણ રૂપ જોવા મંડી ગયું ! "તે સુંદરી કેવી મનહરણ છે ?" એવા ધીમા ધીમા શબ્દો સીવાય ત્યાં બીજું કસું સાંભલવામાં આવતું નહી ! રાજા જોકે બુઢો હતો તોય સીંડરેલાના ચહેરા ઉપરથી પોતાની આંખો ફેરવી શકયો નહી. તેણે ફરી ફરીથી રાણીને કહ્યા કર્યું કે ઘણો વખ્ત ગુજરવા બાદ એવી ખુબચહેરા પુટળી તેની નજરે પડી છે ! અમીરજાદીઓ તેણીનાં વસ્ત્ર કઇ જાતના કપડાનાં બનાવેલાં છે તે શોધી કાહાડવાને કામે લાગી ગઇ ! કે તેઓને સારે ભાગ્યે તેવીજ કીરામનાં લુગડાં મલી આવે તો અચ્છા કારીગરો પાસ સીવાડી લઇ બીજે દહાડે તેઓ પણ તેવાંજ વસ્ત્ર પેહેરીને ત્યાં બૉલમાં આવી શકે ! રાજકુંવરે પેલી ગુલચહેરને એક સારી મોભાવાલી જગ્યે બેસાડી. થોડા વખ્ત પછે પાછાં સઘળાં સુંદર સ્ત્રી પુરૂષો પોત પોતાની મરજી માફક નાચવા લાગ્યાં અને જ્યમ આગલ ત્યાં એક મોજ મજાહનું બેહસ્તખાનું મચી રહ્યું હતું ત્યમ પાછો તે મેહેલ નાચ રંગના મહીમામાં ગાજ્યો. સર્વે કોઇ પેલીનો ઉપજેલો નવો વીચાર છોડી આપઆપત્યારી ઉપર આવ્યાં. એમ જ્યાં થોડો વખ્ત ગયા બાદ રાજકુંવર તે પરીજાદી સીંડરેલા સાથ નાચવાની માંગણી કરી ઉઠી ઉભો થયો ! કે સુંદર સીંડરેલા તે માંગણી કબુલ્યા સાથ રાજકુંવરને નમી. તે પછે તે રાજકુંવર સાથ એવી તો અદબ અદા ને મરોરથી નાચી રહી, કે જે કોઇ અમીર ઉમરાવ ને ખાનદાની ત્યાં હાજર હતા તેઓ બોલવા લાગ્યા "એ મોહીનીના જેવી ખુબસુરત તથા સઘલી વાતે પ્રવીણ સ્ત્રી આજસુધી તેઓના જોવામાં આવી નથી !" ત્યાર બાદ સર્વે કોઇ સ્વાદીષ્ટ ભાંતભાંતનાં ભોજન જમવા બેઠાં. રાજકુંવરે એક નવાલો પણ ખાધો નહી, કેમકે તે સીંડરેલાનો ચહેરો જોવામાં તમામ વખ્ત રોકાયો હતો ! આપણી પરીજાદ સીંડરેલાએ પોતાની બંને મગરૂર બેનોની પાસે બેઠક લીધી હતી; જ્યાં રાજકુંવર તે આગલ મીઠાઇ મેવો મુકતો તેમાંથી તે ઉમદા ઉમદા ચીજ લઇ તે પોતાની સાવકી બેનો આગલ મેળતી હતી. બીજી તરફથી પેલી બેનો એક અજાણી સુંદર શાહજાદીની પોતા તરફ એટલી બેસુમાર શભ્યતા જોઇ અજાયબ થઇ હતી. ખાનીપીનીમાં સઘળાં તે અચંબાની ખુશ વાત કરતાં હતાં; તેવામાં સીંડરેલાએ પોણા બારનો વાજીંત્ર ટકોરો સાંભળ્યો: કે તર્ત પોતાની બેઠક ઉપરથી ઉઠી, તેણે મી-

જહેરાને નમન કર્યું, અને પવનના સપાટા માફક ત્યાંથી ઉતરી જઈ રાજકુંવરના હાથના ટેકાએ પોતાની જાદુઈ ગાડીમાં બેસી જઈ ઉતાવળથી ઘરભણી ચાલી. તે ઘર આવ્યા પછે તેની સાવકી મા બેનો પણ થોડા વખત ગયા બાદ આવી પોંહોચી. ત્યારે મા દીકરીઓએ "કોલસાવાલી" ને નામે પુકાર મારી બારણા ઠોક્યાં, સીંડરેલાએ પણ જાણે ઊંઘમાંથી ઉઠતી હોય તેવો સાદ દઈ એક હાથમાં બતી ધરેલી ને બીજે હાથે આંખ્યો ચોલતી રૂપે બારણું ઉઘાડયું! તેણે કહ્યું કે "તમો કેટલાં મોડાં આવ્યાં?" આ સવાલનો જવાબ પેલી બે બેનોમાંથી એકે એવો આપ્યો "જો તું તે બૉલમાં આવી હતે તો તને પણ કસી ઊંઘ નહી આવી હતે." પછે જે બૉલમાં નવાઇ જેવો બનાવ બન્યો હતો તે હ્યાં પાછો પેલી 'કોલસાવાલી' ને કહી સંભલાવ્યો. સીંડરેલાએ જ્યારે પુછયું કે "પેલી ઉમરાવજાદીનું નામ શું હતું?" ત્યારે તો જવાબ મળ્યો કે "તેનું નામ કોઇના જાણવામાં આવ્યું નથી. રાજાના છોકરાએ એક મોટું ઇનામ જે કોઇ તેનું નામ ઠામ સોધી લાવે તેને બક્ષેશ આપવા જણાવ્યું છે." બીજે દહાડે પણ આપણી કોલસાવાલીની સાવકી મા બેનો રાજમેહેલના બૉલમાં બીરાજ્યાં અને તે પાછળ સીંડરેલાને પણ દેવીમાતાએ પહેલેના કરતાં વધારે ઊંચાં વસ્ત્ર તથા ભુષણ પહેરાવીને મોકલી! આ વેળા રાજકુંવર તેની નજદીકથી જરા દુર થયો હતો નહી. રાજકુંવર દીવાનો બની તેણીને મીઠી મીઠી વાતોથી મગ્નન કરતો હતો. આપણી "શાહજાદી" (કોલસાવાલી) તો મોજ મજાહમાં એટલી ગરક થઈ ગઈ હતી કે રાતના પોણા બારનો ડોકો પડયો ત્યાંસુધી તેણીને પેલી દેવીમાતાએ આપેલી ચેતવણીની યાદ આવી નહી! અંતે તેણીએ બાર વાગાના ડોકા ગણ્યા કે ગભરાટમાં પડી. તે તર્ત એક હરણીની મીશાલે ચાલાકીથી તે બૉલ મીજલસમાંથી બાહાર દોડી ગઈ. રાજકુંવરે તેણીને પકડી પાડવાને કોશેશ કરી પણ વ્યર્થ. પણ સીંડરેલા જે ગભરાટમાં ઘણીજ ઉતાવલે દોડી ગઈ, તે દોડાદોડમાં તેના એક પગમાંનું બીલોરી બુટ નીકલી પડયું! જે રાજકુંવરે ઉઠાવી લઈ ઘણી સંભાલથી પોતાની પાસે રાખ્યું. આ તરફ સીંડરેલાને દેવીમાતાએ કહ્યું હતું "જો તું બાર વાગ્યા પછી એક પળ પણ ડોભશે તો તારા ગાડી, ઘોડા, નોકર, વસ્ત્ર, આભૂષણ વગેરે સઘળાં પોતાની અસલી સુરતે બદલઈ જશે!" ત્યમજ બન્યું. તે જેવી મેહેલમાંથી બાહર પડી કે પાછી અસલી ચીંઠરેહાલ મેલી "કોલસાવાલી" બની ગઈ! તે ઊઘાડે પગે દોડતી, હાંફતી, અને ગભરાટી ઘરમાં આવી પુગી. થોડા વખત ગયા બાદ તેની મગરૂબ સાવકી માતા, તથા બંને બેનો આવી લાગ્યાં. ફરી આગલી ઢપેજ સીંડરે-

લાએ બારણું ઉઘાડયું. ફરી તેઓને પુછવા લાગી કે "ગઈ રાતના જેવીજ આજે તમુને બૉલ રૂમમાં મજો મલી હતી તથા પેલી સુંદર શાહજાદી પણ હાજર થઇ હતી?" તેઓમાંથી એક બેને ઉતર વાળ્યો "હા, તે હાજર હતી, પણ ઘણીજ ઉતાવલમાં બૉલ રૂમમાંથી જતી રહી! દરેક જણ એવું ધારે છે કે રાજકુંવર તે પરીજાદીને મોહી પડયો છે."

આ તેઓની વાત બેશક ખરી પડી. ક્યમ કે થોડા દીવસ ગયા બાદ રાજકુંવરે એવો ઢંઢેરો પીટાવ્યો "જે બીલોરી બુટ જડયું છે તે બુટ જે સ્ત્રીના પગમાં બરાબર બંધ બેસતું આવશે તે સાથ તે પોતે લગ્ન ગાંઠથી જોડાશે." આ પ્રમાણે રાજકુંવરના નોકરો પેલું "બીલોરી બુટ" લઇને શેહેરમાં તમામ અમીર ઉમરાવજાદી વગેરે દરેક મેહેલ ને ઘરના ખાનદાની કબીલામાં ફરી વળ્યા પણ કોઈબી સ્ત્રીને પગ તે બંધબેસતું નહી આવતાં પેલા નોકરો નીરાશ થતા અંત્યે જે ઘરમાં સીંડરેલા હતી તે ઘરમાં આવ્યા. તેની સાવકી મગરૂર બંને બેનો પેલું બુટ પહેડી જોવાને આતુરતાથી દોડી આવી. રાજકુંવરના નોકરો સામે આવી ઉભા તેટલે હર્ષભેર તેઓ ખુરસી લઈ તુરત પેલું બુટ પેહવાને મંડી ગયાં પણ કાંઈ વાળ્યું નહી. પેલી આપણી ખરેખરી બીલોરી બુટની પેહનારી આ સઘળો સમય પોતાની સાવકી બેનોના ચાળા હસતે મોહડેજ જોયા કરતી હતી! તેણે પોતે પેહી જોવાસારૂ પેલા નોકરોને કેહવાની હીમત ધરી, તેથી તે નરમ સાદે બોલી "મને પણ મેહેરબાની કરી આ બીલોરી બુટ પહેડાવી જુવો!" આ સાંભળતાંજ પેલી સાવકી બેનો તથા નોકરો મોટે સાદે હસી પડયાં! સાવકીમાંથી એક બોલી ઉઠી, "ખરેખર ત્હારા જેવા બેડોલ પગમાંહે એક શાહાજાદીનું બુટ આવે તો ખરૂં! એમાં નવાઈ શી?" રાજકુંવરના જે ફરમાબરદાર નોકરો પેલું બુટ લાવ્યા હતા તેઓએ મશ્કરી કરી તોપણ ગરીબ ચીઠરેહાલ છોકરી તરફ દયાની નજર ફેંકી. સીંડરેલા તેઓને ઘણી ખુબસુરત પરી જેવી લાગી તેથી બુટ પેહી જોવા માટે કહ્યું. તે પેહતાં તો સીંડરેલાના પગમાં બરાબર બંધબેસતું આવ્યું!! આ દેખાવ જોઈ તેની મગરૂર બંને બેનોનાં મોહડાં ફીકાં પડી ગયાં! તેઓ શરમીનદાં પડયાં ને પાણી પાણી થઇ ગયાં. તેઓની છાતી ધરક ધરક બોલવા લાગી! આ તરફ આપણી કોલસાવાલીની આંખોમાંથી હર્ષનાં આંસુની નેહેર છુટી. તેણે તુર્ત ઉમંગભેર પોતાની ઓરડીના બાજાથી તે બીલોરી બુટની જોડીનું બીજું બુટ કાહડી પેહર્યું ત્યારે તો તે સઘલાંની અજાએબીનો કસો પારજ રહ્યો નહી!!! આ કૌતુક જોઈ પેલા ફરમાબરદારો જંખવાયા. તેઓએ હવે આપણી ચીંઢયાલ મેલી સીંડરેલાને અરજ કરી "તમો જેમ

અને તેમ તમારાં સાદાં પણ સારાં વસ્ત્ર પેઠી અમારી સંગાત રાજ્ય મ્હેલમાંહે આવો." સુંદર સીંડરેલાએ તેમ કરવાની ખુશાલી બતાવી પણ થોડો વખત ડોભવા જણાવી તે પોતાની ઓરડીમાં લુગડાં બદલવા ગઈ તો ત્યાં જોય શું કે પેલીજ દેવીમાતા પેલી અજમતી લાકડી હાથમાં ધરી ઉભી છે. સીંડરેલા તુર્તજ હસ્તે મોહડે દેવીને પગે પડી. દેવીમાતાએ તુર્ત અજમતી લાકડી તેનાં શરીરને લગાડી કે તેનાં વસ્ત્ર તથા આભૂષણ બીજી વેલાના કરતાં પણ વધારે સરસ થઇ ગયાં! તેણે દેવીમાતાનો ભારે ઉપકાર માણ્યો. દેવીમાતા તેને આશીરવાદ દઇને બોલી "જા, મારી વ્હાલી બેઠી, તને આ વસ્ત્ર તથા આભૂષણ મુબારક કાયમ હોજો. હવે તું ત્હારા જવાન રાજાની રાણી થશે, અને ત્હારો ભરથાર ત્હારી સાથ ઘણી સારી ચાલ ચલાવશે; જા ખુશાલ, જા વેહેલી; તને હું 'સંતોષ દેવીમાતા' ની છેલી શલામ. ઇશ્વિર તારૂં કલ્યાણ કરો. આમીન!!" એ બોલી દેવીમાતા અલોપ થઈ.

આપણી નવી શાહજાદી સીંડરેલા પોતાની ઓરડીમાંથી બાહેર આવી તેવુંજ સઘલું ઘર ઝકઝકીત થઇ રહ્યું. આ અચરત પેલી બંને બેનોએ જોયું કે એ તો પેલી બૉલરૂમની ખુબસુરત શાહજાદી પોતે છે! ત્યારે તેઓ ખુરસી ઉપરથી દોડી જઈ સીંડરેલાના પગ ઉપર માથાં મેલી ક્ષમા માંગવા લાગી. તેઓ કરગરીને કહેવા લાગી "અહો બેન, અમોએ ત્હારી તરફ અતિશય ખરાબ ચાલ ચલાવી છે તે માટે અમો પસ્તાવો કરી ત્હારી પાસ માફી ચાહિયે છૈયે." આપણી મોટાં દીલવાલી સંતોષી સીંડરેલાએ તેઓને માફી બક્ષી.

આ તરફ આપણા શાહજાદાની આંખોમાં બૉલમાં આવેલી પરીજાદીનો દેખાવ ઠસી રહેલો હતો. તરેહ તરેહનાં પકવાનો તેને અનગમતાં થઈ પડયાં હતાં. તેણે રાત્રની ઉંઘ ત્યમ દીવસની ભુખ તજી હતી. દનબદન તે છેક નાતવાન થતો જતો હતો. તેનો બુજરોગ પેદર અને માયાળુ માદર દીલાસો દેતાં હતાં; તોપણ આપણો શાહજાદો મેહલની અગાસી ઉપર ચીચારવંત અને દલગીર ચેહરે બેસીને પોતાના ફરી વલતા નોકરોની આતુરતાંથી રાહ જાતો હતો. તે પોતાના નોકરોમાંના એક નોકરને એક 'શૂમના કોચબાક્ષપર જોતાં દીવાના મીસાલ અગાસીથી દોડી ઉતરી પડી બારણા આગળ આવી ઉભો. રાજકુંવરનો આ દેખાવ જોઈ સઘળાં ઘરનાં તેને દીવાનોજ બની ગયેલો સમજી દુર ઉભાં. તુરત 'શૂમ મેહેલના દરવાજા આગળ આવી, કે શાહજાદાએ સીરીપરથી કુદકો મારી બારણું ઊઘાડયું તો તુર્ત પુનમના ચાંદ મીસાલની સુંદર સીંડરેલા બહાર આવી! તેને શાહજાદો ઉમંગથી ભેટી પડયો પણ સેજ વારમાં સુસ્ત બની તુર્ત તે સું-

દરીના ખોળા ઉપર મસ્તક મેલી નીંદ્રાવસ થયો ! આ ખબર સાંભળતાં માહરાજા ને રાણીએ આવી સીંડરેલાને ભારે ઉમંગ સાથ આવકાર દઈ એક મોતીનો હાર પહેરાવ્યો. રાજ્યમોહોલ જે સુમસાન થયો હતો; ને જ્યાં સઘળાં જન દીલગીર મુખરે ફરતાં હતાં તેઓ હસતે મુખરે ફરવા લાગ્યાં. રાજનો વડો બાવરચી ખુશાલીનાં પકવાનો માટે દોડધામ કરવા લાગ્યો ! ! વડો કારભારી ખાનાની પંચાતમાં અને તેના હાથ નીચેનાઓ ગાન તાન રંગ રાગ રામસનીમાં ! હજુરીઅણો પોતાની નવી સુંદર રાણીની ખીજમત બજાવા ખાતર નવા ઉમદા પોસાકો પેહી ફાંકડી બની જઈ આ ઓરડેથી પેલ ઓરડે ને પેલ ઓરડેથી આ ઓરડે નખ્રાંબાજીમાં છલકાતી !

સુંદર સીંડરેલા ને રાજકુંવરનાં લગ્ન મોટી ધામધુમસર થયાં. લગ્ન માહે રાજા ને રાણીએ પોતાના કુંવરને મનચાહી નવાજેશ ને ખેતાબત સાથ ચોકસ મુલકની જમાબંદીની માલકી સ્વાધીન કરી. શાદી ને રામસ્નીનો મેહમાર રાજસ્થાને મોટી વફાદારીથી ગજાવ્યો. સીંડરેલા ને રાજકુંવર વચ્ચે દનબદન મોહબત જાદા ને જાદા બંધાઈ પાકત થતાં ઘડીભર તેઓ એક બીજાથી જુદાં રહે નહી. સીંડરેલા રાણી થયા પછે પોતાના પીતા ને સાવકી માતા ને બેનો તરફ ઘણી ઉદાર દીલથી ચાલી. બન્ને બેનોને મેહેલમાં લાવી ઉત્તમ પ્રકારની સ્ત્રી શોભીત અદા ને સભ્યતાની કેળવણી આપી સમ્પૂર્ણ સુંદરીઓ બનાવી. પોતાનો વગલાગ લગાડી રાજ્યના મ્હોટા અમલદારી ઓહ્દેદાર ઉમરાવો વેરે તેઓનાં લગ્ન બાંધી આપ્યાં. સાવકી માતાને પણ પોતાની ઉદાર રૂઢીથી શરમાવી સીધા માર્ગે વલાવી. પોતાની બેહસ્તન માની યાદગારીમાં ધર્મશાલા બંધાવી; વળી પણ તેના નામની ખાસ એક સ્ત્રીશાલા સ્થાપી. એ પ્રમાણે સંતોષી સુંદર સીંડરેલા સૌભાગ્યવંતી પદ્મણી ઠરીને આ ક્ષણભંગુર ભવના સુજસ ખાટી.

બુઝોર્ગ દસ્તૂર આસમાન ધવલ.

આસરે સાત સદી આગલ પ્રખ્યાત નેરયોસંગના ખાનદાનમાંનો આસમાન ધવલ નામે એક જઈફ દસ્તુર વસ્તો હતો. આ દસ્તુરની બાએદાર બહેસ્તનશીન થયલી હોંયાથી તે પોતાની બે દીકરીઓ દીના ને ફીરોજા સાથે રેહેતો હતો; તેમાં દીનાની ઉમર ૧૭ વર્ષ ને ફીરોજાની ઉમર ૧૪ વર્ષની થયલી હતી. આ દસ્તુર જઈફ હાલતે પોંહોંચેલો હોયાને સબબ ગામના પટેલ આરાએ તેને રૂ ૧૦૦ નું વર્ષાણ બાંધી આપ્યું હતું; જેના આધારે તે પોતાની બે બેટીના કુટુંબ સાથ કરકસરથી ગુજારો કરતો હતો. દસ્તુર આસ્માન એ વર્ષાણના બદલામાં અનજુમનવાલાં આદરાનમાં પોતાની કોમનાં બાલકોને જંદ ભણતર શીખવતો ત્યમ જવાન તથા બુઢાઓને ધર્મબોધ દેતો હતો. તેની બન્ને શ્યાણી પૂત્રીઓ, પોતાના બુઝોર્ગ બાપની હાલતથી પૂર વાકીફગાર હોયાથી, ઘરનો સઘલો વહીવત અછી સમજસુજથી ચલાવતી હતી. તેઓ લાયક કરકસર વાપડીને ગામનાં સર્વ જનનાં વખાણ મેલવતી હતી. તે બન્ને ડાહી દીકરીઓએ પોતાના મકાન આસપાસની ખુલી જગામાં એક બગીચો બનાવ્યો હતો અને ત્યાં ખપમાં આવતી સર્વ જાતની તાજી તરકારી ઉગાડી ખાધામાં વાપડતી હતી. બન્ને કુંવારી હતી, તેઓને પરણાવવાને જઈફ દસ્તુરે પોતાનો વગ લગાડ્યો. તેણે ઘણી ઉમેદ તેઓને ઠેકાણે પાડવાની રાખી મગર પૈસા વગર તે આશા પાર પડી નહી. દસ્તુર પોતાના અર્ધ શાલના વર્ષાણના રૂ ૫૦) પોતાના મુરંબી પટેલ આરાજી પાસ લેવા ગયો, ત્યારે આરાજીએ, જેવો આગલ ઇજત અક્રામ દેઇ મોહોબતથી આદરસત્કાર કરતો હતો તેવો ના કરતાં, તે બુઝોર્ગ દસ્તુર તરફ ઘણું સુસ્તપણું દેખાડ્યું. પોતાનો મુરંબી પટેલ હમેસના રાખીતા માફક પરોણાગત કરશે એ ઉમેદ તો તે દસ્તુર પોતાને ઘરથી કાશી કે ચા કે શીરાનનો નાસ્તો કર્યાવનાજ નીકલી પડ્યો હતો; એટલુંજ નહી પણ તે આ વખ્ત પોતાની ગરીબાઇનો પટેલજીને ખ્યાલ આવે એવી રીતનું કાંઇ વર્ણન કરવાનો નકી ઠરાવ કરી ઉમેદમાં હતો કે 'કાંઈ વર્ષાણમાં વધારોજ કરાવીને પાછો

ફરીશ.' તેણે તેના મુરંબી પટેલની શીરૂઆતનીજ ચાલ જોતાં તે આશા મેલી. આ સઘલી આશા ભંગ થવાથી બેશક તે નાહીમત તો થયો. તે દીલથી દીલગીર થયો તેની તો વળી હદજ રહી નહી. પોતાનું અર્ધ વર્ષાણુ લઈ તે પોતાને મકાન પાછો ફરવાને ઉઠયો. તેણે જતી વખ્ત પટેલને નમનવાઈ ભરેલી ખાસ સલામ કરી પણ તેનો જવાબ પણ ના મળ્યા જેવો જોયો. રૂ ૫૦) લઈ તે પોતાને ઘર આવતાં જોયછે તો સઘલા ધીરનારા વખ્તસર ત્યાં ઉઘરાણી આવ્યાછે! ઘાંચી, મોચી, કન્યો, લાકડાંવાલો વગેરેને દેવું આપતાં, આવતા છ માસનું ગુજરાણ ચલાવવા માટે માત્ર રૂ ૧૫) બાકી રહ્યા! આ જોઈ દસ્તુર ઘણો ગભરાટમાં પડીને અફશોશ ખેંચવા લાગ્યો. દસ્તુરે પોતાના મુરંબી પટેલ આશાજીની ઇતરાજીની વાત પોતાની દીકરીઓને કહી જણાવી પોતાની પાસના રૂ ૧૫) આપી તે બોલ્યો; "મ્હારા બુઢાપાની આંખના નૂર દીના ને ફ્રીરોજા, આ મ્હારી સઘલી માયા પુંજીમાં તમો આવતા છ માસનો સંસાર નીભાવો!" આ હકીકત સાંભળતાં ફ્રીરોજાએ ગઈ રાત્રે જોયલું સ્વપ્નું પોતાના બાપ તથા બેનને કહ્યું: "જાણે નવરોજનો દહાડો છે તથા આપણે એક આલીશાન મકાનમાં બેઠાં છીયે; તેવામાં એક ઘણાજ ભપકાદાર લેબાશ પેહેલા નવજવાને આવી, દસ્તુરાન દસ્તુરો શ્યાલ વાપરે છે તેવી, એક શ્યાલ બાવાને શરોપાવ કરીને એક બુલંદ બેઠક ઉપર બેસાડેછે." ફ્રીરોજા બોલી 'આગલ સ્વપ્નું જોતી તેટલાં મને દીનાએ જગાડી.' ફ્રીરોજા આ બાબ કહી પોતાના બુજોર્ગ બાપની ખાતરી કરવા લાગી કે "મ્હારો આ સ્વપ્નો સાચો પડશે. એ સ્વપ્નાથી મ્હારી ઉપર નવાઈ જેવી અસર થઇછે." દસ્તુરે પોતાની દીકરી ફ્રીરોજાની આ હવાઇ વાત હસી કાઢી. અને 'સ્વપ્ના માત્ર મનના ખોટા ખ્યાલ સીવાય બીજું કાંઇ નથી.' એમ કહી દસ્તુરે કોઈપણ સ્વપ્ના ઉપર કસો પણ ભરૂસો નહી લાવવાની ખાસ શીખામણ દીધી. વર્ષાણુના બાકી રૂ ૧૫) માંથી દસ્તુરની દીકરીઓએ જ્યમ ત્યમ નીભાવ કરતાં પણ તેમાંના અર્ધ ઉપર ખર્ચ થયા. માત્ર હવે રૂ૭) બાકી રહ્યા. સ્વપ્ના બાબે ઉપર જોયું ત્યમ દસ્તુરે પોતાની દીકરીને વીશ્વાસ નહી લાવવાની નશીઅત કરી હતી તોપણ ખુદરતી માનવી સ્વભાવે પોતાની દીકરીનો સ્વપ્નો તેના મનમાં ભમવા લાગ્યો. દસ્તુર દરરોજ નવરોજને કેટલા દીન બાકી છે તે ગણત્રી કરતા હતા.

નવરોજ—શાલ મુબારકને પંદર દીવસ બાકી હતા. તે દહાડો દસ્તુર પોતાનાં કામકાજથી ફારેગ થઇને પોતાની દીકરીઓ દીના ને ફ્રીરોજા સાથ ખુશ વાતચીત ચલાવતો હતો; તેવામાં જે આદરાનમાં તે બાળકો શીખવતો ને જવાન તથા બુઢાઓને ધર્મ બોધ કરતો હતો, ત્યાંનું

માણસ આવી કહેવા લાગ્યું: "કોઈ મૂસાફર આવ્યોછે અને તમોને તુર્ત આદરાનમાં બોલાવેછે." આદરાનમાંના માણસના શબ્દુનો સાંભલતાંજ દસ્તુર તૈયાર થયા. સબબ જરથોસ્તી મહજબના તરીકા મુઆફીક નંગાને વસ્ત્ર, ભુખ્યાને ભોજન, ને નાચાર બેચારને મદદ આપવી, એ શીખામણ તે હરદમ પોતાના ચેલાઓ તથા સાંભલનારાઓને ખાસ કરી દેતો હતો અને તેમાં મોટું સવાબ થયલું સમજાવતો હતો. દસ્તુર આદરાનમાં આવ્યા. પેલા મુશાફરને મળ્યા. દસ્તુરને જોતાંજ મુશાફર બોલ્યો. "દસ્તુર સાહેબ, હું લાંબી મંજલ કાપી દુરદરાજ રાહથી ત્યાં આવી લાગોછું. આ શેહેરમાં તો મ્હારી જાણ પીછાણનું કોઈજ નથી. તમારી ભલમનસાઇ મયાદયા ને પરોપકારની ઘણી અજાયબ વાત મ્હારા સાંભળવામાં આવીછે, તેથીજ તમોને મેં આદરાનના માણસ પાસ અતરે બોલાવ્યાની તજદી આપી છે તેની દરગુજર ચાહુંછું. મુશાફરીમાં મેં મ્હારો તમામ જર ખર્ચ કર્યો છે, હાલ મ્હારી પાસ ફુટી બદામ પણ રહી નથી. જો તમો મેહરબાનીની રાહે રૂ૫) મને ઉછીકા આપશો તો મને તે મ્હારે ધારેલે મકાન લગી પુરા પડશે. ત્યાં પોંહોચતાં હું તમારા રૂ ૫) તર્ત મોકલી દેશ." આ તીરાયત, વગર ઓલખાનના આદમીની માગણી સાંભળી શું જવાબ દેવો તે બુજોર્ગ દસ્તુરજીને સુજે નહી. પોતાના આખા ઘર ને આખાં કુટુંબમાં ફકત રૂ૭) બાકી રહ્યાની તેને ખબર હતી, તેમાં પોતાની વ્હાલી દીકરીઓ સાથ લગભગ છ માસ લગી ગુજારો કરવાનો હતો, તે યાદે તેનું જીગર મૂઝાયું; મગર પોતે મોટો સાચો ને દાતાર દીલ હોયાથી પોતાની ખરી હાલતથી મૂશાફરને સેજ વાકેફ કરવા બોલ્યો "શેઠ સાહેબ, તમારો હેવાલ સાંભળી મ્હારાં દીલમાં આતશ શલગ્યોછે. જોકે તમો કેહોછો ત્યમ તમો વાખાના મારેલા આ બીલકુલ અજાણા ગામમાં આવી ફસ્યાછો તોપણ તમારો ચેહેરો કહી આપેછે કે તમો કોઇ પારસી અકાબરનાં ખાનદાનના છો. તમારા માત્ર શબ્દુનો ત્યમ તમારી વાતચીતથીજ ભલમનસાઈ તો તમારા ચહેરા ઉપર ઝલકી રહીછે. મને મ્હારી ખરી વાત જણાવતાં બેહદ દીલગીરી ઉપજેછે કે હું પોતે ઘણો ગરીબ આદમી છું, જો કે મ્હારૂં કુટુંબ ઘણું ન્હાનું છે તોપણ, મ્હારાં ને બચ્ચાંઓનાં આવતા છ મહીનાનાં ગુજરાન માટે, મ્હારા આખા ઘરમાં માત્ર રૂ૭) છે." આગલ દસ્તુર બોલવા જતો પણ જે ઢપથી ઉપલા શબ્દોમાં પોતાની હાલત જણાવી તેની મુશાફર ઉપર બેસુમાર અસર થઈ. તે વચ્ચેજ બોલી ઉઠયો "દસ્તુર સાહેબ, અગર તમારેથી નહી બને તો ફીકર નહી; મ્હારી કવખતની માગણી માટે માફ કરજો." દસ્તુરે જવાબ દીધો, "ફીકર નહી. મ્હારી પાસ ફા-

લતુ હતે તો હું તમને એક હરફ બોલવા દેતે નહી ને મોટી ખુશીથી આપતે, તોપણ હું મ્હારી દીકરીઓને પુછું, તેટલો વખત તમારે મેહેરબાનીની રાહે અતરે આ આદરાનમાંજ થોભવું." આ કહીને દસ્તુર પોતાને મકાન આવ્યા. તેણે પોતાની ને મૂસાફરની તમામ હકીકત પોતાની બેટીઓ દીના ને પીરોજાને જણાવી મસલહત પુછી. દીના પોતાના બાપની વાત કરવાની રીતથી પામી : કે બાપની રૂ૫) ચીરવાની મરજી તો પુર છે. તે બોલી "બાવાજી, તમારી મરજી હું તો સમજુંછું કે આપવાની છે." દસ્તુર બોલ્યા 'દીકરી, ત્હારો વીચાર શું છે?' દીના બોલી "મને તો જણાયછે કે જેવી રીતે બાવાજી તમો આ મુશાફરની ઉમેદ બર લાવશો તેવીજ તમારી મુરાદ પણ બર આવશે." પીરોજા બોલી "મને પણ દીનાનું બોલવું પસંદ પડેછે." "તો વ્હાળી પીરોજા, આ રૂ૫) લઇ જઈ તે મુશાફર આદરસ્તાનમાં રાહ જોતો ઉભોછે તેને આપી આવ." દસ્તુર તુર્ત બોલી ઉઠયો. પીરોજાએ રૂ૫) પોતાના બાવાજીના કેહવા પ્રમાણે મુશાફરને લઈજઈ આપ્યા. પાછી આવી ત્યારે તો પીરોજા પેલા મુસાફર માટે બેહદ તારીફ ગાવા લાગી. હજી પીરોજા મુશાફરની તારીફ કરતી હતી તેટલાં તો પેલો મુશાફર પોતે જાતે ત્યાં આવી પોતાનો બચાવ ને મદદ કરનારનો બેહદ આભાર માણી પોતાના દીલની લાગણી ને સંતોષ જાહેર કરવા લાગ્યો. આ વક્ત રાત્ર પડી ગઈ હતી. ખાવાનો પણ વક્ત થયો હતો, તેથી દસ્તુરજીએ તેને જમાડીને રવાના કર્યો. આ મુસાફરે પોતાનું નામ જેહાંગીર રાખ્યું હતું. તેને રવાના થતી વક્ત ફરીથી દસ્તુર સાહેબે યાદ દેવાડીને ઘણી આતુરતાથી કહ્યું "શેઠ, તમારી પહેલી જોગવાઇએ આ નીરજીવ રકમ મોકલી આપવાને ચુકશો ના." જેહાંગીરે ભલા દસ્તુરના કહ્યા પ્રમાણે અમલ કરવાને કસમ લઇ કબુલ કર્યું. તે રવાના થતી વખ્તે બોલ્યો "આ દુન્યામાં તમો જેવા રાહે રાસ્ત ને ખરા જરથોસ્તીને આ રવેસ બતંગી હોય એ ઘણી તાજુબી છે, કારણ તમારા અંતઃકરણમાં ખુદાતાલા વસેછે અને તમારી આગળ બે ફીરેસ્તાઓની ચોકી છે." દસ્તુર સાહેબના ઘરમાં હવે છ માસના નીભાવ માટે માત્ર રૂ ૨) રહ્યા હતા! દસ્તુરજી ઉપર તેને વર્ષાણુ આપનારા પટેલ આરાજીની ઇતરાજી થયલી આપણે જાણીછે. પણ તેટલાથી કાંઈ વળી ચઢેલું વાદળ વહી ગયું નહી. જાહેર રીતે ગામમાં તે વાત જ્યાં ત્યાં બોલાવા લાગી 'પટેલ સાહેબ નવો દસ્તુર રાખનાર છે. જેફ ને કાબેલ ત્યમ ભલો ને સાચો દસ્તુર આસમાન ધવલ, જે બામુદત થઈ પોતાની દયાલૂ ને ચોખી ચાલ માટે પ્રખ્યાત છે, તેને રજા મળનાર છે.' આ વાત દસ્તુરના કાન ઉપર આવી તેનો કયો ઇલાજ રચવો તેના વીચારમાં તે

ગુટાયો. તેણે પોતાની ર્‍યાણી દીકરીઓ સાથ એ અફવાના બાબમાં અનેક યુક્તીઓ રચી, પણ સેવટે તે સઘલી નકામી થઈને એક નમંતાઈભરેલો અરજ પત્ર પટેલ ઉપર લખી મોકલવાનો નક્કી વીચાર કસ્યો. તેણે નીચે પ્રમાણે તે પત્ર લખ્યો :—

"કદરદાન નેક અકાબરશાહેબ, મ્હારા સાંભલવામાં આવેછે કે તમો નામદાર અકાબર શાહેબ મ્હારી જગ્યોએ બીજો દસ્તુર મુકરર કરી મોકલનાર છો; આ ચરવાતી જને જન મોહ ચર્ચાને ખરી માનવાનું કારણ તો કસૂં નથી, પણ મને ખ્યાલ જાયછે કે એ અફવા, આપણી છેલ્લી મુલાકાતની હકીકત મ્હારી ઓલખાનવાલાઓ આગળ મેં કહેવા ઉપરથી, જન્મ પામી હોય તો હોય, એ વાતથી મ્હારૂં દીલ ફીકરમંદ થયું છે. તમો નેકનામ મુરબ્બી શેઠજીએ મને સોંપેલી ફરજ મેં ઇમાન ને રાસ્તીથી બજાવીછે. આપણી જરથોસ્તી કોમના બાળકોને જંદનું પવીત્ર ગ્નાન આપ્યુંછે. જવાન ને બુઢાઓને ધર્મબોધ ઘણી સફાઇ ને ખુલાશાથી કસ્યોછે. મ્હારા કામની કોઈથી ફરયાદ થાય તેવો હું ચાલ્યો નથી, ત્યમ મ્હારા માટે કસી ફરયાદ પણ થઈ નથીજ. તે સઘલાંનો વીચાર હું તમો મુરબ્બીજીને સોંપુંછું. તમારા બુઝોર્ગ વડવાના વખતથી હું મ્હારી હાલની દસ્તુરી ઉપર આવ્યોછું. તે બહેસ્તનશીનોના વખતમાં મેં સોલ વર્ષ આ ધર્મગુરૂપદ ભોગવ્યુંછે અને તે નામદારોની મહેરબાની ત્યમ વર્ષાણ ભોગવતો આવ્યો છું. તેઓ પછે તમો શેઠના વખતમાં મને આજ દોઢ વર્ષ થયુંછે. મ્હારી ઉમર હાલમાં ૭૫ વર્ષની થવા આવીછે. મ્હારા બાલ જવાનીમાં જેટલા કાલા હતા તેટલાજ હવે સફેદાઇ ઉપર આવ્યાછે. દોસ્તો, ઓલખીતા ને લાગવગ વગર જઈફીમાં નોકરી કે ધંધો મળવાની નાઉમેદીમાં હું મ્હારાં ને મ્હારાં બચ્ચાંઓનાં પાલણ પોશનનો કુલે આધાર તમારી મેહેરબાની ઉપર રાખુંછું. જો તમો મુરબ્બી તરફથી હું આ પુર જઈફીમાં નીરાશ થયો તો પછે ભીખારીના અવતારે પોહોંચ્યોજ. એ વગર જઈફીને સબબ મ્હારા હાથમાં બીજો ઉપાય નથી."

આ પત્રનો પોતાના પટેલ આશાજી તરફથી કેવો જવાબ ફરી વલે છે તેની આશામાં દસ્તુરજી ઇન્તેજારી ખેંચતા હતા. દીના ને ફીરોજા બંનો ઘરનો કારોબાર ચલાવવામાં ઘણીજ કરકસર વાપડતી હતી. ઘરની આસપાસના બગીચામાં સલગમ ને મુરા વગેરે જે તરકારી ઉગી નીકલી હતી તે ઉપરજ પાંચ સાત અઠવાડયાં થયાં ગુજારો કસ્યો હતો. સાંજ પડતાંમાં પોતાનો સાદો ખોરાક ખાઈ લઈ બાપ તથા બેટીઓ સુઈજતાં હતાં. એ રીત અખત્યાર કરી બતીના તેલના ખર્ચનો ઉગારો કરતાં હતાં. દરરોજ સાંજે

દીના પોતાના બાપને ખર્ચનો હીશાબ આપવા સાથેજ પોતાના તથા ફીરો-
જાના સામતા ઉદ્યોગે સીવવા ભરવાના કેટલા પૈસા પેદા કર્યા વગેરે બી-
નાનો ખુલાસો કરી સંભળાવતી હતી. એમ દહાડા ઉપર દહાડા ગુજરવા
લાગ્યા. નવરોજ નજદીક આવ્યો. જેહાંગીરને ધારેલા રૂ૫) પાછા ફરવાની
રોજ બરોજ ઇન્તેજારી વધતી ચાલી. ગરીબ બચારો દસ્તુરજી પોતાની
સ્થીતી દન ઉગત વધારે બતંગ ને ખરાબ થતી જોતો હતો. ફક્ત ભાજી,
શાલગમ ને મુગ્રા વગેરે તરકારી ખાતાં તે જેફ, નાતાકત હતો, તેમાં વલી
પુરો અશક્ત થતો ચાલ્યો, શું ઉપાય કરવો ને હાલની બતંગીમાં કેમ વ-
ખત લેવો તેનો કસો ઢંગ સુજ પડે નહી. દસ્તુરજીને મન બીજા સઘલા
વીચારોમાં, આ વીચાર તો મુખ્યજ આવતો કે દીના વયે પૂગીછે અને ફી-
રોજા પણ પરણવા લાયક જવાનીમાં આવતી જાયછે; ગામની સઘળી પ્રજા
મ્હારી ગરીબઇ ને બતંગીથી જાણીતી છે, 'જેને ઘર કન્યા તેને પરમેશ્વરે
દંડયા' એ કેહવત બેશક મ્હારી ઉપર ખરી વીટેછે. એ બાબદ અને એવી
બીજી ઘરસંસારી ખટપટના વીચારોમાં તે સદા મશગુલ રેહતો ને બહુજ
મૂજાતો હતો. તેવામાં એક માણુસ કાગલ લઈ આવ્યો, તેણે રૂ૧૦) દસ્તુ-
રજીના હાથમાં આપ્યા. આ કાગલ ને રૂ૧૦) મળ્યાથી તેની ખુશાલીનો પાર
રહ્યો નહી. દસ્તુર સમજ્યા કે જેહાંગીરે પોતાની સાલેસાઇથી રૂ.૫) ને બ-
દલ રૂ૧૦) મોકળ્યાછે. બન્ને દીકરીઓ પણ આ પ્રમાણે વીચાર દોડાવી હ-
ર્ખથી ગાંડી જેવી થઈ ગઇ. જેફ દસ્તુર પણ ખુશીથી દીવાનોજ બન્યો.
દસ્તુર સાહેબે હદબેહદ પોતાની ને દીકરીઓની ખુશાલી વચ્ચે પેલું પત્ર ઉ-
ખેડી વાંચ્યું: તો તે જેફના મોહના ઉપરનું ખુશીનું ચઢેલું લોહી એકદમ
ઉતરી ગયું. તેનો ચેહેરો ફીકો, સાવ ચાક જેવો ઉજલો માર્ગી ગયો. તેના
હાથ પગ ધ્રુંજ્યા તેથી હાથમાંનું કાગળ છુટી પડયું. વાંચનારને જણા-
વવાની કસી જરૂર નથી કે આ પત્ર જેહાંગીરનું નહી પણ તેના શેઠ પટેલ
આશાજીનું હતું. તે પટેલે પોતાના વંસના સ્થાપેલા આ દયાનતદાર ને ભલા
દસ્તુરને નવરોજથી રજા આપી હતી અને તેની જગા ઉપર નવો દસ્તુર
થોડા વખતમાં તેની પાસનો અખત્યાર સ્વાધીન લેવા આવનાર છે, એ સ-
માચાર લખ્યા સાથ, તેના ચઢેલા વર્ષાણના ભાગના રૂ૧૦) મોકળ્યાનો ઇ-
શારો કર્યો હતો. આ નાખુશ સમાચાર જાણી બન્ને ડાહી દીકરીઓ પોકે
પોક રૂદન કરવા લગી. દસ્તુર તો ગોયા દીવાનોજ બની હાંથી ત્યાં ફેરા
ફરવા લાગ્યો. બનનાર તે બની ગઈ. ઘણુંની ઉપજેલી ફીકરની શીકલ
જાહેર થઈને વખન પૂરજોર ઉલટયું. બાપ અને બેટીઓ ખુદા ઉપર ભ-
રૂસો રાખીને શું કરવું? કયમ સંસાર લેવો? કયાં જવું? તથા કયમ આંત

જાલવવી? તે ઉપર ધીરજથી વીચાર કરવા પડયાં. દસ્તુર તો પોતાની હીમત હારી ઘણોજ દીલગીર થઈ બોલ્યો "બેટીઓ, મને તો આ જેહાનમાં ઘણોજ થોડો વખ્ત રેહેવું છે, માટે મ્હારો તમો કસો ખ્યાલ કે કાલજી કરશો નહી. હું તો આદસ્થાનમાં જઈ એક ખુણે મ્હારો વખ્ત બંદગીમાં ગુજારીશ, પણ તમારૂં શું થશે? ઓ ખુદા! મ્હારી જઈફીમાં તું મ્હારી ઈજત જવા ના દે." બેટીઓ, પોતાના બાપનો આ નાહીમતી હેવાલ ને કકલાટ સાંભલી, બોલી ઉઠી "ઓ અમારા સર ને જાનના કરતાં આલા ને લાયક બાવાજી, એ હલકી વાતમાં તમારી જબાન ચલાવી તમો દાદાર હોરમજદ ઉપરના એતેકાદમાં કાચ્યા ના ઉતરો. બાવાજી, એ નાહીમત શખ્શોને તમારી જઈફી અયોગ્ય છે. અમો તો, વ્હાલા બાવાજી, અમારા જાન વેચીને તમારી ઈજત જાલવીશું ને તમારી જઈફીનો આધાર થઈ રહીશું. તમને રજે ઓછું પડવા દેશું નહી. સાબુત નઈયતી ફરજંદની તો શું પણ ગમે એવાં દરેક ફરજંદની ખાસ ફરજ છે કે 'ગમે એવી ગરીબાઈ ને મુશ્કેલ્યતના હીંગામમાં પોતાનાં મા બાપની બરદાસ્ત લેવીજ.' અમારી બાલ્યાવસ્તામાં તમોએ ખેંચેલી અથાગ રંઝ ને જંજાલનો બદલો વાલવાનો જો કોઈબી લાયક સમય હોય તો તે આ છે. તમોએ ખાસ ધર્મ બોધ અમને શીખવ્યો છે ત્યમ આપણા પાક મઝબની કેતાબોનાં કલામો છે કે "જે ફરજંદો પોતાનાં મા બાપના કહ્યાસર હોકમમાં રહી તે બુજોર્ગોને જે સુખ આપેછે તે ખુદાતાલાને ખાસ ખુશ કીધા બરાબર છે;" વાસ્તે વ્હાલા બાવાજી, તમો કસી પણ ફીકર કરવાથી દુર રહો. જ્યાંસુધી અમારો દમ હયાત છે ત્યાંસુધી તમારો એક બાળ પણ વાંકો થવા દઈશું નહીજ." પોતાની સ્યાણી દીકરીઓને મોહથી આ દ૮ દીલાશા ને હીમતના સખુનો સાંભળી દસ્તુરજીનો જાન ઘણોજ ખુશાલ થયો. તેણે પાક પરવરદેગારના હજારો હજાર શોકર ગુજારી, બેટીઓને જવાબ દીધો: "શાબાશ, મ્હારી નેક દીકરીઓ, શાબાશ છે તમને, તમારી હીમતના મીઠા સખુનો સાંભળીને આજ હું ફરી નવજવાન બન્યા મીશાલે મ્હારા તન બદનમાં હર્ખ ઉપજ્યાનો, મ્હારી છાતીમાં જોશ ભરાઈ આવેછે. પાક દાદાર હોરમજદ હરેક સબબને ઉભો કરનાર છે, તેમ તેનો ઉપાય પણ તે જેહાનને પાલનારજ કરેછે. હરેક મુશ્કેલ વખ્તે તેનું અજમતી નામ યાદ કરી, તે ઉપર જેણે ભરૂશો રાખ્યો છે તે, તે ભરૂશાની બરખતે પોતાને પાર ઉતારી શકયો છે. મ્હારાં હજાર ગંજની કીંમતનાં બચ્ચાંઓ, એ મીશાલેજ તમો હરદમ કોઈ પણ આવી પડતી મુશ્કેલી વખ્તે તે દાદારનું બરખતી નામ જબાન ઉપર યાદ લાવજો ને આ ફાની જેહાનમાં ઈજત ને અશરાફીથી પાર પડજો." ઉ-

પણ બનાવ બન્યા પછે જોઈ દસ્તુર આસમાન ધવલ, પોતાની પ્યારી દીકરીઓ દીના ને ફીરોજા સાથ સફયાની આંગણામાં બેઠોછે. દીનાએ દેઆયણ માણુકબાઇની સારી ભરવાની લીધી છે તેની તે કોર ભરતી બેઠીછે. ફીરોજાએ ગામના એક શેઠયાના કેખુશરો નામના છોકરાની વર્ષગાંઠનું ઝભલું શીવવાનું લીધુંછે તે ઝભલાનું ગલું સીવતી ત્યાં પોતાના બુજોર્ગ બાપને ઘણાંજ હેતથી જોઈ રીઝવેછે. તેટલાં ત્યાં જેહાંગીરનું કાગલ આવ્યું. તેણે પોતાની કબુલાત મુજબ રૂપ) ના રૂપ૦) મોકળ્યા, તે સાથ દસ્તુરે દેખાડેલી દીલાસોજીનો ઉપકાર માન્યાના ઘણા સુભ વાકયો લખ્યા હતા. નવરોજ નજદીક આવ્યાને ટાંકણે, આ નહી ચીતમાં કે મનમાં, તેટલી નાણાની રકમ આવી લાગ્યાથી ગઈ કાલની સઘલી અફશોશ ફોકટ ગઈ. દીના ને ફીરોજાને વધારે મેહેનતમાં પડવાની વાત માંડી વલાઈ. બુજોર્ગ દસ્તુરને આ અચાનક મલેલી મદદે જોર જોર આવ્યું. તેના મુખ ઉપર રતાસ સાથ નેક આદમીઓની કબુલાતોનો ફીરેસ્તાઈ વીશ્વાસ બેઠો. તેણે પોતાના ઘરનો ખર્ચ લગાર પોતાને, ત્યમ મેહેનત ખેંચતી ને સેવાતી દીકરીઓને, તાકત વધારનારો રાખ્યો. તેણે તર્ત પોતાની બન્ને પૂત્રી સંગાત પરવરદેગારની પાક બંદગીના ગાથા ગાયા.

બંદગી.

મલેકોના મુખત્યાર, આદમના યજદાન તું જેહાન ખીરાજે ॥ ટેક ॥
પવન પાણી પ્રકાશ બક્ષનાર નુરાની તું જ્યાં ત્યાં છે નાઝે ॥ ૧ ॥
સુર્ય ચંદ્ર તારા આકાસ નેમ નીત રચે તું ખલક કાજે ॥ ૨ ॥
અદ્ધર સૃષ્ટી નીચે અદ્ધર ગગન પવન ઉપર ડોળત ગાજે ॥ ૩ ॥
અદ્ધર અવતાર આવજાવ ભેદ અભેદ રૂસ્તમ છે આજે ॥ ૪ ॥

બંદગી.

બળિઆરી તું નૂરે નૂરાન સૃષ્ટી કોટી કોટી આધારા રે ॥
કોટી કોટી કોટી સ્વરૂપ ભરપૂર તું નૂર નીરાકારા રે ॥ ટેક ॥
સુર્ય તું નૂરનું માત્ર કીર્ણ, ચંદ્ર તે કીર્ણની છાંયા રે ॥
તારા છે માત્ર નૂર ઝરણ, આકાસ છે ભાંય તુજ મ્હાળા રે ॥ ૨ ॥
સાગર છે તુંઈ બળ બુંદ, પ્રવત્ત છે માત્ર સીપ માયા રે ॥
મનૂ છે અલ્પ નારા કુંદ, પશુ પંખી કૌતુક આરા રે ॥ ૩ ॥
રૂતૂ રંગીલી તું આદરમાન, હવા આબ બક્ષેશ કાયા રે ॥
છે ઝાડ પાન ફળ ફુલ દાન, કર જોડ બંદા દ્વારા રે ॥ ૪ ॥

નવરોજની સવારના હીંગામને સબબે જરથોસ્તી ઘરેઘર ગીત, ગાયન ને રંગરાગ જામી રહ્યોછે. બુઢાં ને જવાન સઘલાં તે દીનની મૂબારકી ને આમીનીના આશીરવાદમાં ચીકાર છે. દસ્તુરજી પોતે પોતાના ઓહાની ફરજે આદરાનમાં અદના ને આલાની સેવામાં હાજર છે. જેવો જેનો ઈરાદો તેવી તેને નામની ન્યાસ, યસ્ત પઢાયાના હોકમ થાયછે. જેવો જેનો શોખ તેવું શુખડનું પેડચું કે માચી અરદીબેહસ્ત પાદશાહને ચઢવાની ધમાલ રચાયછે. દસ્તુરની દીકરીઓ ઘરમાં પોતાનાં અછાં વસ્ત્ર પેહેરી સાફ કરેલે આંગણે ઈજત ને મઘારતથી ઉભીછે. વળી પોતાના બુર્જેગ પેદર આવે તેને લાયક નાસ્તો મેલવા તથા સગણની સેવ ને શરાબ હાજર કરવાના કામમાં મશગુલ છે. તેવામાં કોઇએ આવી.દસ્તુરની દીકરીઓને સાદ માર્યો. આ વખતે સાદ કોણ મારેછે અને બોલાવનારની મતલબ શું હશે, તે જાણવા વગર, દીના જે શ્યાણ શબુખમાં વધુ કેલવાયલી તેમ હીમતવાન હતી તે, તે સાધ મારનાર સામે ગઈ ને ઉભી તો તેણીએ એક જવાન મરદને જોયો,જેના હાથમાં એક સોહામની બંધ પેટી હતી. પેલા મરદે દીનાને જોતાંજ પોતાના હાથમાંની પેટી તેને આપી તે બોલ્યોઃ "મ્હારા શેઠે આ પેતી દસ્તુરજી સાહેબ આસમાન ધવલ સારૂ મોકલી છે, અને ખાસ અરજ કરી કેહવાડયું છે કે એની ખૂબ સંભાલ રાખવી." હજી તો છેલા બોલો પુરા થાયછે તેટલાંજ પેલો જવાન ત્યાંથી ચાલતો થયો. દીના તે પેટી લઈ ઘરમાં આવી. દસ્તુરજી જ્યારે પોતાના જજમાનોની જેહમતથી ફારેગ થયા, અને ધર્મબોધના માહ કીંમતી કલામોથી કોમના જનોજનથી વખાણ પામી ઘરે આવ્યા ત્યારે દીનાએ પેલી પેટીની હકીકત કહી તે દેખાડી. આ પેટીનો બાહેરનો દેખાવ ઘણોજ સુંદર હોયાથી તેમજ વજને ભારી લાગ્યાથી, તે માહે શું ભરેલું છે તેની ત્યાં બાપ દીકરીઓમાં તરેહવાર અટકલો ચાલી. પેટી બારીકીથી તપાસતાં ત્રણે બાજુ છીદ્ર પાડેલાં જણાયાં અને જો કે તેની ઉપર મ્હોર કરેલી હતી તોપણ દસ્તુરજી તેમજ દીના કે ફીરોજા કોઈ પણ તે ઉકલાવ્યામાં ફાવ્યું નહી. ગમે તે હોય પણ તે પેટી ઉઘાડવાનું દસ્તુર તેમ તેની દીકરીઓનું ખુદરતીજ મન થયું તેથી તે ત્રણે બાપ દીકરીઓએ મળીને પેટી ઘણી સંભાળ તેમ ધીરજથી ઉઘાડી ઉપર બીછાવેલું સપેત કપડું ઉંચકી જોયછે તો આશરે બે માસનું એક ઘણુંજ ખુબસુરત બચ્ચું તેમાં નીર્ભય હાલતે ભર ઉંઘમાં પડયુંછે. આ વાચીત્ર દેખાવ જોતાં ત્રણે જનના હોસપોસ ઉડી ગયા! આખરે ફીરોજા બોલી ઉઠી "આપણે એ બાલકને શું કરીશું?" દીના ઉંઘેલાં બચ્ચાંના નાજુખ ગાલ ઉપર પોતાનો મખમલ શરીખો નરમ દસ્ત ફેરવી હેતથી

બોલી "ખુબસુરત નીર્દોષ બચ્ચાં, ત્હારી માતા કોણ અને ક્યાં હશે? કદાચ હોય પણ નહી! બેન જો, બાવાજી નજર કરો, એ કેવું શાંત પોતાની હાલતથી બેખબર, જાણે પોતાની વ્હાલી માયની ગોદમાં પડયું હોય ત્યમ, નચીંત સુતું છે! સુંદર બચ્ચાં, દાદાર હોરમજદ ત્હારો વાલી થજો. હું તને એક દાયાની મીસાલે માઉજત કરી ઉધારી મોટું કરીશ." દીનાએ આ શબ્દો બોલતાં પોતાની ચશ્મમાંથી આંસુનો રેલો ચલાવ્યો. તે બેગુનાહ બચ્ચાંને દસ્તુરજી પોતાના હાથમાં લઈ દીના તરફ ફરીને બોલ્યા "બેટા, તું આ નાવારસ બચ્ચાંની મા થા. તે બારેતાલા આપણી તપાસ કરેછે. અરે, ના. ખુદા આપણો હેવાલ જાણેછે, તેથી આ નાવારસ ફીરેસ્તો આપણા મકાન ઉપર મોકલ્યોછે. એ વાતમાં કોઈ જુદો ભરમ સમાયલો હું જોવુંછું. એ ભરમ તે ગેબના શાહેબને ખબર છે." દસ્તુરે તે બચ્ચાંને પોતાના હાથમાં ધરેલું હતું, તેવામાં ફીરોજાએ તે પેટીમાં એક પડીકું જોયું. આ પડીકું ઘણીજ આતુર્તા ને ખુશાલીથી ઊંચકી લેવામાં આવ્યું, તો તેમાં વીશ અશરફી અને એક બીડેલું પત્ર હતું! પત્રમાં આ લખ્યું હતું: 'તમારા દયાલુ દીલ ને પરોપકાર ઉપર પુરતોજ વીશ્વાસ રાખીને આ ખુબસુરત બચ્ચાંનાં કમનશીબ મા બાપ તેને તમારા હવાલામાં આપેછે. એ બચ્ચાંને વીહલું મેલશો ના. વખત આવવેથી અમો તમારી હજુરમાં જાહેર થઈ અમારાં અંતઃકરણનો આભાર જણાવીશું. જોકે અમો તમારા મકાનથી ઘણાં દુર રહીે છૈયે તોપણ તમો તરફની તમારી સર્વે હીલચાલ ઉપર નેઘાહ રાખીશું. એ બચ્ચાંનું નામ નોશીરવાન પાડેલું છે. એની પરવરેશનાં જોઈતાં નાણા આ સાથ છે, અને એટલી રકમ ત્રણ માસીક તમને મલતી જશે. બનતાં લગી અમારાં બચ્ચાંને ઠીક માફિજત લઈ ઉછેરવામાં કસી કસુર રાખતા ના. તમારી દીકરી દીના એ બચ્ચાંની પરવરેશ કરવાને વધારે યોગ્ય છે."

દસ્તુરે આ લખાણ ને હરફ પીછાનવા તે વાંચ્યા પછી ઘણી પણ પોતાની યાદદાસ્તને તજદી આપી; પણ તેની ઓલખ પીછાણવાલાઓમાં એક પણ તેના ધ્યાનમાં આવ્યો નહી કે જેણે આ કાગળ તથા બાળક મોકલ્યું હોય. બચ્ચું ગમે તેણે મોકલ્યું હોય ને પત્ર ગમે તેણે લખ્યું હોય, પણ દસ્તુરની સઘળી મુશ્કેલી ટલી. બેસ્તાં નવાં શાલથી આ નવાઈ જેવા બનાવથી આશાની શીરૂ થઈ. પૈસાની રેલછેલ થયાથી જૈફીના વખતમાં દસ્તુરજીને કસી ચીંતા કે જંજાળ રહી નહી. પટેલ આશાજીના લખ્યા પ્રમાણે આદરાનનો નવો દસ્તુર આવી લાગ્યો, જેને તે જૈફ દસ્તુરે ત્યાંનો કારોબાર સ્વાધીન આપ્યો. દસ્તુર આસમાન ધવલને સરથી, ગામની જ-

રથોસ્તી અનજુમનની જંજાલ ઉતરવાથી, તે ચેનમાં રેહવા લાગ્યો. તે પોતાની ડાહી ને શલુખ શ્યાણ ભરેલી દીકરીઓની પાસે રહી પોતાના પવિત્ર વિચાર ને બોધનો વરસાત વરસાવા લાગ્યો. દીના નોશીરવાનની દાયા થઈને તેની ઘણાજ પ્યારથી માવજત કરવા લાગી. તે બચ્ચાંને જરા પણ વીલો ના મેલતાં, હરદમ તેને પોતાને ગલે વળગાવી ઉછેરવા લાગી. તે બચ્ચાંને રાત્રે કે દીવસે લગારે રડવા કે છેરાવા દેતી નહી. એ રીતે ખરી માતાના તરીકાથી દીના તે બચ્ચાંની ચાકરી કરવા પડી. પીરોજા ઘરનો તમામ કારોબાર કરવા લાગી. દસ્તુર રાત્ર દીવસ બારેતાલાની બંદગીમાં મચ્યો રેહતો અને ભર જેપ્રીમાં જે અચાનક હોરમતમાં ગુજરવાની જોગવાઈ થઈ, તેના હજારો હજાર શોકર ગુજારવા લાગ્યો; તોપણ બચ્ચું કોણનું? લાવનાર કોણ? મા બાપ કેઈ કીસમનાં? વગેરે વાત જોકે અંધારામાં રહી હતી તોપણ ભલા દસ્તુરના મનથી તે લગાર પણ ખસ્તી ન હતી.

એક દીવસ સમીસાંજનો વખ્ત થયોછે. દીના નોશીરવાનને લઈ બારી આગળ બેઠીછે. દસ્તુર તેપાસ એક માચી ઉપર બેઠા બેઠા જંદના પવિત્ર ગાથા પઢેછે. પીરોજા પોતાના આખા દહાડાના કામથી ફારેગ થઇ ત્યાં ખુશી ઉપજાવતાં ગીતના શરોદો તાણેછે. અસ્ત પામતા સુરજનાં કીરણો પોતાના સુનેરી રંગથી ઘરમાંના જુજવી પણ સફાઈદાર સામાણ ઉપર તેજ પાંથરેછે, એટલામાં—દીના 'તે આવેછ તે આવેછ' એ શબ્દો બોલી બેહોશ થઈ. આ બનાવ દસ્તુર તથા પીરોજા સમજ્યાં નહી. પીરોજાએ તર્ત બેહોશ થયલી દીનાના ખોલામાંથી નોશીરવાનને ઊંચકી લીધો. દસ્તુરે પોતાની વ્હાલી દીકરીને, શીતાબ બંદગી મેલી દેઈ, હોશ્યાર કરવાના ઉપાય કસ્યા. હોશમાં આવી ત્યારે પેલા 'તે આવેછ.' એ શબ્દો બબડવાનું ત્યમ બેહોશ થયાનું કારણ પુછેછે; તેટલાં તો જેહાંગીર ઓરડામાં આવી પાસેજ ઉભો. આ વખ્તે જેહાંગીરે પોતાના આગળા લીબારાને બદલે પોતાનો દેશાઇગરી દરબ્જાનો લીબાશ પેહર્યો હતો. આગળ તો તે માત્ર એક મુસાફર આવ્યો હતો પણ આ વખ્ત તો તે પોતાના અમલદારી દરબ્જાના ઠાઠમાઠમાં બીરાજતો હતો. દસ્તુરે, ત્યમ તેની બન્ને બેટીઓએ, તેનો ઘટતો આદર સત્કાર કસ્યો. દસ્તુરજી તે સાથ વાતે વળગ્યા. દસ્તુરજી સાથની તેની વાતચીત ઉપરથી માલમ પડ્યું કે આ વખ્તે તે સાથ એક દેશાઈ તથા દેસાયણ હતાં. જેઓને તે આદરાનમાં મેલી આવ્યો હતો. દસ્તુરે તેને આગ્રહ કસ્યાથી તે પોતાના રફીકોને ત્યાં તેડી લાવ્યો, જેઓ આવતાંવારમાં નોશીરવાનનીજ આગળ દોડયાં અને તેને ગલે વલગાવી ચુમી લેવા લાગ્યાં. આ બનાવથી દસ્તુર સાહેબ બેહદ ગભરાયા. તે જોઈ જેહાંગીર

ધીરજથી બોલ્યો "દસ્તુર શાહેબ, હું સાદો જેહાંગીર નથી પણ હું આ રાજ્યનો દેશાઇ જેહાંગીર છું. મ્હારા બાપ મોટા દેશાઇના મોતથી મને એ મ્હારા વંશનો એતાબ મળ્યોછે, પણ મ્હારા બાપની વસ્યતનામાની ચોકસ શાકમંદ કલમને સબબ, મને ત્યમ મ્હારાં બેનને અમારા કાકાએ અમારી વાજબી મીલકતો ત્યમ હક ને દેશાઇગીરીના દાવાથી બેનશીબ રાખ્યાં હતાં; જેથી અમોએ અત્યારલગી અમારાં માયજીએ આપેલી દોલત ઉપર નીભાવ કર્યો હતો. આ મ્હારાં બેનને હમારા કાકાથી ઘણુંજ દુખ ને આફત વેઠવી પડીછે. કારણ વસ્યતનામાની રૂએ તેઓનો તે વાલી હતો. તે પોતાના એક જીવલગ દોસ્ત સાથ એની શાદી કરવા ચાહતો હતો; એથી ઉલટું મ્હારી બેન દેસાઇ તહેમુરસ સાથ પરણવાને રાજી હતી. દેશાઇ તહેમુરસના બાપની મરજી એ લગ્ન કરવાની ન હતી. મ્હારા કાકા ને તહેમુરસના બાપને નોશીરવાનનો જન્મ થયાની ખબર નહી હતી; તેથીજ નોશીરવાનનો જન્મ છુપો રાખવા સારૂ તમારે હવાલે કર્યામાં આવ્યો હતો. હાલ તે જીકર મટી ગઇછે. અનજુમને અમારી તરફેન ખેંચીને અમારા હક અપાવ્યાછે. અમારા તમામ દાવા, હક, ઇલાકા ને દરજ્જા અમોને સ્વાધીન થયાછે. તહેમુરસે મ્હારી બેન સાથ પોતાની થયલી શાદી જાહેર કરીને અનજુમનને તે ખુશાલીની ભ્યાફત આપીછે. અમો અમારી મુરાદ પામ્યાં તેથી નોશીરવાનને લેવા આવ્યાં છૈયે." દેશાઇ જેહાંગીરના ઉપલા ખુલાશા ઉપરથી વાંચનાર પામ્યા હશે કે એક વખત પેલો મુસાફર અવતારે દસ્તુરજીની મુલાકાતે આવેલો જેહાંગીર કોઇજ નહી પણ મોટા દેશાઇ બેહરામશાહનો દીલાવર ને દાતાર બેટો જેહાંગીર અને તે પેલાં બચ્ચાંનો મામો હતો. જે ઓરત ને મરદે આવીને દસ્તુરજીની અજાયબીમાં નોશીરવાનને ચુમીઓ લેવા માંડી હતી, તેઓ તે બચ્ચાંનાં માબાપ હતાં. ટુંકમાં કહીએ તો ભલા દસ્તુરજીની તમામ મુશકેલ આશાન થઇ. દીના ને જેહાંગીરનાં લગ્ન થયાં. ફીરોજા પણ એક મોટા દેશાઇના વારસ સાથ સેજ દીવસમાં પરણી. બન્ને ડાહી દસ્તુરજાયીઓ સુખી થઇ અને જેકુ દસ્તુર આસમાન ધવલ, પારસી કોમના મોટા આતસબેહરામ પાદશાહના સમસત જરથોસ્તી અનજુમનના એકમતે દસ્તુરાંન દસ્તુર નેમાઇ, હીંદની તમામ જરથોસ્તી આલમના તમામ દસ્તુરોના દસ્તુરનો એલકાબ પામ્યા.

કાસીની ચાંદા ને સોરઠનો રણસીંહ.

શ્રી કાસીના માહરાજાને ત્યાં દસેરાની સવારમાં રણસીંહે નગારાને દંકુકો લગાવ્યો, તે અવાજે માહરાજાએ તેને આવકાર દીધો. મલવાનું કારણ પુછવામાં તે બોલ્યો "હું શીપાઇ બચ્ચો છું અને શુરવીર માહરાજાની નોકરી ચાહુંછું. આજ દસેરા જેવા આનંદમય ને સુકન આપતા દીવસે શ્રી કાસી આવ્યો તો પછે મને આપની દરબારમાં નોકરી મેલવવાને ઇચ્છા થઇ." માહરાજા અનુભવી હતો, તે તેની બોલવાની ઢબ, તેની બેદરકારીનો તોર અને તેનો પટલો પણ પેહલવાન બાંધો, એથી તેણે થોડાવાર અવલોકણ કરી પુછયું "દરમાયો શું રાખશો ? તે મુઆફેક ખજાણચીને હોકમ લખી રૂકો સ્વાધીન દેઉં." "દરમાયાની હાલ જરૂર નથી. હાલ તો મેં દ્વારરખથી સાંભળ્યુંછે કે આપની રાજપુત્રીનો આજ સ્વયંવર થનાર છે. ખંડણીઆ તેમ સ્વતંત્ર રાજાઓ એ સ્વયંવરમાં આવનાર છે. તો એ ટાણું વહી ગયા પછે આપને મારી ઇચ્છા જણાવીશ. મ્હારો ઉતારો ચંપા માલણની દેવરીમાં છે. આપને જરૂરને વખત હાજર છું." માહરાજા આ રૂઢીથી લગાર આશ્ચર્ય થયા. માહરાજા થોડાવાર વીચાર કરી તેને બોલ્યા કે "સીપાઇ,તારૂં નામ શું?" "આપનો રણસીંહ." આ સાંભલી ફરી માહરાજાએ પુછયું "તું કટારદાવ શીખ્યોછે?" જવાબમાં રણસીંહે કહ્યું "છેલી વખત સોરઠમાં મેં કટારદાવ જીત્યો હતો અને મેવાડના માનસીંહને શેહ દીધી હતી." "શું માનસીંહ તારી હેઠો ગયો?" "હા માહરાજ." "તો તું કોઇ રાજબીજ છે?" "માહરાજ, મારૂં નામ રણસીંહ છે. કોઇ રણસીંહ નામ આજ ભતખંડમાં રાજવંશી આપના સાંભળ્યામાં આવ્યું છે?" માહરાજા બોલ્યા "મને તે સાંભરતું નથી."

દસને અમલે દસેરાનો સ્વયંવર મચ્યો. મેવાડ, પાટણ, જોધપુર, ઉદેપુર, જેસલમેર વગેરે રાજ્યના યુવરાજો હાજર હતા. દખણના પણ રાજકુમારો તેમ અછા વખણાયલા માહન જુદ્ધાઓએ પોતાની બેઠક લીધી હતી. માહરાજા વચોવચ્ચ સોભાયમાન સીંહાસને બીરાજ્યા હતા. તેમની એકની એક રાજકુવરી ચાંદા જમણી બાજુ નાના કનક સીંહાસન ઉપર

ખીરાજી હતી. વખત થયો કે કટારદાવ સરૂ થયો. જેની કટારી સંધી કટાર ઉપર વધીને તથા સઘલીને ચુમ્બન કરતી રાજકુવરીને ખોલે આવી આબાદ એવી રીતે પડે કે હાડો હેડો ને પાણું ઉપર તો તેને શ્રી કાસીની રાજકુવરી વરે. આ ખેલ મચ્યો. સઘલી કટારી શેહ ખાતી માલિકને ખોલે ફરી જઈ પડતાં માનસીંહની કટારી હવામાં એખલી ઘુમી રહીછે, તેટલાં રણસીંહ ઘોડેથી કુદીને કટારી ફેંકતો તે સ્વયંવરમાં હાજર થયો. બેઠક ખાલી નથી એટલે ઉભોછે, અને પોતાની બાજી ઉપર માનસીંહ જે બાજી લે છે તે પ-ટોપટ હટાવતો, એવી સીફતથી ત્યાં તે કટારદાવ ખેલેછે કે કરાર માફક તે ચાંદાને ખોલે જઈ પડેછે, તેવી તે રાજપુત્રી રણસીંહને આલીંગન કરી સ્વા-મીરાજ બોલાવી માન'દે છે! દાસીઓએ કંકુ, ચોખા, પુષ્પ ને જરજવે-રથી તે બંન્નેને વધાવી લીધાંછે. માહરાજા આ મામલાથી ખીન્ન થઇ ગ-યોછે. તેના મોહનું નુર ઝાંખુ મારયુંછે. સ્વયંવર છક થઇ ગયો કે "આ અજાણ સ્વારે આવીને આપણને લાજમાં નાખ્યાછે." માહરાજાએ રણ-સીંહનો તીરસ્કાર કર્યો "ઓ શીપાઈ, તેં બેઅદબી કરી તેની શીક્ષા થવી જોઇએ, ત્હારૂં સારૂં માગે તો તરત આ દરબાર છોડી નીસરી જા. ત્હારી બેઅદબીની હદ રહી નથી તેથી મારા યુદ્ધાઓ ત્હારી ખબર લેશે!"

રણસીંહે તીખા મીજાજથી માહરાજાને જણાવ્યું "આ દરબારમાં તો મ્હારો હરીફ કોઇ નથી. પણ સારા ભરતખંડમાં પણ એવો કોણ છે કે આ બાજુના બળનો સપાટો ઝીલે? આ સ્વયંવરમાં હું રાજકુવરીને હરણ કરી ગયોછું, તે મ્હારી ખુબસુરતી કરતાં વધુ તો માત્ર બળને જોરે ફાવ્યો છું. આ કટાર મેં સભામાં મેલી છે. જોઇએ તે તેનું મરપાણું લઈને મ્હારી સ-નમુખ આવે અગર તે મ્હારી બાજી ઝીલીને પોતાને બચાવી શકે તો બસ તેટલાંથી હું રાજી થયલો આ દરબારને તજી જઇશ. માહરાજાએ ખુશી-માં આવે તેમ મ્હારી ચાંદાનો ફડચો કરવો. હું જોગી જીંદગીમાં મ્હારો બાકીનો કાળ કોઈ પ્રવત્ત ઉપર ગાળીશ." ચાંદા રણસીંહની યુદ્ધકળા સાથ તેની જબાનની શ્રેષ્ઠ કળાની માહીતી પામી, ત્યારે તે પોતાને મલેલા આ બળ્યા સ્વામી માટે મનમાં ઇશ્વરનો પાડ માનવા લાગી. થોડીવાર તો આ આનંદમાં ગુલતાન થનારાં મનને મારી શકી પણ પછે વધુ તે હાલતે રે-હેવાને માહ કષ્ટ ખમતાં પણ રાજપુત્રીનો પ્રેમ તે દરબારમાં રણસીંહની તરફેન જાહેર થયો. તરત તે ચીકાર દરબારમાં તેણીએ એક બેસુલાં મુ-ક્તાનો હાર, ફરી રણસીંહને ભેટી પડી, ગળામાં પેહાર્યો અને પોતાના પીતા તરફ જોઈ બોલી "બાપા, હું રણસીંહને વરીછું. જોકે આ દરબારમાં મા-હાન જોદ્ધાઓની ઠઠ મલીછે પણ તેમાં રણસીંહનો મુખરો મારા કુળને લા-

યક છે. આજલગીની બેસુમાર બક્ષેલી અમુલ્ય પ્રીતીમાં આ એક અમુલ્ય પ્રીતી ને નવાજેશનો વધારો કરો. મારા પ્રાણ રક્ષક બાપા, મને કોટી ખજાણાની બક્ષેસ કરતાં રણસીંહ વધારે કીંમતી થઈ પડશે, કારણ સતીનું વચન ને સત જલવાશે."

માહરાજા પોતાની પુત્રીની આ નવીન ચાલથી જેમ રાજી થયો નહી તેમ દરબારમાં પણ રણસીંહનો કોઈ હરીફ નહી જણાયાથી તે દીલગીર હતો. તેવામાં કચ્છના પ્રખ્યાત તેજ ચાવડાનો ન્હાનો રાજકુમાર બાહેર નીકલી આવ્યો. તે રણસીંહને ટગર ટગર જોઇ રહ્યા પછે દ્રઢતાથી બોલ્યો "ઓ શીપાઈ, આજ હું ત્હારી હરીફાઈ લાયક ઉમરે પોંહચ્યો નથી ને હજી બાળક છું, પણ હું મારા વંશની કીરતીના સપત લઊંછું કે મારી વયે પોંહચ્યા પછે પેહેલું કામ તારી ખબર લેવાનું કરીશ. સારા ભરતખંડમાં તને ઢુંડીને આ કાસીના માહરાજા જેમની બલી દરબારમાં મને યુદ્ધ કેલવણી મલેછે, તેમનો કીનો હું લીધા વના રહીશ નહીં. તારી કટારનું હું મરપાણું લઊંછું." એટલું બોલતાંજ કે તેણે પોતાની શીરોઇનો છેડો કટાર સાથ ભરીને તે હદે તેનો કટકો સેજ જુદો કરી લઈ પોતાની કમરમાં ખેસ્યો. ન્હાનાની ઉમર આ વેળા ચોદ વર્ષની હતી, તેની મુખ્યચર્યા, માહ બળીઆની છાતી ઉપર પાષાણ પછાડે તેવી, ત્રાસી હોઇને તેનો બાંધો એવો ષઠ વીકાળ ધીકતો કે રાક્ષસ જેવાની હામ ચાલે નહી. રણસીંહ આ હરીફને માનપુર્વક નમ્યો, અને ઘટતી તાજીમથી દરબારને બેદરકાર પણ ગંભીર મને કેહતો હોય તેમ ન્હાના તરફ જોયું ના જોયા સમ કોઇ અચ્છા ચતુર રાજવંશીને છાજે તેમ બોલ્યો "મને જેઓએ કાંઈ પણ કામ માટે મળવું હોય તેઓએ સુખે સોરઠના ગઢનો દરવાજો ઠોકવો. સારી ભરતખંડ ઢુંડવાની કસી જરૂર નથી. સોરઠનો યુવરાજ રણસીંહ કોઈપણ લાયક લડવઈઆની ખાયસ પુરી પાડવાને ના પાડશે નહીં." એટલું બોલી તે માહરાજાને ઘટતું આદરમાન દઈ દરબારને નમતાં પોતાને ઘોડે સ્વાર થતોજ કે યાહુમ નીકળી ચાલ્યો. "સોરઠનો રાજકુમાર રણસીંહ !" એ શબ્દો તે દરબારમાં દરેક દરબારીને ઠઠડાવતો, માહરાજાને અજાએબીમાં ગરક કરી રહ્યોછે, તેવામાં ચાંદા બાપાની રજા લેવા સોળેશીંગારમાં નહી પણ કેવળ જોગણ અવતાર સાદાં લુંગડામાં હાજર થઈ. તે દરબારને ઘટતું માન દઈ, માહરાજાને કુનસ બજાવી રજા લેવા ઉભી. માહરાજા સ્તબ્ધ હાલતમાંજ રહ્યા. ન્હાનાએ રાજકુવરી આગળ આવીને આસીરવાદ દીધા "મારી પદ્મની ચાંદા, તું ત્હારા સ્વામી સાથ અમર સુખ પામજો."

જેમ ગુલાબની કળી ખીલીને ભરજોબન મોટું ગુલાબનું ફુલ બની

માલણની તારા જેવી આંખ્યોમાં પ્રેમ ઉછળાવે, તેમ ન્હાનો પોતાની બાળક અવસ્થામાં ચાંદાને જોવા લાગો. ન્હાનાને જોઇ ચાંદાના પાપણે પાપણ અંગારા પ્રગટ્યા. રાજપુત્રી બોલી "ઓ કીર્તીમાન ચાવડાના બાળ કુવર, તારી જબાન મારા સ્વામીને કાનો કહી સંભળાવ્યા પછે મારી ઉપર કેમ આશીરવાદ વરસાવાને બાહેર પડી? સ્વયંવરમાં સંધાની સામર્થ શક્તિમાં તે તેમનો ગુરૂ જણાયથી અને મને મારા માહરાજા બાપાની આજ્ઞા હોયાથી મને ભાવતો સ્વામી પસંદ કરવામાં અગર મારા બાપાની નારાજી મારા સ્વામી ઉપર ઉતરી તો તારે તેમાં શું લાગતું હતું કે મારા બળીઆ સ્વામીને તેં એક સુંદર બાલક થઇને દૈત્યની ચાલ બતાવી દીધી? મ્હારો સ્વામી ગમે એવો તુચ્છ દેખાયો પણ તારે તારી નાદાન વયમાં આ રીતની ગેરરાજવંશી વર્તણુક ચલાવવા સારૂ મારી તારી ઉપર થયલી હજારો માયા દયાનો કાંઇ ખ્યાલ કરવો હતો. ખેર, બનનારી તે બની અને જેમ હું મારી રાણી માતાથી સાંભળતી આવી હતી તેમ કીર્તીમાન ચાવડાના વંશની હાલી હટ ને સોરઠના રાજવંશનો ગર્વ બંનેની હરીફઇમાં કચ્છ ને સોરઠના રાજવંશ નીવંશ થશે. અને તે અનર્થ તારા સર ઉપર, જેમ રાહુના સર ઉપર સુરજ ચંદર વીયોગ પાડવાનો દોષ ચોંટયોછે તેમ ચોંટશે. ન્હાના, હવે તું તારી સુરત આજથી, આ પલથી હું સોરઠની થયલી ચાંદાને દેખાડીશ નહી. મારો તારી ઉપર અભાવ છે. તે જ્યારે તું ઉમરે પોહોંચસે ત્યારે સમજવાને શકતીવાન થશે." સોરઠની ચાંદાના આ શબ્દોથી ન્હાનો વીચારમાં ગરક થયો પણ થોડીવાર ગઈ નહી તેટલાં તે બોલ્યો "આ શુરાઓની કુમક જે શીરોઈ, તેના સમ ખાઇશ કે તેં ન્હાનાને કહ્યું તેમાં લેશ માત્ર બક્ષીસ નહી? શું હું ચાવડા વંશનો ન્હાનો હાજર ને એક પરદેશી જેવો સીપાઈ પરદેશી માફક નોકરીની તલાશ કરી રહેલો માહરાજાની કીરતી લુટીને તેને હીણું લગાડવામાહે ફાવી જાય? કોઈ રાજ્યના રાજકુમાર તરીકે આ સ્વયંવરમાં કેમ ના પોતાનું ઈનામ ઝડપ્યું? હુંતો હજી ન્હાનો બાલક ચાવડો છું, પણ શું જે રાજાની દરબારમાં મ્હારા માહરાજા બાપાએ મને રાજ્યલાયક કેળવણી લેવા મોકલેલો તે રાજ દરબારમાં આણીપર ઠીક આવે ત્યારે માહરાજાને ખુલ્લી રીતે થતું અપમાન હું સાંખી રહું? રણસીંહ શું પણ રણસીંહ જેવા હજાર પણ મારા ઉસ્તાદ જેવા માહરાજાની હજુર એક શબ્દ બડાઇનો બોલે તો હું આ શીરોઇની મ્યાન સદાની ફેંકી દેઉં! છતાં મેં રણસીંહના શબ્દો, તેજસ્વી ભણકાર હદ બાહેર ગયા નહી ત્યાં તલગ અને મેં ઉમરે પોંહોંચ્યા તલગ તેને બડાઇ કરતો અટકાવ્યો; તેમાં મ્હારી બા, મેં વ્હારી ઉપર, વ્હારી મારી ઉપર થયલી હજારો દયામયાનો બદલો ન-

વાળ્યોછે. મને ઉમરે પોહોંચતાં સાત વર્ષ જોઈયે, તેટલાં તો સોરઠ રાજ મોહોલ કોણને ખબર છે કે અછા રાજવંશ પરીવારથી નહી પુરાશે? મ્હારે જે કટારે પોતાના ધણીને ભરતખંડમાં જોડીઓ દેખાડયો નહી તે કટારનું તે કરતાં પાંચ ઘણી કદાવર ને લાંબી તેજ તલવારના કેમ કટકા થતાં મ-રપાણું લેવાયછે તે દેખાડીને તેનો ગર્વ હેઠો નાખ્યોછે. બાકી હું એક કીં-કર છું. ઈશ્વરની બનાવટે તે કીંકરને આજના સમાન ઘાટ બક્ષ્યોછે. પાંચ પંદર વર્ષ તે ઘાટ પોતાની હોનેહારી બજાવી જોઈ ફરીને ત્યાંથી કીંકર સ-માન જવાને મશાન કબુલશે. બા, મને એ હરીફાઈ કાંઈ ફીનો નથી પણ બળની શરસાઇ છે. માહરાજાની દરબારમાંજ રણસીંહનો હરીફ છે. આખી ભરતખંડ આપણને શું કરવી છે? આપણે આપણા ઘર આગળનીજ વાત કરીને આપણી જીંદગાનીના પાણીની તપાસ કરીએ એટલે થયું." આ ન્હાનાની જીભ ઉપર ચાંદા માનથી જોઇ રહી. ન્હાનાની મતલબ ને ટે-કની તેને ખબર પડી. તેથી તે પણ પોતાના સ્વામી માફક ન્હાનાને એક અછા શૂરા રાજબીજ સમાન જોઇને વધુ સવાલ જવાબની હાલતમાં આ-વવાથી મોકુફ થઈ. તેટલાં માહરાજાએ પોતાની પુત્રીને આસીરવાદ દીધા:– "અજાણતાં રણસીંહને જે મ્હારેથી બોલાયુંછે તેનો દોષ માનીશ નહી. જા, બેટા, તું સ્વામી સંગાતે જઇ સુખી થા." કે નવધાર આંસુ સાથ ચાંદા ઉઠી અને એક માનીતી સાંઢણી ઉપર પોતાની ખાસ બે દાસીઓ સંગાતે શ્રી કાસીથી સોરઠ વીદાય થઈ.

ઠાલા આસીરવાદમાં ગરક ચાંદા પોતાના બાપા માહરાજાની ગેરદ-તરાજીનો ખ્યાલ મનમાં અવલોકન કરતી સાંઢણી ઉપર બેઠી છે. તેની જ-મણી ડાબી બંધે બાજુ તેની બે માનીતી દાસીઓ નીચી ડોક ને ડોળાથી દલગીર જેવી અરધી જુકતી જાગતી હાલતે છે. જેમ પોતાના વદન ઉપર આભુષણ નથી તેમ દાસીઓ પણ વેરાગને વરી છે. જાણે વેરાગ ને શોક, ભૈરવીની સુરતીનું ચીત્ર ચાંદાને બનાવી દઈ તે રૂતુના લાડકા વખતને અ-ર્પણ કરવાને આતુર હોયની એમ રાજપાટના ઠાઠમાટ, શોકમાં બદલાઈ જઈ ચાંદાને નવી જાતની સુરતી કરવાને લલચાયાછે. તેને ટેકો આપવાને ચાંદા પોતાની બન્ને દાસીઓ સાથ રાજી હોય એમ ઉતરેલાં મોહથી વી-ચારમાં પડીછે. તે મનમાં આકુળ વ્યાકુળ થઇને પોતાના પીતાની ચાલ પસંદ કરતી હોય નહી એ અભાવે છે:—

"શું શ્રી કાસીના માહરાજાને તેની એકની એક રાજપુત્રીને બે સાદા શબ્દોના આશીરવાદ શીવાય બીજું કાંઈ નજરાણું કરવાને બન્યું નહી? આજ લગી હું રાજમોહોલ ને રાભ્યાભુષણોના શીંગાર ને રૂપમાં ગરકાવ,

તે વખતે મને આ વર્તણુકને કાંઈ ભાસ હતે તો પછે આજ રણસીંહ જેવા જુદ્ધાના મનને વસ કરવાને કેમ જાહેર હામ ખીડતે? હાય, મારો તીરસ્કાર થયો. મ્હારો તીરસ્કાર મ્હારી સ્વદેશ ભુમીએ કર્યો, મ્હારો તીરસ્કાર મ્હારી પ્રજાએ કર્યો, મ્હારી પવીત્ર રાજ દરબારે કર્યો, મ્હારા પોતાના માહરાજા બાપાએ કર્યો! અરે આજ મ્હારી માતા જીવતી હતે તો સાસરીએ મારી પધરામણી,લક્ષ જુદ્ધા ને લક્ષ તરેહની પહેરામણી ને રીતથી થઈ હતે. અરે મારી માતા, તારી જગો મારા પીતાએ પુરીછે એમ માનવામાં મેં ભુલ કરી હતી તે હું આજ કબુલ કરૂંછું. અરે પંખી વટીક પોતાના લગ્ન દીવસની મજેમાં ઔર સુખ માનવાને સાંધણ સાંધેછે, પણ હું શ્રી કાસીના માહરાજાની એકની એક રાજકુવરી છતાં નગન વદન ને શોકાતુર મન સીવાય મારા સ્વામીને શું બક્ષીસ? આજ દસેરાનો ઓછવ, ગરીબમાં ગરીબ પોતાની ઝુપડીમાં મોજના મહીમામાં મસ્ત હશે, પણ હું આજ જંગળનું ધુળારૂં ને શોકાતુર મન, દીલગીર દાસી અને અપમાને બળી તપેલ સ્વામી પામીશ્છું. અરે મારા અંગને કોઈ જોતાં કહી શકસે કે મારો આજ લગ્ન ઓત્સવ થયો? કોઈ અટકલી શકસે કે આજ હું જેવી દીલગીર ને વેરાગણ છું તેવીજ ભાગ્યશાલી ને સોવાસણ છું? અરે જીવ, તને જ્યારે રણસીંહ જેવો શુરો સ્વામી મળ્યોછે ત્યારે બીજાની શી દરકાર? મ્હારા પીતાએ અગર પોતાની પ્રીતી પોતાની પુત્રી ઉપરથી ઉતારી ભુલ કરી હોય તોપણ મ્હારે મ્હારા પીતાને જેવી પ્રીતી નવાજી પુત્રીપણુ જાલવતી હતી, તે હેત પ્રીત સદા પાકું રાખવુંજ. મને અમુલાં આભુષણ મળ્યાં નથી પણ અમુલી કેળવણી મલીછે, અમુલો સત્કાર મળ્યો છે અને આ પૃથ્વી માહે રેહવાને મન થાય, એવો અમુલ્ય પ્રાણપ્રીય સ્વામી મળ્યોછે; તો પછે મારી ફરજ ને જાતી બન્ને પોતાના અસલ રૂપમાં નહી રહે તો કયો પ્રાણ હામ ભીડશે કે હું તે પહેલાંની શ્રી કાસીની રાજકુવરી સતી ચાંદા છું."

સાંયકાળ થઈછે. સાંઢણી લગોલગ ૧૦૦ ઉપર પાકા કોસ ચાલી રહીછે. તોપણ થાકની કસીપણ નીશાન દેખાતી નથી. રણસીંહ પોતાને લાયક અશ્વ ઉપર સ્વાર થયોછે પણ તે પોતાના પાણીનો આંકો આવેલો જણાવ્યા થાને ટેકેલ મરણ પામવા લગી ધણીની નોકરી બજાવા ચાહેછે; પણ રણસીંહ તેવાં કીંમતી જનાવરનો ભોગ આપવાને રાજી નથી. તે તરત જીન ઉપરથી ઉછળતોજ કે કુદી પડયો. આ જગ્યે એક જુનો તળાવ હતો. પાસ તરૂછાંયાની ચીત્રામણ ભુમીને મન લલચાવનારી દાખવતાં વીસામા માટે કોઈ પણ માનવીને મંછા ઉપજાવે. હરીહરાંઈ પણ આ જગ્યો તળાવના સંયોગે આનંદકારક હતી. વળી થોડેક છેટે આંબાની કુંજ વીશાળ

રીતે પોતામાં ચંડોલનું મોટું લશકર માલાની છાવણી કરી પડ્યા દેવાને સામર્થ, એટલે જ્યારે પણ સંધ્યાકાળની વેળા થઇ કે રાગણીઓ નવીન નવીન કળાથી ધુમતી. આ રીતે મનહરણ છાંયામાં રણસીંહે ઉતારો લીધો. તેણે પોતાનું જીન ઘોડેથી ઉતારીને પોતાનું આસન કર્યું, તેટલાં સાંઢણી આવી કે તરત દોડી પોંહોચી પદ્મની ચાંદાને પુષ્પ સમ એક કર ઉઠાવી લઈ બીજે કર દાસીઓને ઉતરવાને ટેકો દીધો. પછે સાંઢણીની ગાદી લઇને પોતા સામે મુકી તે ઉપર પોતાની પ્રેમદાને બેસાડી. ચાંદા રજપુતગીરી ઠપ બજાવી બેઠી. રમણીય સંધ્યાકાલ પણ એક વેરાગણ જેવી, તેમાં વેરાગણ જેવા પ્રેલી એકાંત છાંયાવાલી જગા, સાથ વેરાગણ જેવી બનેલી ચાંદા, પોતાની વેરાગણ દાસીઓ સંગાત ત્યાં વેરાગ લઈ, વેરાગ મચાવી વેરાગ ગાતા વેરાગી ચંડોલોના વીસામા હેઠે બેઠી. તેણીની વેરાગ સંગ પ્રેમે ભિલાયલી નેના, કાલી ભૃગુટીના છત્રે ઢંકાઈ પોતાના ઉદાસ સ્વામીને જોઈ હર્ષ પામી રહી હતી. તેણીના ગોરા વદનમાં આ સમય ગોરી રાગણી ઉછલી. રણસીંહ પોતા માટે કુસંબો પાણી તૈયાર કરેછે. વળી દાસી સુખડીનો ચપુ ખોલેછે; બીજી દાસી તે જગો ઉગેલા વૃક્ષ ઉપરથી મધુરાં લીંબુ હીલવી પાડેછે. તે તાજા લીલા રસથી ભરેલાં એવાં તો ખીલેલાં છે કે ચાંદા તે જોઇ લજવાયછે. તે લાજથી પણ હસતાં મુખે પોતાની ગાયન કળાની ચાતુરી ત્યાં અજમાવેછે. સોહામણી સાંયકાલની શૂરભેર ગોરી ધુમે છેઃ—

બોલેછ મન આનંદ હાં, પીયા પ્રાણ કુરબાની. ॥ ટેક ॥
કોઇએ માણુક લુટ ચલાવી, કોઈએ જોબન જુવાની ॥
મેં મારા પીયાની બગલ એક, તજી માહાલ મુલક મહેરબાની ॥ ૧ ॥
મેં તો પ્રેમ ને આ પ્રાણ, કરયો એક, સુની સત બાની ॥
આકાસપે સુર્ય ચંદા સમ, પીયા ને હું એક દીલજાની ॥ ૨ ॥
મેં તો લીધો છે વેરાગ મન, મારો વાસો રણ રાન પાણી ॥
લાજ રાખી આંજ ઈસ પ્રાણવસ રણસીંહ કર કલ્યાણી ॥ ૩ ॥

રણસીંહે પોતાની પ્રીયાને મુખ આ પહેલીવાર રાગણીનું સ્વરૂપ ખીલતું જોયું કે તેની અર્ધ ઉદાશી સેજજ વીખરાઈ, તેટલાં તેણે કુસંબો ચઢાવ્યો કે બાકીની ઉદાસી મટી. જ્યારે ચાંદાને સામે મીઠાઈ ભોજન કરતી જોઇ ત્યારે પછે તેના મનને જે હર્ષ થયો તેનું વર્ણન જે પ્રેમાધીન સાબુત સ્નેહી હોય તે એક માત્ર સમજશે.

એ માફક તે કુંજમાં રણસીંહ ને ચાંદા પોતાના ન્હાના રસાલા સંઘાત ચમન કલ્યાણનો સમો પ્રગટ્યા લગી રહ્યાં. પછે રણસીંહે ચાંદાને સાં-

ઢણી ઉપર ગોઠવી પાસ દાસીઓને બેસાડી અને પોતે તુરી ઉપર સ્વાર થ-તોજ કે નાગી શીરોઈ કર ધરી સાંઢણીની પાછળ ને આગલ ઘોડો ડપ-ટાવતો કુચમાંહે આગળ વધવા લાગ્યો.

કારતક મહીનામાં દીવાલીની દીપકો સઘળે સલગી સોરઠ શોહામ-ણા દેખાવની મોહીની સમાન શોભી રહીછે. તે સાંયકાલે સોરઠનો દબ-દબો તેના પોતાના યુવરાજને દાખલ કરતાં એટલો હદ વનાનો ઉઠયોછે કે દીવાળીનો ઓત્સવ માહ રમણિય દીપેછે. સર્વનો તેહવાર હોયાથી ઘરોઘર રોશની થઈ છે. રોશનીમાં રંભા સમાન સુંદરીઓ નાનાપ્રકારનાં હાસ્ય કરતી પોતાના અંગભાવના વીચીત્ર પલટા ઉલટાવેછે. તે રંગમાંહે નખ-સીખ અંગાભુષણોના ચળકાટથી સુંદરીઓ બીચારા જોનારા જનની નજરમાં જુવાની ને આનંદનાં મળી ગયલાં સ્વરૂપની અતી શોભાયમાન મુરતી અ-ન્દર દર્શાવી તેઓને મોહના મંત્રમાં મુર્છીત કરેછે. દીવાલીનું સુંદર સ્વરૂપ કોટી દીપકોના શૃંગારથી ઘણું પ્રીય ને મન લોભાવન પ્રકાશ્યુંછે. આ સમય દરેકજન હાથમાં રૂપાંની થાલમાંહે સુખડી ને સોનામોહરો લઈ પોતાનાં લાગતાં વળગતાંઓ માહે જહેંયેછે. સૌકારની દેવડી આગળ બ્રાહ્મણો ને ભી-ક્ષુકોનાં ટોળેટોળાં ઉભાઈ ગયાંછે. કેટલાક દયામણા ચાળા ને ચેષ્ટાના મોહ કરી ઉભાછે. કેટલાક શેઠજીને શ્લોકો ને આશીર્વાદની વૃષ્ટી કરેછે. ઠેકાણે ઠેકાણે દીવીના અજવાલામાં પુંજા કરી ઉભેલા બ્રાહ્મણો ઘી પુરી તેનું ખુબ તેજ વધારેછે. જગે જગ ને ડગે ડગ નવાં વસ્ત્રાભુષ-ણોમાં જેની જેવી યોગ્યતા તેવો તે ગરક, ઓળખાણ ને અતલગનાઓ વચ્ચે પોતાના મનથી ગર્વ રાખી ચાલતો નજરે આવેછે. મોટા સૌકારો અંગ ઉપર હીરા, માણક ને મોતી સુમારવનાના ઓરવાઈ પ્રકાશીત થયાછે. દ્ર-વ્યને તો આજ સર્વ કોઈ મન મેલી વાવરેછે. કેટલાક હદ બાહેર જઈ ઓર નામના કરેછે ને કેટલાક મીત્રમંડલના અખાડા રચી ત્યાં નાના પ્રકારના રંગરાગ ને મીષ્ટાનમાં મસ્ત થયાછે. સોરઠ આ વૈભવને વરીછે. તે સમય રણસીંહ પોતાની પ્રીય ચાંદા સંગાતે શેહેરમાહે દાખલ થયો. સાંઢણી ઉપર બેઠેલી બે શખીઓ વચેની સુંદર ચાંદા શ્રી સોરઠનો આ મહીમા જોઇ મનમાં અતીશય ખુશ છે. વળી રણસીંહને ત્યાં સર્વ સોરઠ સૈન્ય ને શૂરા સર-દારોથી મલતો આવકાર જોતાં તેને પોતાના પતી માટે તરેહવાર કલપના થાયછે. લક્ષ સોરઠી સૈન્ય લોખણ બાંધાના શૂરવીર સરદાર સાથ ભા-ગોલથી રાજ્ય મહેલ લગી બન્ને બાજુ ગોઠવાઇ તે વચ્ચેથી પ્રણામ ને પ્રે-મથી વધાઈ વધાઇ આગળ વધવું ત્યમ પ્રજા ઘરેઘર ને છાપરે છાપરે ઉભી રહી પોતાના શૂરા યુવરાજ ને તેની પટરાણીને જોઈ જોઈ કીંમતી નજરા-

ણાની ભેટ વધાવે, એ દેખાવ ચાંદાને બહુ નવીન લાગો. તેની શખીઓ તો આ નજરાણા ભોજે આવી પડતાં એટલી ભરાઈ ગઈ છે કે અકળાઇ આસે પાસે ઊંચું નીચું જોવા લાગી. રણસીંહ, પોતાને સર્વ ચાહતી પ્રજાને આડો હાથ કરી કરી નજરાણાં ફેંકવાથી અટકાવે, પણ આ વર્ષના વિયોગે પોતાના યુવરાજને ન્યાળી આનંદમાં આવેલી ઓસીંગણ પ્રજા તે ઉપર કાંઇ લક્ષ આપતી નહી. એ રીતે વર્ષના સર્વેથી પ્રીય દીવસના પ્રીય સમયે સોરઠનો યુવરાજ રણસીંહ પોતાની પ્રાણ તુલ્ય પ્રેમદાને લઇ પોતાની રાજધાની માંહે દાખલ થયો. વૃદ્ધ માહરાજાએ રાજ્ય મહેલમાં છેક દરવાજા લુગી ઉતરી આવી પોતાના શૂરા રાજકુવરનો હાથ ઝાલી માન દીધું. વૃદ્ધ રાણીએ પોતાનાં સરસ હેતથી ચાંદાનો કર ઝાલી તેનું મોતીથી વધાવી લીધી ને મોતીના ઘરેણા ને શ્વાળથી નખસીખ ગરક કરી નાખી. જ્યારે માહરાજા ને માહરાણી મહેલના ખાસ દીવાનખાનામાં પોતાના અતી પ્રીય ને માહ શૂરા યુવરાજ ને તેની પટરાણીને લઈ ગયાં ને કનક આસને બેસાડયાં ત્યારે ત્યાં રાજ્ય ગુણકા આ હમીર કલ્યાણનું ધૃપદ ઘુમવતી આકાસના ઈંદ્રની સઘળી શભા ત્યાં બોલાવતી હોય એવો ઠાઠમાટ મચ્યો હતો.

હમીર કલ્યાણ—ધૃપદ.

તું લાગે માનકારણ તોયે રસ રીઝીયે લાલ.
રીઝીયે તોય મનાય લીઝીયે॰ તું લાગે માનકારણ—॥ ટેક ॥
અલબેલી ગરબેલી દુતી લાગે બાત કારણ,
એસે હરી શીલસીંધું કીરપા કરે નીધ્યાણ,
એકહી ઠાકોર, દુજો તરન તારણ॰ તું લાગે માનકારણ—॥૧॥
રેંજનીસી ખીટત જાત, કોપ બરખન લાગે,
એસે પીયાસે બેલત બેલત મનન મારણ;
એકહી રેન ઘેન દુજો બરન બારણ॰ તું લાગે માનકારણ—॥૨॥

ચાંદાએ પોતાનું માહ સન્માન પ્રીયપતા રણસીંહને ત્યાં થયલું જોતાં તેનાં ચક્ષુમાંથી આનંદાશ્રુ ઝર્યાં. પોતાના સ્વદેશાની વલણ ઉપરનો તેનો દબેલો જુસ્સો ફરી વાજબી રીતે ખખળ્યો. શા કારણ તેનું અપમાન તેની રાજધાની ને પ્રજાએ કર્યું ને કયા ભવના વૈરની આંટીથી રાજ્ય પીતાએ કન્યા કલ્યાણની બેપરવાઇ દાખવી; તે ઉભરો મનમાહે ઉછળી તે પોતાની શખીઓ વચ્ચે ઉજલી ફક મારી ગઈ. રણસીંહની આ વખ્ત ઓચીંતી દૃષ્ટી ચાંદાના તે ફીકા મારી ગયલા ચહેરા ઉપર પડતાં તે તેના મનને પામી ગયો. તેથી તર્ત હસી પડી તે પાસ આવ્યો ને બોલ્યો "અપછરા, આ સર્વ ત્હારૂં

પોતાનું જાણ ને ત્હારા મનના ભીતરમાહે શ્રી કાસીના માહરાજાની વર્તણુક માટે જોસ મા આણ. મને જે જોઇતું હતું તે મળ્યું ને બીલકુલ જે ના જોઇતું હતું તે ના મળ્યું. એ માત્ર વીચાર સફલ થયોછે. મ્હારી પારસપાહાણ, મ્હારી વીરશ્રી છાતીના અમુલ્ય લુલખ, તું શા કારણ વ્યર્થ લોભની શીકાર થઇ ત્હારા લોહુને અયોગ્ય ભઠ્ઠીમાં ઉકાળી સ્વરૂપ ઝાંખું પાડેછે ? ઉઠ, ત્હારો મહેલ ને ત્હારો સુવર્ણ ભંડાર અસ્તક લે." એ રીતે શ્રી કાસીની ચાંદા પોતાના પતી સંગાતે શ્રી સોરઠના રાજ્ય મેહેલમાં દાખલ થઇ. સાત વર્ષમાં તે સાત શુરવીર રાજ્યકુવરોની માહ પરમ પ્રીય માતા થઇ. આર્ય ધર્મ ને રજપુત વંશને ઉજ્વળ અંકાવી આકાસ ઉપરની ભાગ્યશાળી દેવી સ્વરૂપ વખણાઇ. વૃદ્ધ માહરાજા સ્વર્ગ સધામ પામ્યા ને શ્રી સોરઠના ભાયાતો ને ખંડણ્યા, તેમ પ્રજા ને પ્રધાનોથી રણસીંહ માહરાજ્યપદ પામ્યા, તે દીવસથી ચાંદા માહરાણીપદ પામી સર્વ ન્હાના મોટેરાંથી ચાંદાદેવી નામે બોલાવાં લાગ્યાં.

> "દીપસે પ્રેમ પતંગનકો, અરૂ પંકજ ભ્રમનકો સુખ પુરત;
> ચંદસે પ્રેમ ચકોરનકો, ઘનઘોરનસે નીત મોરન કુરત;
> ચાતુક પ્રેમહી બુંદનસે, જલ જાતકો પ્રેમહે સુરકી સુરત;
> જાનતહે યહી રીત સદાહમ, પ્રેમકો રૂપ પ્રવીનકી સુરત."

સોરઠ રાજ્યમાં માહરાજા રણસીંહ ને માહરાણી ચાંદાદેવી પોતાના સાત સ્વરૂપવાન રાજકુવરો ને યોગ્ય દાસ દાસીઓ વચ્ચે રાજ્ય મેહેલમાં અધીક આનંદે ઉરપુર છે, તે વેલાય કચ્છનો પેલો શરો ન્હાનો એકવીસ વર્ષનો જબરો જાણે પાહાડમાંથી કોઇ અદભુતતાએ ભીમસેન કોરી કાઢયો હોય તેવો વીક્રાલ ઉછર્યો હતો. હજાર દૈત્યને માત્ર તેની એક બલીષ્ટ મુઠ સેજજ છુંદી નાખે તેવો તો મુઠનો પાકો. સારી ભરતખંડમાં આ સમય માહબલીયા યુદ્ધેશ્વરો હતા, અને તે માહેનો એક પોતાની અજીત સૈન્ય સંગાતે જ્યાંપણ સ્વારી કરે ત્યાંની ભુમીજ આ પૃથ્વી ઉપર હતી નહી તેમ તેને પાતાળ માહે પેસાડી તેની બેખજ ઉખેડી નાખે, પણ તેવા સર્વ માહ યુદ્ધા રાજેન્દ્રો આ કચ્છના આજકાલના નવા બાહેર પડેલા ન્હાના સામે જેમ સાગર પાસ સરોવર તેમ સરખાવરીમાં હતા. તે યુદ્ધની થાક એવી સરસ રીતે સહેનાર ને સૈનાને એવી વીચીત્ર કુચ કરાવનાર કે તેવો આજ સુધીમાં શું જુના કે નવા કાળમાં કોઇજ સુર્યવંસી માહરાજા થયો નથી. મરદને એકવીશ વર્ષની વયે પોહોંચવું તેમાં એક જાતની એવી ઉત્તમ આશા સમાયલીછે; અને એવી બલવંતી સુખાકારી રહેલી છે કે નીર્જીવ પણ એ વી-

રશમ વખ્તે કાંઈ નામ ખાટી જાય છે તો પછે જે મર્દ રાત્ર દીવસ શીરોઇ ને શુર, રણ ને રણસંગ્રામ ને અશમાં પલોટાઈ રહેલો, વળી લોહુ ને જલમાહે જેને કસો ફેર જાણવાનું કાંઈ શીખ્યવેલુંજ નહી, તે મર્દ શું રંગ એલશે ને કયો ગજબ ઉલટાવશે તેની સમજનું ઠેકાણું કયાં લાગે?

એકવીશ વર્ષની ઉમરે જે નવું લોહી નવા ખીલેલા અવયવોમાં ફરતું થાયછે ને ગંભીર થતી શરીરની બાંધણીના રોમેરોમ સ્વછંદી મતી વ્યાપી જાયછે, તેથી તે નવો જવાંમર્દ એવો આપખત્યાર ને મસ્તાન, એવો તુરંગી ને બેપરવા બનેછે કે અગર આ પૃથ્વીની સર્વ માહ પીડા તે સામે ડોલા ઘુરકે તો તેને પણ સેજમાં દુર કરી જય પામવાના દ્રઢ ભરોંશાથી તે પોતાનું કદમ યાહુમ મનચાહ્યા માહસાગરમાં મેલશેજ. તેને મન હીમાલા પર્વતને સેજમાં ચોળી નાખવો એ તો બની શકતીજ વાત તે જાણેછે. તે કપટી ને અદેખા કાળા કાવાદાવા કરવાવાલાની રજ પણ દરકાર કરે કેમ? તેના મનને એટલી પૂર્ણ નેહ છે કે તે ગમે એવા ગજબમાંથી તરી નીકલી ઉમેદનો ઝુંડો તેના દુશ્મનના દેશ ઉપર ચઢાવશેજ. એવી ફકડ ઉમરમાં ન્હાનો બ્યારે ભરતખંડનો ભીમ સમાન જબર છે ત્યારે તે કયા અનુભવ ઉપર ચોંકસે ને દુષ્ટ કીંવા વેરવાળી વીચાર અમલમાં નહી લાવશે? લાખ આબદાથી કાં ના તેની સર્વ આશા સુન્ય થતી? પણ શું તેથી તે શોકનું સ્વરૂપ સમજશે? યુદ્ધાજ, વળી જન્મેજ જે ગર્ભ શુરવીર, તેને કોઇ કહે કે સુર્ય જીતવોછે તો તે તૈયાર! કોઇ કહે કે આકાસ ઢોલી પાડવુંછે તો કયાં લેની ના! એકવીશ વર્ષની વીરશ્રી કાંશી, કાંઇ નહી પણ અમી ટાઢક આપે તેવો ધગધગતો ત્રાસ જાણવો. આ શુર સજીત ઉમરે કોઇ પણ પરાક્રમ બને નહી એવો ખાલ તો તેને આવે નહી. આવે નહી એટલુંજ નહી પણ કોઈ તેને વાંધો કે શંકા બતાવે તો તેનુંજ કોડું પહેલું ગેપ કરી તેને મસાણે વધાવે! આ આતસી ઉમર સમય ન્હાનો પોતાના ઉસતાદ કાસીના માહરાજાની દરબાર મેલી શ્રી કચ્છ માંહે આવ્યો છે. તેના માહરાજા પીતાએ તેનું અજીત બલ ને આકાસ લગી ઉછલતું અંગ જોઇ સર્વ કચ્છની યાદવ સૈન્યનું સેનાધીપતીપણું દીધુંછે. તે સૈન્યને તે તાલીમ આપવા બ્યારે રાનમાહે પોતાના અશ્વ ઉપર સ્વાર થઈ ઘુમેછે ત્યારે તેની વીજલીસમ ઝડફ ને મોજાસમ ઘોડે ઉછળ્યાની તખેથી તેના સર્વ સૈન્ય ને સરદારોમાં આશ્ચર્યતા ઉપજ્યાનો પાર રહેતો નથી. તે પોતાની સત્તા એવી તો કઠણ ને હદલગી પલાવેછે કે તે માહે તલ જેટલી ગફલતી કોઈ ચલાવે, પછે તે કાં ના તેથી ઉતરતોજ શુરવીર સરદાર હોય પણ સેજમાં તેને બીંદુ કરી કાઢી મેલવાને આધું પાછું જોતો નહી! પોતાના

જાનની કસી પણ દરકાર કર્‌યાંવના યાહુમ હીમતથી કોઇપી ખીકર કદમ ભરેછે તે માત્ર તેના દીલને ભાવેછે ને તેની પદવી થોડા કાળમાં ઊંચી ચઢેછે. ન્હાનાનો આ વીચાર, કે જેણે શસ્ત્ર પકડયું ને મયા સમજ્યો તે નકામો સીપાઇ! જેમ શસ્ત્ર ના પોતાના બનાવનારને ઓલખે જ્યારે તે ઉપર લગાવ્યામાં આવે ત્યારે, ને જેના કરમાં તેના મનનું રામબાણ કામ કરેછે, તેમ જે સીપાઈ થયો તેણે રણસંગ્રામ વપ્ત ના પીતાને ઓળખવો કે ના મીત્રને છોડવો. તેણે તો ત્યાં પોતાની આંખ્યો દેખતી નથી કીંવા મન તો જન્મેજ તેના પીંડમાં નથી એવી રાક્ષસી લાગણીએ યુદ્ધનો ઓત્સવ ભરવો જોઇયેછે. તે યુદ્ધના કાયદામાં એટલો લાગણી રહીત હતો કે તે સમાન હૈડાંવનાનો તે આગળ તો કોઈ થઈ ગયો નહી તો નહી પણ પાછળ પણ ભાગ્યે કોઇ માનવીનો ઘાટ ઉઠશે. એ ન્હાનો એક દીવસે સાંયકાલ દીવાનખાને પોતાની શીરોઈની મુઠના ઝળકતાં ઝવાહેરો જોઇ ચીડાઈ ગયોછે ને કારીગરની ગરદન કાપવાના ઇરાદાથી તે પોતાના કોઇ અંગરક્ષક સીપાઇને બોલાવવાને મોહ ઊંચું કરેછે તેટલાં પુનેમનો ચાન પુર તેજ પ્રકાશમાન થયલો જોઈ ચોંકી ઉઠયો. 'ચાંદા! હા : હાઃ હું હ્યાં નકામો કાળ કાઢું ને મ્હારૂં વચન હું ભુલું? તો શું હું શુરવીર છું કે સુદ્ર? તો શું હું રજપુત કે રજકુત્તો? હાઃ હાઃ આજ લગોલગ સાત વર્ષ ગુજરી આઠમું વર્ષ બેઠું છે તે ગર્વીષ્ટને બંધ કરી તેની કટારનું મરપાણું લીધાને! ઓ શીવ, આ શું મ્હારા મુખ ઉપર નાખ છે? હશે." તેટલાં ત્યાં વૃદ્ધ માહરાજા પોતાના રીસાલા સંગાતે આવ્યા ને હાસ્ય વીનોદના ભાવ ચાળ્યા. રાજ્ય ગુણક પાંચ પલકમાં આવી, તેણે વળી ધર્મસ્વરૂપ ને પ્રજાપતીના નામે વૃદ્ધ માહરાજાનો સ્વભાવ સમાળી લઈ સાજાંને તાપ આવે તેવું તોતડું બોબડું ગાયન સરૂ કર્‌યું તો ન્હાનો ત્યાંથી લગાર આ બાજુ, લગાર તે બાજુ હીલતાંજ ઉઠી ગુમ થયોજ. તે હ્યાંથી પોતાના ખાસ ખાનગીખાને ગયો. તે જુની યાદથી એટલો ખીન થયો હતો કે તેના મનની માહાન માહરાજા થવાની દૃઢ કલપના સ્વપ્રાવત સ્વરૂપ થઈ. તે સર્વે હોંસ મે આશા માત્ર રણસીંહને નમાવવો ને તે ખુશખબર શ્રી કાસીના માહરાજાને કહેવાડી રણસીંહે કરેલાં અપમાનના બદલાની ખુશાળીમાં શ્રી કાસીમાં એક ઓત્સવ મચાવવો. પણ હાલ તો તે માત્ર રાજકુવરની પદવી સાથ સેનાધીપતીની પદવી લગી પોંહોંચ્યોછે. તે કાંઈ કચ્છાધીપતી છે કે પોતાના મનનો હર્ષ પુર્ણ કરવા સારૂ સોરઠ ઉપર સ્વારી લઇ જવાને ફાવે? તેણે એક પછે એક કચ્છના ખંડણ્યા રાજ્યોની યાદી ખેંચી કે કોઈ સોરઠ પાસનો રાજા ખંડણી આપવાની ગફલતીમાં આવ્યોહોય તો તર્ત તે મીષે પોતે યાદવોની બળવંતી

સૈના સંગાત તે ઉપર ચઢાઈ લઈ જાય ને પછે ત્યાંથી બ્હાનું કાઢી સોરઠ ઉપર ઉતરી પડે. ખડણ્યા રાજ્યોની યાદીમાં એક તેવો જણાયો ખરો. તે વળી સોરઠની નજદીકીનોજ ઠાકોર અભયસીંહ, જેણે આગલા વખતની યુદ્ધમાં પોતાની બાજુનું બલ એવું બતાવેલું ને રણસંગ્રામમાં એવી તલ-વાર ચલાવેલી કે ખુદ દુશમનોએજ તેની યુદ્ધ કુશલતાની તારીફ કરેલી. તે કચ્છાધીપતીને નામની ખંડણી આપતો અને કચ્છાધીપતી પણ તે ના-મની ખંડણી કયારે પણ મલી ના મલી તે માટે બેદરકાર રહેતો હતો. ખં-ડણી જોરની સરસાઈથી નેમાઈ હતી નહી પણ આગલાં અતલગના સ-ગપણથી તે માત્ર માન ખાતર ઠેરવાઈ હતી. અભયસીંહ ચોહાણજાતીનો હતો. તે તમામ ચોહાણ રજપુતોનો પીતા હોય એવો પુંજાતો હતો. વળી તેનું રાજ્ય એવું એકાંત ને ન્હાની આમદાનીનું હતું કે તે ઉપજમાંથી માન માન તેનું તેના પાંચસો શુરા શીપાઈ સાથ ગુજરાન નીભતું હતું. તેવા ઉ-દાર ને વેર રહીત પણ શુરા ને વૃદ્ધ ઠાકોર સાથે કોણ એવો અંધો હોય કે નાહકની યુદ્ધમાં ઉતરી પોતાના દેશનું કલ્યાણ વીસરે ને પોતાની સૈનાની ધુલધાણી કરે? કોઈએ ના તેવો હતો તોપણ એક આ રાજકુમાર ન્હાનો જેને જાહેર જુદી ને ગુપ્ત જુદી મતલબ હોયાથી અભયસીંહે કચ્છના મા-હાન રાજ્યનું અપમાન કર્યું તે બોમ ઉડાવી મેળી રાત્રની પ્રભાત્ત પડવાને તો બાર કલાકનો વીલંબ લાગે પણ ન્હાનાની સલાહની યુદ્ધ પડવાને તો કસો વીલંબ પડયો નહી. તે લક્ષ યાદવફોજ સંગાતે આંખનો અન્સારો થાય તેટલાં તો અભયસીંહને સાસન કરવા કુચ કરી ચાલ્યોજ.

ત્રણ તેજ સ્વતંત્ર કહેવાયછે. સુર્ય તેજ, શુરાતન તેજ ને સત્ય તેજ. તેમ ન્હાનાના શુરાતનનું તેજ ઓર સ્વતંત્રતાથી સ્વદેશ ભુમી મેલી ગીર-નારની ભુમી ઉપર ઉતર્યું. કહેણી છે "ખાજે ત્યાં ને પાણી પીજે [illegible]" ત્યમ ઈશ્વરેચ્છા ન્હાનો પોતાની લક્ષ શુરી સૈના સંગાતે કોઈ અદભુત્ત મંત્ર ફુકી ઉડી, અભયની ગાદીના નગ્રમાં આવ્યો હોય એવો ચમત્કાર બન્યો. બઞારે મોળો ને વૃદ્ધ અભયસીંહ પ્રભાત્તમાં ઉઠી પોતાના મહેલની અગા-સીએ દાતણ કરેછે તેટલાં ત્યાં એક સીપાઈએ આવી કહ્યું "માહરાજ, કચ્છ-ની સૈના, વાયુ હજી મંદ ચલણ તેવી તેજીથી બાગોલ આવી કે શબ્દને નાદ થતા વીલંબ રહે તેમ મોટા દરવાજો હરોલની ટુકડીએ ફુરજે ફુરજા કરી નાખતાં રેલના ચઢતાં પાણી મીશાળે નગ્રમાં ધુસોછે. વચમાં આ-પણા પાંચ પચીસ સીપાઈ મળ્યા તેને ઘાસનાં તનખલાં માફક છેડી નાખી આ સામી ધસી આવી. માહરાજ જીવ ઉગારો. હું સામે થાઉછું ને પ્રાણ આલતાં લગી લડુંછું તેટલાં આપણા ગુપ્ત વાટે આપ નીકલી જાવ." આ

વાક્ય તે કહેછે તે માનમાન પુરો થયોછે, તેટલાં તેને એક બાણ આવી ડાચાંમાં લાગો કે તે અહહ કરતાં ત્યાં ગબરડી ખાઈ પડયો. નગ્ર કચ્છી સૈનાનું કોઈ માહાન મથક હોય તેમ તસુએ તસુ ભુમી કચ્છી સીપાઈના કદમે રોકાઈ ગઈ. પલ વચ્ચે નગ્રનું આગલું કોઈ રહીશ રહ્યું નહી. ના સીપાઈ કે સોકાર કે ભીખારી કે કોઈ પણ રહ્યું નહી ને અભયસીંહ ઈશ્વરને માલમ કયાં ગુમ થઈ ગયો! લક્ષ થર સ્વરૂપો સામે તે બચારો વૃદ્ધ ને વળી સ્વપ્ને ના શીરોઈ વાવરવી પડશે તે બાસ, તે હાલમાં કેઈ ફીટાયલી શીરોઈ લઈ ઉડે? હરોલની ફોજ એવી બાણાવલી કે એકનો બાણ વ્યર્થ ના જાય. બાણ વળી જ્યાં નીશાને ખેંચાય ત્યાં તે એવડી ઝડફે પેસે કે તેવી બાણ તાળીમ કોઈ બીજાં રાજ્યની સૈનાને મળી નથી. વળી તે હાલમાં નવીન સોધ છે, જે ન્હાનાએ પોતે તેના સોધક પાસથી મોટું મુલ્ય આપી ખરીદી સ્વાધીન લીધી હતી. એવી બાણાવળી સૈન્યા, ન્હાના જેવા માહ જોરાવર સેનાધીપતી પાસ ત્યાં અભયના ભોગ લાગા હોય તોજ ઉભો રહેવાને ઉરાકેરાય. પણ અભય ગુમ થયો, તે બાહાદુરે તર્ત પોતાના વીશ્વાસુ સરદારને બોલાવી આ ગળેપડુ રૂકો સ્વાધીન કર્યો:—

"સોરઠપતી માહરાજ,

અમારો ચોર અભયસીંહ યુદ્ધમાં હાર ખાઈ નમ મેલી નીકલી ગયો છે, તે આપને આશ્રય આવી રહ્યો છે એ તો દઢ છે માટે આપ જો બુદ્ધીશાળી હો તો આ સંધેસાનો રૂકો સાંભળતાં તે વૃદ્ધ ચોરને મુશ્કે તંગ કરી તરત મ્હારી ઉપર રવાના કરજો, નીકર હું કચ્છી સૈન્ના સાથ ચઢી આવી સોરઠને ગોરદ કરી નાખીશ.

કચ્છનો સેનાધીપતી રાજકુમાર ન્હાનો."

તે સરદારને આ રૂકો ને પચીસ અજીત બાણાવળીઓ આપી શ્રી સોરઠપતી ઉપર રવાના કર્યો.

આજ સોરઠમાં દેવ દીવાળીના ફટાકા ધરધર જ્યાં ત્યાં ફુટેછે. બપોર્યા સલગ્યાની તો ગણત્રીએ નથી. નગ્રલોક સર્વે પોતાના દેવોની દીવાળીમાં આનંદે મીથાઈ ને મીસ્તાનમાં મચી રહ્યુંછે. રાજ્ય મહેલમાં રાજકુવરો બાન ને દારૂગોલાના તરેહવાર રમકડાં સલગાવી દેવ દીવાળી કરેછે. ખાસ દીવાનખાને માહરાણી પોતાની રાખીઓ સાથ જેમ ઈંદ્રાણી અપ્સરાઓ લઈ દીવાળી ઓત્સવ ખેલે તેમ તે અમીમાહે ખેલેછે, તે પ્રકાશ એટલો વધી જઈ વખતે વખત તે છેક કોટના ઊંચામાં ઊંચા કંગુરા લગી ચઢી જાયછે. માહરાણી ચાંદાદેવી બપોર્યાની, ચંદ્રને વીશ્મયતા ઉપજે તેવી રોશની કરવાની મજોમાહે એવી લીન થઈ ગઈ. દેવ દીવાળી

નગ્રમાં સર્વે ભોગવેછે ને કરેછે માત્ર રણસીંહ આ આમી રમત ગમતથી મોકલો રહી પોતાના દીવાનખાણે એકાંતમાં બેઠોછે. ત્યાં પાસે વડો માહકુશલ પ્રધાન બેઠો રાજ્યવ્યવસ્થાનું વર્ણન કરેછે. તે મોટો સમયસુચક ને દીર્ઘ દ્રષ્ટીનો અનુભવી પ્રધાન છે. તેને પડોશી માહયુદ્ધા અભયસીંહની હાલતની છુપી ખબર મળીછે. કચ્છાધીપતીના ખંડણી માટેના જુલ્મની હદ થઈજ, ને અભય નાઠો તે વાત પણ જણાઇછે. તે છુપી મસલહત, માહરાજા ને પ્રધાણ વચ્ચે ચાલેછે. રણસીંહ કહેવા લાગો "કચ્છાધીપતી એવો કોણ કે તેણે મ્હારા બચારા પડોશીનો મનખો લુટયો? કોઇએ મને એ આગળથી કહ્યું હોત તો જેટલી ખંડણી ચઢી હતી તેથી ચોગણી હું તે મ્હારા થરા પડોશીને માત્ર નજરાણું મોકલી આપત." પ્રધાણ બોલવા લાગો "માહરાજ, આપ લગાર ખમો. તે નાસી ભરાયોછે એવો આરોપ આપ ઉપર આવશે કે તેને આશ્રય આપી છુપાવ્યોછે તો તેનું કેમ? પ્રથમ આપ કેટલો ઊંડાણ એ કચ્છ યુદ્ધમાં ઉતરશો તે સાર ખેંચો." રણસીંહ બોલ્યો "એટલે?" પ્રધાણ બોલ્યો "હું કહુંછું તે સત જાણજો. અભયની શી બીસાત કે તે ખાતર એવડું મસ કચ્છી સૈન્ય પોતાને ખર્ચે પ્રદેશનો પંથ કાપે? માહરાજા, મને તો એ માંહે જુદોજ વાસ આવેછે. આપણે ભયમાં છીએ. આપણે લડીશું પણ એક માહાન યુદ્ધ ને વાહાડકાપ શીવાય બીજો શો નફો? કદાચ યુદ્ધમાં આપ જીતો તોય તે જીતનો ફાયદો શો? લક્ષ કચ્છી સીપાઈ શાહેરમાં પેસતાં જે ત્રાસ ને ખરાબી વર્તાસે તેનો ખ્યાલ આપ કાલ પ્રકાશ મહીમા. સોરઠ લક્ષ સૈન્ય કાઢશે ને કચ્છી લક્ષ સૈન્ય, એ બન્નેનો એક સાધારણ સીરછેડ મેલો બરાઇ ને કચ્છને લક્ષ સીપાહીઓની ખોટ જશે તે માત્ર એક તંબુ, પણ સોરઠને ખોટ, તેનું સર્વ જઈ પૃથ્વીમાંથી તે ભુંસાઈ ગયુંજ. જીત છતાં ના રાજ રહે, ના પ્રજા, ના બલ, ના તેજ, ના આબાદી. માત્ર એક ભયાનક ઉજ્જર આજની આનંદી ને આબાદ મનુષ્ય વસ્તી બદલે ઉછરી નીકલી આ બસંત સ્વરૂપ સોરઠ, રાની પશુ ને ગુફાના વીક્રાલ ફાડી ખાનારાં જાનવરોનો મકાન થાય. મને અભયની આફત, સોરઠનું મુલ ઉખેડનાર કોઇ કાતલ રેખા સ્વરૂપ ધારણ નારા દીસેછે."

રણસીંહ પ્રધાણના ભાષણે મન મુજાઈ બોલ્યો "પણ કચ્છાધીપતી ને મ્હારે કોઈ જાતનું લેનદેન કે વર વહેવાર નથી. ના કચ્છના રાજે સોરઠને જાણ્યું કે ના સોરઠે કચ્છને ધાર્યું. લાંબા લાંબા તર્ક ચલાવનારા, વખતે પોતાની મતલબના શેરા તાણવામાં એટલા દ્રઢ થઈ જાયછે કે જે વાત કોઇ કાળ સ્વપ્ને ઉઠનાર નથી તે સાબેત સાર ખેંચી તેની ચીંતામાં નકામા ગુંટાયછે. મને તેં શંકામાં ડુબાડયો. સેનાધીપતીને તર્ત તેડું મોકલ."

માહરાજાનો હોકમ પલમાં અમલ આવ્યો. તાજસીંહ તર્ત માહરાજા પાસ આવ્યો. બન્ને બે ઘડી ખાંગીમાં પ્રધાણ સંગાત બેઠા ને રાજકીય તકરાર થતાં સોરઠ સૈન્યા તર્ત તૈયાર ને અવલ રણસીંગડે કુચ કરી જવાની હાલતમાં મેલાઈ. દેવ દીવાલીની રાત્રે બાર વાગાને અમલે સવા લક્ષ સોરઠી સૈના ગુપચુપ પોતાની બરાઓમાંથી પોતાના સરદારોના હોકમમાં કીલા બાહેર પડી સોરઠનું અરણ્ય કેવલ દૈત્યાસન બન્યું.

રાત્ર, બારના અમલ ઉપર પોતાનો અમલ ચલાવેછે ને રણસીંહના મનમાં કચ્છની કનિષ્ટાઈ ઉપર ક્રોધ ઉપજાવેછે. તે દરમ્યાન તેણે પોતાની પ્રાણ પ્રીય ચાંદાદેવી યાદ પડયાથી તે તેના દીવાનખાણેના દરવાજે જઈ ઉભો કે તેના મસ્તકના અમુલ્ય રત્ન જડાવનાં તોપનો ઝલકાટ ચાંદાના મોતન નથણી સજેલાં ચંદ્ર મુખ ઉપર ન્હાખ્વાથી તે ચોંકી. તર્ત તેણે ઝલકાટના ખેંચાયલા કીર્ણના દોરા ભેર પોતાની લોચન ફેંકી તો "રણ" એ કહેતાં તેના અચંબાનો પાર રહ્યો નહી. "રણ" એ શબ્દ સાંભલતાં સઘળી શખી સ્તબ્ધ થઈ ગઈ. બાન ને બપોરયા ગમત બંધ પડી. બીજી પલે માહરાજ ને માહરાણી બન્ને એકલાં ત્યાં સામસામા બેઠાં રહ્યાં. સર્વ શખી પોતાની ઓરડીમાં ઘુસી ગઈ. માત્ર ચાંદાની બે પોતાને પીયરની ખાસ શખી છેક દુર જઈ ખુણે ચોકી કરતી ઉભી.

પ્રથમ અર્ધ ઉપર ઘડી રણસીંહ ને ચાંદાદેવી વચ્ચે ચુપકી રહી. પછે ચાંદા બોલી "સ્વામી, આ શો અર્થ?" "પ્યાણી, શીરોઈ લઈ રણ સંગ્રામમાં મ્હારે જવાને વેલા આવીછે." રણ બોલ્યો. આ સાંભળતાં તર્ત ચાંદાને કચ્છના રાજકુમાર ન્હાનાના પેલા ષઠ વાક્યોની વર્ષો વચ્ચે વહી ગયા છતાં યાદ પડી. તે બોલી "ત્યારે કચ્છનો ન્હાનો પોતાનો વચન પાળવા આખર આવ્યો? અહો મ્હારા બ્રહ્મસ્વરૂપ સ્વામી, તે આજ માહ થશે થઈને હરીફઈમાં ઉતરે તો ખચીત મ્હારા ભાગ્યને તે લુટશે. પ્રાણપતી, તેને જે તે માંગે તે આપી ત્યાંથી તેનું કાલું મોહ કરો." ચાંદાને સાંભલતાંજ રણસીંહની ચક્ષુમાં શ્રી કાસીની દરબારનો ચીતાર ઉઠયો. હવે તે શૂરા સોરઠપતીએ પોતાના પ્રધાનની દીર્ઘ દ્રષ્ટીની મનમાં વાખવાખ પોકારી. સૈન્યા કુચ કરી ગયાનો જે હર્ષ તેના દીલમાં ઉઠયો તેનો રંગ તેના મુખ ઉપર સાવ હીંગોળ પ્રગટયો. એવો હીંગોલ કે તે માંહેથી ઘાડા રંગનું લોહુ ટપકતું હોય એવો ત્યાં દીવાનખાનાની શલગેલી દીપકે ભાસ ઉઠાડયો. તે બોલ્યો "મ્હારી પ્રાણપ્રીય, ત્હારી સજીવણ યાદદાસ્ત શક્તિએ મને બચાવ્યોછે. ચીંતા કસી નથી. પ્રાલબ્ધ હશે તો પરાર્ધ કનિષ્ટોનો કાળ થઈ પડીશ. સાસ સ્વચ્છ છે ને શરીર શુરવીર છે તેને સૃષ્ટી ભરી દુશ્મનો

સામે લડવું પડશે તો તે હામ ભેર લડી યશ ખાટશે. જય ને પરાજય સમાન સ્થીતી છે. તે માત્ર પીંડ અજીત છે જે પોતાના સત કાર્ય માટે સાસ લગી લડાઈમાં મચ્યો રહ્યોછે. લાખ કીંવા દસ લાખ કીંવા કોટી દર કોટી સામે તે પોતાની શીરોઇ સાબુત છે ને કર હાળતો છે ત્યાં લગી લડયો એટલે તેનોજ જય થયો, પછે તે ત્યાં પડયો કે મરયો, સર્વ સરખું છે. શુરવીરપણુ હાર્યાથી ઓછું થતું નથી ને જીત્યાથી વધી જતું નથી. ચંદ્ર પુનમનો ને ચંદ્ર ચાંદરાતનો બન્ને એક છે. બન્ને પ્રકાશમાન છે. પણ ઓત્સવ ને સરસાઈ કયાની છે? હું એક હરીફ ઉપર દસ લક્ષ સૈન્ય દલ લઈ ચઢી તેને તેના મુઠીભર રક્ષકો સાથ મારી કાપી નાખી જીતું તો શું તે જીત યશ છે? શું તે નામદારી છે? મ્હારી ઈંદ્રાણી, કરછે ઓહ્યુંછે ને નામદારીને નાદારી કરીછે. લક્ષ સૈન્યથી તેને મારા પડોશી અભયસીંહના વૈભવનો નારા કરી તેનું નામ લુટી તેનું નગ્ર ખાક કરી મ્હારા પડોસમાં મ્હારા રોબને હીનતા માહે નાખ્યોછે. અભયસીંહ જેવો પડોસનો ખાળસ ઠાકોર આ મુસીબતને પુગોછે. એનો મને કોઇએ સેજ ભાસપણ જણાવ્યો હતે તો તેના કીલ્લાની ભાગોળમાંજ તે શત્રુની સૈન્યના કકડે કકડા કરી નાખી તેની બાજુનું ગુમાન તેનાજ ડાચાંમાં ઘુસાડી તેને તૃપ્ત કરી રવાના કરત." આ શૂર ભાષણ વધુ લંબાતે ને રણસીંહની જીભ તેના દીલની અમી ઓર જાદા ઉછાળતે, પણ તેટળાં ત્યાં કોઈ ધાંટો તાણી "રણસીંહ, રણસીંહ." એમ બોલાવતો સંભલાયો. તે ધાંટો ને તે બોમ, એટલી તો હદ બાહેર મોટી હતી કે કોઇ દૈત્ય કીંવા રાક્ષસ સીવાય તે સાધ કોઈ માનવીનો તો હોયજ કેમ? "જરૂર કોઈ માહવીકાલતા સ્વરૂપથી આ મ્હારાં નામની બોમાબોમ પડેછે" એ વીચારે રણસીંહ પોતાની પ્રાણ પ્રીય પાસ લગાર હીમત મેલી રહ્યો પણ તેટલાં તેને તર્ત કાંઈ વીચાર આવી ગયાથી તે ત્યાંથી નીકલી પડયો તો દરવાજામાં તેના બોલાવનાર સાથ મળ્યો. એક વૃદ્ધ રાક્ષસ જેની દાઢી તેના પોહોળા છાતાઉપર ધાલ મીશાલે પંઠરાઇછે. તેના મોટાં માથાં ઉપર સાદું પણ ચકચીત પોલાદનું તોપ છે. અંગમાં નખસીખ તીખાનું કવચ સજ્યું છે. તે ઉપર સર્વ રજપુત શસ્ત્રો ખીડાયાંછે. તેના કરમાં ગદા છે! એવી તે મસ ગદા છે કે આજ પહેલા હજાર વર્ષ લગી કોઈ શુરવીરે તેવી બારે ને વીખ પાયલી ગદા ઊંચકી હતી નહી. તેની પીથ ઉપર ધનુષ્ય લટકેછે તે તેની મસ તોપથી ઊંચી ગયલી તેમ હેથલ પગથીએ નીચી જઈ ચાલતી વેલા ભુમીસાથ ધસ ધસ થાયછે. તેની બાજુના દંડના પટાથી બંધાયલો તેનો બાલો નીચે તેના રણસંગ્રામી જોડાની તલી ઉપર ટેકાયલો તેના માથાં ને તોપથી એટલો ઊંચો ગયો હતો કે તે બાલા કરતાં તેના જુ-

ન્ડામાં ખપતો હતો. રણસીંહને જોતાં વૃદ્ધ શુરવીર રડયા જેવા મોહથી ત્યાં થોડી ઘડીકા સ્થીર થઈ રહ્યો. પછી બોલ્યો "વરામાન સોરઠપતી, મને ઓળખ્યો?" સોરઠપતી ઘણીએ પોતાની યાદદાસ્ત ઉલટ પુલટ કરે કે કોઈ તરેહ તેની ઓળખ પડે પણ તે આકાર એટલો તો ફેરવાઈ ગયો હતો કે પોતાના પડોસી અભયસીંહને તે ઓળખી શકયો નહી તો નહી પણ તેનો જાંખો છાપ પણ એ દૈત્ય સ્વરૂપમાહે જોઈ શકયો નહી. આ અદભુત ફેરફારથી અભયને આનંદ નહી પણ માહ ખેદ ઉપજ્યો. તે કપાલપર કર ઠોકી બોલ્યો. "મને મ્હારો પડોસીએ ઓલખે નહી! અહો ઇશ્વર, આ મ્હારી અતીયંત વૃદ્ધાવસ્તા માહે આ મ્હારો શો હવાલ? શુર સોરઠપતી, હું અનાથ ભીક્ષુક અભયસીંહ, પ્રભાતમાં તો એક ઠાકોર ને ભાગ્યશાલી શુરવીર હતો." તે સાંભલી રણસીંહે તેને તેના શસ્ત્ર સાથ ભેટી પડી આવકાર દીધો. "ઓ કીર્તમાન શ્રેષ્ટ રજપૂત્ત, બેફીકર રહે. શોક બીલકુલ તજી દે. હાલ શોક કરતાં શુર ને ધીરતાનું વધુ કામ છે. ચાલ મ્હારી માહરાણીનો આ મહેલ છે તોય તમારી પરોણાગતમાં રજ ફેર પડશે નહી. આ એક હાથીને થકવે તેવાં માહ ભારે શસ્ત્ર અંગથી ઉતારો." "એ શસ્ત્ર તો જ્યાંલગી મ્હારૂં વેર કચ્છના તેજ ચાવડા ઉપર લઈ તેની રાજધાણી ભુજને ભુમી બરાબર કરીશ ત્યાંલગી રહેશે. એનું નામ કોઈએ દેવું નહીજ. હું કઈ કસું માન માંગવા કે ખાવા આવ્યો નથી. હું આવ્યોછ માત્ર ખાનગી મસલહત માટે. અગર તે જો મ્હારા સ્વર્ગવાસ પરમ સ્નેહીના ગાદીનશીન સુદ્ધથી સોરઠપતી રણસીંહને ઠીક સમજાઈ, તો આ મ્હારી વૃદ્ધાવસ્તા દેવતાને ઇર્ષા ઉપજાવનારી પંકાસે."

અભયસીંહના ડેડાવ પ્રમાણે તર્ત સોરઠપતી રણસીંહે પોતાના વડા પ્રધાણ વીમુસરમા તથા માહરાણી ચાંદાદેવી સાથ ખાંગી દીવાનખાને તેને લઈ ગમ્ભીર મસલહત કરી. અભયસીંહ પ્રથમ બોલ્યો "મ્હારા બળ્યા સોરઠપતી પાસ મ્હારી ખાસ આ અર્જ છે કે 'જે સૈના સેનાધીપતી તાજસીંહ લઇ સોરઠના અરણ્યમાં કુચ કરેછે તે સર્વ સૈનાની સરદારી મ્હારે સ્વાધીન કરવી. હું તે જબરા સોરઠી સીપાઇઓ સાથ કચ્છમાં દાખલ થઈ કચ્છાધીપતી તેજપાલે જે ચાલ મ્હારા જેવા તેને અનેક વખ્ત સહાય થનારા શુરા દોસ્ત સાથ ચલાવીછે તેનો અછો સ્વાદ ચખાડી ભુજને ભસ્મ કરૂં. આ સમાચાર સાંભળી કચ્છનો સેનાધીપતી ન્હાનો અગર પોતાના મ્હારાજા પીતાને મદદે આવે તો તેને રણસંગ્રામમાં મળી જ્યાંલગી મ્હારાં વૃદ્ધ બદનમાં પ્રાણની કણી બાકી રહે ત્યાંલગી તેના રોમરોમ મ્હારાં શસ્ત્રનાં છીદ્ર કોટરૂં.'" ચાંદાદેવી બોલ્યાં "કચ્છનો તેજ મ્હોટો શૂરો ને અનુભવી

રાજકર્તા છે. તે કાંઈ પોતાના રાજપુત્રને આ કનિષ્ટ કર્મ કરવાને હોકમ દીયે એ બને તેમ નથી. વાત માત્ર, જુની બાજી નવા સ્વરૂપે ઉલટાવ્યાથી તે પોતાનો બોલેલો વચન નક્કી કરવા આવ્યોછે. શુરા અભયસીંહે માત્ર એક બાળકના જુઠા સાચા દાવપેજે અંજાઈ બચારી નીરદોશ કચ્છ ભુમીનો નાશ કરવો જોઇતો નથી. પણ આ વાત બાર કલાક જેમ છે તેમ રહેવા દઈ જોવું જોઇયે છે કે તે નાશકર્તા બીજું પગલું કયું ભરેછે? તે ઉપરથી આગળ અંદેશો નક્કી કરાય." વડો પ્રધાણ વીશ્નુસરમા બોલ્યો "માહરાણી બોલ્યાં તે તો ઠીકજ છે, મગર હાલમાં કસો વીલંબ ધરવો કીંવા એક પક્ષ પણ નકામી જવા દેવામાંહે બાજી ખોહ્યાસમાન છે. મ્હારી મસલહત માત્ર અભયસીંહના મત સાથ મલતી આવેછે. આપણી સઘલી મલી ત્રણ લક્ષ સૈના છે. સવા લાખ કચ્છ ઉપર ચઢે. અભયસીંહ તેના સેનાધીપતી થાય. આપણો સેનાધીપતી તાજસીંહ વીસ હજાર ખાસ માહરાજાની સેનાસાથ તે કચ્છી સેનાધીપતીની સેનાનો માર્ગ બંધ કરી સોરઠના માર્ગના અવળની કે જ્યાં અરણ્યની ઘીચ ઝાડીવાલી જગ્યો આવી છે ત્યાં દાવ સાંધી રહે. દોઢ લક્ષ સૈના સોરઠના રક્ષણ ખાતર અછી પેર ગોઠવાય, તે ઉપર માહરાજા પોતે સરદારી રાખે." એ રીતે ત્યાં પ્રભાત્ત લગી તરેહવાર મસલહત ને મત ઉડયાં ને પડયાં પણ કાંઈ નક્કી થાય નહી તેટલાં તો કીલેદારે કચ્છના સેનાધીપતી તરફથી આવેલા સરદાર માટે માહરાજાને સંધેસો કહાવ્યો. આ સમાચાર સાંભલતાંજ સોરઠપતી બોલ્યો "અભયસીંહ, આ મ્હારી મોહોરની અંગોઠી લો. તર્ત કચ્છ ઉપર મ્હારૂં સૈન્ય લઈ ચઢી જાવ." આ સાંભલતાં અભય ત્યાં હતોજ નહી એ માફક વાયુવેગા ઘોડા ઉપર નગ્રના ગુપ્ત માર્ગે સોરઠના અરણ્યમાં પોહાંચ્યો. અભયસીંહ અલોપ થયા સંગાતેજ સોરઠપતીએ વીશ્નુસરમાને કીલ્લા બાહેર જઈ તે સરદાર કોણ ને શા કારણસર આવ્યોછે તેનો રાજ્ય રૂઢીએ સાર ખેંચી લેવાને આગ્ના કરી. તે પોતાના માહરાજાની આગ્ના પ્રમાણે કચ્છી સરદાર જ્યાં પોતાના સીપાઈ સંગાતે રાહ જોતો ઉભોછે, તેને જઈ મળ્યો. તર્ત ત્યાંજ ખુલ્લાં મેદાનમાં બન્ને વચ્ચે રાજકીય પ્રપંચ મંડાયો. એક વૃદ્ધ પ્રધાણ ને બીજો જવાન લડવૈયો એટલે વૃદ્ધ ડાવકો ને જવાન ઉછાછલો તેથી વૃદ્ધ ધીરતા ને ધૈર્યથી ફાવ્યો ને જવાન હાર્યો. જો કે સરદારે નગ્ર ને કીલ્લામાં જઈ જાતે હાતે સોરઠપતીને કચ્છના સેનાધીપતીનો રૂકો સ્વાધીન કરવા કહ્યો પણ માહરાજા માત્ર માહરાજાનાજ રૂકા રૂબરૂ લેછે ને માહરાજાથી બીજા કોઈ હલકી પદવીવાલાના કોઈ પણ જાતીના સંધેસાને લક્ષ દેતા નથી. આ રૂઢી સોરઠ રાજ્ય સ્થાપના થયા સંગાતેજ ચાલુ થયલી છે માટે ડાહ્યા અમલદા-

રીએ માન આપવામાંજ સોભા છે એવી અનેક પ્રકારની યુક્તીથી તેનો રૂકો લઈ તેને બારોબારથી રવાના કર્યો એથી બન્યું એ કે રૂકાના જવાબ વના કચ્છનો શુરો રાજકુમાર ન્હાનો ડામાડોળ સ્થીતીમાં આવ્યો. બુદ્ધીસાળી પ્રધાણે મોહનો સંદેસો કહેલો કે "તમારા સેનાધીપતીના રૂકાનો લાયક જવાબ મોકલવાને બનતી પહેલી તક હાથ કરીશ." આ રીતે કચ્છનો ન્હાનો સોરઠના માહરાજાને બંદમાં પકડવા જતાં પોતે અસ્થીર સ્થીતીએ સપડાયાથી પોતાના વીશ્વાસુ સરદાર ઉપર એટલો કફા થયો કે ફરી તેણે તે સરદાર સાથ સ્વતાં વાત કરવાને પોતાને મન સમ ધર્યા. ન્હાનો જેટલો પોતાનાં બલ ઉપર મુસ્તાક હતો તેટલો તે સામા હરીફના બલથી પૂર્ણ વાકેફ પણ હતો. તે જાણતો હતો કે "મ્હારી પાસ પ્રદેશમાં લક્ષ યાદવ સેન છે પણ સોરઠપતી પાસ પણ ત્રણ લક્ષ શુરી સેના છે. પોતે શુરવીર સરદારો ધરાવેછે તેવા સોરઠપતી પણ ધરાવેછે. વળી તેને પ્રદેશ છે ને હરીફને તેનું સ્વદેશ છે. હરીફ જેટલો પોતાની ભુમી તસુએ તસુ જાણેછે તેટલી તે તસુએ તસુ અજાણો છે. રણસીંહ પોતે એક આસામીજ એવો અલૌકીક ને સમપુર્ણ શુરવીર છે કે લક્ષ સીપાઇ તેની ચપટીમાં સેજજ ચોળાઈ જાય. જેને અહંકાર નથી ને શુરાતનની શાંતી એવો જે રણસીંહ, તે સાથ બાઠ ભીડવી છે. ત્યાં લગાર ગાળો નાખશું તો તે કાંઇ અબલ કામ કહેવાસે નહી." આ મનસુબો તે પોતાના મન સાથ રચતો હતો ત્યારે તેને એટલો પણ ભાસ પડયો હતે કે જે અભયનું ગામ લુટી તારાજ કર્યું છે ને જેના મુઠીભર સીપાઇ ને પ્રજાનો નાશ કર્યોછે તે અભયસીંહ સાવ વૈરમાં વીટલાયલો વીખશુર સમાન સોરઠની લક્ષ બલવાન સૈના સંગાતે કચ્છની ભુમી ઉપર કદમ પણ મેલી ચુકોછે ને જે વખત જાયછ તે દરમ્યાનમાં તે પુરાનું નગ્ર ભષ્મ કરવાને ભાગ્યશાલી યુદ્ધો ખપશે, તો ત્યાંની પોતાની સંકોચાયલી ઇચ્છાને તે ઘડીભર સ્વપ્ને પણ સંભારવાનું માંડી વાલતે. પણ તે માનવી ક્યાંથી દેવની શક્તી પામે? કે નકામું પડી રહેલું મસ સૈન્ય લઇ તે પોતાના દાદાની કીર્ત જાલવવાને ઉડયો જાય? આ હાલતમાં તે શુરો ન્હાનો ગરક છે. તેણે પોતાના માહરાજા પીતાને અગર આ અનર્થ રચ્યો તેમાંનો એક અંસ માત્ર ખુલ્લો જણાવ્યો હતે તો અભયસીંહ જેવા ભોલા, ઉદાર, ને શુરવીરોના શુરવીર રજપુત ઠાકોર સામે એ કદમ ભરવામાં કેવો કોપ ઉઠશે, તે કહી સંભલાવી તર્ત તેની સેનાધીપતીની પદવીએ ખુંચી લીધી હોત. અરે તે માહ શુરા તેજ આવડાને પોતાના રાજપુત્રના વચનની વાતની જાણ થઈ હતે તો મુલેજ તેને સેનાધીપતી બનાવ્યો ના હોત. કહેણી છે 'પીતાનું પાપ પુત્રને મારે' પણ ત્યાં તો કહેણી ઉ-

ઊઠી થઈ. પુત્રના પાપે પીતાનો મંઓ ઉતરી મર્ણની છેલ્લી ઘડીએ તેને ગાદી રહીત કરી મારે એવો દાવ મચ્યોજ.

ન્હાનો, અભયસીંહના મોટા મહેલમાં પોતાના ખ્યાળમાં ગર્ક પડ્યોછે. તેટલાં સંધ્યાકાલની દીપક પ્રકાશી, તે તલખુંદ યા ઝાંખા તારા મીરાલ ઝપકટી ચાલી, તે જે બંધનમાં સંજીવન હતી તે જલાવતી ને વધુ ને વધુ તેજ મય શીંગારેળ દીપતી દેખાવા લાગી, પૃથ્વીએ તેના પ્રકારાને નમસકાર કર્યો ને આવતી રાત્ર કાલાશીમાં તે પ્રકાશને આશીરવાડ મળ્યો. દરેક લેહેરી તેના ઝપાટાને સોસવા લાગી ને તે બદલે તેની કાયનાત ઉપર સુગંધી, થંડક ને તેજ વીંટેલ વાયવા લાગી. દીનના રંગીન પતંગોએ પોતાના તનના ભોગથી તે દેવતાઈ અંસને મુબારકબાદી આપી. પંખીઓએ તે ચમકાત જોતાંજ પોતાના માલાનું બીછાનું ધર્યું. તેને દેખતાં ચુમ્બનથી ચુઠાયલી ગુલ પોતાના યાર પતંગથી જુદી રીશાળ થઈ કે 'મારો દી મને પ્રેમ સમજાવનાર પતંગ કેમ બેવફા!' આ ન્હાની હરીફજાદીને કાલી રાત હાર ખવાડવામાં પોતે હાર ખાતી ચાલી ને જ્યાં તે, ત્યાંથી દુર ખસી. જેઓએ દીપકનો આસરો પકડેલો તેઓસે તે એવી તો મેહરબાન ને સખી કે ગમે એ અંધકારમાં તે તેમની રાહબર; પવનની કુમકે અંધારીનો આજાબ ખમી તે ટકી પકડેલી સાથમાં રેસ વાંક રાખ્યો નહી, ન દેખાય ને દેખાય તેવી ન નેહા જેવી સજીવન દીપક સજનીએ પોતાની કીરતીમાં વધારો કર્યો. સામકલ્યાણે પોતાની રાગણીથી તે દેવ કુંવરીનું પધારવું આસીરા દે ગાયું, ને જગે જગે જગત ભજતાઓએ તેની સમ્પૂર્ણ બળ્યારી જોઈ.

હવે તેની દુવાઈ જગતમાં કીરતી ભરેલી ગાજીછે. રાત પોતાની સેના સાથ જુદ્ધમાં જીવપર આવી ઉતરીછે. જગત અંધકાર સીવાય કસું રાખવાની ઇચ્છાથી ઉલટી છે, તે ભારી આફત ને વેરી વખતમાં દીપ સર્વ જીવાલોની આધાર બનીછે. ગમે એવી ધુકતી ભરેલી રાત થતાંએ તેની માહાત દેખાયછે. પ્રાણીઓ તેના આશ્રામાં આરાએસ ભરેલાં સુખાલ સુતાંછે. તે પોતે રાત સાથે લડેછે ને વલી આશ્રય જાલવેછે. પવનની લેહેરીઓ તેની મીત્રણી બનીછે, પવન જપાટા તેના તેજ સાથ હરીફાઈ રાખેછે તેમાં તે ધૈર્ય ધરી પોતાની કીલેબંદીમાં થરમેરથી ટકેછે. રાત્ર તેની જુદ્ધમાં નીરાસ થઇ પાછી હટેછે. આકાસ ને તારાઓના ચમકાત દીપકને ચાહથી જોએછે ને તેને મસ તુફાનમાં પોતાના તેજથી દીપાવતા જણાયછે. મધુરી રાગણી તેની ફતેહના ગાયનથી ગગન ગજાવેછે. નૃવરોના મોહોર તે ખુશાલીમાં પોતાના તેજ ને તોર ને કદમાં ફુલેછે, ને

ડાલીઓ નાચ કરી વધાઈ નવાજતાં વધુ ઉમેદમાં નવાં બચ્ચાંઓને જનમ આપેછે. દીપક ખુબ કીરતીથી સરોપાવ ભરેલી ગુલમાહે ઘેરાઈછે, તેને હવે જબરી હીમત આવીછે, તે પોતાના બંધનને જલાવી દેવામાં યા તે જલી રહે તે આગળ પુરણ કીરતીમાન થવાના પકા ઉડાવમાં ઠરીછે. તે હસ્તા ને બાહુર ચેહરે પોતાની આસપાસ તેકાવથી બહુજ કીર્ત પ્રકાસે વધેલી ચમકાત ભરી અજાએબી પમાડનારીછે. જેની નજરે તે પડેછે તેઓ તે ઉપર મન ને અચરતી જણાવેછે. બીજી જુદ્ધમાં ફતેહ પામેલી ફતેહબાજ દીપક હવે તો તમામ રીતે પોતાના સારા કામના ફલથી નવાજેશદાર છે. મધ્યરાતનો જગત તપાસનાર દુત તેના કાનમાં કોમળ ને લાયકી માફક કોઈને માલમ ન પડે તેમ મીત્રાઈ ને શાબાસી જણાવી ગયોછે.

હવે તે પોતાના બેરખા સાથ રણસંગ્રામમાં સુરવીર ઠરતાંજ, ખુબ તેજ ને બસ બુંદનોની નાહની વાદલીજેવી ખીલી નીકલીછે. જાણે અંધારીમાં ચંદ જેવી તખતપર આવીછે. તેને લેહેકીઓ ફીદાગીરી કરેછે. તોડી ને માળકોસ રાગ રાગણીઓના લસકર સાથે તેની દેવરી નીચે ગાયનના ગગરાત ને ખંખારા ફુકેછે. તે ખીલેલા ગાયનમાં ખુદરત પોતાની નવી નવીનતાથી તે છક રીતીથી નાચ રંગમાં નીકળીછે. મેંનાઓ માન ને અકરામની શલામો ગાયછે. બુલબુલો જાગીને તેની ગાદીને અમરતા ચાહેછે. જોગી ને નેક આતમા નુર તેને વધાઇ દેછે. મોટાં તોફાનો શરમાયાં છે. અંધારી તો શીકસ્ત પામી મુલગી નાસી જવાની તૈયારીમાં. દવ મોતીના દાનાથી પાનને શૃંગાર કરાવવામાં ગુટાયો ને ગુલે શોહોરમથી હવા બુદાર કરવા સરૂ કરી, તે સંધી ધુમધામના નજરાના દીપક હજુર આવ્યાંછે. તેની દુવાઇનો ઢંડેરો પીટાયછે. પણ તેજ ઢંડેરા પાછળ બીજો ઢંડેરો પળમાં પૃથ્વીના આ નાકાથી તે નાકાં તલગ વાગેછે. તમામ તન આધાર તે જલાવી એકાએક હવે ઝોક ખાઇ પડીછે. તેનું બદન કુમલાઈ કુમલાઇ ચરચર જલી જાએછે. એક પળમાં તે કીર્તવાન ચમકાત ધરાવનાર દીપ એકાએક જંખવાઇ. મરઘાએ બાંગ મારી. સહુ જ્યાંનું ત્યાં બાધુરી ને મોટી જીતોના પરીણામ જેમનાં તેમ. ચરર કરતો એક વીજ જપાતો લાગે કે વળી જાણે કઈ નહી. એક બે પાંચ પચાસ ગરટળાના ઝપ વીજલા થયા ને વીદાયગીરી. દસ કલાકની પાદશાહીબાજ જીંદગી પુર ફતેહબાજીમાં એક કોયલાની લખોટી, કોયબાનો દાનો, પોહોર ફાટો કે ના રાત કે ના દીપ.

આ રીતે દીપક રૂપક માનવી દેહા ખ્યાલમાં શુરો ન્હાનો સારી રાત ગરક રહ્યો હતો, તે વખ્તે અભયસીંહ મસ શુરી સોરઠી સૈના સાથ કચ્છની

સરહદમાં દાખલ થઈ છાવણી નાખી પડયો. છાવણી નાખવા સાથેજ અભયે તરત કચ્છાધીપતીને બાણ મારફતે કહાવ્યું "તૈયાર થા. મ્હારો કાલ આવ્યોછે." આ અર્થ સમાવેસ એક રૂકો અછા બાણાવળીને સ્વાધીન કર્યો કે રાજધાણીના રાજ્ય મહેલમાંહે બાણ ઉપર ચઢાવી મોકલે. બાણાવળી માહશૂર રાજેન્દ્ર ગુરૂસીંહ મારવાડ રજવાશનો રાજકુવર હતો. તેણે રાજધાણીના કોટ ઉપર સાંધણી કુડાવી ધનુષ્ય કસી કે મતલબ પાર પડતી રીતે તેનો મારવાડી બાણ કચ્છના મોટા મહેલના રાજ્ય દીવાનખાને જ્યાં તેજ ચાવડો પોતાના માહશૂરા બાયાતો સગાત દીલખુશ વાતમાંહે હતો ત્યાં ઉડતો જતો ચમક્યો. આ બાણ જોતાંજ તેનું ક્ષત્રીલોહી સજીવન થઈ તેના મુખથી પર્વત ફાટ્યાસમ ગગરાટ થયો. "કોણ બીઅદબે મ્હારા મહેલમે નીશાન ટાક્યો?" પણ તેટલાં તો તે બાણ તેના ચરણ પાસ આવી પડયો જેમાંહે અભયનો રૂકો ખોસેલો હતો. તે લઇ વાંચતાં ત્યાં બીરાજેલા સર્વ શૂરા સરદારોનાં મોહ સ્તબ્ધ થયાં. તેજસીંહ બોલ્યો "પૃથ્વીમાં એક નર છે તે કદાચ મને આ ભય દેખાડી શકે. તે નર વૃદ્ધ અભયસીંહ છે. પણ તે ચાલી ચલાવી કસા પણ બહાણાવના મ્હારી ને તેની અમર મીત્રાઇનો ખ્યાલ ભુલી ધરતી જે બે શૂરવીરોથી ધ્રુજે તેવી બાજી મચે એવું સ્વપ્ને પણ માનીશ નહી." તોય તરત તૈયારી થઈ. સર્વ કચ્છી સૈન્ય તૈયાર થવાનો હોકમ જાહેર થયો. તેજ બોલ્યો "કાલે યુદ્ધ ને આત્મા બન્ને પોતાની બાજુ ને બાજીની રૂધીર વર્ષતી યાત્રા ભરશે."

અભયસીંહ કાંઈ પણ અવકાશ આપી હરીફને તલ માત્ર ફાવતી દીયે એવો કાચો કે સુસ્ત હતો નહી. બાણાવળી આવ્યો કે છાવણી ઉઠી ને ગીડના ટોળાં મીશાલે સોરઠ સૈન્ય, સારૂં કચ્છનું રણ પાતાલ લગી છુંડતું ને ગગરાવતું આગલ આવ્યું. તે સવાલક્ષ શૂરા શૂરવીર સીપાઇઓ, પાંચ હજાર હાથી, ત્રણ હજાર સાંધણીઓ, ને એક હજાર ત્રાંબાના કોટ જેવા સેનાધીપતીઓ સાથ અભયસીંહ ભુજ રાજધાણીનો કોટ જોવા લાગો. અગર ન્હાનો હત તો અભયસીંહ કોટને તીર મીશાલના યાદવ લશકરથી ચીકાર જોત, પણ વૃદ્ધ તેજ ચાવડો ગુપ્ત બાજીથી આંધળો તે ક્યાં તેટલી ઉત્તમ પ્રકારની યુદ્ધ ચોકસાઇ રચે? તેથી બનવા કાલ તે માત્ર બાજી ફળી. અભય પોતાના વેરની જ્વાળામાંહે ભુજના કોટવાલા લશકરને આશાનીથી મારી તે ઉપર ચઢવાને ફાવ્યો. અને ભાયગે આ ઝપાઝપીની ખબર રાજધાણીમાં ફેલાવો પામી તેટલાં તો એક મસ તુફાન મીશાલની ને શસ્ત્ર સમાગમની કાપાકાપીથી રાજધાણી ત્રણ કલાકમાં માંસ ને અવયવનો ડુંગર હોય તેવું સ્વરૂપ પકડી રહી. અભય રાજધાણીની સામતી ધુલધાણી કરતો મ-

હેલમાં ધુસ્યો. તેજ ચાવડા ને તેના કબીલાને પકડ્યો. તે સર્વેને કોટના એક અંધારા ભાયરાંમાંહે પુરી દઈ તે ઉપર હજાર શૂરા રણબાજોની ચોકી રાખી પોતાના લશકરને બોલ્યો "રાજધાણી બપોરમાંહે રાખના ઢગલા શીવાય બીજી કોઈ નીશાની રહે નહીજ." આ હોકમ થતાં ભરતખંડનું વખણાયલું ભુજ શહેર અગ્ની સાગર સમાન બની જઈ તે આ પૃથ્વી ઉપર હતુંજ નહી તેવી વેરાન બેરાન ભુમી ત્યાં પ્રગટી. ના દેવાલય, ના મહેલ, ના તમાશાખાના, ના વીદ્યાલય, ના રંગ આસનો, કે ના પ્રજાનાં હજારો ઘર ને વારી ને બગીચા રહ્યા. સર્વ જલી બળી રાખખાખ થઈ જઈ અભયસીંહનો કીનો સંતોખ્યો. સર્વ રાજકુમારો ને રાજવંસ કપાઈ ગયા. બચ્યો તે માત્ર તેજ ચાવડો ને જનાના ખટલો.

વળી આ અગ્ની સાગર સ્વરૂપ ધારણ ભુજ ઉપર ઇશ્વરી કોપ વર્ષતો હોય તેમ એક બાજુથી તે સર્વ જલી અગ્ની ભસ્મ થઇ રહ્યું કે પછે ઈંદ્રે પોતાનું લશકર તે ઉપર ફુક્યું. ત્રણ દીવસ ને રાત્ર હદ વનાનો વર્ષાત થઇ ભુજની એકે નીશાન કે ઓલખનો છાંયો રહ્યો નહી. ભુજની ભુમી એવી રીતે ધોવાઈ સફા થઇ કે કચ્છનાં રણની હદ વધી હોય તેમ તે પોતાનાં મોટાં રાન સાથ વેરાન હાલત થઈ મલી ગયું. આ હાલતને તે ભુમી પોંહોંચી છે, ત્યાં એક રાજમેહેલ અભયસીંહના હોકમે ઉઠયો. તે આસપાસ સોરઠના લશકરની છાવણી નખાઈ ને કામ ચલાઉ મકાન બંધાયાં. હ્યાં અભયસીંહ નવું ભુજ વસાવાના વીચારમાં છે તેટલાં તેને પોતાના હાડવેરી સમાન થયલા તેજ ચાવડાની યાદ આવ્યાથી તેને પોતા સામે બોલાવ્યો.

તેજસીંહ હાલમાં સીંહ સ્વરૂપ કેવલ હાડપીંઝર હતો. તેને સર્વ શૂરો કબીલો ને રાજવંશ કપાઈ ગયાનો ગમ કાંઇ જેવો તેવો લાગો હતો નહી. તે, જેને જોતાં સીંહ ધ્રુંજે ને ગરૂડો ડરે, તેવા મસ વીક્રાલ દૈત્યને દેખતાં અભયના ડોલા ચોંક્યા. અભય બોલ્યો "તેજ, મેં ત્હારો શો અનર્થ કર્યો કે તેં મ્હારૂં ઈનામી ગામ ને તે માહે વસ્તી પ્રજાનો કાલ આણવા ત્હારા રાજપુત્ર ન્હાનાને લક્ષ યાદવ સૈન આપી મોકલ્યો? મેં કે જેણે તને કંઇક યુદ્ધમાં સુહાયતા દેવામાહે જીવની પરવા કરી નહી તેનો મંબો લુટવા ખાતર ખંડણી નહી ભર્યાને બહાણે સેજજ ગામ તારાજ કરી આ મ્હારી વૃદ્ધતામાં ગજબ કરવો એવો કેમ તને વીચાર સુઝ્યો?" તેજ બોલ્યો "હું કાંઇ જાણતો નથી. મને પૃથ્વીપતીના સમ જો મેં તને એકપણ અભાવ વચને ત્હારી ગેરહાજરીમાં સંભાર્યો હોય તો. અભય, તેં માહ અનર્થ કર્યો ને મ્હારી રાજધાણી બાળી ભસ્મ કરી, ત્યમ મ્હારા પુત્રો કાપી અપમાન દીધામાં બાકી રહી નહી. તને ખબર છે કે ત્હારી ને મ્હારી સ્વર્ગવાસ માતાઓ વચ્ચે જ-

-મકાલની આ ખટપટ હતી. એક કહે કે મ્હારો પુત્ર પા ઘડી પ્રથમ જનમ્યો, બીજી કહે કે મ્હારો. આ રીગંજીક જન્મની ચાલું છે. તું એક પલ જાદા કે હું એક પલ જાદા આ પૃથ્વી ઉપર જન્મ પામ્યા છિયે તે માત્ર નકી થવાનો આ સમય છે. તું જાતે શૂરવીર ને રજપુત બચ્ચો છે. હું જાતે શૂરવીર ને રજપુત બચ્ચો છું. મને છુટો કર ને ચાલ આવ આપણે યુદ્ધ ખેલ્યે. જે તર્ફ ઇન્શાફ હશે તે તર્ફ ઇશ્વર જય મેલશે. સારી જીંદગી લગીના મીત્ર રહીને આ અંતવક્ત પણ આ પૃથ્વી ઉપર ઉદારતાથી વર્તશું તો આપણો કદો કીનો આપણું સ્વર્ગ ખુંચી લેશે નહી. ચાલ આવ સામે આપણાં શસ્ત્ર અજમાવ્યે. મ્હારો સર્વ શૂરવીર કબીલો કતલ થયો, તો મને આ જીવન ભ્વાલા છે." અભયને પોતાના હરીફની બોલીનો મોહ લાગો. વળી માહ શૂરવીર તેથી તેની ચાહેલી હરીફાઈના અજમાવ્યામાં તેની મરદાનગી જાંખી પડે, માટે તર્ત તેને છુટો કર્યો. તેજે પોતાનાં સરસ શસ્ત્ર ને કવચ સજી લીધાં. અભયે પોતાનાં ઉમદા શસ્ત્ર બદનમાં પેઢયાં કે બન્ને બલદેવ સમાન દેવતાના દીલ કંપે ને દૈત્યો ન્હાસે તેવી અનલ યુદ્ધમાં મચ્યા.

કોપી તેજ બોલ્યો "અભય, આ શીરોઈ સારા કચ્છમાં અજીત છે ને ખાલી જાય તેવી નથી. તેં મ્હારી તું ઉપર વર્ષોની મીત્રાઈનો વધાવો થયલો ભુલી મ્હારાં કોઈ ઉપકારની પણ તેં કદર જાણવી નહી. લે ત્હારી ધાલ ત્હારા કરમાં ને ઝીલ આ વૃદ્ધ તુટેલા દીલના માનવીનો ફટકો!" કે અભયે પોતાની ધાલે પોતાનું માથું છુપાવ્યું પણ તેજની તલવારે તેની ધાલની કોર કાપી તેના ખભા ઉપર કારી જખ્મ કર્યો. અભયે ચીસ મેલી, કે તે મેદાન ઉભેલી સોરઠી સરદારોની હરોલ ભય પામી, પણ તેટલાં તે બોલ્યો "તેજ, તું મને પાયામાલ કરી આ હાલતે પોંહોંચાડી ઉલટો મને વગોવેછે. પણ અવીચારી, સમાલ મ્હારી શીરોઈ. તેજ, તું વૃદ્ધ છે તેથી મ્હારો કર ધ્રુંજેછે. તોય તું માનવી છે માટે ઉગરવો મુશકેલ." એ કહેતાં અભયે શીરોઇનો ફટકો એવા અસાધારણ શૂરાતને લગાવ્યો કે તે તેજની ધાલના ફુલ ઉપર લાગતાં વચમાંથી તેને કાપી તેજની તોપ ઉપર પડ્યો તેથી તેજના કપાળમાં તોપ પેસી ગઈ; તેવીજ તેજે બુમ પાડી ધનુષ્ય ધરી ઉપરાસાપરી સાત ઝેરી બાણ છોડ્યા તે સર્વ અભયની છાતી ને બાજુમાંહે પેઠા. આ ગજબ જોતાં અભય પોતાના હરીફ સાથ બાજીમાં ઉતરવાની ભુલ જોઇ શકયો. અભય બોલ્યો "તેજ, મ્હારા ભાલાથી કોઈ બચ્યું નથી." એ કહેતાં તરત તેણે પોતાના સાત મનના ભાલાથી કચ્છાધીપતીને છુંડી નાખ્યો. આ અવદશા જોતાં તેજ સર્પ સમાન મરોડાઈ બોલ્યો "ઇશ્વર, હું અન્યાયી હોઉં તો મ્હારો વધ પ્રથમ થજો. અભય, મ્હારી ગદાના ફટકાથી

મેં આજલગી કોઈ શૂરા નરને જોયો નથી કે તે બચી ગયો હોય, અને આ પણ સત ત્હારે મન સમજ કે અગર તું રાક્ષસ કીંવા દૈત્ય હશે તોય આ મ્હારી ગદાના જરબે કોકાલ બચનાર નથી. તેં અઘોર કર્મ કર્યુંછે ને તેં ઇશ્વરનો કોપ ત્હારા સર ઉપર ઉલટાવ્યો છે. તેં મ્હારી રાજધાણીની રજેરજ ઉલટ પુલટ કરી તેની નીશાનો નાબુદ કરીછે. મ્હારી સર્વ મહેરબાની ને મીત્રાઇનો બદલો તેં જે આપ્યોછે તેનો કાંઈ ખ્યાલ કર, ચીંતા કર, ને ત્હારૂં મોહ આ પૃથ્વી ઉપરથી કાળું કર." આ કહી તેજે પોતાની ભારી ગદા પોતાના સર ઉપર ફેરવી શત્રુ ઉપર ઉગામી કે અભયનું મસ્તક પોતાના હરીફના સફા શબ્દોના ખુલાસાથી ચીતભ્રમર થયું. ઢાલ પકડી તોય તે મસ ગદા તે ઉપર પડી કે તે પલે અભય ત્યાં તે ભુમીમાં તેના હાથી સમાન ભારે ગરી ગયો. તેજ હસ્યો "કેમ છે હરીફ? ફીકર ના કર, તું સ્વર્ગ પામ્યો." આ કહેતાં ને પોતાના હરીફનું મૃત્યૂ જોયા પછે તે પોતાને લાગેલા અગ્નીત ઘાથી ચક્રી ખાઇ પડ્યો. અર્ધ ઘડી પછે તેનો આત્મા સીવપુરી પ્હોંચ્યો. સોરઠી સૈન્યે બન્ને શૂરા રજપુતોને માહરાજાના માનથી અગ્નીદાહ કર્યા. ને આ સર્વ વર્તમાનનો પત્ર માહરાજા રણસીંહ ઉપર એક સાંઘણી સ્વાર પાસ રવાના કર્યો.

ન્હાનો પોતાના કીનામાં ગુલતાન, આજ કાલ આજ કાલ કરતાં મહીનો ગુજર્યો તોય આમરણમાં કચ્છી સૈના સાથ રહ્યોછે. તેને નથી અભયના પરાક્રમની ખબર કે તેના બાપ માહરાજા તેજસીંહનો વીચાર. તે નથી પોતાના કુટુંબની શી દશા થઈ તે જાણતો કે તેનો બાપ ક્યાં મૃત્યે સ્વર્ગવાસ થયો તે માલમ. તે તો ત્યાં રણસીંહ ને કટારદાવ ને તે દરમ્યાનની જીત ને યશની ગણત્રીની કંકોત્રી, ખ્યાલના કાલાં માન પ્રમાણમાં ખેંચ્યો જાયછે. એ હાલતમાં તે આમરણવાલા અભયના મહેલમાં બેઠોછે. તેના સેનાપતીઓ તેની આસેપાસે ઉભાછે, ત્યાં એક યાત્રાળુને તેના ચોકીદારો લઈ આવી કહેવા લાગ્યા "સેનાપતી મહારાજ, આ કોઇ યાત્રાલુ આપ સાથ ખાંગીમાં વાત કરવાની આશાએ અમને અર્જ કરવા લાગ્યો કે "સેનાધીપતી શૂરા ન્હાનાસીંહ પાસ લઈ જાવ." તેથી અમો એને આપ હજુર હાજર કર્યોછે. એના અમે ઝાડા લીધાછે. એને મળ્યામાં એક સોય જેટળાં શસ્ત્રનું કોઇ ભય નથી."

ન્હાનો તે જાત્રાળુને જોયછે તો પોતાનો વીશ્વાસુ સરદાર શૂર ચાવડો જણાયો. તેવોજ તેને મોટાં હેતથી બોલાવ્યો "સરદાર, આ શો હાલ?" પોતાના સેનાધીપતીને સાંભલતાંજ શૂરના ચક્ષુથી નવધારા વહીજ. તે ભુમી ઉપર ફસાઇ ગયો. "બાપ, માહ કોપ થયોછે. કચ્છ નીચું ગયુંછે. ભુજ

ગરક ગયુંછે. શીવ! શીવ! શીવ!" મ્હાનો આ શબ્દોથી સ્હૅન મારી ગયો. તે બોલ્યો "શૂર, આ શો અપશકુન?" શૂર બોલ્યો "કચ્છાધીપતી ને અભય હરીફાઇમાં પડયાછે. સર્વ રાજકુમારો કતલ થયાછે. અભયસીંહના કીનાએ રાજધાણીની નીશાને ભુસી નાખીછે. સવાલક્ષ સોરઠી ફોજે કચ્છના રહીશોને વીણીવીણી વીંધ્યાછે. અહો ઈશ્વર!" આ જો કે ભાગોતુટો ઇશારો હતો તોય તેમાંથી મ્હાનો સર્વ સમુલો સાર સમજ્યો હોય તેવો ગંભીર થયો. પછે શૂરે જે કચ્છ ભુમી ઉપર અભયના વેરનું યુદ્ધ મચ્યું તે હેવાલ કહ્યો ને પાછલ અભયં ને તેજની નોખી યુદ્ધ કસાકસી ને મૃત્યુ. આ સાંભળ્યાથી. મ્હાનાએ ત્યાં પોતાના લશકરના સર્વ સરદારોને બોલાવી કહ્યું, "જેઓ મ્હારા વંશ ખાતર જીવને જોખમ થવામાં રાજી ત્યમ વફાદારી બજાવનારા હોય તે માત્ર હ્યાં ઉભા રહે; બાકીનાને હ્યાંથી નીકલી જવાને મ્હારી છુટ છે." આ શબ્દો મ્હાનો બોલ્યો તેથીજ યાદવ સરદારોએ અપમાન લીધું નહી. સર્વ ગંભીરાઇથી નમ્યા ને "યુદ્ધાને કીર્ત માત્ર યુદ્ધમાં મર્ણ છે" એ કહી ચુપ થઇ ગયા. યાત્રાળુને કચ્છની વીપત કહી સંભલાવા જણાવ્યું. તેને સર્વે સાંભલી રહ્યા કે મ્હાનાએ વર્ત લીધું "જ્યાં લગી હું સોરઠને મ્હારા સ્વદેશ સમાન ખાલી ખાક કરૂં નહી ત્યાં લગી સર્વ શૃંગાર ને રાજ્યાભુષણોને અડું નહી, ત્યાં લગી અનાજ કે મીષ્ટાન ચાખું નહી, ત્યાં લગી સફા સેજ કે હાસ્યવીનોદ સમજું નહી. મ્હારા સરદારો, મને પુર્ણ સમજી લો. સોરઠ આજ માહ બળવાન રાજ્ય છે. વળી રાજકર્તા ભરતખંડમાં બલ ને જરમાં અવલ પંક્તીએ છે. જો આપણે કચ્છ કુચ કરી જઇયેછ તો હ્યાં આવ્યાની માહ ઝેમત પૂરી આપણે સર ચોંહોંટેછે. મ્હારી કલા એવું સુજાડેછે કે અવલ સોરઠ ને પાછલ કચ્છમાં સોરઠી સૈનાનો નાશ રચવો. તમો સર્વે પોતાની ટુકડીને વેપારીનાં ટોલાંના રૂપે સોરઠમાં દાખલ કરી ત્યાં લશકરી મથકો પાસ ધર લઇ રહો. જુગતીથી આજ એક, કાલ એક, એમ વંજારના બંધાણે રાજધાણીમાં જઇ રહો. પાછલ હું આવીશ. મ્હારી નીશાન પીળો વાવટો ને જોગેશ્વર સ્વરૂપ. મ્હારી સાથ પાંચ હજાર ભજન કરનારા સાધુ રૂપે મ્હારી રક્ષક સેનાના સીપાઇઓ રહેશે. જેવો વાવટો ચઢે ને રણસીંગડું ફુકાય કે તમો સર્વ તમારી ટુકડી સાથ જ્યાં જ્યાં સોરઠી સૈનાના મથકો હોય ત્યાં ત્યાં હલ્લો લઈ જઈ સીફો બજાવવો. આ સર્વ તો હાલ માત્ર ઉચ્ચાર બકબક છે પણ ઇશ્વર કરશે તો મ્હારો કોપ સફલ થશે. વળી તમો જે ત્યાં ડોલ ઘાલો તેમાં મ્હારા વંશના કટ્ટા વેરી હોવ ને કચ્છમાં અભયના બજેલા સીક્કાથી ખુશ હોવ એવો મત જાહેર કરતા રહેજો."

મ્હાનાની આ યુક્તીથી સોરઠમાં તેના સવાલાખ યાદવો મોટી મોટી

વંજારો બનીને દાખલ થયા. આમ થતાં એક માહ નીકલી ગયા કેડે ન્હાનો મોટા સાધુરાજના ડોલે પોતાના પાંચ હજાર અજીત રક્ષક સેના સીપાઇઓ સાથ ભજન ને હરી કીર્તન ગાતો ને ઝાંઝરાં ને ચંગ વજાડતો તથા રનસીંગડાનો નાદ કરતો દાખલ થયો તેવોજ રાજમોહોલના દરવાજે જઈ ઉભો. માહરાજા રણસીંહ આ વખ્ત મોહોલના મોટા દીવાનખાણે પોતાના વીશ્વાસુ દરબારીઓ વચ્ચે શ્રી ભુજની ખરાબી ને અભયના તેજ સંગાતના યુદ્ધના વર્તમાન પત્ર વંચાતા હતા તે સાંભલતો અને અભયે કચ્છાધીપતીને છુટો કરી બલબાજી ખેલવાની હરીફાઈ કબુલ રાખી તે તેની થયલી ભારી ભુલ ઉપર કર સંગાત કર ઘસી હાય હાય પુકારતો હતો. વીજનુસરમા પણ અભયના ગર્વને દીલગીરીથી સાંભલતો હતો. તેટલાં એચીંતી ભારી ગડબડ ને તુફાન સમાંન ગવાતાં ભજનોથી તે દરબાર ચોંકી. માહરાજા, તે સાધુરાજને જોતાંજ પામી ગયા કે જ્યાં છે ત્યાં આ ન્હાનો કચ્છનો રાજકુમાર આ સ્વરૂપ ધારણ કરી હ્યાં પોતાના વેરનો ગજબ મચાવા આવ્યોછે. તર્ત માહરાજાએ માહરાણીને બોલાવ્યાં. તે આવતાંજ સ્વામીરાજને ખમે કર મેલી સાધુરાજને દેખતાંજ ચીસ મેલી દેવાને માહ કષ્ટે ગલું થોબવતાં "ન્હાનો!" એ ઉચ્ચાર ઉડયો. આ એચંબો પ્રધાણ વીજનુસરમાને મન ઉડચા સાથ આજ એક માસ થયો વંજારોનાં ટોલેટોલાં રાજધાણીમાં આવ્યાની કલા સમજાઈ. પ્રધાણ બોલ્યો "માહરાજાજી, વીઘ્ન માહ આવી પડયુંછે. આજ એક માસમાં સવાલક્ષ વંજારીઓ શેહેરમાં આવ્યાછે તે કચ્છની સેનાના યાદવ સીપાઇઓ છે અને સાધુરાજ તે આપે ને માહરાણીજીએ ઓલખેલા કચ્છનો ન્હાનો છે તો પછે એક પલ પણ હ્યાં ધીલ કરવી ને નકામા વીચારે ગફલતમાં રહેવું શ્યાણા શૂરવીરનું કામ ના હોય. હાલ તો એને બાજીમાં હેઠો પાડવો તે માત્ર એને હાથતાલી આપી બીજી પંચાતમાં ઉતારવામાંહે સાર છે. આપ રાજકુમારો ને માહરાણી સંગાત ગુપ્ત માર્ગે રાજધાણી મેલી જાવ. હું આપ જગ્યો ભાયાત કેસરીસીંહને નેમી દઈ, બનેછ તેમ યુદ્ધનો આરંભ કરીશ. પણ યુદ્ધ વ્યર્થ છે. એની ફોજ જાગતી ને તૈયાર ને આપણી ફોજ ના ઠેકાણા સર કે ના તૈયાર. કોપ છે. જે ભુજનો હાલ તે સોરઠનો. ફેર માત્ર એ જે કામ માટે દલપોછે તે પાર ના પડીને જાંઓ પડશે. વળી એને એના અવીચારી વેરના કામની પુર્ણ શીક્ષા કરવાને અવકાશ ફાવશે." રણસીંહ ને ચાંદાદેવી પોતાના સમયસુચક પ્રધાણને સાંભલી પોતાની સ્થીતી સમજ્યાં. નેનમેલો થાય તેટલા વીલંબમાં સોરઠ દરમ્યાનથી રણસીંહ ને ચાંદાદેવી પોતાના રાજકુમારો ને માહ વીશ્વાસુ શૂરવીર સેવકો સાથ ગુપ્ત માર્ગે અલોપ થયાં.

ન્હાનાએ ભજન ગજાવતાંજ બાણવૃષ્ટી છોડી, રણસીંગ ફુંક્યું ને વંજાર ડાલની તેની યાદવ ફોજની ધુસની ધુસ સોરઠ સૈન્ય મથક ઉપર હલ્લા કરી ગઇ. મગર ઈશ્વરેચ્છા સોરઠી સૈના જેટલી જોઇએ તેટલી સપડાઈ નહી. રૈયત પણ જાત્રા ને તમાશાના કારણમાં પ્રવાસ કરી ગયલી તેથી જેટલી ખરાબી ને કાપાકાપી થવી જોઇયે ને વૈરની જ્વાલા પ્રગટવી જોઇયે તેમાંનું ભાગ્યગે દસાંસ બન્યું. પણ જે હાલ ભુજનો તે હાલ સોરઠનો થયો. તેના મોટા મહેલો ને મકાનો ને હવેલીઓ ને દેવદેવાલયો બાલી ખાક કર્યાં. તેનો કોટ ખણી કાઢી ત્યાં ખાઈ બનાવી દીધી. જંગલી જાનવરો પકડી તેમ ઝેરી.બીયાં મેલવી ત્યાં મેલી દીધાં ને અઘોર અરણ્ય સ્વરૂપમાંહે સોરઠનું શોહામણું શેહેર બદલી નાખી ત્યમ અપાર ખજાણો.લુઠી લઈ ન્હાનો પોતાની સવાલક્ષ યાદવ સૈના સાથ કચ્છ તર્ફ પોતાના વેરનો પ્રારંભ કરવા યાહુમ કુચ કરી આવ્યો. ન્હાનાને એટલું અઠાગ વૈર વ્યાપ્તું હતું કે રણસીંહ કે ચાંદાદેવી કે તેના અમુલ્ય રત્ન રાજકુમારોની શી ગતી થઈ કીંવા ક્યાં જઇ છુપાયાં તેનું ગ્નાન રહ્યું નહી. તેની તાત્પુર ખાત્રીજ કે તેના આ ઓચીંતા યુદ્ધમાં ક્યાં પણ રણસીંહ રોલાયો ને ચાંદાદેવી કે રાજકુમારો કપાયા.

ગુપ્ત માર્ગથી રણસીંહ પોતાની રાણી ને રાજકુમારો સાથ જ્યાં અરણ્યમાં સેનાધીપતી તાજસીંહ વીસ હજાર આબદાર રજપુત સીપાઇઓ સાથ ન્હાનાનો માર્ગ બાંધી બેઠો હતો ત્હાં જઈ બાહેર નીકળ્યો. સોરઠપતીએ પોતાની રાણી તથા રાજકુમારો તાજસીંહને સ્વાધીન કરી ચંપાના ગઢમાં પાંચ હજાર રજપુત લડવૈયા સંગાતે રવાના કરી દીધાં. પછેથી જુગ્તી નેકલા વાપડી પોતાનું સૈન્ય જે ન્હાનાના પંઝામાં સપડાયું નથી તે સર્વ જમાવ કર્યું, તો લક્ષ ઉપર શૂરા શીપાઇઓ પોતાના સરદારના તાબામાંહે કચ્છ તર્ફને મેદાન કુચ કરવા લાગ્યા. આ સૈન્ય સંગાતે કચ્છ જીતેલી સૈના મળતાં અધીલક્ષ સોરઠી સૈન્ય, જે સામે થવાને તે કાળમાં ભરતખંડ દરમ્યાન કોઈ છત્રપતી હતો નહી; તોય સ્વદેશ વેરાન ને જલાવી ભષ્મ કરનારાં લશ્કર ને સરદારો ઉપર.ન્હાના જેવા શૂરવીરનો જોસ કાંઈ વીલક્ષણ વીરયશ ગજાવે, એમાં તો શક નહી. છતાં રણસીંહે અજાયબ ઉદાર દીલથી ન્હાનાનો આશાભેર નાશ ના થાય ને તે યુદ્ધમાં ઠીક મચે ને સમય ફલે તો ફાવે એવી એક બાજી રચી. તેમાંહે તે મોટા શૂરવીરને ગર્વ પણ સમાયલો ખરો. તે બાજી, તેણે કાશીના માહરાજાને કપટથી કચ્છ બોલાવ્યાની રામબાણ ઉતારી. ન્હાનાની વર્ષગાંઠ ને રાજ્યાભીષેક કીસ્સાને મીષે કાસીનો વૃદ્ધ માહરાજા પોતાના અછા લડાયક દસ હજાર સીપાઇઓ સંગાતે કચ્છના ધોરી માર્ગે ઉતર્યો.

ન્હાનો સોરઠને ખાલી ખાખ કરી ત્યાંથી ઉડતાં પક્ષી મીશાલે પોતાના લશકર સાથ કચ્છ આવી અભયની સોરઠી ફોજનો ખીલકુલ નાશ કરવાની ત્યમ ફરી કોઈ બીજો એ કલાથી કચ્છ ઉપર ઉતરી ના પડે તેવો સીક્કો બજાવાની ઉલટમાં તાકીદથી કુચ દરકુચ કરતો લાગોલાગ કચ્છ સરહદમાંહે આવ્યો કે તેણે શ્રી કાસીના માહરાજાનું દેવાલય નીશાન આકાસના વાયુમાં લહેરાં ખાતું જોયું. આ નીશાન જોતાં તે પ્રથમ ચોંક્યો કે કાસીપતી પોતાના જમાઈનો ક્રીનો લેવા આવેછે પણ તેટલાં કાસીના માહરાજાને કચ્છના નીશાનની જાણ પડતાં મીત્રાચારીના ચીનહનો વાવટો ઉડ્યો. બન્ને લશકર મળ્યાં. બન્ને માહરાજા મળ્યા ને ખુલાશાથી અચંબો પામ્યા. કાસીપતી પોતાની એકપુત્રી રાજપુત્રી ચાંદાદેવી માટે ચીંતાતુર થયા ને ન્હાનાને તેનો ખેદ ચઢ્યો. ન્હાનો વળી કાસીપતીના ખુલાશાથી બીજી ફીકરમાં પડ્યો તે જુદો. આ બન્ને લશકર સરહદમાહે દાખલ થઈ શાનના ભીતરમાહે પેઠાં કે બળી ભષ્મ થયલી ભુજની ભુમી ઉપર ઉભેલો નવો મહેલ જોતાં તે મોટી સૈના ત્યાંજ અટકી. ન્હાનો તે પોતાના સ્વદેશને ભુસી નાખનાર અભય ઉપર અગ્નીસાગર સમ ઉલટ્યો. પણ તે હવે કયાં જીવતો છે કે તેના તનના સુક્ષમે સુક્ષમ જુદાં કરી પોતાનું વેર સંતોખે? તોય તે મહેલ ત્યાં કાયમ રહેવો જોઈયે? ના. ના. ના. તર્ત તેણે પોતાના ત્રીસ હજાર બાણાવળીઓને હોકમ કર્યો કે તે કીલ્લા સમ મહેલને વીંધી તેની ગેરદ કરી નાખે. આ હોકમ ને બાણ બન્ને એકી વક્ત મેઘ્રા સમ ઉલટ્યા. અમ સુસ તુફાન ઉલટી જગતને ઓર દોરમાં ઉલટ પુલટ કરે ત્યમ તે મહેલ રજેરજ ભોંય બરાબર થઈ ગયો પણ દરેક રજેરજ ત્યાં દેખતાંમાહે એકેકો શુરો રજપુત ફુટી નીકળ્યો હોય એવો ચમત્કાર બન્યો. ત્રીસ હજાર બાણોએ જે મહેલ ભષ્મ કર્યો તે મીશાલે ત્યાં ફુટી નીકળેલા ત્રણ ઘણા ત્રીસ હજાર રજપુતોએ બાણો ને કટારો ખેલવા ધનુષ્ય ને કરને વલાણ દીધી કે પલકન પલકારા સમ સમયમાં ન્હાનાનું અર્ધ ઉપર સૈન્ય જખ્મી ફીંવા વીંધાઈ મરતતોલ થઈ ત્યાં ગગડ્યું. બીજી પલકે એક યાદવ ઉપર પાંચ સોરઠી સીપાઈઓએ ઘેરો ઘાલ્યો ને હથ્યાર છીણવી બંદવા પકડ્યા. ન્હાનાએ યુદ્ધમાંહે કટાર ને બાણોથી હજારો દુશમન સીપાઈઓનાં સર ઉડાવ્યાં તોય તે રણસીંહનાં કલાબાજ બળ પાસ નમ્યો ને શત્ર્ય બંદવો થયો. આ યુદ્ધમાં કાસીના માહરાજાએ કસો ભાગ લીધો નહી તે છતાં તેનું ના નીશાન રહ્યું કે એકે શીપાઈ! તે પોતાના સફેત હાથી સાથ માત્ર એક ત્યાં ધ્રુજતા ને થાકમાં ગુસ્સાથી ધ્રુંજતો ને વૈરથી કાળીનાગ સમ આમતેમ મસ્તક અફાલતો નાહસી જઈ બચ્યો હતો.

ચાંદા દેવી ચંપાના મજબુત ગઢમાં પોતાની ગણત્રીની દાસીઓ સાથ પતી વીયોગ ને યુદ્ધ રંગના પાસાના ખ્યાલનું ભય વર્તે છે; તેટલાં ત્યાં વિષ્ણુસરમા બીજા રાજ્યના સ્થંભ સમ પ્રધાનો સંગાતે શોકના સમાચાર લઈ આવ્યોછે. તે પાછળ રખડી પડેલી રૈયત ને બચેલા સીપાઇઓ. આ સર્વ સંગ આવ્યો તે ફક્ત પ્રધાનો સીવાય મ્હોટા મેહેલ બાહેર જમાવ થઈ ઉભોછે. વળી ઘડીએ ઘડી જાત્રાએ ગયલી સોરઠ પ્રજા ત્યાં આવી ઠરેછે. તમાસાના કારણમાં પ્રવાસે પડેલી રૈયત પણ સ્વદેશ વળતી ત્યાં જમાવ થતી જાયછે. સોરઠી સૈના જે પોતાને સ્વદેશ રજા કીંવા લશ્કરી નોકરીની મુદત પુરી થયાનો આનંદ ભોગવતી હતી, તે સઘળી પણ સોરઠનો અહેવાલ જાણી પોતાનાં શસ્ત્ર સજી આ અડી વેળા નીમક હલાલ કરવાનો ઉછાળો મારી ત્યાં ઉતરી પડીછે. સર્વનો એકત્ર હેતુ હોઇને ત્યાં ન્હાનાનો કોપ ગાજ્યોછે. મહારાણી સીંહાસને બીરાજ્યાંછે. તેની બન્ને બાજુ શુરાતન સ્વરૂપ રાજપુત્રો ઉભાછે. દાસી મનીઓ મોરપીછ પીંછી લઈ પોતાની ઈંદ્રાણીસમ રાણીના સર ઉપર ઝલાણુ કરેછે. સામે સોરઠેશ્વરનો સમયસુચક વડો પ્રધાન વિષ્ણુસરમા એક ભીક્ષુક જેવો નીરાશ બન્ને કર જોડી ઉભોછે. તે મુખે શોક વાક્યના શબ્દો સંગાત લોચનોની નવધારા વહ્યાથી અલ્પમતી બન્યોછે. બીજા પ્રધાનો નમેલી ડોકે દયામણા મોહ કરી રહ્યાછે. શત્રુના કોપનું વર્ણન કરતાં સેનાધીપતીની અંતલગી શુરાતનની યુદ્ધનું સીનો ફાટે તેવું અસરકારક ચિત્ર રંગેછે, તે સાંભળી ચાંદાનાં હાડેહાડ અગ્નની મસાલ થઈ સળગ્યાં હોય તેમ તે આડો હાથ કરી વૃધ્ધ વર્ણન થતું અટકાવેછે. પદ્મની ચાંદાદેવી બોલી "પ્રધાન, તું લાજતો નથી ન્હાનાની બડાઇ ગાવામાં ? મ્હારા સર્વ શૃંગાર ને ભંડારોના ભોગે અખંડ સોરઠ અસલ નકસા પ્રમાણે મ્હારા માહરાજા રણસીંહ ત્યાં આવી ફરી કદમ મેલે તે આગળ બંધાવી તૈયાર કર. સર્વ સૈન્ય ફરી અછી તરતીબથી રચના કર. સર્વ ફ્હારી રઝળી પડેલી રૈયતને ડેરવ. મ્હારો હોકમ તરત અમલમાં લાવ. તરત સોરઠ નગ્ર બંધાવી તું વડાઇ મેળવ. સામી ગોકળઅષ્ટમી આવી તે સુઅવસરે હું સોરઠમાં દાખલ થઇ સીંહાસને બીરાજું ને ત્યાં સર્વ સોરઠના ખંડણ્યા ઠાકોરો ને ભાયાતોની દરબાર ભરી મ્હારા શૂરા પતી માહરાજને જોઈતી મદદ રવાના કરવાનો ઠરાવ પસાર કરૂં. ન્હાનો અગર ત્યાં પ્રદેશમાં મ્હારા પ્રીય માહરાજાને સંકટમાં લાવી નાખે તે આગળ હું ત્યાં અછી સહાયતા મોકલવાને સમર્થ થાઉં."

વિષ્ણુસરમાએ પોતાની માહરાણીની બળિષ્ટ વાણી સાંભળી તરત અસલ નકસો હાથમાં લઇ શ્રી સોરઠને લક્ષ્મીસ્થાન સમાન ફરીને બાંધ્યું.

તેના કોટ, તેનાં દેવાલય, તેનાં સરોવર, તેની વાવ, તેના બાગબગીચા ને યાત્રા ભરવાનાં બજારો વગેરેને હજારો કારીગરો લગાડી અસલમાં તલના ફેર તેમ બંધાવ્યાં. પછે પ્રજાનાં ઘર ને મસ હવેલીઓ, પછે ન્યાયદેવડી, રાજમેહેલો, અસલ શોભા ને ગુમ્બજોના બનાવી ચમત્કાર સમાન તે બળી ખાક થયલી વેરાન બેરાન ભુમીને નવો અવતાર દીધો. તે નવી શોભાયમાન નગરીને ગીતે વધાવતી ચંદ્ર કાન્તીની સ્ત્રીઓએ પ્રથમ ત્યાં દાખલ થઇ સુમુરત આરંભ્યું. મધ્યાન દિવસે કોટ બાહેર તંબુ ને ઝુપડાં તાણી રહેલી મરદ વસ્તીએ શેહેરમાં દાખલ થઈ આકાસને ચંગ ને ઝાંઝરોથી મંગળ સંભળાવી સંતોખ્યો. સાયંકાળે માહરાણી સર્વ પ્રધાનો ને સ્ત્રી રીસાલા સંગાતે નવાં સોરઠમાં દાખલ થયાં. જ્યારે કોટમાં અવલ રાણીની કનક પાલખી દાખલ થઇ ત્યારે રૈયતે પોતાની માનીતી માહરાણી ઉપર અન્મોલ મોતી ને માણકોનો વર્ષાત વર્ષાવ્યો. તે વેળા સોરઠની કોટની ધજા ચઢી. રાણીએ પહેલાં ધજાની કસબી દોર તાણ્યા પછે હજાર યુદ્ધાઓએ તેને ચઢાવી. માહરાણી મહેલના ઊંબરે પહેલું કદમ મેલતાં જે જેજેકારનો પોકાર પડ્યો તેથી ઘડીભર સૃષ્ટી હાલી હોય ને પર્વતોએ ગર્જનાથી વાદળને ધ્રુજાવ્યું હોય તેવો મહીમા વર્તાયો. મુશ્કેલ વાત, સર્વનાં રાચરચીલાં મેલવાયાં. રાજ્મોહોલની સર્વ વસ્તુ અસલ પ્રમાણે નકી ગોઠવાઈ રાજ્ય દરબાર ભરાઇ. ત્યાં મોટમોટા રાજ્યાધીરાજો વગેરે તાબેના મંડળીક રાજા, ઠાકોરો, ભાયાતોએ જાતે હાજર થઇ માહરાણીને મોટું માન દીધું. આ માહાન ચમત્કારીક પરાક્રમ બજાવી ચાંદાએ વીજ્યુસરમાને સેનાધીપતીની તોપ નવાજી. ફરી એક અનમોલ ચાન તેની વફાદાર હદયે લટકાવી એકલાખ જવાન તાજું ને ઉલટવાળું રજપુત સૈન હવાલે કર્યું, કે ભુજ દરમ્યાન માહરાજા રણસીંહની મદદે રોકાય.

અભયસીંહે જે ભુજ બાળી નાખી તથા રાજ્યવંશનો વધ કરી દઈ શૂરાતનને હદ બાહેર ઉતાર્યું, તે સર્વે બીના જ્યારે ચંપાના ગઢમાં ચાંદાએ સાંભળી હતી ત્યારેજ તેને ભાયાત અભયસીંહના કર્મ ઉપર કંપ છુટો હતો. તે સાવ ખુલું બોલતી કે વૃદ્ધતાએ તે મોટા શૂરવીરની બુદ્ધી ખુંચી લીધી હતી તેથીજ તેણે આ અમી સમાન અનર્થ કર્યાની બાકી રાખી નહી. બેશક ન્હાનાનો કીનો સળગી સોરઠનો નાશ થયો તેમાં ન્હાનાનો મુળગો વાંક દીસતો નથી. માહરાણીના મન જેમ સોરઠ જળી ભસ્મ થયું હતું નહીં તેમ નવું બંધાવ્યું, તે માફક ભુજ પણ નવું બંધાવી વૈરના બંધાપાએ કરેલી બેહદ તકશીરનો પસ્તાવો કબુલ રાખવો એ ઠઠતા; એથી જ્યારે વીજ્યુસરમાએ કચ્છ ભુમી કુચ કરી જવાની રજા માંગી ત્યારે સઘળી બીના

માહરાણીએ સમજાવી આ અર્જ માંગી લીધી "લ્યાંની લુટાયલી લક્ષ્મી જો ન્હાનો હારી જઇ આપણે કબજે ફરી આવે તે સઘળી, અસલ નકસાનું ભુજ બંધાવ્યામાં ખપાવે અને ન્હાનાના વંશનો સદાનો સળગતો કોપ હોલવી દે." આ અર્જની અસરે પુર દબાયલો વીષ્ણુસરમા લક્ષ સોરઠી સૈન્ય સાથ સ્વદેશથી કુચ કરી ગયો તે આજ જ્યારે રણસીંહે ન્હાનાને નમાવી રાજ્ય બંધવો કર્યો તે દીવસે ત્યાં તે પ્રદેશ ભુમીમાં દાખલ થયો.

લક્ષ લશ્કરમાં અધ લક્ષ પાયદલ ને અધ લક્ષ ઘોડેસ્વાર લશ્કરની કુચથી કચ્છની ભુમી ને કચ્છનું આકાસ એકત્ર થયું હોય તેવો અંધકાર જોઇ વીજયી રણસીંહ ને પરાજયી ન્હાનો બન્ને ભય ને ઉમંગ વચ્ચે વેંહેચાયા. અગર આ નવી સૈના જો ન્હાનાની તરફમાં ઉતરી તો રણસીંહનું આબ ઉતર્યું. અગર તે રણસીંહની તરફનું છે, તો ન્હાનાની બીલકુલ નીરાસા થઇ. એટલામાં તો આકાસના કાળજાંમાં ગોદા મારતું હોય તેવું સોરઠી છત્ર દસ માહ જબરા રાક્ષસ સ્વરૂપ રજપુતોના દસ્તમાં ગર્વ ને શૂરના યોગે ઠરેલું ડોલેછે. તેની લગાર તે ઉડેલી ગેરદમાં ઓળખ થતાં ન્હાનો મુર્છા પામ્યો ને રણ ઉમંગાંધ થયો. વીષ્ણુસરમા, સેનાધીપતી સ્વરૂપ શૂરવીર થયલા પ્રધાને માહરાજાને સામે આવતો દેખીજ ઘોડેથી ઉતરી માન દીધું. માહરાજાએ પણ પાસ આવી પોતાને ઘોડેથી ઉતરી મદદે આવેલી સર્વ સોરઠી સૈનાને ઇજત દીધી. વીષ્ણુસરમાનો ઘણોજ હેતાળો આવકાર કર્યો. બન્ને જ્યાં મળ્યા ત્યાં ઘડી ભર ઉભા ઉભા હાશ્યભેર નેનોથી મળી હૃદય ભેદથી વાકેફ થયા. એકે પોતાના જયની માહ મરાથી કથા કહી. બીજાએ સોરઠ ને માહરાણીના એમ કુસળ કહ્યા.

માહરાજા ને માહ પ્રધાન બન્ને શૂરવીર કવચ ને શસ્ત્રમાં રાજ્ય દેહરામાં સામસામા બીરાજ્યાછે, તેટલાં ત્યાં રખેવાળે આવી માહરાજાના કાન પાસ કહ્યું ને માહરાજા ચોંક્યા. વીષ્ણુસરમાને આ ભેદ સેજ સમજાયો કે ન્હાનો રાજ્ય ચોકી પહેરામાંથી છટક્યો, તેથી તરત શત્રુના સર્વ ઇરાદા રદ થાય માટે માહરાજા પોતાની સર્વ સૈના સાથ સોરઠ કુચ કરી જાય ને વીષ્ણુસરમા હાલના વેરાન ભુજમાં પડ્યો રેહ. આ ઠરાવ પવનના સપાટા સમ નકી થતાં અમલમાં આવ્યો. રણસીંહની જગ્યો વીષ્ણુસરમા ને વીષ્ણુસરમાની જગ્યો રણસીંહ, એ માત્ર ફેરફાર થઇ ગયો. કુચમાં રણસીંહ નવી સૈના સાથ ને સ્થાને વીષ્ણુસરમા જુની સેના સાથ મચ્યા.

સોરઠેશ્વર સ્વદેશ કુચ કરતો થયો એટલેજ ભુજનો નકસો ખોળી કઢાવી વિષ્ણુસરમાએ તપાસ્યો. ફરી જે ન્હાનાની સર્વ સંપત્તી કબજે આવી હતી તે તપાસી. પછે રાજ્ય બંધવા થયલું યાદવ લશ્કર તપાસ્યું.

શેહેર તો બાંધવું પણ શત્રુના શરીરમાં ને મીત્રના શરીરની બાંધણીમાં મોટો ફેર ને જોખમ રહેછે. ત્યારે જે વાત અવલ તે સલાહની જણાય. વિષ્ણુસરમાએ સર્વ યાદવ લશ્કર ટોળે કરી દઈ પોતાની રાણીની લાગણી કહી સલાહની ઈચ્છા જણાવી. બંદવા થયલા સીપાઈઓ વીરલા વિષ્ણુસરમાની તાબેદારીને કબુલ રાખે તેવું સંગીન કારણ જોઈ શક્યા, તેથી સલાહ થઈ તરત ભુજ અસલ પ્રમાણે બાંધવાનો પાયો નખાયો. દરરોજ લક્ષબંધલક્ષ જોરાવર મજુરો ને મીસતરીઓ કામે લાગી અસલ નકસાના ભુજનો પાયો ઉઠયો. કોટ નખાયો. રાજ્ય મહેલો બંધાયા. દેવદેવાળય, નીર્મળ વાવ ને સરોવરો ખોડાયાં. છ માસમાં પોણો નકસો દોરાયો. દીવાળી દીવસના મહીમામાં તે નવું ભુજ નગ્ર, કોઠી દેવતા ઉપાડી ત્યાં લાવી મેલી ગયા હોય એવું કૌતુક બન્યું. રખડતી બાકી પ્રજા ત્યાં આવી લસ્કરની રચના થઈ. જુના માહરાજાની ધજા કોટ ઉપર ચઢી હવા સાથ અવાજ કરવા લાગી. છેલી બાજી, તે માહચતુર પ્રધાને કચ્છના જુના ને વફાદારોની રાજ્ય કચેરી નેમી ત્યાંનો સઘળો કારોબાર તેને સ્વાધીન કર્યાની સંપુર્ણ ઉતારી. ફરી પણ માહરાજા ન્હાનાસીંહને નામના સીક્કા પડાવી ઉડેલાં વૈરને બરફમાં પીગળાવ્યું. પછે રૂતુ બેસતી જોઈ ત્યાંથી સર્વ સોરઠી સૈનાની ટુકડીઓ તેઓના સરદારોને સ્વાધીન સોરઠ રવાના કરી. માત્ર પોતે ન્હાનાને રાજ્યભીષેક કરી અવકાશે કુચ કરવાની વાત ધારી ત્યાં રહ્યો. આ જે સર્વ બાજી બની તે સઘળી માહરાણીની ખાસ ચાહી અર્જ ને આશાની રચાઈ હતી. એમાં બે માહાન છત્રપતી યુદ્ધા માહરાજાઓમાં વંશપરમપરા શત્રુવટ, વૈર ને કતલ ના ચાલુ રહે એ માત્ર હેતુ; તે સમપુર્ણ જળવાયો ને ભરતખંડમાં નકામો શૂરવીર લોહુનો માહાસાગર ઉછળતો અટક્યો.

નવું ભુજ શેહેર બંધાઈ તેનો મહીમા કાયમ થયો. તેનાં દેવદેવાલય નિયમસર ચાલતાં બન્યાં. તેની અદાલત ને કચેરીઓ અસલ ઢપછપ પ્રમાણે ચાલુ થઈ ન્યાયાસને વૃદ્ધ ન્યાયશાસ્ત્રીઓ ખીરાજી પ્રજાની ફરીઆદને પોહોંચી દાદ લેવા લાગા. તેનો વેપાર ખીલી નીકળી નાણાવટી ને સાઉકારોની પેહેડી મંડાઈ. તેનાં કારખાના ને કારીગરો અસલ રૂઢીએ કામે લાગાં. રાજ્યમંદીરથી તે ગરીબની મેઢી બાંધણી લગી કચ્છી અમલ વર્તાયો. માહરાજા ન્હાનાસીંહના છાપના સીક્કાથી ત્યાંનો વહેવાર ખામીરહીત ઉછળ્યો. કોટની રખેવાળી યાદવ સૈનાને સોંપવામાં આવી. આજ સઘળે માહરાજા ન્હાનાસીંહનો પ્રતાપ ગવાયછે.

જે વખત સારા કચ્છમાં માહરાજા ન્હાનાસીંહને નામે તેની સત્તા

ચાલુ થયલી, તે વખ્તે તે તેથી અજાણ્યો પોતે સાદા ન્હાના નામે પોતાના પરીવારનો કીનો લેવા સારૂ અંતવેર મથીમથી લડી મરવું કે જય પામવું એ માહ કામ કર્‍યા શીવાય તેને બીજી કસી આશા નથી. તે જેવો રણસીંહ જેવા શત્રુના હાથથી છટક્યો તેવો તે પોતાના રાજ્યના મંડલીક ને વફાદાર ભાયાતો પાસ મદદ મેળવવા દોડ્યો. તેને ચાહી તેટલી મદદ મળી. તે આ વેળા બે લક્ષ શૂરા લડવૈયા યાદવના સૈન્ય સાથ કુચ કરતો તેને ખબર નહી તેથીજ તે નવાં ભુજ તરફ આવ્યો. પણ વેરાન ને બળી ખાક થયલી ભુમી જગ્યો અસલ શોભાયમાન શ્રી ભુજ નગ્રને દેખી તે સ્વપ્નવત હાલતે મુજાયો. તેના ચક્ષુથી આંસુ ટપક્યાં "અરે મ્હારી સ્વદેશ ભુમી તું મને હાલ દીસેછ તેવી હું ક્યારે તને સ્થીતી આપીશ?" તેણે તે થોડા માસ અગાઉ જળી ભસ્મ થયલી ને રૂધીરનો સાગર બનેલી પોતે જાતે જોયળી, બ્યાં બાજી બોહી જાતે રાજ્ય બંદવો થયલો ને વળી દાવ મળવે કેદથી છુટી નીકળી ગયળો, તે આ રંગ, આ શોભા, આ આકાર ને આ લક્ષ્મીવાન નગ્ર જોઈ કેમ માનશે કે તે સ્વપ્ન નથી ને સજીવન્તા છે? આ ખ્યાલમાં તે ગુમ થયો છે. સૈનાને કેણીપાર કુચનો હોકમ કરવો તેના વીચારમાં છે, તેટલાં એક છડીદાર મારતે ઘોડે તેના લશકરમાં ધુસ્યોછે. તે 'માહરાજા ન્હાનાસીંહનો જય' પુકારતો બ્યાં તેનું છત્ર ઉડેછે ત્યાં જાતે જવાનો આગ્રહ કરેછે. રક્ષક સૈના તેને અટકાવેછે, આ ખબર ન્હાનાને થઈ. તેણે તે સ્વારને પોતાની હજુર બોલાવ્યો. ન્હાનાને દેખતાં સ્વારે ઘોડેથી ઉતરી કમરથી લગભગ ભાંય લગી નમી એક રૂકો તેના હાથમાં મેલ્યો. આ રૂકો ભુજની રાજ્યકચેરીનો હતો, જેમાં "માહરાજા ન્હાનાસીંહને કચ્છનું રાજ્ય ફળો!" એ આશીરવાદ સંગાતે જેમ તેઓ ચાહે તેમ રાજધાનીમાં દાખલ થવાની ક્રીયા કરવાની ઇચ્છા જણાવી હતી. આ વીસ્મયતાથી ન્હાનો પોતાની ગતીમાં બેચીત થયોછે તેટલાં દસ રક્ષક સ્વારો સાથ એક વૃદ્ધ પણ માહ કુશળ બુઢો ત્યાં વાયુ સમાન ઘોડો ફેંકતો આવ્યો. આ બુઢો તે વડો પ્રધાન વીષ્ણુસરમા હતો, તેણે તરત ન્હાનાને દેખતાં ઘોડેથી ઉતરી પડી "ભલે પધારયા શ્રી કચ્છભુજના માહરાજા ન્હાનાસીંહ!" એ કહીને એક અનમોલ રત્નો જડીત મુગટ તેના સર ઉપર મેલી તેના ગળામાં રાજ્ય મુક્તા હાર પેરાવ્યો, કે સર્વે યાદવ લશ્કરે 'માહરાજા ન્હાનાસીંહની જે' એ પોકાર કર્‍યો. વાજીંત્ર વાગ્યાં. શૂરવીરોએ શૂર ગીત ગાયાં. કોટ ઉપરથી જેજેકારની ચીચીઆરી સાથ રણસીંગડાં ફુકાયાં ને વાજીંત્રો વાગ્યાં. આ સર્વ મહીમાની ખબર નગ્રમાં પડી કે રૈયત પોતાના નવા માહરાજાના દર્શન કરવા કામ મેલી ટોળેટોળાં નીકળી પડી. રાજધાનીએ દીપકોની માળા પેહેરી ઘરોઘર ઓત્સવ

મસ્યો. જગો જગોએ ગાનતાન ચાલ્યું. આંગણે આંગણે સુંદરીઓએ ચોક ચાંદન કર્યાં ને ગીત ગરબા મસ્યા. એ પ્રમાણે આજ માહરાજા ન્હાનાસીંહ ભુજ નગ્રમાં દાખલ થઈ રાજ્યાસને બીરાજ્યા. અવલ જે માહ અન્મોલ નજરાણું મેલાયું તે વીછણુસરમાએ માહરાણી ચાંદાદેવીને નામે મેલ્યું ને આશીરવાદ દીધા. માહરાજા ન્હાનાસીંહે પ્રથમ ભુજમાં કદમ મેલવા ના પાડી તે હા ભણે નહી, પણ જ્યારે જાણ્યું કે "ચાંદાદેવીએ આ નવું ભુજ બંધાવી વસાવ્યુંછે અને કચ્છને ગયલી ખોટની દાઝ ધરી તેનો બદલો નવાજવાની યુક્તી કરી છે" તેથી તેણે આ નવાં ભુજને કબુલ કર્યું. પણ તેના પ્રધાનથી નજરાણું લેતાં તેની આંખોથી આંસુ ચાલ્યાં. તેને તેના બાપ, ભાઈ વગેરે સર્વે પરિવાર સાંભર્યો. "એક કટાર દાવના વૈરમાં મ્હારા સર્વ કબીલાની કતલ થઇ હું સેંકડો સગાંવાહલાંનો હાલ એકલ થયો." આ વિચાર તે કરતો છતાં હજી કટારદાવની હરીફાઇનો ખ્યાલ તેના મનથી રજ પણ કમી ઉતર્યો નથી.

જે સમય શ્રી ભુજનો મહીમા સ્તુતી ને આશીર્વાદભેર ગાજ્યો હતો, તે સમયે શ્રી સોરઠના રાજ્યમહેલમાં માહરાણી ચાંદાદેવી ને માહરાજા રણસીંહ એક આસને બીરાજ્યાં છે. માહરાજાના કરમાં શીરોઇની મુઠ છે. માહરાણીના કરમાં મુક્તામાળા છે. માહરાજા, ન્હાનાની માનભંગ થયાની વાર્તા કરેછે. માહરાણી, અભયસીંહની અસભ્યતા ને સ્વાર્થનો અભાવ કરેછે. માહરાજા ન્હાનાના અપરાધને આકાસ સાથે લગાડેછે. માહરાણી ન્હાનાને થયલી શીક્ષા અયોગ્ય ને રાજ્ય રૂઢીથી કેવળ ઉલટી થયલી કહેછે. એક ગામ બાળ્યાની બાળકની ભુલ સારૂ ભરતખંડનું પંકાયલું નગ્ર બાળી નાંખી તેના અજાણ્યા માહરાજા ને સર્વ રાજકબીલો કાપી વાહડી નાખવાની આપખુદી તરછોડી કાઢી. માહરાજા બોલ્યા "ચાંદા, એ કેમ બોલી? ન્હાનો બાળક છે? ભલા ને એક મારગી અભયની જાગીર સેજમાં બાળી ખાક કરે તે શું ન્હાની તકશીર ને નાનું વૈર ગણાય?" માહરાણી બોલ્યાં "અભયની જાગીર પાંચ પચીસ હજાર કોરીની, અને ભુજ નગ્ર કોટી મોહોરનું. ન્હાનાની તકશીર હજાર બે હજાર મનુષ્યો કાપી નાખ્યાની, અભયની તકશીર લક્ષબંદ બેગુનાહ રૈયત ને થરવિરોનો ધાણ વાળ્યાની. ન્હાનાનું કામ ભાયગે એક રાજવંશનો વડો મારવો. અભયની નીર્દયતા, કચ્છનું સઘળું આગલું ને હાલનું રાજ્યકુટુંબ કાપી નાખી પોતાનું વૈર લેવું. મને તો અભય પોતાના ક્રીનાની હદ બાહેર ગયલો દીસે છે, તે પણ એટલો હદ બાહેર ગયોછે કે આપણી તેને કુમક ના હોય તો આપણી પડાસનો દેશ સઘળો ન્હાનાની તલવારથી તારાજ થઈ જાય." માહરાજા બોલ્યા "પણ

કીનાને હદ ક્યાં રહેછે?" માહરાણી બોલ્યાં "શક્તી પ્રમાણે કીનો રાખવામાંજ સુક્ષાર્થ છે. અભયની શીંખીસાત કે ભુજનો એક મેહેલ પણ બાળી ખાક કરે? એ તો અભયસીંહે સોરઠેશ્વરની કુમકે ભુજ બાળી ભસ્મ કસ્યાનો ગજબ કસ્યો. માટે ભુજના નાશનો જોખમ સોરઠેશ્વરની ગરદન ઉપર મ્હોંટેછે." માહરાજા બોલ્યા "મને આ નાશનો જોખમ સમજાયછે. અભયે પોતાના સ્વાર્થ માટે કચ્છાધીપતી ને તેના સર્વ કુટુંબનો નાશ કર્યાની અવધિ કરી તો પછી ભુજ બાળી ભસ્મ કસ્યાનું કામ બેશક નાલાયક ને એષ્ટ યોદ્ધાને ના છાજતું બન્યુંછે." માહરાણી બોલ્યાં "મ્હારી અર્જ સ્વીકારશો? વિષ્ણુને ભુજ બાંધી અસલ સ્વરૂપ નકસો ઉઠાવાને આજ્ઞા કરો. એનું મુલ ન્હાનાની તેમ ભુજથી મળેલી લુટ લક્ષ્મીથી પુરી આપવું. એ કચ્છ રાજ માહરાવના ખેતાબ સાથ ન્હાનાને સ્વાધીન અપાવાની ઉદારતા વાપરશો તો વિષ્ણુસરમા સર્વ ઠીક કરી કીનાને ભુંસી વાળશે. જન્મભરમાં આ એક અર્જ મેં આજ આપપાસ ચાહીછે, મને તે નવાજો." માહરાજા બોલ્યા "દેવી, તું મ્હારી આત્મા છે. તને જોઇયે તેને આ સોરઠની તસુએ તસુ ભૂમિ નવાજવામાં મ્હારી તને હા તો કચ્છ તે શો ખીસાત? ત્હારી અર્જ મેં સ્વીકારી. તું ચાહે તે હોકમ વિષ્ણુસરમા ઉપર મોકલ તે અમલ કરશે." માહરાણી ઠીક કહી ઉઠ્યાં. જે અર્જ માંગી તે તો માહરાણીએ વિષ્ણુસરમા સોરઠથી કુચ કરી ગયો ત્યારની તેને અમલ કરવા કહેળ, પણ માહરાજાની જાણવિના તે થાય માટે હાલ તેની રજા આ અર્જ રૂપે મેળવી. એથી બન્યું એ કે જ્યારે માહરાજાએ ન્હાનાને રાજ્યાભીષેક થયેલો જાણ્યો ત્યારે તે તેણે પોતાના હોકમથી થયેલું જાણી તે કામમાં ભારે શંતોષ માન્યો. અભયસીંહના ક્રૂર કામનું અઘટિતપણું સમજાયું ત્યારે માહરાજા રણસીંહ ઉદાસ થયા હતા.

એક રાત્રે માહરાજા રણસીંહને પોતાની પતિવ્રતા રાણીસંગાત કાશીના માહરાજા મોટી બળવાન ફોજ લઇ ભુજ ઉપર ચઢ્યાની વાત થઈ. "વિના વિચાર ત્હારૂં ને મ્હારૂં અપમાન કરતાં કાંઈ બાકી હતું તેથી કાશીપતી જગતમાં પોતાની સરસાઇનો હાક બેસાડવાના માત્ર હેતુથી ન્હાનાની વર્ષગાંઠની મજો મારવાના ડોળે સેના લઈ આવ્યા હતા પણ સર્વમાંથી બચી માત્ર જીવતા એઓજ એક સ્વદેશ જઈ શક્યા હતા." મહારાણી બોલ્યાં "મ્હારા સ્વામી, મહારાજાના પરાક્રમમાં હું ખામી માત્ર ગર્વ જોઉંછું. હું માત્ર અબળામતિ આપ રક્ષણે ને પ્રીતિભાવે શોભુંછું પણ સત્ય વાત કહેવામાં મ્હારા પ્રાણપતિ રોષે મ ભરાશો. મ્હારા બાપાએ આપણું અપમાન કિંવા યોગ્ય સત્કાર નહી કસ્યાની ગફલતી કરી તોય તે વૃદ્ધ માહરાજા મ્હારા

પીતા છે, તે વાત આપે વીસારી દઇ તેઓને અસત્ય રૂકો લખી ભુજ બોલાવ્યાનું આમંત્રણ કર્યું તેથી તેઓ ત્યાં પોતાની ન્હાની સેના સાથ આવ્યા તેમાં કાશીપતીનો લેશ વાંક કે ક્રોધ નથી. કાશીપતી ભરતખંડના કાંઈ ન્હાના રાજા નથી કે તે અપમાન સહન કરી જશે? જ્યારે એ વાત પ્રથમ મેં જાણી ત્યારેજ મને તેની ફીકર પડી. હાલ જે મોટી સેના શ્રીભુજ ચઢી તે માત્ર આપ ત્યાં હશો તે જાણીજ. એ ફોજ ને કાશીપતી ફરી કચ્છાધીપતીને મળી જશે તો ફરી માહરાજા ન્હાનાનો કીનો તેને હૃદય ઉછાલો મારી ફુટી નીકળશે. ફરી રણસંગ્રામમાં યુદ્ધાઓની શીરોઇનો સપાટો ને વૈરના ભણકારા આકાશને થથરાવશે." માહરાજા બોલ્યા. "પ્રાણ, તું બોલી તે સત્ય છે, પણ હું બન્ને સામે. થઇશ તેનો બળિયો છું." માહરાણી બોલ્યાં "આપ બળિયા છો તે શા ખપનું? માત્ર પ્રાલબ્ધ બળિષ્ટ જોઇયે." માહરાજા બોલ્યા "માહરાણી, જેને હૃદય હીમત છે તેને પ્રાલબ્ધ સહાય છે." માહરાણી બોલ્યાં "ના, જેની તરફ સત્ય છે તેને પ્રાલબ્ધ સહાય છે. પણ હાલ એ વાતનું તેજ માત્ર હું કહું તેમ યુદ્ધના વાદળને સલાહના શૃંગારમાં ફેરવી નાખ્યાની કળા વાપરવામાં ધીકેછે. કાશીપતી શ્રી કચ્છની ભુમિ ઉપર સૈન્ય સહીત કદમ મેલી કચ્છાધીપતી સાથ મળી જશે. ત્યાં થોડા દી આનંદમય થઈ બન્ને માહરાજા પોતાની સેનાસાથ ત્યાં સ્વારી કરશે. બન્ને લશકર સંગાત મલતાં સોરઠના લશકરની બરાબરી કરવાને ફાવશે તો પછી નાહકના યુદ્ધનો ત્રાસ માત્ર માહરાજાઓના તપેલાં દીલનો રોષ સંતોષવા ખાતર ધીકે તેમ અપમાનના બાહાને આપસ્વાર્થના પ્રપંચ ખેલાય. રૈયત ને સેનાનો જોઇએ તેટલો નાશ થાઓ, તેની યુદ્ધના ગર્વે છકેલ થયલા માહરાજાઓને ક્યાં દરકાર? એથી અગર જો આપ મસલહત સ્વીકારો તો હું રોપાન્ધ માહરાજાઓની મુલાકાતે જાઊં. મ્હારા પિતા કાશીપતી મને દેખતાં લાજના માર્યા સર્વ વૈર ભુલશે. મને દેખી માહરાજા ન્હાનાનાં ચક્ષુ પણ નમશે. તેઓ શત્રુના સ્નેહી થશે. રૈયતનો નકામો કાળ થતો અટકશે. નીર્દોષ સેનાનો વધ થતો બંધ પડશે. યુદ્ધ જગ્યો ઉમંગ ઉછળશે. રૂધીર વૃષ્ટી જગ્યો રોશનાઇથી સોરઠ ઈંદ્રપુરી સમ ઝળકશે." માહરાણીને સાંભળી સોરઠેશ્વરને મન ઉમંગ સમાયો જાય નહી. જ્યાં પ્રજારક્ષણ આવ્યું ત્યાં માહરાજા રણસીંહ ઓર સ્યાણો થઇ જતો હતો અને નકામું શૂરવીર સૈન્ય ક્યાં પણ ના કપાય એ તેના હૃદયનો દ્રઢ હેતુ; શત્રુ સામા શસ્ત્ર વાપરવામાં તે માહ કુશળ છતાં બનતાં લગી રૂધીરની નદ ચલાવવાની સઘળી કોશીશ વ્યર્થ જાય તો તેમાં તેને મન હર્ષ વ્યાપતો હતો. તેણે પોતાની પ્રાણતુલ્ય રાણીનો શબ્દ ને મસલહત ઊંચી રાખી. બન્ને

મનનાં ચોખ્ખાં ને સતનાં શ્રેષ્ટ અવતાર ત્યાં વીરોધ તે ક્યાં કદમ મેળે? નકી વાત થઇ ચાંદાની ધર્મશાસ્ત્ર સમાન લાછન રહીત રૂઢી અમલ કરવી.

દસ દીવસ માણ માણ ગુજરયાછે, તેટલાં કચ્છ દરમ્યાનનું વીષ્ણુસરમાને સ્વાધીન રાખેલું જુનું લશ્કર કુચ કરી આવ્યું. માહરાજાએ તેને મોટા ઓત્સવસમ આવકારે કોટમાં દાખલ કર્યું. સેંકડો છાવણી નખાઈ ને હજારો શુરવીરો ઘણા દીવસનો થાક ને ધુળના બદલામાં સ્વદેશથી અચ્છી સેવા ને સ્નેહમાં ગરક ગયા. પ્રજાએ પોતાના રક્ષક જેવા લખો સીપાઇઓને પ્રીતી ને ભાવથી ઉજાણી આપી સાબાશીના ભાષણોથી વધાવ્યા. વાજીંત્રો વાગી ખુશાલીનાં ગાયન ઘરોઘર ચાલ્યાં. દેવાલયમાં દેવ ને મહેલમાં માહરાજા આ અવસરની મોજ ભોગવેછે. શૃંગારમાં સુંદરી ને શાસ્ત્રમાં શુરવીર આ ખુરા વખ્તનો લાહવો લે છે. માહરાજા મહેલમાં દરબાર ભરી પોતાના વિશ્વાસુ ને વીરશ્રી સરદારો ને શાસ્ત્રબાજોની સલામ લઈ રહ્યા છે. મહારાણી રંગમહેલમાં હજારો આશા પુર્ણ થયલી શુરવીરોની સુંદરીઓની મુલાકાત લઇ રીઝે છે. સોરઠની શોભાની અવધી થઈ છે, અને સુખ તો સુકાળ સમાન ઉલટ્યું છે. શુર, સદગુણ ને સત્ય કેવળ સોરઠ નગ્રને નજરાણું પહેરાવતાં હોય એવો તે રાજધાનીનો સુશોભીત ઘાટ ધુમેછે. જ્યાં ત્યાં જયજયજય પુકાર પડે છે. "માહરાજા રણસીંહની જે" ડગલે ડગલે પ્રજાજન બોલતું ચાલે છે. આનંદ એટલો રચાયો છે કે પ્રજા ને સેના મળી નવલક્ષ પ્રાણ ત્યાં જમાવ થયા છે તેમાં આજ પખવાડીયું થયું મર્ણ નામે તો શું પણ સ્વપ્ને પણ કોઇના જાણ્યામાં નથી.

બલિહારીજ તો ગવાય છે ને સોરઠેશ્વરની જય પોકરાય છે. ખાનપાન ને ઐશ અશરતમાંજ નગ્રનાચતું હોય અને આ બાકી દુનિયાની વેઠ ચીંતાનું ત્યાંથી નામે ભુસાઈ ગયું હોય એ સમય ત્યાં ઓચીંતી ધાસ્તી ફેલાઈ. જનેજન મોહથી સંભળાયછે કે શ્રી કાશી ને કચ્છના માહરાજાની સેના સોરઠ જીતી તેને. ખંડણીઓ કરવા રાત્ર દીવસ કુચ કરતી રેલ મીસાલે દોડી આવેછે. બન્ને માહરાજાનું સાતલક્ષ યુદ્ધશ્રી જબરા ને જવાન સીપાઇઓનું સૈન્ય જેનો એકેકો સીપાઈ હાલના જુના ને અયાશી દસ રજપુત સીપાઇઓનું સેજે આબ ઉતારે તેવો શુરો ને યુદ્ધમાર છે. એથી સર્વ ઉદ્યમ બંધ પડ્યો. બજારો બંધ ને ઘરો ઉજડ જેવાં થયાં. શો ગજબ કરી પોતાનો સીક્કો પાડેછે તે માત્ર જનમુખ ચર્ચા. વિષ્ણુસરમા વીના માહરાજા પુષ્કળ પંચ્યાતની અગમચેતી જોઇ શકેછે. માહરાણી વિષ્ણુસરમાની ગેરહાજરીમાં પુષ્કળ શાંતીની નવરાસ વિચારેછે.

સોરઠે ઉમંગના આશીરવાદમાં છકી માણ માણ એક માસ સમપૂર્ણ

વૈભવનો લાભ ભોગવ્યો, તેટલાં એક રાત્રે છડી સ્વારી સાથ વડા પ્રધાણે નગ્રમાં પ્રવેશ કર્યો. તે હાલ સેનાધીપતીઓને કાસદને દરજ્જે નેમાયલો હોય તેવો તેનો ગેરદ ઘેરાયલો ચેહરો દીસતો હતો તે જોઈ માહરાજાની ભૃગુટી સંકોચાઈ. પ્રધાનનો દેખાવ, એક એવો સંધીસો હતો કે તે આગળ હજારો બીજા શબ્દોના વાક્યો વ્યર્થ બકબક હતી. માહરાજા ને માહપ્રધાન બન્ને મળ્યા. અગમચેતી ખરી પડી. કાશીપતી ને કચ્છપતી બન્નેને પોતાના મસ લશ્કર સાથ સોરઠની ભુમીને જબરા હલ્લાથી હલકી કરવા આવ્યાની વાત નક્કી થઈ. માહરાજાએ પોતાની સર્વ સૈન્યને શસ્ત્ર સજીવી હોશ્યારીમાં મેલ્યું. કોટને બાણાવળીઓથી ચીકાર કર્યો. દરેક માર્ગનાં નાકાંઓને ઘોડસ્વાર લશ્કરની ટુકડીઓથી બચાવમાં મેળ્યાં, પાયદલ સૈન્યને કોટના દરવાજાથી તે બાહેર અરણ્યની બન્ને બાજુ હરોલબંધ ગોઠવી દીધું. મોટમોટા શુરા સરદારોની છાવણી પણ અરણ્યમાં ઉઠી ત્યાં વસ્તી થઇ ગઈ. રાજમેહેલથી તે છેક અરણ્યના છેલાં નાકાં લગી સોરઠ સૈન્ય ઉત્તમ પ્રકારે ગોઠવાયું. સુલેહ રહી તો તે સર્વ સૈન્ય માન આવકારમાં કામ લાગે. અગર યુદ્ધ મચ્યું તો તે સર્વ સૈન્ય શુર જેજેકાર મચાવવામાં સરસ ઉતરે. આ સર્વ તૈયારી થઈ. તે પાછળ ચોકસાઈ સારૂ રાત્રની સેના મેલાઈ. અને બીજે દીવસે શત્રુનું સૈન્ય તુફાની માહસાગર સમ સામેથી ઉછળતું આવતું જણાયું. તે ખબર માહરાજાને પોંહોંચી કે માહરાણીને આગલા ઠેરાવ પ્રમાણે પોતાના પીતાને મુલાકાત આપવા સારૂ તૈયારી કરવી પડી. ચાંદાએ આ મેળાપમાં પોતાના પીતાની આગ્ના લઈ સોરઠ આવતી વેળા જે વસ્ત્ર પેહેરેલાં તે માત્ર હાલ પોતાને બદન સજી લીધાં કે જોઇ લેવી તેને વેરાગણ સ્વરૂપ. પછે પેલીજ બે દાસી, જે સ્વદેશથી આવેલી તે સંગાતે રાખી. પોતાના બે રાજકુમારો ને રાજકુવરી તે ત્રણે પણ સાદાં લુગડાંમાં. એ માત્ર અન્મોલ રાજ્યપ્રાણ રીસાલો કનક પાલખીમાં ગોઠવાયો. માહરાણીની પાલખીની આગળ પાછળ ને આજુબાજુએ ચાર માહ શુરવીર રાજબીજ રક્ષક રજપુત સ્વારો પોતાના માહમુલ્ય નાચતા ને કુદતા અશ્વ ઉપર વહેછે. રાણીનો રીસાલો રાજમોહોળથી પોતાના માહરાજાની રજા લઈ બાહેર પડ્યો કે સોરઠની પ્રજાએ તેને પુષ્પો ને પ્રેમવચનોથી વધાવ્યો. ધોરી રાજ્ય માર્ગ સોરઠની ખલકથી ચીકાર વચ્ચે તે કનક મેના શ્રેષ્ટ પ્રજાપ્રેમ વૈભવમાં પસાર થઇ કોટને દરવાજે આવી કે બાણાવળી સેનાએ પોતાની ધનુષ્ય ઉઠાવી 'માહરાજા રણસીંહની જે, માહરાણી ચાંદાદેવીની જે' એ પાતાળ ને આકાસ હળીમળી રેહેતો નાદ કર્યો. માહરાણી અરણ્યમાં બન્ને બાજુ ગોઠવાયલી ને શસ્ત્ર ઉઠાવી માન દઈ રહેલી પોતાની શુરી સેના વચ્ચે પસાર થવા લાગી.

જ્યારે કાશીપતી ને કચ્છપતી બન્નેએ સોરઠના લશ્કરને માન દેવા ખાતર ગોઠવાયલું ને સુલેહની ધજા ઉડાવી સ્નેહ દેખાડી રહેલું જોયું કે તેઓના ઓચંબાનો પાર રહ્યો નહી. નથી કોટના દરવાજા બંધ, નથી શસ્ત્રના સપાટાની તૈયારી, નથી સેનાપતીઓના ઘોડાની નાળે ગેરદની વાદળીઓ ઉડતી, નથી કોઈ કપટવિદ્યાના દાવની અવધી થતી કે છુપા દગાના દરીઆવથી હથીઆરોનો મારો ચાલતો. આ ઓચંબામાં તેઓ હજી ધામી કુચ કરેછે, સૈન્યથી અરણ્યની તસુએ તસુ ભુમી ઢંકાઈ ગયીછે તેના વિચારે ગરક છે, તેટલાં તેઓનાં સ્વારીનાં જાનવરો ઉભાં રહી ગયાં. સેના કુચ કરતી અટકી. એક કનકપત્રીની અન્મોલ રંગબેરંગીન જવાહેરોએ ચણાયલી ન્હાની ધજાનો પ્રકાશ ચમક્યો. તે ઉપર બન્ને માહરાજાની નેધ્રા ગઈ તો તે ધજા હેઠળ એક કનક મેના ચાર શુરા શસ્ત્ર સજીત રજપુતોએ ઉડાવેલી અતિ પ્રકાશમાન દેખાઈ. તે મેનાની ચારે બાજુ ચાર જબરા શુરવીર રક્ષક સરદારો, જેઓની ટોપમાં ગરૂદના પીછ ખોસેલાં ને કરમાં લાંબા ભાલા પકડેલા પોતાને અચે યુદ્ધસ્વરૂપ સમાન ઉછળી રહ્યાછે. આ જોતાંમાહે મેના ઉભી રહી ને તે માહેથી એક પુનમકાન્ત પદ્મની, જેના મુખ્યની શોભા ચંદ્રમા ને નેનન શોભા ચમકતા સૂક તારા, તેવી બહુ તેજસ્વી સ્ત્રી નીકળી પ્રકાશી. કચ્છેશ્વર ને કાશી છત્રપતી, બન્ને આ પાર્વતી સમાન પતિવર્તાને જોઈ ગભરાયા, તેટલાં તો તેઓ સામે તે ચંદ્રકાન્તી તોય આભુષણવનાની સાવ વેરાગણ આવી ઉભી ને બોલી "ભલે પધાર્યા મ્હારા છત્રપતી બાપા, તમને આ સુવર્ણ સોરઠની ભુમી આદરસન્માન ને સ્નેહભેર ફળો." પછે ન્હાના તરફ જોઈ "ઓ કચ્છાધીપતી આપના કદમ.મ્હારા રાજ મોહોલમાં કીર્તમાન ઉતરો! મ્હારો આશીરવાદ ફળજો." આ ભાષણ ને માન ને સ્નેહ આવકારમાં બન્ને માહરાજા વૈર ને દાગ ભુલી મોહબત ને સગાઇના ગુલામ બન્યા. પીતાએ પુત્રીને હૈડે લગાડી. ન્હાનાએ માતા સમાન ભાવે સંતોખવા સારૂ પોતાની કમરની તલવાર તે પાસ મેલી. કચ્છ ને કાસીની સેના આ વિચિત્ર વલણે રૂધીર યુદ્ધથી બચી જઈ મીત્રાચારીના આનંદમાં મચી. ચાંદાદેવી બન્ને માહરાજાને સોરઠ નગ્રમાં લાવી. હ્યાં કાશીપતીની હાલત ને કચ્છપતીની હાલતમાં ઉત્તર ને દખ્ખણ જેટલો ફેર પડ્યો. ન્હાનાએ જે નગ્રને પોતે બાળી ખાક કરી વેરાન બનાવ્યું તે ફરી તેટલાજ ઝળકાટ ને રોબમાં તે જોઈ તેની છાતીમાં ઝઝણી ભરાઈ. તે જેટલો ભુજથી વીસ્મય થયો તે થાને પણ જાદા સોરઠને અસલ સ્વરૂપ જોઇ ઓચંબામાં પડ્યો. તે તેને લાગેલી આશ્ચર્યતાનો મુખે ઉઠેલો છાપ જોઇ માહરાણી ચાંદાદેવી બોલ્યાં. "આપે

આ ભાગોળને મુબારકબાદી દેવી જોઈયે. સબબ એના ગઢ આપને સર્વે યશ ને સ્નેહની મુબારકબાદી નવાજીછે." ન્હાનો આ તાનાથી જંખવાનો પણ આ તાનાથી તેના વેરનું ઝેર મુળગું ઉતર્યું. માહરાણીએ રાજકુવરીને છત્રપતી ન્હાનાના કરમાં આપી. બન્ને રાજકુમારોને કાશીના માહરાજાને સ્વાધીન કર્યા. માહરાણીએ આ જુગ્તી કરીને તે બન્ને માહરાજાના અપરાધને ધોયા. જ્યાં વેર પોતાનું શૂર ફુંકી દઇ લખ્ખો શૂરવીરોનો કાળ પ્રગટવાને અણીએ આવેલો મામલો, તે બેશક ચાંદાએ ફેરવી દીધો. સોરઠમાં શોક જગ્યો શીખનો વરસાત વરસી રહ્યો. પ્રજાએ આ રાજ્યમેળાવડાને દીલોજાનીથી વધાવ્યો. સોરઠના રાજમોહોલમાં ત્રણે માહરાજા મળ્યા. ત્રણે સીંહાસન ઉપર બીરાજ્યા. ત્રણે પાસ ત્રણે રાજ ફરજંદો છે. માહરાણી ત્યાં નજરાણું લાવ્યાં. તેઓ બોલ્યાં "બાપા, પ્રાણ પીંડ દેનારા બાપા, હું આપ પાસથી જેવી જોગણ સ્વરૂપ મ્હારા સ્વામી માહરાજાને સ્વાધીન થઇ, તેવા તમને ખાલી હાથે જવા દેનાર નહી. આ કોઠી મુલ્યના રત્નોનો ચરૂ હું આપ ચરણ પાસ મેલુંછું. અને માહરાજા ન્હાનાસીંહને હું આ અન્મોલ જવાહેરોનો ભરેલો ચપ્પુ નજરાણું પેહેરાવુંછું." એ કહી ચાંદાએ પોતાના પીતાની ગભરામણ ને ન્હાનાની અકળામણ માટે તેઓને રાજ્યાલંકારોથી પૃથ્વીમાં ઉંચા કર્યા. આ સર્વ તમાસો સોરઠપતી આનંદ ને ઉદાર હૃદયથી જોયછે, તેટલાં ન્હાનાએ ઉઠી ચાંદાદેવીને બન્ને કર જોડી માતા ઇલિકામે બોલાવ્યાં ને કહ્યું "આજથી મ્હારી માતા જગ્યો ચાંદાદેવી મેં આપને નેમ્યાંછે." એ કહી ચરણે નમ્યો. આ સ્વપ્રસમ સમાધ ચઢેલા મામલાથી કાશીના માહરાજાને બહુ બેજાલત લાગી. તેના ભાળ ઉપરથી પરસેવના એકેકાં બુંદ પરપોટા જેવા ફુટીને ટપકયાં. પોતાની એકપુરી રાજપુત્રીનો નાશ કરવાને ઇરાદે પોતાની રાજધાનીથી નીકળેલો આજ જે પણ અપરાધ કરતે તેની કોકાળ ઇશ્વર માફી બખ્ખશતે નહી; એ ખ્યાલ આવી જઇ તે હાલ પોતાના મનથી પોતાની ધર્મરાજસ્વરૂપ કન્યાનો જે ઉપકારી થયોછે તેથી તેના બદલામાં તે ભારત ભુમીના અવલ માહરાજાએ પોતા પાછળ પોતાના સર્વ રાજ્યના માહરાજા, ચાંદાદેવીના બીજા રાજકુમારને નેમ્યાનું ત્યાં ભાષણ કહી રણસીંહથી રજા ચાહી. ચાંદાના આનંદની હદ રહી નહી કે "બાપાએ આભુષણ નહી પણ પોતાનું સર્વ રાજ્ય મ્હારા કુમારને નવાજ્યું." ન્હાનો પણ આ ઉપકાર વાળવાની રૂઢીથી ચોંકયો. તે પણ કોઈ તેવા ઉપકારથી ચાંદાદેવીને નવાજવાના ખ્યાલમાં છે, તે જોઈ ચાંદા બોલી "ન્હાનાસીંહે પણ મને સંગીન લાભથી નવાજવાની તક હાથ છે. રાજકુવરીનો સ્વયંવર થનાર છે. કંકોત્રી સઘળે મોકલાવી ચુકાં છીયે.

રાજકુંવરીની હાલ માત્ર નવ્ વર્ષની ઉમ્મર છે. પણ મ્હારો હેતુ હાલ બાપાની હૈયાતીમાં એ ઓત્સવ કરવાનો હોવાથી આ સુઅવસર મેં હાથ કર્યોછે. સર્વ શૂરવીર રાજેન્દ્રો મળે તેમાં જે કટાર દાવમાં અવલ યૂક્તો પ્રકાશી નીકળે તેનું ઇનામ રાજકુંવરી. આ સાદો કરાર સ્વયંવરે મેલાશે. મ્હારી આશા માત્ર મ્હારા શૂરવીર ન્હાનાસીંહને આ ઇનામ મળી સોરઠ ને કચ્છ વચ્ચે પાકો સ્નેહ ને આશીર્વાદ ફળો." પોતાની પ્રાણ પ્રીયાનું ભાષણ સાંભળી રણસીંહ બોલ્યા "મ્હારી રાણીની ઇચ્છા ફળો, પણ મ્હારી કટાર એ સ્વયંવરમાં જેની તરફેનમાં મ્હારૂં મન હશે તેની સહાયતામાં ઉછળશે." એ કહી ન્હાનાના મનને સંતોષવાની બાજી રચી.

સોરઠના સુખ ને વૈભવની દેવલોક ઇર્ષા કરે તેવો ત્યાં ત્રણે પચરંગી સેના ને માહરાજાના રીસાલાથી રંગ ખીલ્યો છે. દીવસે દીવસે તે ખુશાલીના મહીમામાં કોઇને કોઇ રાજા, માહરાજા ને શૂરવીર પોતાની છડી સ્વારી સંગાતે દાખલ થઈ વધારો થતો જાય છે. મહીનાની મુદતમાં લગભગ ન્હાના મોટા પચાસથી સીતેર માહરાજા, રાજા, રાજપુત્રો ને રાજવંશી શૂરવીરો આવી સોરઠના માહરાજાના ઉત્તમ પ્રકારના આવકારથી રીઝી આનંદ પામ્યા છે. સ્વયંવરના દીવસે સર્વ નગ્ર ને તેનું અરણ્ય દીવાળી સમ દીપાયમાન થયુંછે. પ્રજા આનંદ ને અલંકારમાં ચીકાર છે. સ્વયંવર સુરત પુનમ રાત્રે નવ ઘટીકાને અમલે હોવાથી તે રાત્રે સોરઠપતી માહરાજા રણસીંહે સર્વ રાજ પરોણાઓને ખાનું આપ્યું, તે ખાનાની ખુમાર ને નીશાની ઘેનમાં ચીકાર ઉતરેલા શૂરવીરોએ તે રાત્ર સ્વયંવરની સરતમાં કટાર દાવ સરૂ કર્યો. ઝલઝલ થતી પચાસથી સીતેર કટારો, આકાસી અદભુત્તતા ઉછળતી હોય કીંવા અમી પ્રકાશમાન પુછસ્યા તારાઓ ત્યાં ઉછળી દોડની સરતની યુદ્ધ ખેલ કરતા હોય તેવો દેવલાઇ દેખાવ થા

લનારા સઘળા અસાધારણ શૂરવીરો હે

ખળનો છાપ લગાવવા ખાતર જી

રસકસે ચડેલો

હીછે. સઘળા થાકી લોટપોટ થયાછે. બે ત્રણ માત્ર અવલ આબવાળા હજી કઠારના હાથ કરવાની માહ શક્તી ધરાવેછે તેમાં ન્હાનો પણ એક છે. આ ત્રણ જણ ભારતભુમી ઉપર મર્ણ લગી બાજી મેળી હટે એવા નથી. બાજી એટલી રસપર ચઢી કે આ ત્રણેની કટારેએ કુવરી હરણ કરવાની બાજી જગ્યો હરીફનું સર હરણ કરવા બાજી માંડી. આ ભેદ સેજે રણસીંહ સમજ્યો અને તેણે ત્રણ ત્રણ વખ્ત તે ત્રણેનો અસરપરસની કટારે વધ થતો પોતાની કટાર બેળણે અટકાવ્યો હતે નહી તો રંગમાં ભંગ પડી જઈ મોટી નામોશી મળતે. આ પ્રમાણે ત્રણમાં છેલ્લો ન્હાનો રહ્યો પણ હવે તેના કરની વલાણ લથડી. તે એક માત્ર મેદાન રહ્યા છતાં તેની કટાર ઉલટીજ ઉછળે ને ઉલટીજ તેના કર માહે ઝીલાય; આ નીરાસીથી ન્હાનોબી ઘડીમાં સુસ્ત પડી ગયો. તેની કટાર તેના કરને પંજે આવી અથડી. તે અરર કરતો પડયો. રાજકુવરી હરણ થયા વીના સ્વયંવર ખલાસ થયો. માહરાજા ન્હાનાસીંહે પોતાની કટારબાજીની બેવફાઈ જ્યારે બીજી સ્હવારમાં જાણી ત્યારે તેણે રણસીંહની કટારબાજી ને બળની સરસાઈ કબુલ રાખી, સઘળા રાજ્ય પરોણા મોટા ઠાઠમાઠે પોતાને સ્વદેશ વળ્યા. સબબ રાજકુવરી કોઈએ હરણ કરી હતી નહી કે તેથી કોઈનું આબ ઉતરે. કાશીપતી ને કચ્છપતીએ પોતાની સેના પોતાના સેનાધીપતીઓ સાથ સ્વદેશ રવાના કરી સોરઠમાં એક વર્ષ લગી માહ સ્નેહભાવ ને મીત્રાઈમાં રહ્યા. સોરઠપતીએ એક વખ્ત કચ્છાધીપતીને અભયે કરેલી રાજવંશ વધ માટે માહ દીલગીરી દેખાડી ને ઉદાશ થયા. કચ્છાધીપતીએ તે માફી બદલામાં સોરઠની રાજકુવરીને કચ્છની માહરાણીપદ ધારણ કરાવવાનું માંગી લીધું. માહરાણી ચાંદાદેવીએ તે માગણી સ્વીકાર્યાથી માજપુત્રી લાયક વયમાં આવતાં કચ્છાધીપતી સંગાત લગ્ન

દીર્ઘ દ્રષ્ટીએ સોરઠ ને કચ્છ કલેશનો

શત્રુવટ પંકાયા ઠીકાણે પુર્ણ સ્નેહ